Chapter 2

# પ્રકરણ : ૨

## જ્ઞાની કવિ અખો

૨.૧ કુટુંબજીવન અને ઘડતર પરિબળો

૨.૨ સર્જનકૃતિઓ-કાવ્યકળાની દૃષ્ટિએ

૨.૩ તત્ત્વજ્ઞાન

## પ્રકરણ : ૨. જ્ઞાની કવિ અખો

### ૨.૧ કુટુંબજીવન અને ઘડતરપરિબળો

ગુજરાતી સાહિત્યમાં અખો એ ફક્ત મધ્યકાળનો જ નહીં પણ અર્વાચીનયુગમાં પણ એના સર્જન કારણે હજીય એટલો જ સુસંગત લાગતો 'જ્ઞાનીકવિ' છે. અખો પોતાના 'છપ્પા' દ્વારા ગુજરાતી સાહિત્ય વિશ્વમાં 'ન ભૂતો- ન ભવિષ્યતિ'- જેવી અમીટ છાપ મૂકી ગયો છે. એવો આ અખો- જન્મથી કાંઈ ખાસ ન લાગતી વ્યક્તિ જીવનનાં અંતે આટલી ઊંચાઈએ કેવી રીતે પહોંચી, એની પાછળનાં જવાબદાર પરિબળોનો અભ્યાસ વિગતે કરીએ.

અખાના સમયની સૌ પ્રથમ વાત કરીએ તો તેમાં સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિઓ અંગે પણ વિચાર કરવો પડે. અખાએ તેનાં છપ્પામાં પોતાનાં જમાનાનું જ પ્રતિબિંબ પાડ્યું છે. સમાજ સમજે તેવી ભાષા અને એવી જ કલ્પના દ્વારા અખાએ વેદાન્તનાં કેવલા સિદ્ધાંત અનુસાર તત્ત્વજ્ઞાન આપ્યું છે. એ ઉચ્ચ તત્ત્વજ્ઞાનનું સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે એવા દૃષ્ટાંતોથી અખાએ નિરૂપણ કર્યું છે. આથી અખાનાં ઘણાં છપ્પાઓમાં એકાધિક વખત તત્કાલીન સમાજ જીવનનું પ્રતિબિંબ આપણે જોઈએ છીએ. ઉપમા, દૃષ્ટાંતો પણ સમાજનાં રોજિંદા જીવનમાં વણાયેલા છે તેવા જ લીધા છે. સમાજને સમજાવવા, શું યોગ્ય, શું અયોગ્ય- કોણ કયાં ચૂકી રહ્યું છે તે સમજાવવા માટે ફક્ત શુષ્ક તત્ત્વજ્ઞાનની વાતો ન કરતાં સમાજને પોતાનાં દુષણો બતાવી તેને સુધારવા માટે અખો પોતાની પદ્ધતિથી જાણે કે આખી વાત માંડે છે અને તેથી તેના સર્જનમાં સમકાલીન જીવનનાં ઘણાં અંશો જોઈ શકાય છે.

મધ્યકાળમાં ગુજરાતમાં ઘણી અંધાધુંધી પ્રર્વતતી હતી મોગલોનાં શાસનમાં પ્રજાને યોગ્ય દિશા દોરનારી વ્યક્તિ કે સંગઠન નહોતું. અખાનો સમય મોગલાઈનો સમૃદ્ધકાળ હતો, અને ઘણી આબાદી હતી. અકબરે ૧૫૭૨ માં અમદાવાદમાં પોતાનું શાસન સ્થાપ્યું હતું અને આ શાસન ઔરંગઝેબ સુધી ખાસ્સુ સમૃદ્ધિભર્યું હતું ત્યાર બાદ પડતી શરુ થઈ હતી. મોગલોનાં સમૃદ્ધકાળમાં ગુજરાતી સાહિત્યને અખો, પ્રેમાનંદ, શામળ જેવા સમર્થ કવિઓ મળ્યા. શાહજહાંએ ઈ.સ.૧૮૨૧ માં અમદાવાદમા શાહીબાગ સ્થાપ્યો હતો. જહાંગીરે અમદાવાદમાં ટંકશાળ સ્થાપી હતી અને તેમાં નૂરજહાંના નામનાં સિક્કા પાડવામાં આવતા હતા. અમદાવાદની આબાદી આ સમયમાં ઘણી હતી અને ઘણાં પરદેશી વેપારીઓ પણ વેપાર અર્થે અમદાવાદમાં આવીને વસ્યા હતા. જહાંગીર બાદશાહની પરવાનગીથી સર ટોમસ રો ઈ.સ. ૧૬૧૭ માં આવ્યો હતો અને વલંદાઓએ ઈ.સ. ૧૬૧૮ માં પ્રથમ કોઠી સ્થાપી હતી. પરદેશી વેપારીઓને કારણે અમદાવાદમાં વેપાર ઘણો સમૃદ્ધ બન્યો હતો. (આ ટંકશાળનો અખો ઉપરી બન્યો હતો અને તેમાં તેની ઉપર હલકી ધાતુનું મિશ્રણ ભેગું કરવાનો આરોપ મુકાયો હતો તેની વાત પછીથી કરીશું)

અખાના છપ્પા ઉપરીથી શ્રી નર્મદાશંકર મહેતા કહે છે કે, ''તે કાળનો ગુજરાતી સમાજ ભલો ભોળો હતો. છતાં ગુજરાતીઓની વ્યવહાર જાળવવાની ઝીણવટ સારી હતી. લડાઈ કરીને જીતવાને બદલે સમજી-વિચારી તોડ લાવવાની પદ્ધતિ તેમને વધારે પસંદ હતી.''[૧]

શાંતિ- સમૃદ્ધિનો કાળ હોવાથી લોકો ભોગવિલાસમાં રત થઈને ઈશ્વરથી વિમુખ બન્યા હતા. ધર્મનું તત્ત્વ છોડીને લોકો બાહયાચારમાં વધુ રાચતા હતાં. ટીલાં-ટપકાં-તીર્થાટનોનું જોર વધું હતું. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય તો આ સમયમાં પણ હતા. સ્વર્ગ પ્રાપ્તિ માટે સુખ મેળવવા જગતને મિથ્યા ગણી પરલોકને જ વધુ મહત્ત્વ આપવામાં આવતું હતું. ધીમેધીમે આડંબરો વધવા લાગ્યા. દેખાદેખી અને બાહયાચાર માટે ઈશ્વરનાં ભજન-કીર્તનમાં લોકો હાજરી પૂરાવતા થયા હતા. છતાં રાગદ્વેષ ભરપૂર હતા. વૈષ્ણવ ભક્તિનો પ્રચાર અને પ્રસાર ખૂબ વધ્યો હતો. સાચી ભક્તિ, નિર્ગુણ ઉપાસનાને બદલે સગુણરુપ, ટીલાં-ટપકાં-વેશપરિધાન, આભડછેટ વગેરેનું જોર વધ્યું હતું અને આ દશા અખો જોઈ રહ્યો હતો. વૈષ્ણવો કર્મકાંડને વધુ મહત્ત્વ આપી પોતાનો મત ખરો કરાવતા હતા. અખાએ આવા પાખંડી વૈષ્ણવોની સખત ઝાટકણી કાઢી તેમનો તિરસ્કાર કર્યો હતો. તેનાજ શબ્દોમાં આ પરિસ્થિતિની સખત ઝાટકંણી કરતાં અખાએ કહ્યું છે કે,

''એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અદકો ગણે,
અખા એ અંધારો કૂવો, ઝગડો ભાંગી કો નવ મૂઓ''[૨]

સાચા હરિને ભજવાને બદલે લોકો હરિજનોનો તિરસ્કાર કરતા હતા. મૂર્તિપ્રથાનું મહત્ત્વ ઘણું વધ્યું હતું. ઊંચનીચનાં ભેદભાવને કારણે તિરસ્કાર, આભછેટની ભાવના લોકોના મનમાં ઘર કરી ગઈ હતી. કર્મફળની લાલચ પ્રચલીત હતી.

અખો તેનાં છપ્પાઓમાં ચાર વર્ણની, ચાર આશ્રમની, છ દર્શનોની અને તેમનાં આંતરિક ઝગડાની વાતો વારંવાર કરે છે. જુદાજુદા ધાર્મિક પંથો અને તેમનાં અનુયાયીઓના વેષ તહેવારને અખો કટાક્ષનો વિષય બનાવે છે. 'જતિ કહાવે તો મનને જીત' એવું અખાનું આ વિષયમાં કહેવું છે.

''આતમ સમઝયો તે નર જતિ, શું થયું ધોળાં ભગવાંવતી?''[૩]

એવો સહજ પ્રશ્ન તે આવા આડેબરીઓને કરે છે. વૈરાગ્યનો જેઓ દેખાડો કરે છે તેમની ઉપર તો અખો અત્યંત ઉગ્ર પ્રહારો કરે છે.

---

૧. સાહિત્યકાર અખો, ખુશાલચંદ ગ્રંથમાળા, પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરા, બીજી આવૃત્તિ-૧૯૭૪, પૃ. ૨૫૭

૨. અખાની કાવ્યકૃતિઓ, છપ્પા-ખંડન-૧, સંપાદક : શિવલાલ જેસલપૂરા, બીજી આવૃત્તિ-૧૯૯૫, સાહિત્ય સંશોધન પ્રકાશન કેન્દ્ર, અમદાવાદ, પૃ. ૨

૩. એજન, પૃ. ૧૭૩

'બોડે ત્રોડે જોડે વાળ' જેવા તો બાહ્ય ચિન્હો છે તેનાથી જીવ અને શિવની એકતા સધાતી નથી. સાંપ્રદાયિક ઝગડાઓ અને વિવાદો એ સમયમાં સતત ચાલતા રહેતા હતા. વેષધારી ગુરુઓની પણ સમાજમાં ઘણી પકડ હતી. લોકો તેમનાથી છેતરાતા હતા અને તેથી વેષધારી ગુરુઓ અખાનાં કટાક્ષોનો મુખ્ય વિષય બન્યા. પંડિતો, જ્ઞાનીઓ, ધર્મોપદેશકો ધર્મગ્રંથો વાંચતા કે રચતાં, પૌરાણિક કથાઓ કહે અને તેમાં રોજ જતા લોકોને અખો પૂછે છે કે,

''દોષ દષ્ટિ કુર્મતિ નવ ટળી,
તો શું સાધ્યું કથા સાંભળી ?''[૪]

વગર સમજે આવા દંભી ગુરુઓનું આંધળું અનુકરણ કરતા ભકતો પણ દંભી ભકતો બને છે અને કથા સાંભળીને સુધરવાને બદલે ઊલટું શઠ બનતા જાય છે એવો અખો તે આક્રોશ વ્યકત કરે છે. તત્કાલીન સમાજમાં અજ્ઞાન, હુંસાતું સી, પોતાનાં સિવાય અન્ય સંપ્રદાયો માટેની ચીડ ઘણી સામાન્ય બાબત બની ગઈ હતી. તપ, તીરથ, વ્રત, વૈરાગ્યમાં સમજણ વગરની જડ સમજ સમાજમાં પ્રવર્તતી હતી. તેનાથી દંભી ગુરુઓનું જોર વધે એ સ્વાભાવિક હતું. આવા દંભી ગુરુઓ પ્રત્યે અખો કહે છે કે,

''પણ અખા જે ગુરુ ન જાણે એમ,
તે શિષ્યને શું આપે નેમ ?''[૫]

એની સલાહ તો સાચા 'જ્ઞાની ગુરુ' કરવાની છે. અખાને મન જ્ઞાન વિનાની ભક્તિ દંભી છે. સમાજમાં પ્રર્વતતી એવી દંભી ભક્તિને ધ્યાનમાં લઈ અખાએ કહ્યું છે કે,

''જ્ઞાન વિના ભક્તિ તે અશી,
ભસતે શ્વાન જ્યમ ઊઠે ભસી''[૬] અને,
''જ્ઞાન વિના ભક્તિ નવ થાય,
જયમ ચક્ષુહીણો જયાંહાંત્યાંહાં અથડાય''[૭]

દેહદમન અને શારીરિક કષ્ટો ભોગવીને એના દ્વારા ઈશ્વર પ્રાપ્તિ ઈચ્છતા 'તપીઆ'નાં તપને અખો હસી કાઢે છે. અધારેપંથીઓ પ્રત્યે પણ તેને માન નથી. સંસ્કૃતનું પ્રાકૃત કરીને લખવામાં કોઈ ગૌરવ છે એમ અખાને લાગતું નથી. આ ઉપરથી એવા તારણો તારવી શકાય છે કે સમાજમાં સંસ્કૃતનું બહુમાન થયું હશે. એ જમાનામાં કર્મકાંડો, હઠયોગ, તપતીરથ, વ્રત-નિયમનું ઘણું મહત્ત્વ હશે જેની સામે અખાએ પ્રહારો કર્યા છે. તે સમયે કર્મ અને પુનઃજન્મનાં ઘણો સિદ્ધાંતો પ્રંચલિત હતા. અખો એની સામે વેદાંતી દષ્ટિએ કહે છે કે,

૪. એજન, પૃ. ૧૮૫
૫. એજન, પૃ. ૧૬૫
૬. એજન, પૃ. ૧૬૪
૭. એજન, પૃ. ૧૬૫

"જકતભાવ નહીં જયહાં લેશ,
ત્યંહાં સત્ય-મિથ્યાનો શો ઉપદેશ?
કેહેનાં જન્મ-કર્મ રૂપ નામ,
સીમ કશી જયહાં ન મળે ગામ?"[૮]

પાપપુણ્યની ઘણી પ્રચલીત માન્યતાઓ હતી અને અખાએ કયારેય તે સ્વકારી નહોતી. કાશી એ તીર્થનું મુખ્ય ધામ બન્યું હતું. લોકો વહાણની મુસાફરી કરતા હતા. ઉદ્ધાર માટે દેહદમનનો પણ આશરો લેતા હતા. ચોર-લૂંટારાનો ભય રહેતો હતો. છેતરપિંડી, નિંદાખોરી પણ સમાજમાં ઊંડે સુધી ફેલાયા હતા. વ્યાજવટાનો ધંધો પણ શોષણખોરીનું માધ્યમ બન્યો હતો. ગતાનુગતિક કર્મધર્મ આચરનારા પણ સમાજમાં છપ્પા હતા. જ્ઞાતિભેદ તો ચરમસીમાએ હતો.

ઉપરાંત તે સમયે સમાજમાં બાળગ્નો પણ પ્રચલિત હતા. અખાએ 'નાર નાનકડીને હવુ પ્રસુત'માં બાળલગ્ન પ્રથાની ટીકા કરી છે. તે જમાનામાં બાળલગ્નો અને બે પત્નીઓ રાખવાનો કે મોટી ઊંમરે લગ્નો કરવાનો રિવાજ પણ હતો. આ રિવાજ ઉપર ટીકા કરતા અખાએ કહ્યું છે કે,

"કામબાણ ન શકયો જાળવી,
પછે રડવડતી એક આણી નવી."[૯]

લોકોમાં અંધશ્રધ્ધા એટલી હદે હતી કે તેની ઉપર અખાએ હાસ્યકટાક્ષ કરતા કહ્યું છે કે,

'એક મુરખને એહેવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન'[૧૦]

અખાએ કહેવતો દ્વારા પણ સમાજનું પ્રતિબિંબ ઉઠાવ્યું છે, અને આખા સમાજ ઉપર આકરા પ્રહારો કર્યા છે. પોતાનો સમાજ સમજે એવી ભાષામાં ઉપમાઓ-કહેવતો દ્વારા અખાએ સમકાલીન જીવનનું દર્શન કરાવ્યું છે.

"લોહનો કાળ, રૂપાના દેવ,
એક દેરાસર થાતી સેવ"[૧૧]

જેવા છપ્પામાં જૈન દેરાસરોમાં થતી પ્રવૃત્તિઓનો અખાએ નિર્દેશ કર્યો છે. સાપ કરડે ત્યારે તેનાં ઉપચાર તરીકે નંગ, મણિ અને ઔષધીનાં ઉપાયો પણ હતા. 'વા વાયું ને નળીયું ખસ્યું, કૂતરાં ભસ્યા, ચોર આવ્યો' જેવી સ્વાભાવિક બાબતો પણ તે સમયે હતી. લોકો માંસાહાર કરતા હતા. પુરુષો મૂછ રાખતા હતા.

---

૮. એજન, પૃ. ૧૭૫
૯ એજન, પૃ. ૩૨૩
૧૦. એજન, પૃ. ૩૧૧
૧૧. એજન, પૃ. ૧૯૮

ભાડભૂંજો, કુંભારો, સોનીઓ પણ સમાજમાં મોટી સંખ્યામાં હતા. ચલણી નાણામાં રૂપાનાં નાણાંનું પ્રાધાન્ય હતું. હલકા નાણામાં કોડી અને કિંમતી- ભારે નાણામાં સોનાની મહોર હતી. નવગ્રહનાં રત્નોની વાત દ્વારા જ્યોતિષ અને ઝવેરાત અંગેનાં અખાનાં જ્ઞાન વિશે આપણને માહિતી મળે છે. ઉપરાંત જુદાજુદા નક્ષત્રોનો ચોમાસાનાં વરસાદ સાથેનો સંબંધ સમાજમાં અને અખાની સમજણમાં હતો.

વસ્ત્રોની બાબતમાં અખો પોત-ભાત, ત્રાપડની જાડી વણાટનાં ગૂણપાટ જેવા કાપડની વાત કરે છે. કંચનતાર દ્વારા જરીનાં વસ્ત્રોનાં વપરાશ થતો એવો ઉલ્લેખ મળે છે. 'દ્રુમાસ' તરીકે ઓળખાતું 'દમાસ્કસ'નું વિવિધ ભાતવાળું કાપડ પણ ઉલ્લેખ પામ્યું છે. ખાદ્ય પદાર્થોમાં ગોળનો ઉલ્લેખ છે. સોય, સાબું, ચશ્મા, ઘડીનાં માપ, દર્પણ જેવી સામાન્ય બાબતોનો પણ પ્રસંગાનુસાર અખાએ પોતાનાં સર્જનમાં ઉલ્લેખ કર્યો છે. ઉપરાંત શસ્ત્રોમાં બંદુકની ગોળી ખાંડાનો ઉલ્લેખ છે. ગોફણ પણ વપરાતી હશે. 'ગોફણ સાથે ગોળો ગયો'- ઉદાહરણો જોવા મળે છે. સ્વરક્ષણ માટે કિલ્લા બંધાતા હતા. રાજાશાહીનો નિર્દેશ આવા કેટલાંક ઉદાહરણો ઉપરથી મળી આવે છે. તે કાળે વેપારમાં વપરાંતા તોલમાપ, ટંક, પાશેર, શેર, તોલુ, મણ જેવા શબ્દો પણ તે સમયની તત્કાલીન આર્થિક પરિસ્થિતિનો આપણને ચિતાર આપે છે. મદારીઓ સાપ, માંકડા લઈને ફરતા હતા. લગ્નનાં વરઘોડા વખતે આતશબાજી ફોડવાનો રિવાજ પણ હતો. વારતહેવારે પુરુષોમાં કસુંબો પિવાનો રિવાજ હતો. 'કર' પામવાનો રિવાજ પણ પાળવામાં આવતો હતો. અખાએ કેટલેક સ્થળે ઔષધોનો પણ નિર્દેશ કર્યો છે.

> '' રોગીને તો કડવું ઘટે, લીમડો પીધે રોગ માંહીંથી મટે
> નિર્ગુણ લીમડો જો રોગ નીગમે, તો સગુણ ભોજન સુખે જમે
> નિર્ગુણ થઈને સગુણમાં મળે, તો અખા જેમ દૂધમાં સાકર ભળે.''[૧૨]

મુસ્લિમ શાસન હોવાને કારણે અખાનાં છપ્પાઓમાંથી આપણને સમકાલીન મુસ્લિમ સમાજનું બહુરંગી ચિત્ર જોવા મળે છે. મુસ્લિમોનાં સ્વભાવ, ખાસિયતો, શિકારની રીતો, ગાનારીઓનાં શોખ વગેરે જેવી બાબતોનું પણ ઠીક-ઠીક આલેખન મળે છે.

મુસલમાનોમાં સામાન્ય સહજ એવી જીવહિંસાનો ઉલ્લેખ મળે છે. ચિત્રશાળાઓ, વાઘને પાંજરામાં મુકવાનો, તીર વડે પક્ષીઓનો શિકાર કરવો, ઊંટ સવારી, હલકી ગાનારીઓનો શોખ, જાહેર વેશ્યાવાડો જેવી મુસ્લિમ કોમની લાક્ષણિકતાઓ પણ અખાની દષ્ટિથી બાકાત રહી નથી. દાવો, નિરદાવો, કાજી, કજી અદલ થયું, સવ્વા શેર, દાવાગીર વગેરે શબ્દો તે સમયની ન્યાય પ્રણાલીનું સૂચન કરે છે.

૧૨. એજન, પૃ. ૩૫૩

આમ, અખાનાં છપ્પામાંથી વહાણવટું, હુન્નર ઉદ્યોગ, રમતગમત, આનંદનાં સાધનો, સમકાલીન સમાજની માન્યતાઓ, સમાજનાં દુષણો વગેરે છતાં થાય છે. તેમાંથી આપણને અખાનાં સમયની રાજકીય, સામાજિક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. આવા જ કેટલાંક દૃષ્ટાંતો પરથી તે સમયે ખાસ કરીને સમાજને તેમાંથી બેઠો કરવા અખાએ ધાર્મિક બાબતોમાં કેવું વલણ રાખ્યું હતું તે પણ જોઈ શકાય છે.

અખાએ કોઈ ધાર્મિક અંશની ધર્મભાવના જાગૃત કરવાનાં હેતુથી ખાસ ધર્મનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. શૈવ-શાકત પંથીઓનું જોર હોવા છતાંય તેમનું આધિપત્ય હતું એવું કહી શકાય નહીં. લોકોમાં ધર્મ અંગેની અંધશ્રધ્ધા, આડંબર, ધતિંગ, છેતરપિંડી, બાહ્યાચાર ન હોવા જોઈએ એવો તેનો સ્પષ્ટ મત હતો. આનો નિર્દેશ કરવા માટે અખાએ 'આભડછેટ, નિંદા', 'દંભભક્તિ', 'પ્રપંચ' જેવા શબ્દોનો ઉપયોગ કર્યો છે. 'ગુરુ કીધા મેં ગોકુળનાથ' જેવા અનુભવથી ધાર્મિકતાનો પ્રચાર કરનારા ગુરુઓનો તેને પોતાનો કડવો અનુભવ થયો હતો. તેની વાત અખો કરે છે.

> ''પ્રાપ્ત રામ કરે તે ગુરૂ, બીજા ગુરુ તે લાગ્યાં વરૂ,
> ધન હરે ધોખો નવ હરે, સમંધ સંસારી સાચો કરે,
> અખા શું સમઝયો ગુરુ કરી, (જો) સચરાચર ન દીઠા હરી?''[૧૩]

અખો આ છપ્પામાં ગુરુનાં સાચા કર્તવ્યોનો ખ્યાલ આપે છે. રામ પ્રાપ્ત કરાવી આપે તે સાચો ગુરુ છે. બાકીનાં ખોટા બની બેઠેલા ગુરુઓ તો આપણી ઉન્નતિને બદલે પોતાનાં સ્વાર્થ સાધવા વરુની જેમ પાછળ પડેલા છે. આપણી ઈશ્વર પ્રાપ્તિની ઈચ્છા પૂરી કરાવવા માટે તેઓ પૈસા પડાવે છે પણ મનનો સંતાપ દૂર કરતા નથી. પોતે જ સંસારીઓની જેમ પળોજણોમાં રચ્યાંપચ્યાં રહે છે. જેમણે પોતે ઈશ્વર પ્રાપ્તિ કર્યા નથી તે આપણને શું આપી શકવાના છે? જે ગુરુ હરિને સચરાચરમાં જોવાનું જ્ઞાન ન આપી શકે એવા ગુરુ શા કામનાં? આવા કુગુરુઓને કારણે ગુરુ કરવાનો હેતુ સિદ્ધ થતો નથી. સાચો ગુરુ સંસારની માયામાંથી મુક્તિ મેળવવાનો માર્ગ બતાવે છે.

**भावार्थः** जो ईश्वराप्रत नेतो तोच खरा सद्‌गुरु असतो. दांभिक गुरु मात्र स्वतःचा स्वार्थ साधून घेण्यासाठी पाठी लागलेल्या कोल्ह्यासारखे असतात. आपली ईश्वरप्राप्तिची ईच्छा पूर्ण करण्याच्या नांवाखाली आपल्याकडून भरपूर पैसे उकळतात पण आपल्या मनांचा अनुताप दूर करित नाहीत. जो स्वतःच संसाराच्या मायेत गुरुफटलेला असेल तो इतरांना ईश्वरप्राप्ति काय करवून देणार? तो गुरु ईश्वराला सचराचरात पाहण्याची दृष्टि देउु शकत नाही त्याला गुरु कसे म्हणायचे ?

અખો અણલિંગી પ્રભુની ભક્તિનો ધર્મ શિખવે છે. સગુણ ભક્તિ મોતીની ધૂઘરી જેવી આકર્ષક છે પણ તેનાથી અંતરનાં તાપ અને મોક્ષની તૃપ્તી થતી નથી. ધર્મ હરિને ઓળખવા માટે છે પણ અખો કહે છે કે, તમે 'હરિનાં હોતો હરિ ઓળખો'- પણ પારકી બાબતે હરિ થવા માંગો છો

૧૩. એજન, પૃ. ૧૫૪

તેથી શું વળે? દેહદમનથી ધર્મ થતો નથી. એ કામ જૈનજતિઓનું છે. ખરો ધાર્મિક પુરુષ તો એ છે કે જેને જગત જોડે વેર રહે. અને 'દ્રવ્ય હરિને હરિ દખાર' વૃત્તિ રાખે ત્યારે ખરો ધર્મ સાચવ્યો એમ કહેવાય. આમ, અખાએ જયઈશ્વર, ગુરુઅંગ વગેરેમાં પોતાનાં ધર્મમતનું વર્ણન કર્યુ છે.

> ''ગુરુ થઈ બેઠો હૂંસે કરી, કંઠે પાહાણ શકે ક્યમ તરી ?
> જયમ નાર નાહાનડી હવું પ્રસૂત, વળતી વાધે નહિ અદ્દભુત.
> ત્યમ શિષ્યને ભારે ભાર્યો રહ્યો, અખા તો મૂળગેથો ગયો.''[૧૪]

પોતાના અધકચરા જ્ઞાનનાં ખોટા અભિમાનને પોષતા ગુરુઓ હકીકતમાં મૂર્ખાઓ છે. તેઓ પોતાની ડોકમા પથ્થર બાંધીને પાણીમાં તરવાનો પ્રયત્ન કરનારા જેવા છે. એવા લોકો કયારેય તરી શકતા નથી, હંમેશા ડૂબે છે. નાની ઊંમરની સ્ત્રીને સુવાવડ આવ્યા પછી જ્યારે એ મોટી થાય છે ત્યારે તેની સુંદરતા વધતી નથી, એવી રીતે લાયકાત વિનાના ગુરુ પોતાનાં શિષ્યગણોનાં ભાર નીચે દબાયેલા હોવાથી અન્ય ક્ષેત્રમાં ગમે તેટલો વિકાસ કરે તો પણ પરમાત્મા પ્રાપ્તિ કરાવી શકે એટલું એમનામાં સામાર્થ્ય હોતું નથી. આમ, આવા દંભીઓ અન્યોનું તો ઠીક પણ પોતાનું પણ ભલું કરી શકતા નથી.

**भावार्थः–** आपल्या अर्धवट ज्ञानाचा मिथ्याभिमान बाळगणारे गुरु हे गळयात दगड बांधून पोहण्याचा प्रयत्न करणारयां सारखे असतात. जे स्वतः तर बुडतातच पण इतर ही कोणाला वाचवू शकत नाहीत. ज्या स्त्रीला लहान वयात बाळंतपण येते तिचे सौंदर्य मोठेपणी जास्त वाढत नाही, त्याचप्रमाणे योग्यता नसलेले गुरु आपल्या शिष्यांच्या भाराखाली दबलेले असल्या मुळे इतर क्षेत्रात किती ही प्रगतिशील असले तरी ईश्वर प्राप्ति करवून देण्यास समर्थ नसतात. अशा प्रकारे, असे दांभिक लोक इतरांचे तर सोडाच पण स्वतःचे देखील हित साधू शकत नाहीत.

અખો સમજાવે છે કે ચાર વર્ણ, ચાર આશ્રમની સાચા ધર્મમાં આવશ્યકતા નથી. કોઈના દોષ ન જોવાની ટેવ રાખવાથી 'હરિ દેખીશ ભરપૂર' એમ કહી અખો હરિ પ્રાપ્તિ માટે ધર્મનું લક્ષણ સનકાદિક ઋષિઓ તથા જમનાદિક રાજાઓનો ઉલ્લેખ કરીને સમજાવે છે. તેમાં તીર્થ કરવાની જરૂર નથી. કથા કીર્તન, નવધાભક્તિ વગેરેથી જો હરિ ઓળખાઈ જાય તો માનવને ખોટો જાણવો હરિને ઓળખવાનો ધર્મ તે જ સાચો ધર્મ છે. કથા-કીર્તન મનને શાંતિ આપી શકે છે પણ ઈશ્વરની પ્રાપ્તિ તેનાથી થાય એવું નથી. આ સિવાય અખો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે,

> ''સૂતર આવે ત્યમ તું રહે,
> પણ જ્યમ ત્યમ કરી હરિને લહૈ,
> અખા કૃત્યનો ચઢે કષાય,રખે તુ કાંઈક રવા જાય ર''[૧૫]

---

૧૪. એજન, પૃ. ૭
૧૫. એજન, પૃ. ૧

કેમકે વિવિધ ધર્મગ્રંથો મગજને ગૂંચવી નાખે છે. હરિને ઓળવવામાં તે આડે આવે છે. જે 'હું' ટાળી દે છે તે સાચો ધર્મ છે. તને અનુકૂળ પડે એવો ઉપાસનાનો માર્ગ સ્વકારીને તું હરિને- પરમતત્ત્વ- બ્રહ્મને ઓળખજાનું અખો પછી કહે છે. પછી જેમ અનુકૂળ પડે તેમ રહી શકાય છે. ધર્મ અને સંપ્રદાયોનાં વેરા-વ્રતો તો આડી ગલી જેવા છે. એમા જુ ફસાયો તે બહાર નીકળી શકતો નથી. એટલું જ નહી પણ તેથી મન ઉપર વિકારોનો મેલ ચડે છે જે હરિનો અનુભવ કરવામાં આડે આવે છે. માટે તું આવી કોઈ પ્રવૃત્તિ કરતો નહી.

ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અખાએ એક જ ગણાવ્યા છે જેનાથી હરિ ઓળખાય તેજ ધર્મ. દરેક અંગમાં અખાએ ત્રિગુણાતીત પરબ્રહ્મનું જ્ઞાન મેળવવું એને જ સાચો ધર્મ માન્યો છે. એના મતે અન્ય બીજો કોઈ ધર્મ નથી. માયા અને અજ્ઞાન ને કારણે જીવને ભોગવવી પડતી દશા, જીવનું મિથ્યા તત્ત્વ, અભિમાની જીવનું સ્વરૂપ, સંસારી જીવની દશા, આડંબર, ઘેલછા, બાહ્યાચાર, આંતરીક મલિનતા વગેરે ધાર્મિક અંશો જ છે. આમ, હિંદી ભાષામાં ધર્મ પરત્ત્વે જે જાગરુકતા, સ્પષ્ટ કથન કબીરમાં છે તેનું પ્રતિબિંબ ગુજરાતીમાં અખાએ સુપેરે ઝીલ્યું.

ગુજરાતી સાહિત્યમાં પોતાના છપ્પાઓ દ્વારા આજની તારીખે પણ અમર કહી શકાય એવા અખાના જન્મસ્થાન કે રહેઠાણ વિશે ચોક્કસ માહિતી મળતી નથી. પરંપરાગત માહિતી પ્રમાણે અમદાવાદ પાસે આવેલા જેતલપુરનો એ વતની હતો. જેમ બીજા અનેક સર્જકો પોતાના ગામ વિશેની માહિતી કાવ્યને અંતે આપે છે એમ અખાએ કર્યું નથી. જેતલપુરથી પંદર-સોળ વર્ષની ઊંમરે. પોતાનાં પિતા રહિયાદાસ સાથે અમદાવાદ આવ્યો હોવાની માહિતી મળે છે. અખો જન્મે સોની હતો એટલુ ચોક્કસ કહી શકાય પણ તે પરાજિયો સોની હતો કે શ્રીમાળી સોની હતો તે વિશે ઘણી અટકળો જ ચાલે છે. અખાના પિતા રહિયાદાસને ત્રણ દિકરાઓ હતા. ગંગારામ, અખો અને ધમાસી. અખાની મા તેનાં બાળપણમાં જ મૃત્યુપામી હતી. આ કુટુંબમાં અખો અને ધમાસી નિર્વંશ મૃત્યુ પામ્યા જ્યારે ગંગારામનાં વંશજો હજીયે અમદાવાદમાં છે એવું કહેવાય છે. અખાનો ઓરડો નામે એનું ઘર અમદાવાદમાં સાચવી રાખવામાં આવ્યું છે. અખો નાની ઊંમરે પરણેલો. તેની પહેલી પત્ની કજીયાળી હતી. તેનું નામ કે બીજી માહિતી ઉપલબ્ધ નથી. તેનાં પછી અખો બીજીવાર પરણ્યો. આ બીજી પત્ની સાથે અખાનો મનમેળ હતો પણ તેય વધારે જીવી નહિ. અંગત દુ:ખ પછી અખો પગભર થાય તે પહેલા તેના પિતા પણ મૃત્યુ પામ્યા. આમ, અખાનું કોઈ કુટુંબી બચ્યું નહોતું. દુનિયામાં તે એકલો જ રહ્યો. ઉમાશંકર જોશીએ તેનો જીવનકાળ આધારભૂત માહિતીઓ ઉપરથી ઈ.સ.૧૫૯૧થી ઈ.સ.૧૬૫૬ સુધી ગણાવ્યો છે. (અખો એક અધ્યયન ઉમાશંકર જોષી- પૃ.૭૭)

અખાના સમયમા ગામડામાં કે શહેરોમાં ભણતરનો ખાસ પ્રચાર નહોતો એટલે અખાને નાનપણથી વ્યવસ્થિત શિક્ષણ મળ્યું નહોતું. આજીવિકા માટે વારસાગત એવો સોનીનો ધંધો હતો. પોતાનાં ધંધામાં અખો એક કુશળ કારીગર કહી શકાય એટલી તો તેની આવડત હતી. અખો પોતાના ધંધામાં ઠીકઠીક પ્રખ્યાત થયો હશે એવું માની શકાય છે. કારણકે આગળ જતાં અખો જહાંગીરે સ્થાપેલી

ટંકશાળામાં મહત્ત્વની પદવી ધરાવતો હતો. શરુઆતમાં સંસારી એવા અખાનાં જીવનમાં કેટલાંક મર્મસ્પર્શી બનાવો બન્યા કે તેનું મન સંસારથી ધીમેધીમે વિમુખ થવા માંડ્યું હતું. એક તો નાનપણમાં જ માતા ગુમાવી હતી, નાની ઊંમરે બે વાર પરણીને બંને વાર ટૂંક સમયમાં જ તેની બંને પત્નીઓ મૃત્યુ પામી હતી, સગા ભાઈ-બહેનોની હૂંફ નહોતી છતાંય જમના નામની ધર્મની માનેલી બહેન તરફથી કંઠીમાં વિશ્વાસઘાતનો પ્રસંગ બન્યા પછી અખાને મન સંસારનું મહત્ત્વ ઘણું ઓછું થઈ ગયું હતુ. ઉપરાંત ટંકશાળમા ઉપરી અધિકારી દ્વારા મુકવામાં આવેલો ખોટો આરોપ, જેલવાસ, બદનામી અને અંતે નિર્દોષ જાહેર થતા થયેલો છૂટકારો- આ બધા જ બનાવોએ જાણેકે તેને સંસારથી વિમુખ થઈ શાશ્વતની શોધ કરવા તરફ પ્રર્યો હોય એવું માની શકાય છે. માનવીનાં જીવનમાં સહસા રાતોરાત કોઈ પરિવર્તન આવતું નથી. તેની પાછળ ઘણાં પરિબળો કામ કરતા હોય છે. તેવી જ રીતે અખાનાં જીવનમાં પણ તુકારામની જેમ સ્વાથી સંસાર કરતા શાશ્વત ભક્તિ, જ્ઞાન અને સમાજને બેઠો કરવાની જરૂરિયાત આ બધાએ સામાન્ય સોની એવા અખાને જ્ઞાની અખો -'કવિ અખો' જેવા વિશેષણોથી નજીક લાવીને મૂકી દીધો. તેની સંસારમાં રહીને સંસારથી વિમુખ રહેવાની તૈયારીઓ જાણેકે થઈ ગઈ હતી, દુનિયામાં સૌ સ્વાર્થનાં સગાં છે એવું તેને પ્રતીત થઈ ગયું. દુન્યવી સંબંધોની ભ્રામકતા એને સમજાઈ ગઈ અને હવે આ બધાથી છૂટવા કે ઉપર ઉઠવા માટે અખાએ જ્ઞાનમાર્ગે જવાનો નિશ્ચય કર્યો. પોતાનાં ધંધાનાં ઓજારો તેણે કૂવામાં પધરાવી દીધા અને દુનિયાના સ્વાર્થી અને અન્યાયી વ્યવહારથી ત્રાસેલો અખો સત્યની શોધમાં નીકળી પડયો.

અમદાવાદ છોડીની નીકળેલો અખો એ માત્ર સોની અખો રહ્યો નહોતો. તેની જ્ઞાન મેળવવાની ઈચ્છા અને સત્યની શોધ સદ્ગુરુ વગર પૂરી નહી થાય એવું તે સમજતો હતો. તેથી સાચા અર્થમાં સદ્ગુરુની શોધ અખાએ આદરી. ફરતાં-ફરતાં તે ગોકુળ-મથુરા ગયો. ત્યાં તેણે શ્રીવલ્લભાચાર્યજીનાં ચોથા પૌત્ર શ્રી ગોકુલનાથજી પાસેથી વૈષ્ણવી દીક્ષા લીધી. ત્યાં એ કેટલોક વખત રહ્યો પણ જ્ઞાની અખાને ભક્તિમાર્ગમાં અનુકુળતા ન આવી. (આ ભક્તિમાર્ગ એ હતો કે જ્યાં તેણે ધંમનાં નામે ચાલતા અંધશ્રદ્ધાભર્યા કાર્યો થતા હતા, ઈશ્વરપૂજા નહી પણ વ્યક્તિપૂજા વધુ થતી હતી એ જોયું) જોકે સાચી ભક્તિ અંગે અખાએ પોતાના વિચારો બહુ સ્પષ્ટપણે રજૂ કર્યા છે. જે ધર્મનાં અને સદ્ગુરુનાં બીજા કેટલાંક અનુભવો પછીનાં એનાં તારણો છે. શરુઆતનાં સમયમાં તેણે ગોકુલનાથજીની દીક્ષા લઈને તેમને ગુરુપદે સ્થાપ્યા એ અંગેનો તેનો છપ્પો અત્યંત જાણીતો છે.

''ગુરુ કર્યા મેં ગોકુળનાથ, નગુરા મનને ઘાલી નાથ;
મન મનાવી સગુરો થયો, પણ વિચાર નગુરાનો નગુરો રહ્યો.''[૧૬]

અહીં અખો સ્પષ્ટ પણે કહે છે તેમ ગોકુલનાથજીને સદ્ગુરુ તરીકે સ્થાપ્યા પછી પણ તેની જ્ઞાનનિપાસાની તરસ સંતોષાઈ નથી અને તેથી જ પોતે 'સગુરો' થયો હોવા છતાંય એના વિચારો તો 'નગુરા' જ રહ્યા. જોકે આવા વિચારો હોવા છતાંય તેનાં મનમાં વૈષ્ણવી દીક્ષાનાં ગુરુ તરફનો ભાવ ઓછો થયો હોય એવું નીચેનો છપ્પો જોતા લાગતું નથી.

૧૬. એજન, પૃ. ૮૭

''બુહુ કાળહું રોતો રહ્યો, આવી અચાનક હરિ પરગટ થયો,
ત્રણ મહાપુરુષને ચોથા આપ, જેનો ન થાયે વેદે ઉથાપ,
અખે ઉર અંતર્ય લીધો જાણ, ત્યારપછી ઊઘડી મુજવાણ્ય,''[૧૭]

બ્રહ્મ સંબંધની દીક્ષા પછી અને શ્રી ગોકુલનાથજીનાં સત્સંગથી તેની 'વાણી ઉઘડી' અને તે કવિતા કરવા માંડ્યો એવો ઉપરના છપ્પાનો નિર્દેશ છે. પણ તે છતાંય હજી તેની સદ્‌ગુરુની શોધ તો ચાલુ જ રહી. ત્યાર પછી તે કાશી ગયો. કાશીનાં મણિકાર્ણિકા ઘાટ ઉપર એક ઝૂંપડીમાં એક જ શિષ્યને વેદાંતનો અભ્યાસ કરાવતા એક સંન્યાસી ઉપર તેની નજર પડી. જ્ઞાનભૂખ્યો અખો એ ઝૂંપડીની પાછળ બેસી ગુરુનાં ઉપદેશનું શ્રવણ કરવા લાગ્યો. એક વર્ષ સુધી તેણે એ સંન્યાસીનો ઉપદેશ સાંભળ્યો અને તેને ખાત્રી થઈ કે ગુરુ કરવા માટે આ સંન્યાસી યોગ્ય છે. પણ એમની સામે પ્રગટ કેવી રીતે થવુ એ અંગે અખાનાં મનમાં મુંઝવણ હતી. એક દિવસે એ ગુરુ શિષ્યને ઉપદેશ આપતા હતા ત્યારે શિષ્યને ઝોકું આવતા તે હુંકારો ન ભણી શક્યો પણ ઝૂંપડીની પાછળથી ઉપદેશ સાંભળતા અખાએ હુંકારો ભણ્યો. ગુરુને આશ્ચર્યથતા તેમણે તપાસ કરી અને છૂપાઈને બેસવાનું કારણ પૂછતા અખાએ પોતાનો સમગ્ર વૃત્તાંત કહ્યો અને એક વર્ષ સુધી પોતે જે કાંઈ સાંભળ્યું-સમજ્યું હતું તે અંગે પણ ટૂંકમાં ગુરુને કહ્યું ગુરુને એની ઉપર વિશ્વાસ બેઠો અને તેમણે અખાને ગુપ્ત દીક્ષા આપી. અહીં અખો ગુરુ પાસે વેદાંતશાસ્ત્રને લગતા ગ્રંથો ભણ્યો એવી જનશ્રુતિ છે. જોકે આ ગુરુ વિશે અખાએ કયાંય સ્પષ્ટપણે કોઈ નિર્દેશો કર્યા નથી પણ પોતાનં ગુરુ તરીકે બ્રહ્માનંદનો ઉલ્લેખ તેણે ઘણે ઠેકાણે કરેલો જોઈ શકાય છે. જેમકે,

''ચરણ ચિંતવી સ્તુતિ કરું, ચિદ્‌શક્તિ બ્રહ્માનંદની
સદ્‌ગુરુની સંગત કરીએ, મનકર્મ વચને તનમન ધરીએ'' (અખે ગીતા)

''બ્રહ્માનંદ નિજ સુખ અનુસરીએ તો,
મોટો મહિમા ગુરુદેવનો રે,'' (અખાની વાણી -પૃ-૨૮૬)

''બ્રહ્માનંદ સ્વામી અનુભવ્યો રે,
જગ ભાસ્યો છે બ્રહ્માકારો'' (અખાની વાણી-પૃ.૨૯૬)

અખા ઉપર કોઈ અસાધારણ ગુરુની કૃપા થઈ છે એ વાત સ્વીકારવી પડે. ગુરુ નામનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કર્યા વગર પણ અખાએ પોતાના ગુરુ તરફ અસાધારણ ભક્તિભાવ ઘણે ઠેકાણે વ્યકત કરીને ગુરુમહિમા ગાયો છે. ''અખેગીતાનાં'' પહેલા કડવામાં તે કહે છે કે

ચરણ ચીંતવી સ્તુતિ કરું ચિદ્‌શક્તિ બ્રહ્માનંદની,
અણછતો અખો અધ્યારોપ કરે કથા નીજ આનંદની- (૧)
ગુરુ ગોવિંદ ગોવિંદ ગુરુનામ યુગી રૂપ એક,
તેહને સ્તવ્યૂનીન્ચો નમી કરું બૂધ્ય માન્ય હું વિવેક.....(૨)

૧૭. એજન, પૃ. ૮૭

અખાએ એવા સમર્થ ગુરુ પાસેથી મેળવેલા વેદાંતજ્ઞાનનો ઉપયોગ સરસ્વતીને ચરણે ધર્યો, તેની કાવ્યશક્તિ ખીલી ઉઠી. તે એકપછી એક કૃતિ રચવા લાગ્યો. તેનો કાવ્યાવેગ ઘણો વધ્યો. એની કાવ્યશક્તિ કે કાવ્યપ્રવૃત્તિ ક્યારથી શરુ થઈ એ વિશે મતભેદ છે પણ સામાન્ય રીતે એવું માની શકાય કે ગુરુની શોધમાં ઘણે ઠેકાણે ફર્યા પછી, યાત્રાઓ કર્યા પછી પોતાની પ્રૌઢવયે તેણે કાવ્યપ્રવૃત્તિ શરુ કરી, અખાએ પોતાના 'ફૂટકળઅંગ'ના આરંભમાં કહ્યુ છે કે,''

''તિલક કરતાં ત્રેપન વહ્યા, જપમાળાનાં નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાકયા ચર્ણ, તોએ ન પહોંચ્યા હરિને શર્ણ''

''શ્રી અંબુલાલ જાની વગેરેએ એવો મત સ્થાપ્યો છે કે અખાની કાવ્યરચના પ્રવૃત્તિ બાવનમેં વર્ષે થઈ તેના સમર્થનમાં કેટલીક પંક્તિઓ નીચે ઉદાહરણ તરીકે આપવામાં આવી છે. જેમકે,

''બાવનથી બુદ્ધિ આધી ઘટી, ભણ્યા ગણ્યાથી રહી ઊલટી.''(પ્રાપ્તિ અંગ-૨૪૨)
''બાવન બાહરો રે, હરિનાવે વાણી માંહ્ય.'' (અખાનું પદ-૧૯મું)
''રાખ્યું આશરો અક્ષરનો અખા, જે છે બાવનથી વળી બાર'' (અખાનું પદ-૩૭મું)
''બોલું બાવન માંહ્ય, જે બુદ્ધ વિલાસ બુદ્ધે કર્યો.'' (સોરઠા-૧૧૧)

પણ આ પંક્તિઓમાં તો વર્ણમાળાનાં બાવન અક્ષરોની પર એટલે કે બ્રહ્મઅક્ષરાતીત છે એવો સ્પષ્ટ આશય છે એટલે ઉપરનાં ઉદાહરણોથી અખાએ બાવનમાં વર્ષે, કાવ્યપ્રવૃત્તિ શરુ કરી તે કહેવું વ્યાજબી નથી. તેને માટ તો 'તિલક કરતાં ત્રેપન વહ્યા' એજ પંક્તિ વાજબી છે, જે ૫૩ વર્ષ પછી ફૂટકળઅંગની રચના થઈ હોવાનું સ્પષ્ટ કરે છે. આમ, અખાએ ૫૩ વર્ષ સુધી હરિનામનાં જપ કર્યા હોય તેવું સ્પષ્ટ થાય છે. આટલી ઊંમરે પણ તેને હરિશરણ પ્રાપ્ત થતું નથી એ વેદના તેણે કાશીમાં જઈને શમાવી હોય એવું કહેવાય છે. તેણે આત્મસ્વરૂપનું જ્ઞાન કાશીમાં મેળવ્યું હોય એવું સંભવ હોય તેમ લાગે છે, એ વાત તેની વાણીમાં ઠેરઠેર વ્યકત થતી જોવા મળે છે.''[૧૮]

અખાનાં ચોક્કસપણે ગુરુ કોણ? એવી ચર્ચામાં પડવા કરતાં એણે પોતાનાં ગુરુનો આભાર કે ગુરુ પ્રત્યેનો પોતાનો આદરભાવ, પ્રેમ ઘણે ઠેકાણ વ્યકત કર્યો છે તે વધું મહત્ત્વનું છે. 'અખેગીતા'નાં દરેક કડવાને અંતે 'સેવો હરિ-ગુરુ-સંતને' એ ચરણમાં તેનો ગુરુપ્રેમ સ્પષ્ટ થાય છે, તે ગુરુ અને ગોવિંદને એક જ માને છે. કેટલીકવાર તો એવું લાગે છે કે પ્રભુ જ એના ગુરુ છે.

''ગરવા ગુરુ મળ્યારે, એવા સત નિરંજન દેવ,
મિષ્ટ વચનં ગુરુદેવનાં, તેનો વિરલા જાણે ભેવ.
જેને જાતવરણ આશ્રમ નહી, ને સહેજપણે અવધૂત
ગુણ સાથે નહિ યોજના, સ્પર્શે નહિ પંચભૂત.''[૧૯]

---

૧૮. સાહિત્યકાર અખો, ખુશાલચંદ ગ્રંથમાળા, પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા, બીજી આવૃત્તિ-૧૯૭૪, પૃ. ૮-૯
૧૯. અખાકૃત અખેગીતા, સંપાદક : ડૉ.શિવલાલ જેસલપુરા, પ્રથમ આવૃત્તિ-જુલાઈ,૧૯૯૧, પૃ. ૧૫

આવા અનેક છપ્પાઓમાં સદ્‍ગુરુને આદર-અને-પ્રેમ-આપતાં તેનું મહત્ત્વ અખાએ સમજાવ્યું છે. સાથેસાથે તત્કાલીન સમાજમાં ગુરુનાં નામે કે ગુરુ-શિષ્યનાં સંબંધોમાં ચાલતી ધતિંગબાજી અને અંધશ્રધ્ધા ઉપર કટાક્ષો કરવાનું પણ અખો ચૂકયો નથી. દંભી ગુરુ-પંડિતોનાં સંબંધો ઉપર પ્રહારો કરતાં અખાએ સદ્‍ગુરુ કોને કહેવાય તે અંગેના પોતાનાં વિચારો છપ્પાઓ દ્વારા વ્યકત કર્યા છે. જેમ કે, (સદ્‍ગુરુનાં લક્ષણો)

''હરિ ભજતાં જોઈએ હેત પ્રીત, માંહે આતુરતા સંતની રીત,
સદ્‍ગુરુનું શરણ ગ્રહેવું ખપે, હરિને કાજે મન બહુ તપે:
તે નર હરિને પામે વેદ, અખા એ ભજવાનો ભેદ.''[20]

હરિને ભજવા માટે હૃદયમાં હેત-પ્રીત જોઈએ. એ ઉપરાંત આતુરતા જોઈએ. સંતો આ પ્રકારે હરિને ભજે છે. સદ્‍ગુરુનું શરણ ઉપયોગી છે. એમ સમજીને તેમનાં આચરણને જીવનમાં તે ઉતારવું જોઈએ. જે મનુષ્યનું મન હરિને કાજે તપે છે- હરિનાં વિના ખૂબ દુ:ખ અનુભવે છે તે હરિને અવશ્ય પ્રાપ્ત કરે છે. હરિને ભજવાની આ સાચી રીત છે.

**भावार्थः–** ईश्वराला भजण्यासाठी ह्रदयात प्रीति असणे आवश्यक आहे. त्या व्यतिरिक्त आर्त भावना ही देखील महत्वाची आहे. खरे संत अशा पद्धतिनेच ईश्वराची आराधना करित असतात. सद्गुरुची कृपा आणि शरण प्राप्त झाले तर हा मार्ग अधिक सुलभ होतो. जीवनांत हे आवश्यक आहे. ज्याच्या अंतःकरणात ईश्वरप्राप्ति साठी ची व्याकुळता, तळमळ असेल त्याला ईश्वराची प्राप्ति अवश्य होतेच होते. ईश्वरप्राप्ति साठीचा हाच खरा मार्ग आहे. या छप्प्यात अखाने हरीप्राप्तिचा मार्ग दाखविला आहे.

''સાચો ગુરુ જાણી જે જુકત, જે કનકકામિની નોહે આસકત
બીજા સઘળા આળપાળ, જે ધનને અર્થે માંડે જાળ''[21]

અહીં અખો સાચાં અને ખોટા ગુરુ વચ્ચેનો ભેદ સમજાવે છે. આ ભેદ તે પોતાનાં સ્વાનુભવનાં બળે મેળવેલા જ્ઞાનને આધારે તારવી શકયો છે. તે સમયમાં ઢોંગી ગુરુઓ સાચા જ્ઞાનીઓ તો નહોતા જ પણ ધન-કીર્તિની આશા રાખનારા હતા. તેમની પાસે ધન-કીર્તિ આવ્યા બાદ સ્ત્રીઓમાં તેમની આસક્તિ વધતી જતી હતી. તેમનું ચારિત્ર્ય પણ ગુરુની કક્ષા જેટલું નહોતું. તેથી આવા ગુરુઓ ભોળી પ્રજાને ધર્મનાં નામે બાહયાચારોમાં સતત વ્યસ્ત રાખી નાણાં પડાવતા હતાં. તેમનાં અંતરમાં ગુરુ તરીકે કોઈનાં માટે માયા કે ઉન્નતિ ની ચિંતા રહેતી નહોતી. તેથી આવા ગુરુઓને ગુરુપદે સ્થાપવાથી આપણી જ હાની થાય છે. એમ અખો કહે છે.

૨૦. અખા ના છપ્પા, સંપાદક : ડૉ.શિવલાલ જેસલપુરા, સાહિત્ય સંશોધન પ્રકાશન, બીજી આવૃત્તિ-૧૯૭૫, પૃ. ૫૬
૨૧. એજન, પૃ. ૨૨૪

**भावार्थः**– ज्याची कनक आणि कामिनी यांच्यामध्ये जरा ही आसक्ति नसते तोच खरा गुरु जाणावा. इतर गुरु तर धनप्राप्तिसाठी भोळ्या प्रजेला बाह्य कर्मकांडात गुंतवून ठेवणारे असतात. जो सतत सांसारिक विचारातच गढलेला असतो, अशा व्यक्तिला गुरु केल्यास आपली हानिच होत असते. असे ढोंगी गुरु कुणाला ही ईश्वराप्रत नेऊ शकत नाहीत.

"ગુરુ શિષ્યની તાંહાં એવી વાત,
જ્યમ શુદ્ધ પારસને સઘળી ઘાત
શુદ્ધ પારસને જે જે અડે,
તે તે કંચન થઈ નિમડે."[૨૨]

અહીં અખો ગુરુ અને શિષ્યનાં સંબંધને ઊંડાણથી સમજાવે છે. તે માટે તેણે પારસમણિ અને બીજી ધાતુઓનું પ્રતિક આપ્યું છે. પારસમણિ જે ધાતુને સ્પર્શે છે તે સોનાની થઈ જાય એવો પારસમણિનો ગુણધર્મ છે. તે પોતે કોઈ ધાતુને સ્પર્શવામાં ભેદભાવ રાખતો નથી. પોતાનાં કર્તવ્યરૂપે તે સહજતાથી દરેક ધાતુને સુવર્ણમાં ફેરવતો હોય છે. તેવું જ ગુરુ અને શિષ્યનું છે. સદ્‌ગુરુ પોતાનાં શિષ્યોને પોતાના જેવા બ્રહ્મરૂપ બનાવવા માટે કોઈ ભેદભાવ રાખતા નથી. સદ્‌ગુરુ પોતાની પૂરી ક્ષમતાથી જ્ઞાન આપતા જ રહે છે, પોતાની નિજાનંદની મસ્તીમાં લીન રહે છે. કોઈ બુદ્ધિશાળી શિલ્યને વધારે જ્ઞાન આપવું અને બાકીનાંને થોડુંક જ જ્ઞાન આપવું એવો ભેદ ગુરુ કયારેય કરતા નથી.

**भावार्थः**– गुरु आणि शिष्यामधला संबंध परीस आणि इतर धातू सारखा आहे. ज्या धातूला परीसाचा स्पर्श होतो त्या धातूला सुवर्णाचे स्वरुप प्राप्त होत असते. हा परीसाचा गुणधर्म आहे. परीस कुठल्याहि प्रकारचा भेदभाव करीत नाही. तो कर्तव्यबुद्धिने प्रत्येक धातूला सुवर्णरुप देत असतो. त्याच प्रमाणे सद्‌गुरु देखील प्रत्येक शिष्याला सारखेच ब्रह्मज्ञान देत असतात. शिष्यांमध्ये भेदभाव करीत नाही. ब्रह्मरुप असे ते सद्‌गुरु निजानंदात रत राहून ज्ञानदानाचे कार्य करीत असतात.

એવી જ રીતે કોણ બની બેઠેલું ગુરુ છે અને તેની પાછળ સમજયા વગર અંધશ્રધ્ધાથી જીવન વ્યતિત કરનારા શિષ્યો કેટલી મોટી ખોટ ભોગવે છે તે અંગે પણ અખાએ કહ્યું છે. આમ, તત્કાલીન સમાજને આવા ઢોંગી ગુરુઓથી બચવા અને તેમને કેવી રીતે ઓળખવા તે અંગે અખો સમાજમાંથી જ ઉદાહરણો લઈને ઢોંગીગુરુઓના પાખંડો સામે અવાજ ઉઠાવે છે. સમાજને અંધશ્રધ્ધાની ઉંઘમાંથી ઢંઢોળીને સાચું- ખોટું પારખવાની સમજ અખાએ પોતાનાં છપ્પાઓ દ્વારા આપી છે. દંભી- પાખંડી ગુરુઓનાં આશીર્વાદથી ફસાઈન જવું એમનાં શાપથી ન ડરવાની વૃત્તિ સમાજ કેળવે તે માટે અખાએ પોતાની તમામ શકિત જાણે કે કામે લગાડી દીધી હતી. ઢોંગી ગુરુઓ પંડિતો પર કરેલા પ્રહારોમાં તેણે ખોટા- અજ્ઞાની એવા ગુરુનાં લક્ષણો કહ્યાં છે. જેમ કે,

---

૨૨. એજન, પૃ. ૨૨૫

“પોતે હરિને ન જાણે લેશ, અને કાઢી બેઠો ગુરુનો વેશ;
જયમ સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી વળ્યો ઘેર આપ,
એહેવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે પાર ?”[૨૩]

આ છપ્પામાં અખાએ દંભી- ગુરુઓનો ખરેખરો ઉઘડો લીધો છે. બીજાને જે જ્ઞાન આપીએ છીએ તે પહેલાં આપણી પાસે હોવું જરૂરી છે એવું તે માને છે. તત્કાલીન સમાજમાં ટીલાં-ટપકાં કરી ભગવાં પહેરી પોતાને ગુરુપદે સ્થપાવનારા દાંભીકોનો તોટો નહોતો. ઉપરાંત તેમની પાસે જ્ઞાન કે અનુભવની કોઈ પૂંજી નહોતી. આવા ઢોંગીઓ બીજાને શું જ્ઞાન આપવાના? જેમ એક સાપને ઘેર બીજો સાપ મહેમાન બનીને જાય તો હકીકતમાં તેની પરોણાગત થતી નથી પણ બંને સાપ એકબીજા સામે કંઈક ખાધું એવો દેખાવ મોઢું ચાટીને કરે છે. તેવી જ રીતે અજ્ઞાની ગુરુ અને જ્ઞાન મેળવવાની લાયકાત વિનાનો શિષ્ય ભેગા થાય ત્યારે હકીકતમાં તો જ્ઞાનની કોઈ આપ-લે થતી હોતી નથી. આવા દંભી ગુરુઓથી ભરેલા સંસારમાં અજ્ઞાનીઓનું શોષણ થાય છે. પોતે જ મોહ-માયા-સંસારનાં બંધનોમાંથી મુકત થયેલા ન હોય એવા ગુરુઓ બીજાને શી રીતે મુક્તિ આપી શકે?

**भावार्थः–** ढोंगी गुरु हे खरे गुरु नसतात. ते आपण ईश्वराला जाणलंय् असा खोटा भाव आणित असतात. पण गुरु सारखा वेष धरल्यानं कुणी गुरु बनू शकत नाही. एक साप जर दूसऱ्या सापाच्या घरी पाहुणा म्हणून गेला तर त्याचा कांही पाहुणचार होत नसतो. पण तरी ही तो तोंडावर जीभ फिरवून कांही खाल्ल्याचे भासवित असतो. त्याच प्रमाणे ज्ञानदानाचे सामर्थ्य नसलेला गुरु आणि ज्ञानप्राप्तिची क्षमता नसलेला शिष्य एकत्र झाले तर ज्ञानाची कांहीच देवाण घेवाण होत नसते. जगात असे दांभिक गुरु भरपूर आहेत. पण जो स्वतःच संसार बंधनात अडकलेला आहे तो इतरांना मुक्ति कशी बरे देउ शकेल ?

“દેહાભિમાન હૂતો પાશેર, તે વિદ્યા ભણતાં વાધ્યો શેર;
ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો,
અખા એમ હલકાથી ભારે હોય, આતમજ્ઞાન મૂળગું ખોય.”[૨૪]

અહીં અખાએ પોતાની વાત સમજાવવા માટે ગાણિતિક પરિભાષાનો ઉપયોગ કરેલો જોઈ શકાય છે. કોઈ વ્યક્તિ દેખાવે સુંદર હોય તો તેનું અભિમાન પાશેર જેટલું હોય છે. થોડીક વિદ્યા મેળવ્યા પછી તેનું વજન એક શેર જેટલું થઈ જાય છે. ચર્ચા-વાદવિવાદમાં પોતાની થોડીક આવડતથી અને વિદ્યાથી ભાગ લેવા માંડ્યો ત્યાંતો તે દસશેર જેટલો થઈ ગયો અને જ્યારે પોતાને કોઈએ ગુરુ બનાવ્યો પછી તો તે ચાલીસ શેર એટલેકે એક મણ થયો. ટૂંકમાં શરુઆતમાં જે સાવ પાશેર હતો તે હવે મણનો થયો. હળવામાંથી ભારે થયો. વજનની સાથેસાથે તેનું અભિમાન પણ એટલું જ વધ્યું.

૨૩. એજન, પૃ. ૮
૨૪. એજન, પૃ. ૩૨૧

અનેપરિણામે આત્મજ્ઞાન તો સાવ છેટું જ રહ્યું. અભિમાનને કારણે આત્મજ્ઞાન સાવ ગુમાવી બેઠો. વજનમાં મણભરનો હોવા છતાંય આત્મજ્ઞાન તો પાશેર પણ ન મળ્યું. અહીં અખો અભિમાન દૂર રાખવાની ભલામણ કરતો જણાય છે.

**भावार्थः**– येथे गणिताची परिभाषा मांडण्यात आली आहे. सुंदर माणसाला आपल्या सौंदर्याचा गर्व पावशेर असतो. त्याला जर थोडीशी विद्या लाभली तर त्याचे वजन एक शेरा इतके होत. त्या नंतर चर्चा वाद विवादात थोडंफार बोलता येउु लागलं की ते च वजन वाढून दहाशेरा इतके होते आणि कुणी त्याला गुरुपदी स्थापन केल्यानंतर तर त्याचे वजन मणाएवढे वाढते. म्हणजे सुरुवातीला जो हलका असतो तो गर्वाच्या वजनाने भारी होत जातो आणि गर्व वाढल्यामुळे आत्मज्ञानाची प्राप्ति तर राहूनच जाते. अखेरीस हाती कांहीच येत नाही. म्हणून आत्मज्ञान व्हावे असे जर वाटत असेल तर गर्वाचा त्याग केला पाहिजे असे अखा म्हणतो.

''સો અંધામાં કાણો રાવ, આંધળાને કાણા ઉપર ભાવ,
સૌના નેત્રો ફૂટી ગયા, ગુરુ અચારજ કાણાં થયા,
શાસ્ત્ર તણી છે એક જ આંખ, અખા અનુભવની ઉઘડી નહી ઝાંખ.''[૨૫]

જ્યાં સો આંધળા ભેગા થયા હોય ત્યાં (એક આંખવાળો) કાણો રાજાની કક્ષાએ હોય છે. પોતે કશું જ જોઈ શકતા નથી પણ આ વ્યક્તિ એક આંખ થી બધુ બરાબર જોઈ શકે છે એવો ભાવ આંધળાઓમાં હોવાથી આ બધા જ કાણાને ઘણો આદર આપે છે. પણ તેઓ એક વાત ભૂલે છે કે આ વ્યક્તિ એક જ આંખે જોઈ શકે છે તે એની મર્યાદા છે. બે આંખે જોઈ શકવા જેટલું સામાર્થ્ય તેનામાં નથી. તેવી જ રીતે બધા અજ્ઞાનીઓમાં થોડું જ્ઞાન ધરાવતી વ્યકિત ઘણું માન-સન્માન મેળવે છે. પણ હકીકતમાં તો એ વ્યક્તિનું જ્ઞાન પણ અત્યંત મર્યાદિત હોય છે. આવા થોડું જ્ઞાન ધરાવતા ગુરુઓ અને આચાર્યો બની બેસે છે પણ તેમની પાસે શાસ્ત્રનાં અભ્યાસની એક જ મર્યાદિત આંખ છે. આત્માનાં અનુભવની કે સાચી આત્માનુભૂતિની ઝાંખી રૂપી બીજી આંખ હોતી નથી, એ વાત સમાજ ભૂલી જાય છે કે એક આંખ કરતા બંને આંખે જોતી વ્યક્તિની દૃષ્ટિ વધુ સારી હોય છે. અહીં અખો ફક્ત શાસ્ત્ર જ્ઞાન જ નહી પણ આત્માનુભવ અને સ્વાનુભવને પણ મહત્ત્વનું ગણે છે તે વાત સ્પષ્ટ થાય છે.

**भावार्थः**– जेथे सगळेच आंधळे असतात तेथे एका डोळ्यानं पाहू शकणारा काणा देखील राजा सारखा असतो. कारण तो एका डोळ्यानं पाहू शकत असतो. म्हणून सगळे आंधळे त्याला आदरानं, सन्मानानं वागवतात. अशा प्रकारे जेथे सगळेच अज्ञानी असतात तेथे थोडेसे ज्ञान असनारी व्यक्ति गुरु किंवा आचार्य पदावर बसलेली आढळते. परंतु अशा व्यक्तिजवळ पूर्ण ज्ञान नसते, म्हणून ती काण्यासारखीच असते. कारण अशा व्यक्तिला आत्मानुभव किंवा आत्माची खरी ओळख झालेली नसते. हा दुसरा डोळा त्यांना नसतो. पण समाजातले सर्व आंधळे त्याला गुरुच

---

૨૫. એજન, પૃ. ૩૨૪

मानतात पण त्याच्यात सद्गुरु होण्याचे सामर्थ्य नसते. कारण एक डोळेवाल्या पेक्षा दोन डोळे असणाऱ्याची क्षमता केव्हांही अधिक असते. येथे अखा शास्त्रज्ञानालाच नव्हे पण आत्मानुभवाला पण महत्व देताना आढळतो.

અખાની આ વાતોનો પડઘો તુકારામે જાણે પોતાની રીતે ઝિલ્યો હોય તેમ તેમનાં અભંગ નં: ૧૫૪ માં આ જ વાત કહી છે. તેમનાં અભંગનો ટૂંકમાં ભાવાર્થ આ પ્રમાણે આપી શકાય. કોઈ શાસ્ત્ર ભણ્યો હોય તો યે શાસ્ત્રનાં શબ્દાર્થનો અનુવાદ કરી શકે છે, પણ શાસ્ત્ર વચનમાં વર્ણવેલા વિષયનો તેને અનુભવ હોતો નથી. શાસ્ત્રજ્ઞ પંડિતો કથાઓ કરી જાણે છે, બ્રહ્મનું નિરૂપણ કરી જાણે છે પણ એ નિરૂપણ જેનું છે તે પરમ સુખ અને આનંદનાં સારરૂપ બ્રહ્મનો તેનો અનુભવ અને તે અનુભવનું સુખ તેમણે ચાખ્યું હોતું નથી. તુકારામ કહે છે કે લાચરુશ્વત લઈને કેટલાક લોકો કચેરીમાં જુઠી સાક્ષી આપે છે પણ સાચી હકીકત શી હતી તેનું તેમને જ્ઞાન હોતું નથી. એવી રીતે અનુભવ શૂન્ય લોકો પણ બ્રહ્માનંદની વાત કરી શકે છે પણ તેની સાચી હકીકત તેઓ જાણતા હોતા નથી.

આ ઉપરાંત અભંગ નં: ૮૬૦ માં પણ આ જ વાતો જરા જુદી રીતે કહી છે. તેઓ કહે છે કે જ્યાં સુધી હરિવિષયક પ્રેમ અંતઃકરણમાં ઉત્પન્ન ન થયો હોય ત્યાં સુધી કોઈ ગમે તેટલો શાસ્ત્રોનો અભ્યાસ કરે, પ્રવચનો કરે તે બધી જ લુખ્ખી વાતો છે. એવા શુષ્ક પ્રવચનો આપનારાઓ લોકોને જે કંઈ કહી સંભળાવે છે તેમાં તેમનાં ચાવળાપણા સિવાય બીજું કશુંય નથી. આવાઓનાં બોલ સાંભળવા કરતા ન સાંભળવા વધુ સારું છે. પોકળ બ્રહ્મજ્ઞાનનું પ્રતિપાદન કરનારા બ્રહ્મજ્ઞાનીઓ ઠેરઠેર ફૂટી નીકળ્યા છે. તેમની આ તમામ ચેષ્ટાઓ ફીફાં ખાંડવા જેવી નિરર્થક છે. તુકારામ કહે છે કે આવા અલ્પ બુદ્ધિવાળા જ્ઞાનીઓનું જ્ઞાન પોકળ છે.

આમ, અખો પોતે પણ સદ્ગુરુની મહત્તા સ્વીકારે છે. પોતાના જ્ઞાનથી, અનુભવથી અને સમાજનાં બારિક અવલોકનથી અખો સદ્ગુરુ અને ખોટા દંભી ગુરુનો ભેદ આપણી સમક્ષ સ્પષ્ટ કરી આપે છે. ગુરુનો આદર કરતાં, તેનું મહત્ત્વ સમજાવતા અખો કહે છે કે,

''જેમ અગ્નિને સંગે શીત વ્યાપે નહિ,
જ્યોતિ દેખાડે તે તિમિર ત્રાસે,
તેમ સદ્ગુણ પ્રતાપે પરબ્રહ્મને ભેટિયે,
માયા રૂપિયું ઘેન નાસે.''[૨૬]

ગુરુનાં પ્રતાપથી જ બ્રહ્મને પ્રાપ્ત કરી માયાનાં ઘેનનો નાશ કરી શકાય છે. શીતળતા સાથે હોય તો અગ્નિનો દાહ દઝાડી શકતો નથી, અંધકારમાં આપણી પાસે દિવાની જ્યોત હોય તો અંધકારથી ડરવાની જરૂર નથી તેવી જ રીતે ગુરુની કૃપા વિના, જીવનનું લક્ષ મેળવવું શકય નથી. ઉપરાંત મુમુક્ષુની ભાવના પણ જોઈએ.

---

૨૬. અખેગીતા, કડવું-૩૨, પદ-૩

''ભાઈ! ભાવન ઉપજે જયાંહાં લગે, તૃષાવંતને જયમ તોયનો,
ભાવ વિના પુંશ્ચલી- તન જેહવો, કહાવે નહિતે કોયનો.''[૨૭]

આવા મુમુક્ષુ પુરુષનાં મનમાં આતુરતા હોય. અજ્ઞાન અને કાળનો સિંચાણો માથે ભમવાથી તે તરફડે છે, તેનું કાળજું કોરાઈ ગયું છે અને ઐહિક તથા પરલોકની વિષય લાલસામાં જેને વૈરાગ્ય આવ્યો છે, વિરહીનાં જેવો તેનાં મનમાં ભાવ છે, તેને પોતાનાં શરીર માટે નિર્વેદ ઉપજે છે એવી કોઈ નવી ચેતના, ઈચ્છા તેના મનમાં જાગે છે. અને પછી તેને સર્વત્ર હરિભાવની ભક્તિ-આદર ઉપજે છે.

''ગુરુ કહેઃ રામ રમે સકલ, સર્વાવાસ, સ્વામી ભર્યો,
એહેવું સાંભળતામાં વચન માન્યું અને ભક્તિ ઉપર આદર્યો.''[૨૮]
''ભાઈ ભક્તિ જેહેવી પંખિણી, જેહેને જ્ઞાન-વૈરાગ્ય બે પાંખ છે,
ચિદાકાશ માંહે તેજ ઊડે, જેહને સદ્ગુરુ રૂપિણી આંખ છે.''[૨૯]

આમ, જ્ઞાન અને વૈરાગ્યથી સભર, સઘળે સર્વડા હરિભાવ જોનારી ભક્તિને અખો મુખ્ય સાધન માને છે.

''પરબ્રહ્મ વિના નહિ ઠામ ઠાલો,એમ દેખે ભરપૂર.'' (અખેગીતા, કડવું-૧૦)
ભક્તિમાં આવો સર્વાત્મભાવ જોવાથી તેને ભાન થાય છે કે,
''ભુવન ત્રણમાં રહ્યો પૂરી, પૂરણ સ્વે પરમાતમા;
પોતે તો પિઉજી નિરંતર, પણ ભેદ દિસે ભાનમાં.'' (અખેગીતા, કડવું-૧૦)

આમ, મનમાં હરિ પ્રગટવાથી મનનો પલટો થઈ જાય છે. માયાને સ્થાને બ્રહ્મ ભાસે છે અને સંસારનો સંભવ જતો રહે છે. જયાં સુધી આત્માને જાણ્યો નથી ત્યાં સુધી જ માયાનું સામ્રાજ્ય રહે છે. હૃદયનાં કેન્દ્રમાં આત્મા પ્રગટ્યા પછી માયા ઓસરી જાય છે. 'પરિબ્રહમરહે અને પોતે ખપે' એવી ભાવના થાય છે.

શાસ્ત્રજ્ઞાનથી, પાંડિત્યથી, વાદવિવાદથી, કર્મકાંડથી, યજ્ઞયાગથી, ધ્યાન ધરણાંથી, સાંપ્રદાયિક રૂઢિઓ અને આચારોથી માયાને જીતી શકાય છે અને પરમાત્માનો અપરોક્ષાનુભાવ થાય એમ અખો માનતો નથી. આ બધા ખેલ માયા રચી રહી છે. માયા તમને રમાડી રહી છે. સ્વ સ્વરૂપની જાણ તો 'જાણ વિહોણી જાણ્ય' છે એમાં વેત્તા નથી અને વેદ્ય પણ નથી.

''તેહેને ઉપમા દીજે કશી, જો તે વડે સર્વ કોય ? (અખેગીતા, કડવું-૨૩)
જે કહીએ તે અણછતું, ભાઈ! તે તો તોહાં નવ હોય,
દૃષ્ટાંત ઉપમા જે દી જે, તે તો સર્વ રહે અહરું,
શું કરે એ બુધ્ય બાપડી, જો ચાલ્યાથી દશ ડણલાં પહરું ?''

---

૨૭. એજન, કડવું-૧૦, પદ-૩
૨૮. એજન, પૃ. ૧૨
૨૯. એજન, પૃ. ૧૩

જીવભાવને ટાળવો હોય, પરમપદની પ્રાપ્તિ કરવી હોય, ચૈતન્ય-ધનરાય થવું હોય તો જ્ઞાની ગુરુનું, બ્રહ્મભાવ પામેલા ગુરુનું શરણ લેવું જોઈએ. તેના પરિચયથી જ બ્રહ્મની સાચી ઓળખ મળે છે. હરિગુરુ અને સંતની એકતાનો અખાને ખ્યાલ છે. મુમુક્ષુ જીવ બ્રહ્મ નિષ્ઠ ગુરુમાં જ બ્રહ્મની સાચી ઓળખ મેળવે અને આમ, હવે અખાનો સાધનાનો માર્ગ અને દિશા ખૂલી જાય છે.

સદ્ગુરુએ ચીંધેલા માર્ગે જે ભક્ત જાય છે તેને સઘળે ભરપૂર પરિબ્રહ્મ દેખાય છે. આવા હરિભક્તને અખો પોતાની રીતે વર્ણવતા કહે છે કે,

''દેખે નેત્ર પરબ્રહ્મનાં પરબ્રહ્મનાં કર્ણ માત્ર;
પાદ પાણિ પરબ્રહ્મના પરબ્રહ્મ દાતા ને પાત્ર.
જળે પરબ્રહ્મ, સ્થળે પરબ્રહ્મ, પરબ્રહ્મ સ્વર્ગ પાતાળ;
ગિરિ ગહ્વર વન-વાટિકા પરબ્રહ્મ જાળ ને માળ:
પરબ્રહ્મ વિના નહિ ઠાળ ઠાલો, એમ દેખે તે ભરપૂર
જિહાંલિહાં દેખે હરિ, ભાઈ જેહેના પડળ, થયાં હોય દૂર.''[૩૦]

સમય થતા ઓચિંતો જ સૂર્ય ઉદય પામે છે અને પ્રકાશ ફેલાવે છે, તેવી રીતે દેહની અંદર ઢંકાઈને રહેલી આત્મજ્યોત મન-હૃદય શુદ્ધ થતા જ ઓચિંતી જ પ્રકાશ આપે છે અને ત્યારે તદ્દન સ્વતંત્ર થવાનો-સર્વથી અલિપ્ત રહેવાનો ભાવ હૃદયમાં ઉત્પન્ન થાય છે. ભક્તિ અને વૈરાગ્ય પ્રગટે છે અને બ્રહ્મપ્રાપ્તિનો માર્ગ (આત્મજ્ઞાન) પ્રાપ્ત થાય છે. પરંતુ સદ્ગુરુનાં ચરણને શરણે જાય તો આત્મજ્ઞાન તરત જ ઉપજે છે. તેથી બ્રહ્મ સાથે એકતા સ્થપાય છે અને બ્રહ્મપદ પ્રાપ્ત થાય છે.

આમ, સદ્ગુરુની કૃપાથી તેના મનનો અંધકાર રૂપી અજ્ઞાન દૂર થાય છે. ત્યારે તેને પોતાનાં દિવ્ય બ્રહ્મસ્વરૂપની ખાતરી થાય છે. 'અહં બ્રહ્માસ્મિ'- હું જ બ્રહ્મ છું એવો તેનો ભાવ થાય છે. પોતાનું ઐહિક જીવન સ્વપ્ન જેવું જ, ભ્રાંતિમય હતું એવું તેને સમજાય છે. પોતે બ્રહ્મમય હતો બ્રહ્મય છે, સ્વ સ્વરૂપમાં કોઈ ફેરફાર થયો નહોતો અને થવાનો નથી, એવી છેવટે તેને ખાતરી થાય છે કે,

''જેમ વર્ષાઋતુ જાય, શરદઋતુ રુડી દીસે;
તેમ ભાંગે ભવભ્રાંતિ કાંત્યહુતીજયમ આગે''[૩૧]

વર્ષાઋતુ વીતી જતાં શરદઋતુ આવે છે ત્યારે આકાશની મલિનતા દૂર થાય છે. મંદ હળવો પવન મનને આનંદ આપે છે અને ચંદ પુરેપુરો પ્રકાશે છે તે જ પ્રમાણે મનની બધી ઉપાધિઓ દૂર થાય, સંસારની ભ્રાંતિ ટળે, અગાઉના જેવી અંતરની નિર્મળતા પ્રાપ્ત થાય, શરીરનું શોધન થાય. - તેમાં રહેલા મન, બુદ્ધિ અને ચિત્ત શુદ્ધ બને ત્યારે ચાર લિંગ-દેહ, વાસના, ઈશ્વર (સગુણ) અને બ્રહ્મનું તારતમ્ય સમજાય છે અને ચિત્તરૂપી આકાશ ચૈતન્યમય અને ધ્યેય-ધ્યાતા (આત્મા અને પરમાત્મા) ઓતપ્રોત થઈ જાય છે. અને એક જ પરમસત્ય છે, એવુ તે મનથી સ્વીકારી લે છે.

---

૩૦. અનુભવ બિંદુ પદ-૧૩, પૃ-૭૩
૩૧. એજન, પદ-૧૫, પૃ.-૭૪

સર્વત્ર બ્રહ્મ જ વ્યાપેલું છે, તેનાથી જગત સભર છે એવું તે માનવા પ્રેરાય છે. બ્રહ્મને સમજવાં માટે જ્ઞાન જરૂરી છે એવું અખો સ્વીકારે છે પણ જ્ઞાન માટે ફકત ગુરુ જ કેવળ એક આલંબન હોય તે ઠીક નથી. સાચા ગુરુની શોધમાં સમય વેડફવાને બદલે અંતરની મલીનતા દૂર કરવાથી પણ તેમાં જ્ઞાનરૂપી પ્રકાશનો ફેલાવો થઈ શકે છે. આ જ્ઞાનને વિશુદ્ધ રૂપે જાગૃત કરવા- પામવા માટે તેને આડે આવતા આવરણો- વિક્ષેપો દૂર કરવાની જરૂર છે. આ તમામ વિક્ષેપો, બહિમુખ્ય વૃત્તિઓને અંતર્મુખ કરવાથી દૂર થઈ શકે છે અને પરિણામે બ્રહ્મતત્ત્વની અનુભૂતિ થાય છે. આ માટે અખો ફરીવાર પોતાનાં મૂળ સ્વભાવ પ્રમાણે રોકડો વિચાર વ્યકત કરે છે,

''ગુરુ થા તારો તું જ,'' (અનુભવ બિંદું પદ ૩૧)

જીવ પોતે જ બ્રહ્મ સ્વરૂપ છે. તેને બીજા કોઈ સ્વરૂપે ભજવાની જરૂર નથી મનુષ્યનો શુદ્ધાત્મા પણ તેનો ગુરુ બની શકે છે. અખો મનુષ્યને પોતાનો જ ગુરુ બનવાનું કહે છે પણ જો આ માર્ગ અનુકુળ ન હોય તો જ સદ્‌ગુરુનું શરણ લઈ તેમનાં દ્વારા આ મહાજ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઈએ અને આવા જ્ઞાનની પ્રાપ્તિ માટે ગુરુની પ્રબળ શક્તિ ઉપર અખો ખૂબ ભાર મૂકે છે. આમ, જ્ઞાનની પ્રાપ્તિ પહેલાં અને જ્ઞાન પ્રાપ્તિ પછી પણ અખો સદ્‌ગુરુની મહત્તા સ્વીકારે છે. તે નીચેની પંક્તિઓ ઉપરથી સ્પષ્ટ થાય છે. જેમ કે,

'ચરણ કમળ ગુરુદેવના સેવતા આદ્ય હરિ મળે' (અનુવભવ બિંદુ પદ-૪, પંક્તિ-૫)
'અંબરવત તે ઈશને ઓળખ અખા! સદ્‌ગુરુ હૃદયે' (પદ-૬,પંક્તિ-૬)
'ચરણ કમળ ગુરુદેવને શરણ જાવું ચિદ્‌ ઉપજે' (પદ-૧૩, પંક્તિ-૫)
'ગુરુ તણી દૃષ્ટે જોતાં અખા, ધેન તે સર્વ વામિયે' ( પદ-૨૪, પંક્તિ-૫)

વગેરે પંક્તિઓમાં ગુરુ દ્વારા જ્ઞાન મેળવવા અંગેનો અખાનો ખ્યાલ આપણને મળે છે. જ્ઞાન પ્રાપ્તિ માટે ગુરુનો મહિમા આ રીતે અનેક સંતોની- ભકતોની સાથે અખાએ પણ ગાયો છે.

બ્રહ્મનાં સાચા સ્વરૂપનાં દર્શનથી થતા અનુભવને અખાએ પોતાની વાણીમાં અનેક પૌરાણિક તથા ધાર્મિક દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યો છે.

''એ અનુભવ પરમાણજાણ જે રાખે હૃદયે
સમઝતે સમજાય, જાય ગેહન અર્ક ઉદયે,
એ અનુભવ કહ્યો ઈશ, શીશ નમી પૃચ્છયે ઉમયા
એ ભાખિયો વસ્ઠિ તુષ્ટ તાંહાં રઘુપતિ બનિયા.
એ અનુભવ શુકદેવ શું જનકવિદેહે ભાખિયો
એ અનુભવ નારદે અખા! વેદવ્યાસ પ્રતિ દાખિયો.''[૩૨]

૩૨. એજંન, પદ-૩૨, પૃ. ૮૭

આત્મજ્ઞાન વડે બ્રહ્મની ઓળખ થાય છે. જેમ સૂર્યનાં ઉદયથી અંધકાર દૂર થાય છે તેમ આત્મજ્ઞાન વડે અજ્ઞાન દૂર થાય છે. બ્રહ્મનાં અનુભવની ખાતરી જ્ઞાન વડે તેને ઓળખી હૃદયમાં રાખવાથી થાય છે. આ અનુભવ અંગે પાર્વતીએ નમ્રતાથી પૂછયું હતું ત્યારે શિવે એને કહ્યું હતું. આ અનુભવ રામના વિનયથી સંતુષ્ટ થયેલાં વસિષ્ઠ ઋષિએ રામને કહ્યો હતો. જનક વિદેહીએ આ અનુભવ શુકદેવને કહ્યો હતો અને નારદમુનિએ આ અનુભવ વેદવ્યાસને દર્શાવ્યો હતો. આ અનુભવ પ્રરબ્રહ્મે-નારાયણે બ્રહ્માને કહ્યો હતો જે સાંભળીને સ્વયં બ્રહ્મા સત્યન સમજ્યા હતા. સનક વગરે ઋષિઓએ હંસે પૂછ્યો ત્યારે તેમણે એ અનુભવ અંગે હંસાવતારમાં જણાવ્યું હતું. વેદનાં ચૌદમાં કાંડમાં આ અનુભવનું રહસ્ય કહેવામાં આવ્યું છે. બ્રહ્માંડનું (બ્રહ્મ સાથેના ઐકયનું) જે રહસ્ય શુકદેવજીએ સાંભળ્યું હતું તે તેમણે પોતાના અનુભવરૂપે (પરિક્ષિત રાજાને) કહ્યું હતું. આ બધા અનુભવ પરથી સમજાય છે કે એ (બ્રહ્મ) ભરપુર (પૂર્ણ) છે. કોઈ સ્થળ તેના વિનાનું ખાલી નથી. દેવ, દાનવ અને માનવ એ બધાં બ્રહ્મને ઓળખ્યા વગરનાં હોય તો તેઓ નિધર્ન છે, એમ અખો કહે છે. આ છપ્પામાં અખાએ બ્રહ્મનાં અનુભવની વાત કોણે-કોને- કયારે કહી તેની શૃંખલાબદ્ધમાહિતી આપી છે. ધર્મપુરાણો- શાસ્ત્રોનાં પાત્રો દ્વારા અખાએ બ્રહ્મની ચિરંતનાનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે. ઉપરાંત અહીં તેનાં શાસ્ત્ર-પુરાણોના જ્ઞાનનું પ્રતિબિંબ પડ્યું છે. આ છપ્પામાં શિવ, વસિષ્ઠ, જનક વિદેહી, નારદમુનિ, નારાયણ, સનકઋષિ જેવાનાં મુખે બ્રહ્મનું ઐકય અને બ્રહ્માનુભૂતિને વર્ણવી તેની મહત્તાની પરાકાષ્ઠા દર્શાવી છે.

જોકે ભક્તિની મહત્તા સમજયા પછી અને જ્ઞાનપ્રાપ્તિ થયા પછી અખો એકલી ભક્તિને પાંગળી ગણાવે છે. જ્ઞાન અને વૈરાગ્યની પાંખો હોય તો જ ભક્તિરૂપી પંખિણી પરિભ્રમણ કરી શકે છે એવું તે માને છે.

'ભાઈ ભક્તિ જેવી પંખિણી, જેન જ્ઞાનેવૈરાગ્ય બે પાંખ છે,
ચિદાકાશ માંહે તેજ ઉડે, જેને સદ્‌ગુરૂ રૂપી આંખ છે.' (અખેગીતા-કડવું-૧૦મું)

અખાની આ માન્યતા સાથે નરસિંહ અને દયારામની માન્યતા સરખાવી શકાય તેમ છે. અખો અદ્વૈતવાદી, નિર્ગુણ બ્રહ્મની ઉપાસનામાં માને છે. નરસિંહ અદ્વૈતવાદનાં સિદ્ધાંતો પ્રત્યે આદર બતાવે છે. છતાંએ સગુણ ઈશ્વર- કૃષ્ણભક્તિને સર્વસ્વ ગણે છે. જયારે દયારામ દ્વૈતવાદમાં માને છે અને જ્ઞાન કરતા ભક્તિને જ મુખ્ય સ્થાન આપે છે. જેમ કે,

''એ ભક્તિનાં બે પુત્ર છે, જ્ઞાન વૈરાગ્ય કહાવે,
જયાં ગાય ઘરમાં આવી, સ્હેજે વત્સ ચાલ્યાં આવે.''
(રસીક વલ્લભ-૫૭-૭)

'ભક્તિ મણિ ને દીપક જ્ઞાન જી
અભય અભય આ કાર્ય માન જી.''[૩૩] (રસીક વલ્લભ-૫૫-૨)

આ ઉપરાંત ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન એ ત્રણે પરસ્પરનાં પૂરક અને ઉપકારક છે એવી પંક્તિઓ પણ અખામાંથી મળી આવે છે. જેમકે,

---

૩૩. સાહિત્યકાર અખો, ખુશાલચંદ ગ્રંથમાળા, પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરા, બીજી આવૃત્તિ-૧૯૭૪, પૃ.૧૩૫

''ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય, પદાર્થ એક, ત્રણ નામ વિભાગ,
તેહેને અજાણ્યો કહે જુજવા, સમઝયાને તે એક જ હુવા
અનુભવતાં જાણી જે ભેદ, ભક્તિ, જ્ઞાન અખા નિર્વેદ
જકતભાવ રુદેથી ગયો, ત્યારે ત્યાંહાં વૈરાગ્ય જ થયો.
જહાંહાં જુવે હરિ દૃષ્ટિ પડે, ત્યારે ભક્તિ શરાડે ચઢે,
દૈતભાન અખા જયારે ગયું, ત્રણ પ્રકારે, જ્ઞાન જ થયું.''[૩૪]

ભક્તિ,જ્ઞાન અને વૈરાગ્ય- એ નામ તરીકે ત્રણ ભિન્ન ભિન્ન બાબતો છે પણ પદાર્થ તરીકે તો એક જ છે. જેમને સાચું જ્ઞાન નથી તેઓ જ તેમને જુદા ગણે છે. આત્મજ્ઞાનીને મન તો આ ત્રણે એકરૂપ છે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય વચ્ચે ભેદ છે કે કેમ તે બ્રહ્મનો અનુભવ થયા પછી જ સમજાય છે. જગત પરનો ભાવ હૃદયમાંથી નીકળી જાય ત્યારે વૈરાગ્ય આવ્યું એમ ગણાય. જ્યાં જુએ ત્યાં હરિ દેખાય ત્યારે ભક્તિ સીધા માર્ગે ચડી એમ કહેવાય. પરંતુ હૃદયમાંથી જગત પ્રત્યેનો ભાવ-મોહ-માયા દૂર થાય, સર્વત્ર હરિજ દેખાય અને દ્વૈતભાન જાય ત્યારે જ જ્ઞાન થયું કહેવાય. આમ, એકવાત સ્પષ્ટ થાય છે કે અખો સગુણ ભક્તિ કરતા નિર્ગુણ ભક્તિને વધારે મહત્ત્વ આપે છે. ''સાચા બ્રહ્મજ્ઞાની ભકતનું વર્ણન કરતાં અખો એને 'જારે લુબધી યુવતી- બજારમાં ઊભેલી યુવતી' ની ઉપમા આપે છે.

''જ્યમ જારે લુબધી જુવતી તેનું મન રહે પ્રિતમ પાસ;
અહર્નિશ રહે આલોચતી, ભાઈ ! એનું મન હરિદાસ'' (અખેગીતા-કડવું-૧૧મું)

અને એ ઉપરથી શ્રી ઉમાશંકર જોશી અખો ગોપીભાવે, રાધિકાભાવે ભક્તિ કરવાની હિમાયત કરતો હોય એમ અનુમાન તારવે છે અને ઉમરે છે કે, ''શુદ્ધાદ્વૈત પુરસ્કૃત પ્રેમલક્ષણા ભક્તિની એ શબ્દોમાં હિમાયત છે. અખાનાં વ્યક્તિત્ત્વની આ જ ખૂબી છે. એ જોકે, કોઈ વાદને સાચો ઠેરવવા નીકળેલો બુદ્ધિખોર હોત તો કૈવલાદૈતમાં પ્રવેશ્યા પછી શુદ્ધાદ્વૈતનો છાંટો સરખો પણ પોતાનામાં રહેવા દેત નહી પણ એ તો હતો નમ્ર આત્માર્થી, જ્યાંથી કંઈ સારું જડે ત્યાંથી તેને અપનાવવામાં એ જરીકે અળસ્યો નથી.''[૩૫]

આમ, અખાનો આત્મા બ્રહ્મવિદ્યાનાં નવચેતને પ્રફુલ્લિત થઈ ઉઠે છે. એના જ્ઞાનચક્ષુ કોઈ અદ્દભુત સૃષ્ટિનાં દર્શન કરે છે અને એ નિજાનંદે બ્રહ્મસ્વરૂપમાં લીન બને છે, મસ્ત બને છે. તેનાં આ ચેનનવંતા માનસનાં દર્શનનું વર્ણન તેણે આ પ્રમાણે કર્યું છે.

''આનંદ વાધ્યોને રંગ ઉલટયો રે,
પ્રકટયા છે કાંઈ પુરણ બ્રહ્મ રે, સદ્દગુરુને ચરણે આવતારે,
તિમિર હતા તે મારા ટળી ગયા રે,
ઉદીઓ છે કાંઈ જ્ઞાન કેરો ભાણ રે.''[૩૬]

આમ જ્ઞાનચક્ષુ ઉઘડયા પછી અખાની વાણીમાં ચેતના આવે છે. તેનું ભાષા વિષયક જ્ઞાન પહેલી નજરે ઘણું મર્યાદિત લાગતું હોવા છતાંય તેનાં વિચારોને સ્પષ્ટપણે, સચોટપણે મૂકી શકયો છે.

૩૪. અખાની કાવ્યકૃતિઓ-છપ્પા ખંડ-૧, સંપાદન : ડૉ.શિવલાલ જેસલપૂરા, બીજી આવૃત્તિ-૧૯૯૫

૩૫. અખો-એક અધ્યયન, ઉમાશંકર જોશી, પૃ. ૨૫૨

૩૬. અખેગીતા, કડવું-૮

## ૨.૨ સર્જકની કૃતિઓ : કાવ્યકળાની દષ્ટિએ

ગુજરાતી ભાષામાં ઉપનિષદો અને ગીતાની આત્માનુભથી ધબકતી વાણીનો રણકાર અખાનાં આતમસૂઝનાં, સરળ-ઊંડાણભર્યા, મર્માળાવાક્યોમાં સાંભળવા મળે છે. પાકટ વયે આરંભાયેલું તેનું સાહિત્ય સર્જન પંદર-સોળ વર્ષ ચાલુ રહ્યું. તેનાં જીવનનો અનુભવી નિચોડ તેનાં છપ્પામાંથી મળે છે. પોતાના સમયની કહેવતોનો, સામાજિક રીતરીવાજોનો નિર્દેશ તેણે પોતાનાં સર્જનમાં બહોળા પ્રમાણમાં કરેલો જોવા મળે છે. સામાજિક અને ધાર્મિક આચાર જડતા અને દંભી ગુરુઓના ઝૂંડને તેણે ચાબખા માર્યા છે. પ્રજાનાં માનસ ઉપર ચડેલાં કાટને તેણે તેજાબ જેવા કટાક્ષોથી શુદ્ધ કર્યો છે. છપ્પાઓમાંથી તેની અર્થઘન માર્મીકવાણી તેમજ સુક્ષ્મ આવલોકન દષ્ટિનો પરિચય થાય છે. બ્રહ્મ, માયા, ઈશ્વરના, જીવ સ્વરૂપને સમજાવવા માટે કાચના મંદિરની ઉપમા તથા ભક્તિ માટે જ્ઞાન-વૈરાગ્યની બે પાંખવાળી પંખિણીનું રૂપક તેની કવિતા શક્તિ દર્શાવે છે. તત્ત્વજ્ઞાન જેવા વિષયને લોકભોગ્ય બનાવવા માટે અખાની વાણી કે અખાની ભાષા અત્યંત મહત્ત્વની બની છે. 'ભાષાને શું વળગે ભૂર' એમ કહેનાર અખાની ભાષા બરછટ પણ જોરદાર છે. તેની અર્થઘનતા, સચોટતા અને છતાંય સરળતા મધ્યકાળનાં સાહિત્યમાં અનોખી ભાત ઉપસાવે છે.

અખાએ અનેક બંધનોમાં જકડાયેલી, વહેમી, અંધશ્રદ્ધામાં ગરક થયેલી પતિત પ્રજાનાં ઉદ્ધાર માટે સામાન્ય જનપણ સમજી શકે એવા ચોટદાર ઉપદેશો વરસાવ્યા છે. તેના છપ્પાઓમાં આવા લોકપ્રિય થયેલા ઉપદેશો જોઈ શકાય છે. જે રસની નિષ્પત્તિ કરવાનો આશય હોય તે રસને નિષ્પત્તિ કરવા માટે શબ્દનું, અર્થનું, વર્ણનનું યોગ્ય તે ઔચિત્ત્ય જાળવીને કરવામાં આવતી શબ્દ રચનાને કાવ્ય કહેવાય છે, અને અખાની રચના પણ આવી ઔચિત્ય ભરી રચના છે એમ કહી શકાય. વિદગ્ધ વાણી દ્વારા બોધરૂપે શાંતરસને પ્રગટ કરવામાં અખો અતિશય કુશળ છે. સરળ અને હૃદયભેદક માર્મિક વાણીનો તેણે આશારો લીધો છે. તેના દ્વારા સંસ્કૃત ભાષામાં જે ગહન તત્ત્વ વિચારો છે તેને ગુજરાતી ભાષામાં પ્રસાદમય શૈલીથી આલેખવાનો લગભગ સફળ કહેવાય એવો પ્રયત્ન અખાએ કર્યો છે. ટૂંકમાં, સંસ્કૃત જેવી તે સમયની ફકત ઉચ્ચસ્તરની કહેવાતી ભાષાનું તત્ત્વજ્ઞાન અખાએ પોતાની રીતે સામાન્ય જનો વચ્ચે મૂકી આપ્યું હતું.

ભાષાનાં આડંબરને તિરસ્કારતા આ કવિએ શબ્દરચના તથા પદલાલિત્ય વિશે ઓછું ધ્યાન આપ્યું છે તેમજ છંદોની માત્રા પ્રત્યે પણ તે ઓછો સભાન રહ્યોછે. દષ્ટાંતો માત્ર સૂચના રૂપે જ મૂકયા છે. શબ્દપ્રયોગો કયાંક શુદ્ધ, અશુદ્ધ તો કયાંક કિલષ્ટરીતે પણ કર્યા છે અને વાક્યરચના પણ કવચિત ક્રિયાપદ જેવા જરૂરી અંગો અધ્યાહાર રાખવાને કારણે દુર્બોધ અને અઘરી બની છે. પણ અહીં એ સમજવું જરૂરી છે કે અખાનો મૂળ હેતુ રસાત્મક વાક્યરચનાવાળી કવિતાઓ રચવાનો નહોતો પણ બ્રહ્મજ્ઞાન અંગેની એની વિચારસરણી પ્રચલિત રૂઢી પ્રમાણે કવિતા દ્વારા સાદીભાષામાં સમાજ

સામે મૂકી આપવાનો હતો. ઘણે ઠેકાણે તત્ત્વજ્ઞાન અને કવિતા એકબીજામાં એકરસ થયેલા જોવા મળે છે. અખાની કવિતામાં પદાલાલિત્ય, ઝાકમઝોળ કે કવિતા ચાતુર્ય ઓછું જણાય છે પણ લોકહૃદયને સ્પર્શવાની અને ભક્તિભાવથી સભર બનાવવાની અનોખી ભાત સ્પષ્ટપણે દેખાય છે. અખાએ તત્ત્વજ્ઞાનનાં સૂંકા સૂત્રોને પોતાની વિચારસરણીથી નવપલ્લવીત કરી, સ્પષ્ટ સરળ રીતે મુકી આપ્યા છે.

અખો છંદોવિધાન અંગે ઓછી કાળજી રાખે છે. પણ પોતાનાં સમયની ચાલુવપરાશની પદ્યબંધની રચનાઓની તેને કલ્પના છે. અખાની કાવ્યશૈલી અન્ય કાવ્યભાષા અને કવિ–સર્જકો કરતાં ઘણી જુદી છે. અખાની કવિતામાં નરસિંહ કે મીરાની કોમળતા કે પ્રેમાંનદની પ્રોઢ સંસ્કારિતા નથી. દયારામ જેવા ઉર્મિનાં ઉછાળા કે મધુરતા નથી છતાં અખાની કવિતામા ચૈતન્ય ભરપૂર જોવા મળે છે. તેના ટૂંકા વેધકવાક્યો અર્થની વીજળીની જેમ ઝબકી ઊઠે છે, હૃદયની આરપાર જાય છે એવું ઘણાં વિદ્વાનોનું કહેવું છે, જે યથાર્થ જ છે.

''અખો શાબ્દિક હથોડાનાં સબળ પ્રહાર કરે છે, ઢોંગ અને ઢોંગીઓને ખુલ્લા પાડતા તે પુણ્ય પ્રકોપ અનુભવે છે. તેનો લાવારસ જેવો વાક્પ્રવાહ આપણને દઝાડે છે. અખાએ આપણી ભાષાનાં શબ્દો કેટલાં ચોટદાર, ધારદાર, તાક્યું નિશાન પાર પાડનાર હોઈ શકે છે તેની આપણને પ્રતીતિ કરાવી છે. ઓછામાં ઓછા અથવા જરૂર પુરતા જ શબ્દો વાપરી વધુ ધારદાર અસર ઉપજાવવાની એના જેટલી શક્તિ અન્ય કોઈ સર્જક ધરાવતો નથી. સચોટ અને ઉત્કૃષ્ટ સુત્રાત્મક વાક્યો દ્વારા ઉપદેશ આપ્યો છે અને તેમાંથી તે પોતાને કહેવું છે તેનો અર્થ પણ કાઢી શકે છે. જેમકે, 'માતેલો સાંઢ ચોમાસું ચર્યો, વઢકણી વહુએ દીકરો ઝણ્યો', ''ઉમાશંકર જોષીએ તેના વિશે યથાર્થ જ કહ્યું છે, અખો સચોટ અને સરળ વાણીમાં હાસ્યજનક ચિત્રો દોરીને હાસ્યરસ ઉત્પન્ન કરે છે. એ કોઈકવાર અટ્ટહાસ્ટ કરે છે તો કોઈકવારા ટાઢો ટમકો મૂકીને ખસી જાય છે.''[૩૭]

અખાની ભાષામા: અન્ય સર્જકોની જેમ પહેલી નજરે ચડતું માધુર્ય કે ઓજસ ધ્યાનથી વાંચીએ તોજ નજરે પડે છે. તેના લખાણો ભાષાને લીધે જ પ્રિય થાય કે વાંચવા ગમે તેવા ન હોવા છતાંય આકર્ષે છે. તે પોતાનાં વિચારોને સચોટતાથી ટૂંકામાં ટૂંકી રીતે, શ્રોતાજન દરકાર રાખે તો જ સમજાય એવી રીતે પોતાની વાત રજૂ કરે છે. અખાની ભાષા ફૂટ છે એમ સામાન્ય રીતે માનવામાં આવે છે પણ વાસ્તવમાં એ સ્વીકારવું પડે કે અખાનું શબ્દભંડોળ કોઈપણ અન્ય ગુજરાતી કવિ કરતા વધુ સમૃદ્ધ છે. શબ્દો જાણે એના વશમાં રહે છે. બોલચાલનાં અનેક પ્રયોગો એની રચનામાં નજરે પડે છે.

છપ્પાનાં માધ્યમ દ્વારા પોતાને જે કાંઈ કહેવું છે તે સંક્ષેપમા પણ સચોટતાથી અખો કહી શકે છે. એણે યોજેલી ઉપમાઓ, રૂપકો, દૃષ્ટાંતો, કહેવતો, રૂઢિપ્રયોગો એના કથન ને સામર્થ્ય બક્ષે છે. વસ્તુને તાદૃશ રીતે રજુ કરવાની અખાની રીત ને કારણે તે અન્ય સર્જકો કરતા જુદો સાબિત થાય છે.

૩૭. અખો: એક અધ્યયન, ઉમાશંકર જોશી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, બીજી આવૃત્તિ–૧૯૭૩, પૃ. ૩૫૮

અખાની સૂક્ષ્મ અવલોકન શક્તિ કુદરતમાંથી, વ્યવહારમાંથી, માનવ સ્વભાવની વક્રતામાંથી, પશુ-પંખી અને જળચરની વિશાળ સૃષ્ટિમાંથી, રોજિંદા વપરાશની કે સુપરિચિત વસ્તુઓમાંથી ઝળકી ઉઠે છે. દરેકમાંથી વિલક્ષણતા શોધીને તેને પોતાના સિદ્ધાંતની સમજૂતી માટે દાખલા રૂપે એવી કુશળતાથી વાપરે છે કે મૂળ મુદ્દો આસાનીથી આપણને બરાબર સમજાઈ જાય. કેટલાક ખુબ જ સુંદર અને ચમત્કૃતિ પૂર્ણ વર્ણનો અખો ઓછામાં ઓછા શબ્દોમાં સહજભાવે અને તળપદી ભાષામાં રજૂ કરે છે. જેમકે,

- ''મોહોટમ્ય સઘળી જાયે ટળી, જયમ આતશબાજી પલકે બળી
- સૂરજ તળેથી વાદળ ટળ્યું, ત્યારે અખા ધામ નિશ્ચે નિર્મળૂં
- હરિ મણિ કંઠ પોતાને મૂળ, તે પડયો જાણી બહાર ચાળે ધૂળ. વગેરે..''[૩૮]

આવાં અનેક ઉદાહરણો પરથી અખાની સંક્ષિપ્ત શૈલી અને અર્થઘનતા તે સ્પષ્ટ થાય છે. સુયોગ્ય ઉદાહરણ દ્વારા અખો ધાર્યુ નિશાન પાડી શકે છે. શબ્દ લાઘવની તેમજ અવનવા શબ્દપ્રયોગો દ્વારા અવનવા અર્થસંકેતો સાધવાની એની કુશળતા અજોડ છે.

અખાની જુદીજુદી રચનાઓમાંથી મળતાં અનેક અવતરણોને આધારે સ્પષ્ટ થાય છે કે અખાની ભાષા ઉપર સારી એવી પકડ છે. શબ્દો શોધવાનો એને પ્રયાસ કરવો પડતો નથી. જોઈતો શબ્દ એને તત્કાળ મળી જાય એવું અખાનું ભાષા-પ્રભુત્ત્વ છે. અખાની ભાષા સરળ અને તળપદી છે, કારણકે એને સામાન્ય જનતા સામે પોતાનું કથન રજુ કરવાનું છે. એક નિરાભિમાની નિરાડંબરી સંત પાસે સદુપદેશ માટે જતા જે સહજ પ્રેરિતવાણી સાંભળવા મળે એવી અખાની વાણી છે. એમા પ્રૌઢી, જોમ સાથે કયાંક ઝનુન પણ જોવા મળે છે. અખો આખાબોલો અને પ્રગલ્ભ પણ ખરો એની વાણીનું ઓચિત્ય, વૈચિત્ર્ય અને સમુચિત દષ્ટાંતો યોજવાની કુશળતા ગજબની છે. જગતનું નિરિક્ષણ કરવાની સૂક્ષ્મ દષ્ટિ તેમજ સંસારનાં ચિત્રવિચિત્ર વ્યવહારને જોતા જ સમજી જવાની ઉત્તમ શક્તિ અખા પાસે છે તે હકીકત તો સ્વીકારવી જ પડે એમ છે.

અખાનું કામ લોકોનું મનોરંજન કરવાનું નથી, લોકોદ્બોધન કરવાનું છે. એની આસપાસનાં સમાજમાં પ્રવર્તતા અનાચાર, દંભ, પાખંડ, ઢોંગ, આડંબરને ખુલ્લા પાડીને લોકોને ઘટતો બોધ આપવાનું કામ એણે કર્યું છે. લોકોના જીવનમાં રહેલી ક્ષતિઓ, ત્રુટિઓ અને વિચિત્રતાઓની કડક ટિકા કરીને સમજુતી દ્વારા તેમની સાન ઠેકાણે લાવવાનો પ્રયાસ અખાએ કર્યો છે.''અજ્ઞાન નિંદ્રામાં પોઢેલી પ્રજાને જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ બતાવી જાગ્રત કરવાનું અને તેનું ઘેન દૂર કરી જીવનનો સાચો રાહ દેખાડવાનું કામ એક પ્રકારનાં પયગંબરી આવેશથી અખાએ કર્યુ છે અને એમ કરતાં એણે જે ઉગ્રતા દાખવીને કટાક્ષો કરી ઠોક પાડ્યા છે તે ભૂલ્યા ભુલાય તેમ નથી. સોની કે લુહારની એરણ પરથી ઊડતાં તણખાની યાદ આપે એવા વાણીનાં વેધક પ્રયોગો અખાએ કર્યા છે. ઢોંગી ધર્મગુરુઓ, આભડછેટ,

---

૩૮. અખોઃ સંપાદન-રમણલાલ જોશી, ગુજરાત ગ્રંથકાર શ્રેણી, પ્રથમ આવૃત્તિ, સપ્ટે.૧૯૭૮ પૃ. ૬૨.

સામજિક દંભ ને પાખંડ, સાંપ્રદાયિક ઝગડા, ભક્તિનો આડંબર, મૂર્તિપૂજા, ભૂતપ્રેતની માન્યતા, માનવજીવનમાં પડતી ગ્રહોની અસર વગેરે ઉપર અખાએ વાણીનાં ચાબખા વીંઝયા છે. ''[૩૯]

અનુભવ દ્વારા ઘડાયેલાં જ્ઞાનને કારણે અખો કવિ અને જ્ઞાનીને બંનેને જુદાં ગણે છે. અખાને પોતાને પણ રૂઢ અર્થમાં ગણાતા 'કવિ' તરીકે ઓળખાવાની ઈચ્છા નહોતી. 'જ્ઞાનીને કવિતા ન ગણેશ'– એમ કહેનારા અખાની દષ્ટિમાં જે શબ્દ રચનાથી અખંડ પરમતત્ત્વ (બ્રહ્મ) સમજાય તેવી શબ્દરચના જ કાવ્ય હતી. તે વધુમાં કહે છે કે – 'અખો શું કવિતાપણું કરે, જો વાત કશી ન પોંચે શરે' જે કાવ્યથી માત્ર સાંસારિક રસનો અનુભવ થાય છે પણ અંતઃ કરણમાં બોધની છાયા પડતી નથી તે કાવ્ય પ્રજાની નૈતિક ઉન્નતિમાં કોઈ રીતે ઉપયોગી નથી એવું અખો માને છે. અખો અનુભવી હોઈ એની વાણી આપોઆપ લોકોક્તિની કોટીએ પહોંચે છે. અખાના પોતીકાં અનેક ઉદ્ગારો આપણી ભાષામાં લોકાક્તિઓ બની ચૂકયા છે. કાકા કાલેલકરે અખાને 'બ્રાહ્મી સાહિત્યકાર' તરીકે ઓળખાવ્યો છે. લાગણીવરાતા અને ઊર્મિવશતાનો અભાવ તેનામાં પહેલી નજરે દેખાતો હોવા છતાં બ્રહ્મનો આનંદ વર્ણવતી વખતે એની શૈલીમાં આવતું ડોલન અને છપ્પાઓમાં પ્રતીત થતી માનવમન અને હૃદયનાં ઊંડાણને પારખવાની શક્તિ, તેની સમ સંવાદિતા ને કટાક્ષ તથા હાસ્ય એકી સાથે નિરૂપવાની તેની છટા તેને ઉચ્ચ કોટિનાં જ્ઞાનીની સાથોસાથ કવિ તરીકે પણ સ્થાપિત કરે છે. છતાં ફરીથી ધ્યાનમાં લઈએ કે અખો પોતાને કવિ ગણતો નથી. કવિ ગણાવાની ના પાડવા ઉપરાંત તેનો ઉદ્દેશ કવિતા કરવાનો નથી એમ તે કહે છે. જ્ઞાનનો બોધ કરતી વખતે કવિત્ત્વ થયુ કે નહી તેની એને પડેલી નથી. આમ હોવા છતાં સારી કવિતાનાં ઘણાં લક્ષણો તેની રચનાઓમાં જોવા મળે છે. ભાષા અલંકાર, પિંગળ કે છંદશાસ્ત્રની એને પડી નથી એટલે એ બેધડક રીતે કહે છે કે,

– ''ભાષાને શું વળગે, ભુર ? જે રણમાં જીતે તે શૂર
સંસ્કૃત બોલ્યે શું થયું ? પ્રાકૃતમાંહાથું નાસી ગયું ?
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણ્યે પાર.''[૪૦]

અહીં ભાષાનાં વળગણથી અલિપ્ત એવો અખો ભાષાનાં મોહ કે આગ્રહને મૂર્ખાઈ તરીકે ગણાવે છે. પોતાની વાતને રજુ કરવા માટે ભાષાનું બંધન નડવું ન જોઈએ એમ અખો માને છે. યુદ્ધમાં જે વિજયી થાય તેજ શૂરવીર કહેવાય એવું ઉદાહરણ આપી અખો કહે છે કે જે ભાષા ધારી અસર ઉપજાવે તેને જ સાચી અને યોગ્યભાષા કહેવાય. તત્કાલીન સમયામાં સંસ્કૃત ભાષાને જરૂર કરતાં વધુ મહત્ત્વ આપવાનો જાણે પ્રવાહ વહેતો હતો, પ્રાકૃતને નીચી પાયરીની ગણાતી હતી. એવા સમયે અખાએ કહ્યું હતું કે સંસ્કૃતથી કશુંય વધારે સિદ્ધ થતું નથી કે પ્રાકૃતથી કોઈ ઉણપ આવી જતી નથી. સંસ્કૃત ઉચ્ચ અને પ્રાકૃત નીચી એ માન્યતા ખોટી છે. ભાષાનાં બધા શબ્દોલો વર્ણમાળાના બાવન અક્ષરોમાં જ સમાઈ જતા હોય છે. પણ તેનો પાર તો ત્રેપનમાં વર્ણને (વર્ણનાતીત બ્રહ્મને) ઓળખવાથી પમાય છે.

૩૯. એજન, પૃ. ૬૩

૪૦. અખાની કાવ્યકૃતિઓ, .ડૉ.શિવલાલ જેસલપુરા, સાહિત્ય-સંશોધન પ્રકાશન, બીજી આવૃત્તિ-૧૯૯૫, ભાષા અંગ, પૃ૧૨૮

અખો ભાષા અલંકાર વગેરેને કવિતાનાં બાહ્યઅંગો તરીકે ગણી તેને આવશ્યક માનતો નથી એટલુ જ નહી પણ કાવ્યનાં આ બાહ્યાંગને જ્ઞાનાનાં મૂળ તત્ત્વને સમજવા માટે આવરણરૂપ માને છે. 'અખેગીતા'ની પંક્તિઓમાં તેનો આ ભાવ સ્પષ્ટ થતો જોવા મળે છે :

- ''તેણે ગ્રંથ પહેલું એમ જાણવું, અમો ઝગણમગણ નથી જાણતા,
  તુક, ચોક, ચાતુરી, ઝડઝમકો અમો લહ્યા વિના નથી આણતા''
  (અખેગીતા, કડવું-૨ પદ-૭મું)

અખાની ઉપમા અને હાસ્ય કવિ તરીકેની લાક્ષણિકતા છતી થતી જોવા મળે છે. શાંકરવેદાંત જેવા વિષયને પણ તે પોતાની આગવી પ્રતિભા દ્વારા રસમય બનાવી શક્યો છે. રહસ્યમયવાતને ઉપમાથી ચિત્રિત કરી માર્મિક હાસ્યથી એ સ્પષ્ટ કરે છે. ઉપમા યોજવામાં એની વિલક્ષણતા એ છે કે 'જેવુ' ને બદલે એ-અને-ને મુકે છે. ઉપમાઓમાંથી અખાની ચિત્રો ઉપસાવવાની અદ્ભુત શક્તિનો પચિય થાય છે. તેના દ્વારા જગત પ્રત્યેનું એનું અવલોકન કેટલું વ્યાપક અને સુક્ષ્મ છે એ જોવા મળે છે. આ ચિત્રો ગ્રામજીવનની સૃષ્ટિનાં જ છે એવું નથી પણ 'ઘેન ઉછળતી ને કહેરો ગળે'થી માંડીને અગનપંખી સુધી એની કલ્પના ફરી વળે છે. એની કવિતાનાં અલંકારો પરથી દેખાઈ આવે છે કે ઈહ જીવનનાં અખાનાં અનુભવનો ફલક અન્ય કવિઓ કરતાં પણ વિશાળ છે. અખાની પૂર્વજીવનની રચનાઓમાં આપણને હાસ્ય ફકત ધર્મમાં જ નહી પણ સમગ્ર સમાજનાં દંભો સામે પ્રહારાત્મક ટીકા રૂપે મળે છે. હાસ્ય આપવાની અખાની એક રીત એવી છે કે ઉપેક્ષા પામતી વસ્તુને હળવા શબ્દોમાં-હાસ્યથી ધ્યાનમાં લાવવાનો એ પ્રયત્ન કરેછે. તે છતાંય તેની એ ક્રિયામાં હાસ્યની સાથે ઉપદેશ તો હોય જ છે ! કટાક્ષ યુકત હાસ્યમાં અખો જાણે સખત ગુસ્સામાં અંતરના બળાપાને ખડખડાટ હસી કાઢતો હોય એવું લાગે છે. અખાનાં હાસ્યમાં રહેલો 'કટાક્ષ' છૂપો નથી રહેતો. ''પ્રો.બ.ક. ઠાકોર અખાનાં કટાક્ષને 'ત્રીજા નેત્રની પ્રસાદી' તરીકે ઓળખાવે છે''[૪૧] શાંકરવેદાંતનાં રહસ્યોને, આત્માનુભવની વાતને અખો હાસ્યની મદદથી રજુ કરે છે ત્યારે તેની હાસ્યશક્તિનો આપણને પરિચય થાય છે.

- કુંવારી વહુ લે નામ, પણ સદા સોહાગણ સંગેસ્વામ

પંક્તિમાં બ્રહ્મભાવ અનુભવનારને સદા સોહાગણપત્ની તરીકે દર્શાવી સગુણ બ્રહ્મની ભક્તિ કરનારાઓને 'કુંવારી'નું બિરુદ આપી અખો ટીખળ કરતો હોય એમ લાગે છે. તે ઉપરાંત,

- ''તે વિણજાણ રાગ વિરાગ, અખા ઊથળી ભાજ્યો પાગ''

જેવી પંક્તિમાં આત્માનુભવની વાતોને હાસ્યની મદદથી અખો સોંસરી સમજાવી શકે છે.

જો કે હાસ્યમાં પણ અખો તત્ત્વજ્ઞાનનો બોધ જ સિદ્ધ કરવાનો, ઉપદેશ અને-હાસ્ય દ્વારા સાચી હકિકતની જાણ કરવાનો હેતુ રાખે છે. જડ સમાજની મશ્કરી કરવામાં, દંભીગુરુ અને

૪૧. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ-૨,ખંડ-૧, ગુજરાતી સાહિત્ય પરિષદ, બીજી આવૃત્તિ, પૃ-૪૨૬

વેશધારીઓની ઠેકડી કરવામાં અખાએ હાસ્ય ઉપજાવ્યું છે. સામાજીક આડંબરોને ઉઘાડા પાડી તેમની મૂર્ખતા ઉપર, અનેક ઉણપો અખો પોતે હસીને આપણને પણ હસાવે છે. અખાનાં હાસ્યરસ અંગે શ્રી ઉમાશંકર જોષીએ કહ્યું છે કે, ''એની કવિતામાં મુખ્ય રસ તે તત્ત્વજ્ઞાનનો-શાંતરસ છે. પણ અખામાં હાસ્યરસની જે છોળો ઉડે છે એ ભાગ્યેજ કોઈને સ્પર્શ્યા વગર રહી શકશે.''[૪૨]

હાસ્ય ઉપજાવવામાં પણ અખો ઉપમા અને કહેવતોનો ભરપુર ઉપયોગ કરે છે. અખાનાં છપ્પાનું મુખ્ય અંગ તે ઉપમા અને કહેવતો છે. ઉપમા વગેરે અલંકારોનો ઉપયોગ અખો ભારોભાર કરે છે. ''શ્રી ઉમાશંકર જોષીનાં કહેવા પ્રમાણે-ઉપમા એ કવિત્ત્વની નિશાની છે. અખાએ ઉપમાઓનો ઉપયોગ સામાજિક, દષ્ટાંતિક ચિત્રો ઉપજાવવામાં, રસ અને હાસ્ય ઉપસાવવામાં કર્યો છે. તે કોઈવાર બે વિચિત્ર વસ્તુને સાથે મુકી એવી સચોટ ઉપમા આપે છે કે હસ્યા વગર રહેવાતું નથી. અખો વિવિધ ક્ષેત્રોમાંથી ઉપમાઓ વાપરે છે. એની ઉપમા 'મુખ્ત્વે કટાક્ષ અને ઉપહાસને માટે યોજાયેલી છે.''[૪૩]

એની ઉપમાઓમાંથી આપણે તેના વિશાળ અનુભવ જગતનો ખ્યાલ મળે છે. અનેક ક્ષેત્રોનો તેને પરિચય છે. શહેર, ગામ, વેપાર , ઔષધ , પશુ, માનવીઓ વગેરે જેવી બાબતો એની ઉપમાના વિષયો બન્યા છે. છપ્પામાં આવતા તત્ત્વજ્ઞાનને એણે ઉપમા અને કહેવતો દ્વારા વધુ રસિક અને લોકભોગ્ય બનાવ્યું છે. બ્રહ્મને વ્યકત કરવામાં માયાનું નિરૂપણ કરવામાં, કે સમાજનાંદુર્ગુણો આલેખવામાં અખાએ ઉપમાઓનો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. એને કારણે સામાન્ય જન પણ અખાના છપ્પામાં રસ લઈ શકે એ કોટીનાં તેના છપ્પા રચાયા છે. કેટલીવાર ગામડાની તળપદી ભાષામાં-બોલાતી ભાષામાં પણ અખો ઉપમા ચિત્રો આપે છે. અનેક આકર્ષક ઉપમાઓ અખાનાં સર્જનમાં ઠેર-ઠેર મળી આવે છે. ઉપરાંત એને સંસારનો કેટલો કેવો અનુભવ છે તે પણ આ ઉપરથી જણાય છે. જેમ ઘુવડની દષ્ટિ સૂર્ય ઊગતા જતી રહે છે, અણસમજ્યો જીવ ઝાંખરા જેવો છે જ્યાં-ત્યાં વળગે છે, ગૂંગાએ ગોળ ખાધો હોય અને જેમ તેનો મીઠો અનુભવ તે વ્યકત ન કરી શકે તેવી રીતે બ્રહ્મને ઉપમાથી વ્યકત ન કરી શકાય, સંસાર અફીણનાં રસ જેવો છે, ભૂખ્યો માણસ સ્વપ્નમાં આહાર કરે તો પણ ભૂખ ભાંગતી નથી, ત્રિગુણ ભોગનો આહાર સંસાર કરે છે છતાં તેને આટલો મોહ રહે છે-જેવી અસંખ્ય ઉપમાઓ અખાના સર્જનમાં વ્યકત થાય છે. સ્થળ-જળ બધે જ અખાની દષ્ટિ ફ્ળી વળે છે અને તેમાંથી તેને ઉપમાઓ સહજ રીતે જડી આવે છે. અખાની ઉપમાશકિત વિશે ઉમાશંકર જોષીએ કહ્યું છે કે, ''અખાની અવલોકન-શકિતનું ભાથું અખૂટ છે. તેમાંથી રૂપકો અને દષ્ટાંતોની મદદ દ્વારા અખાએ ઘણી સુંદર અને ચમત્કૃતિયુકત રચનાઓ કરી છે.''[૪૪]

અખાએ ઉપમા, દષ્ટાંતોની સાથેસાથે કહેવતોનો પણ બહોળો ઉપયોગ કર્યો છે. કહેવતોનો ઉપયોગ થયેલી અખાની કેટલીક ઉકિતઓ આજે કહેવત બની ગઈ છે. કહેવતોનો ઉપયોગ

૪૨. એજન, પૃ. ૪૨૫
૪૩. અખો: એક અધ્યયન, ઉમાશંકર જોશી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, બીજી આવૃત્તિ-૧૯૭૩, પૃ. ૩૬૨
૪૪. એજન, પૃ. ૩૫૧

અખાએ કટાક્ષ અને ઉપહાસ ઉત્પન્ન કરવા માટ કર્યો છે. તે સમયની પ્રચલિત કહેવતો દ્વારા સમાજનાં દુર્ગુણો, દંભી ગુરુઓ, વૈષ્ણવો, બ્રાહ્મણો સૌના આડંબરોને અખાએ બહાર પાડ્યા છે. કહેવતોને પોતાનાં વકતવ્યમાં સરસ રીતે ગૂંથીને પોતાને જે કહેવું છે તે રસમય રીતે કહ્યું છે. અનેક ક્ષેત્રોની કહેવતોને અખાએ આવરી લીધી છે. એની સુક્ષ્મ અવલોકન દષ્ટિ સમાજમાં સર્વત્ર ફરી વળે છે. એના સમયની પ્રચલિત કહેવતોનો એ સારો એવો જાણકાર છે. ઉપમાની માફક જ બ્રહ્મ, માયા, જીવ વગેરેની સ્થિતિઓ/સ્વરૂપોનું આલેખન કરવામાં તેણે કહેવતોનો ઉપયોગ કર્યો છે. ઉપરાંત લોકોના આડંબર, ઢોંગ, અજ્ઞાન, અંધશ્રદ્ધા વગેરે દર્શાવવા કહેવતોનો અનેક રીતે ઉપયોગ કર્યો છે. અખો કહેવતોથી ઘણું બધુ સાધે છે. કહેવતોનાં અર્થ અનુસાર પોતાનાં તત્ત્વજ્ઞાનને વ્યકત કરતાં અખાએ તેને પોતાનાં સર્જનમાં વણી લીધી છે એ એની સિદ્ધિ જ ગણાવી શકાય. આને કારણે છપ્પા તત્ત્વજ્ઞાનની વાતો જ ન બની રહેતા સમાજનાં બધા વર્ગોને આનંદ-બોધ આપનારા બને છે.

ઉપમાઓ કહેવતોનાં યોગ્ય ઉપયોગથી છપ્પામાં ધ્યાન કર્ષતા આવી છે એટલું જ નહીં પણ આ કારણે અખો સામાન્ય વર્ગમાં પણ ઘણો પોતીકા અને લોકપ્રિય થયો છે. ઉપમા, કહેવતો, હાસ્ય વગેરેનાં ઉપયોગથી જ તત્ત્વજ્ઞાનને તે આટલી સરળતાથી સમાજને આપી શક્યોછે. 'અખાની કહેવતો વાપરવાની કુનેહ અંગે શ્રી અનંતરાય રાવળ કહે છે કે, ''જમાનાનાં લોકઅનુભવને બે-ચાર શબ્દમાં સમાવી લેતી લોકોકિતઓનો અખાએ સારો એવો ઉપયોગ કરી લીધો છે. એની પોતાની વાણી પણ આ લઢણથી સુત્રાત્મક રૂપ ધારણ કરે છે, એનું કારણ પણ આજ છે. 'પ્રબોધ બત્રી સીકાર' માંડણ સામાજિક વહેમ, દંભ, ઈત્યાદિની ટીકામાં તેમજ કહેવતોનાં વપરાશમાં અખાનો પુરોગામી છે, પણ વેધકતા અને બળની બાબતમાં અખાની સિદ્ધિ માંડણના કાર્યને ઝંખવી નાખે છે.''[૪૫]

અખાનાં છપ્પાઓનું વધુ એક મહત્ત્વનું અંગ એટલે કટાક્ષ છે. પોતાનાં છપ્પામાં અખાએ તત્કાલીન સમયનાં સામાજિક, ધાર્મિક અને સાહિત્યિક અનિષ્ટો પર ભારે પ્રહારો કર્યા છે. તેનો પુણ્ય પ્રકોપ ખાસ કરીને રૂઢિચુસ્ત વૈષ્ણવો, બ્રાહ્મણો, દંભી ગુરુઓ, કહેવાતાં જ્ઞાનીઓ, શાસ્ત્રજ્ઞાન ધરાવતા પંડિતો, કવિઓ, કથા-કીર્તનકારો અને ધર્મના બાહ્યાચારો ઉપર ઉતર્યો છે. તેણે કટાક્ષોને પણ જાણે કે સાહિત્યમાં સ્થાન આપ્યું છે જેમેકે,

- એક મુરખને એહેવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
  પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન
- ગુરુ થઈ બેઠો હું સે કરી, કંઠે પહાણ શકે કયમ તરી ?
- સુંકુ જ્ઞાન તે વ્યંડળ-મૂછ, કરપી-ધન, કૂતરનું પૂંછ
- કથા સુણી ફૂટયા કાન, અખા તોય ના'વ્યુ બ્રહ્મજ્ઞાન વગેરે.....

અખાની કેટલીક પંક્તિઓકે છપ્પાઓમાં રહેલો કટાક્ષ તીવ્ર, અને ચોટદાર છે, તો કેટલાંક સ્થળે હળવાં કટાક્ષ છે. કેટલાંક કટાક્ષ ખડખડાટ હસાવે તેવા છે, તો કેટલાંક માત્ર સ્મિત પ્રેરે તેવા છે. અખાને

૪૫. મધ્યકાલીન સાહિત્યનો ઈતિહાસ, અનંતરાય રાવળ, પૃ. ૨૦૫

બ.ક.ઠાકોર અખાનાં કટાક્ષને 'ત્રીજા નેત્રની પ્રસાદી' અને ધગધગતી શિખાઓ તરીકે ઓળખાવ્યો છે. શ્રીઉમાશંકર જોશી તેની 'પયગંબરી કટાક્ષ'ની કોટિનો ગણાવે છે અને આમ તેઓ અખાને 'હાસ્ય-કવિ કહેવા પ્રેરાયા છે. કેટલાંકને આ કટાક્ષો પાછળ અખાન સુધારક વૃત્તિ દેખાય છે પણ હકીકત તો એ છે કે છપ્પાનાં મૂળ વિષયને અસરકારક બનાવવામાં કટાક્ષનો સૌથી મોટો ફાળો છે.

જોકે અખાની આટલી ઉચ્ચ કોટીની વિદ્વત્તા અને જ્ઞાનમાર્ગી કવિ હોવા છતાંય તેનાં સાહિત્ય સર્જનમાં અથવા તેની ભાષા-શૈલી-નિરૂપણમાં ક્યાંક કચાશ રહી ગઈ છે. તેનાં લખાણની કેટલીક ત્રુટીઓ વિશે ગુજરાતી સાહિત્યનાં કેટલાક વિદ્વાનોનો મત થોડોક નકારાત્મક પણ મળે છે. અન્ય કવિ-સર્જકોની પ્રતિભા કરતાં તેની નિરૂપણશૈલીને કારણે અખો ક્યાંક ઝંખાવયો છે, પાછો પડ્યો છે એવો પણ વિદ્વાનોનો મત છે. દરેક સિક્કાની બે બાજુઓ હોય છે તેવી રીતે અખાની બાબતમાં પણ વિવેચકોએ ક્યાંક તેને પાછળ પાડ્યો હતો પરંતુ તેની પાછળની-અંધારી બાજુ કરતાં આગળની-અજવાળી બાજુ (સબળપાંસાઓ) વધુ શ્રેષ્ઠ પુરવાર થઈ છે તે નિઃશક છે. પરિણામે વિવેચકોની ટીકાઓ કરતાં પણ તેનું સર્જન વધુ શ્રેષ્ઠ પુરવાર થયું હોવાથી અંતે અખાની શ્રેષ્ઠતા અંગે વાદ-વિવાદ રહેતો નથી પણ તે છતાંય જાણીતાં વિવચેકો-વિદ્વાનોનાં મતે અખો ક્યાં ચૂકયો છે તે પાસાઓ ઉપર એક નજર ફેરવીએ તો તેના વિશે આવો મત કેમ બંધાયો હતો તે અંગેની માહિતી મળે છે.

''ભાષાનાં આડંબર વિના યથાશક્તિ સરળ ભાષા વાપરવા અખાએ પ્રયત્ન કર્યો છે. કવિ થવાની મહત્વાકાંક્ષામાં અખાએ શબ્દરચના તથા પદલાલિત્ય વિશે યથોચિત ધ્યાન આપ્યું નથી, તેમ છંદની માત્રા પ્રતિ પણ એનું એ જ વલણ રહ્યું છે. પરંતુ વિચાર-સંકલના તથા વિષયઘટનાને પ્રધાનપણે કવિતામાં અવકાશ આપ્યો છે. વિષય સમજવામાં સુગમ પડે. તે મારે દૃષ્ટાંતોનો ઉપયોગ તેણે છૂટે હાથે કર્યો છે. વિષય વેદાંત જેવો ગુઢ હોવાથી તથા થોડામાં ઘણું કહેવાની વૃત્તિથી કવિતાનો અર્થ જોઈએ તેટલો સ્પષ્ટ થઈ શકતો નથી. વળી, દષ્ટાંતો ઘણાં લીધા છે. છતાં કવિએ તે સર્વને સવિસ્તર ઘટાવવાનો પ્રયત્ન કર્યો નથી, પણ માત્ર સૂચનારૂપે મૂકયા છે. આ કારણોને લીધી શબ્દપ્રયોગો કવચિત્ શુદ્ધ તો કવચિત્ અશુદ્ધ, થયા છે, અને વાકયરચના પણ ક્રિયાપદાદી અન્ય આવશ્યક અંગ, અધ્યાહાર હોવાથી દુર્બોધ અને કઠીન બની છે.

અખા ભક્તની કવિતા આડંબર વિનાની અને સરળ છે પણ છતાંય કેટલેક સ્થાને તે કઠિન અને કિલષ્ટ તેમજ અશુદ્ધ બની પડે છે. તેના મુખ્ય કારણો વાકયરચનાની કિલષ્ટ તથા વિષયની ગહનતા છે. દૃષ્ટાંતનાં કેફમા કવિને શબ્દશુદ્ધિનું ભાન રહેતું જણાતું નથી, વિચારઘટનાને સંપૂર્ણ માન આપવાનાં ધ્યાનમાં તથા તેની સાથે કવિતાના સાનુપ્રાસ નિયમનાં બંધનનું અપમાન ન કરવાની આકાંક્ષામાં કવિને શબ્દસ્વરૂપની સાન રહેતી જણાતી નથી, શબ્દોને છિન્નભિન્ન કરી વિરૂપ બનાવવામાં લેશમાત્ર પણ વિચાર કરતો નથીઃ 'ત્રેવડ' ને બદલે 'તરોવડ', 'દુગ્ધા'ને બદલે 'દુધા', 'અર્થ'ને બદલે 'અથ્ય', 'આપપણું'ને બદલે 'આપોપુ' ઈત્યાદિ.

એજ કારણથી અખાની કવિતા 'રસવતી'નથી એમ કહેવાય છે. રસનાં અભાવથી તથા કિલષ્ટતાનાં સદ્‌ભાવથી વાકય રચના એવી વિલક્ષણ થાય છે કે તેનું વારંવાર વાચનમનન કર્યા વિના કવિતાનો અર્થ તેમજ રહસ્ય સમજવા કઠીન થઈ પડે છે. અખામાં પુનરુક્તિઓ ઘણીવાર જોવા મળે છે.

"કવિ અખાએ ઝાડઝમક્ અલંકારાદિ કવિતાનાં બાહ્યસ્વરૂપ ઉપર ધ્યાન આપ્યું નથી. અલંકાર પ્રયોગ, જ્ઞાનનાં મૂળ તત્ત્વના યથાર્થ સમજવાના માર્ગમાં આડા આવે છે એવી તેની સમજ હોવાને લીધે, અલંકારિકભાષા પ્રતિ તેમને સ્વાભાવિક જ અણગમો થયો હતો. તે કહે છેકે,

- શબ્દજાળ માયાનું કૂડ, ત્યાં નર પશુ પડે મતિ મૂઢ,
  શણગારી વાણી સૌ ગાય, મોહયા જીવ સાંભળવા જાય (કવિ અંગ) વગેરે

વળી અખો આગળ કહે છે કે :

- "પુષ્પિતવાણી તે મેવાસ, સુખ-સરખુ પણ મહા આયાસ"
- "રોગદ્વેષની પૂંજી કરી, કવિ વ્યાપાર બેઠો આદરી,
  તેમાં આ શું પામે લાભ ? વાયે ગયો જેમ સ્ત્રીનો ગાભ."

ઉપરનાં અવતરણો પરથી સ્પષ્ટ થાય છે કે ઝડઝમક અલંકારાદિને ભાષાનો આડંબર સમજીને, કવિની તત્ત્વશોધ વૃત્તિ તેનાથી સદા સર્વદા દૂર રહેતી.

સંક્ષેપમાં, કવિતાને શણગારવા કવિએ જો કોઈપણ પ્રકારનો પ્રયાસ કર્યો હોય તો તે માત્ર અનુપ્રાસ આઠવવાનો જ કર્યો છે, અને તે અનુપ્રાસનાં બંધનને એટલી બધી મહત્તા આપી જણાય છે કે આપણે ઉપર દર્શાવી ગયા તેમ તે અનુપ્રાસ, યમક આદિ લાવવા માટે શબ્દોનું રૂપાંતર એટલું બધુ થઈ ગયું છે કે તે ઉપરથી મૂળ શબ્દ શોધી કાઢવાનું કાર્ય અતિ કઠણ થઈ પડે છે."[૪૬]

અખાની નીચેની પંક્તિઓની ભાષા પ્રેમશંકર ભટ્ટને અશિષ્ટ અને જુગુપ્સાપ્રેરક લાગી છે.

- "મુખે બોલ બોલી જે બહુ, અને ગુદે બોલે તો નિંદે સહુ"[૪૭] (છપ્પો-૨૧૯)
- "શ્વાન ભસાવે હીંડિ છકયો, અખા હગ્યોનહિને ઘર નવ રાખ્યો" (છપ્પો-૬૫૬)

જોકે આ પંક્તિઓનાં શબ્દો કરતાં તેની પાછળના અર્થનો ભાવ સમજાવતા રમણલાલ જોશી એ આ પ્રમાણે તેની સમજ આપી છે : "અખાનાં જમાનામાં કે એના વર્તુળમાં આવી ભાષા સામાન્ય વપરાશની હોઈ શકે. વળી 'પાદવું' ને બદલે અખો 'ગુદે બોલવું' એવો હળવો પ્રયોગ સકારણ કરે છે કેમકે એને મુખના બોલ અને ગુદાના બોલને સામસામે મુકવા છે. મુદ્દે વાત એક જ છે કે જેનું કામ તે કરે. માણસ સ્વધર્મને વળગીને પોતાનું કામ વર્ણાશ્રમ-મર્યાદાને અનુસરી વગર આસક્તિએ કર્યે

---

૪૬. સાહિત્યકાર અખો, પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરા, નવસંસ્કરિત આવૃત્તિ-૧૯૭૪ પૃ. ૧૬૭ થી ૧૬૯
૪૭. એજન, પૃ. ૧૩૦

જતો હોય તો એ સાંસારિક બંધનોમાં સપડાતો નથી, એનું કર્મ નિંદાસ્પદ બનતું નથી. ખાટકી અને વેશ્યા પણ ભક્તિ દ્વારા મોક્ષ પામ્યા છે. ઊંચ-નીચના ભેદો સંતોએ ક્યારેય સ્વીકાર્યા નથી.

ઉપરાંત આ પંક્તિઓમાં ઈન્દ્રિયોની વાતો કરતા અખો બે કર્મેન્દ્રિયો સામસામે મૂકવા માંગતો હોય તો તે બીજી કઈ સામ્ય-વૈષમ્ય દર્શક રીતે કરી શક્યો હોત ?

ઉપર આપેલી બીજી પંક્તિમાં ક્યાંય કોઈક ભૂલ હોય એવું મને લાગે છે. માંડણ બાહરિ નગ્યુ, ઘર ન રાખી સક્યુ લખે છે તો અખાએ હગ્યો નહી પણ 'નગ્યો' (નગયો) શબ્દો વાપાર્યા હોય એ શકય છે અને છંદ દષ્ટિએ 'નહિ'ની જરૂર અહીં જણાતી નથી.''[૪૮]

''દિ.બ.કૃ.મો. ઝવેરીએ લખ્યું છે કે : અખો બહુ કેળવણી પામેલો નહોતો પરંતુ બહુશ્રુત હતો એની ભાષા આથી સંસ્કારી નથી પણ વગર ઘડાયેલી શિલા જેવી ખરબચડી છે.''

અખાની ભાષાનાં નકારાત્મક ગુણ અંગે બીજા ઘણાં વિદ્વાનોએ વિધાનો કર્યા છે. એમાના કેટલાંક તો અભણ, અનપઢ ગણે છે અને માને છે કે અખો બહુશ્રૃત હતો તેને આધારે એણે કાવ્યરચના કરી. કોઈ એમ પણ કહેછે કે અખાને સાક્ષાત્કાર થઈ ગયો એટલે પછી સહજભાવે આ બધી રચનાઓ કરી હશે. અખાની નીચેની પંક્તિ જાણે કે ઉપરનાં વિદ્વાનોનાં સમર્થનમાં સૂર પુરાવતી હોય એવું લાગે છે. સાખીઓમાં એક સ્થળે અખાએ લખ્યું છે કે :

– ના મૈં પઢયા ગણ્યા, અખા, ના મોહે કૃત્ય કા જોર;
ગળિયા બેલ પાળ્યા પિયા, દેખ્યા અપની ઓર. ''(કૃપા અંગ-૨)''[૪૯]

ટૂંકમાં કર્કશ અને કઠોર વાણીમાં પણ વેદાંત જેવા ગહન વિષયને રોજનાં જીવનની ઉપમાઓ વડે અને પોતાની આગવી અર્થઘન શૈલીથી અખો જે રીતે સ્ફૂટ કરે છે એને જ એની કવિત્વ શક્તિની વિશિષ્ટતા ગણાવી શકાય તેમ છે. ઉપરાંત દરેક સિક્કાની બે બાજુઓ હોય છે. એ બાબતને ધ્યાનમાં લેતા, અખાનાં સમગ્ર સર્જનની તટસ્થ મૂલવણી કરતાં એની આ નકારાત્મક બાજુ વધારે મહત્ત્વ આપવું યોગ્ય નથી. તેનાં શબ્દો અને ભાષા કરતાંય તેમાંથી નિકળતા અર્થો વધુ મહત્ત્વના છે એવાત ધ્યાનમાં લેતા તેના ભાષા વિશેનાં નકારાત્મક મતો તરફ ઝાઝું ધ્યાન જતું નથી. એની ભાષા કરતા એની સજર્કપ્રતિભા અને તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો વધારે સબળ છે એ વાતને કોઈપણ નકારી શકે તેમ નથી એમ હું માનું છું.

સાંસારિક જીવનનાં કડવા અનુભવો ને કારણે સંસારમાંથી અખાનું મન ઉઠી ગયા પછી તે પોતાનાં જીવનની યથાર્થતા, જ્ઞાન શોધવા માટે ખૂબ ફર્યો હતો. જ્ઞાનપ્રાપ્તિ માટે તે ઠેરેઠેર ભટકયો હતો અને અભ્યાસ કર્યો હતો. પરિણામે અક્ષર બ્રહ્મનું જ્ઞાન મેળવી શકયો છે. એની ઉપલબ્ધ

---

૪૮. અખો સંપાદક : રમણલાલ જોશી, ગુજરાતી ગ્રંથકાર શ્રેણી, પ્રથમ આવૃત્તિ-૧૯૭૮ પૃ. ૬૪
૪૯. એજન પૃ.૪૨-૪૩

રચનાઓમાં અખાએ ચાર વેદ, ઉપનિષદ, ચૌદમોકાંડ, ગીતા, ભાગવત, યોગવાસિષ્ઠ, શાંકરભાષ્ય, ગીતગોવિંદ વગેરેનો કરેલો ઉલ્લેખ તેની બહુશ્રુતતોનો નિર્દેશ કરે છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ધનુર્વેદ, ગાંધર્વવેદ, જ્યોતિષ, વ્યાકરણ ઉપરાંત અખાએ એક-બે ઠેકાણે કુરાને શરીફની વાત પણ કરી છે.

ખટ દર્શનની ખટપટથી અખો સુપરિચિતછે. 'અખેગીતા'માં ન્યાય, પાતજંલ, મીમાંસા વૈશેષિક, સાંખ્ય અને વેદાંત એ છ દર્શન ઉપરાંત શૈવ, સાંખ્ય ને યજ્ઞકર્તા, ચાર્વાક, બૌદ્ધ અને જૈન એ છ ઉપદર્શનોનો આછો ખ્યાલ આપી, છન્નુ પાખંડ અને તેમના અનેક 'ફડસુંઆ' સુધી પહોંચી જઈ તેમની પરસ્પર નિંદા કરવાની વૃત્તિથી અખો પરિચિત છે. એ સૌ 'મૂલ વિચાર' કરી શકતા નથી એમ અખાનું કહેવું છે.

આત્મજ્ઞાનનો ઉપદેશ કોણેકોને આપ્યોતે 'અખેગીતા'ના ત્રીજા કડવામાં અને 'અનુભવ બિંદુના' છપ્પા ૩૨,૩૩,૩૪માં અખાએ જણાવ્યું છે. એ ઉપરથી જણાય છે કે મહાભારતનાં શાંતિપર્વની, દત્તગીતાની અને શિવપુરાણની પણ માહિતી એની પાસે છે.. રામકથાથી પણ એ સુપરિચિત હોય એમ લાગે છે. પણ યોગવાસિષ્ઠ જેવા અત્યંત મહત્ત્વનાં અધ્યાત્મગ્રંથનો એ અભ્યાસી જણાય છે. ઉપરાંત મીંરા, રૈદાસ અને સેના જેવા ભકતોને પણ અખો જાણે કે ઓળખે છે. દત્તાત્રેય અને ગોરખ ઉપરાંત પેગંબરનો ઉલ્લેખ પણ આખામાંથી મળી આવે છે.

અખાએ ભલે ગુજરાતીમાં અને હિન્દીમાં રચનાઓ કરી હોય પણ એ કામચલાઉ સંસ્કૃત જાણતો હોવાની શકતા છે. પંડિતોની માફક સંસ્કૃતમાં ગ્રંથો રચવા જેટલું સંસ્કૃત એ નહી જાણતો હોય, પણ ઘણા નોંધપાત્ર સંસ્કૃત શબ્દો એની રચનાઓમાંથી મળી આવે છે.

''ઉપરાંત અખાનાં બ્રહ્મસાક્ષાત્કારનાં કેટલાંક અનુભવના બોલ ઉપનિષદોનાં ઋષિઓના અનુભવો સાથે મળતાં આવે છે . જેમકે,

– 'ईशा वास्यमिंदं सर्वंयत्किंचित् जगत्यां जगत् । (इशोपनिषद)'તેનો અર્થ : વિશ્વમાં જે કાંઈ સ્થાવરજંગમ રૂપ જગત છે તે ઈશ-પરમાત્મા વડે ઢંકાયેલુ છે.

અખાની વાણી : (૧) અંબરવત્ તે ઈશ (છપ્પો-૬)

(૨) સર્વાતીત એક આતમા એક વિધે સભરા ભર્યો. (છપ્પો-૧૦)

(૩) કાહાં છે તે વિણ ઠામ ? ધામથી દૂર કહુ? નેડો ? (છપ્પો-૧૭)

- दूरात्सुदूरे तदिहान्तिके च । (मुंडकोपनिषद)

(૧) અખો જમલ જાણી સ્તવે સર્વાતીત સર્વનો પતિ (છપ્પો-૨)

(૨) જોઃ જાવું નથી દૂર, ઉર અંતર અવલોકી (છપ્પો-૪)

(૩) આકાશ-આધેરો જેહ, તેહ નિગમ નેતિ ગાયે (છપ્પો-૬)

- नायनात्मा प्रवचनेन लभ्यो (कठोपनिषद)
  न मेधया न बहुना श्रुतेन (मुंडकोपनिषद)

(૧) તે નોહે કવિત ને ગીત, દ્વૈત ખો મૂળ સંસારી (છપ્પો-૨૪)

(૨) કૈવલ્યતામાં તો અખા બુદ્ધિબળ પહોંચે નહી (છપ્પો-૨૯)

- नैव–वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा । (कंठोपनिषद)

(૧) મન-વાણી પહોંચે નહીં, તાંહા શું કહે સ્તવે દાસ ? (છપ્પો-૧)

- पूर्णमदः पूर्णामिदं पूर्णात् पूर्णम् उदच्यते ।
  पूर्णस्य पूर्णम् आदाय पूर्णमेव अवशिष्यते ॥ (इशोपनिषद)

અર્થાત્ તે (બ્રહ્મ) પૂર્ણ છે, આ પૂર્ણ છે, પૂર્ણમાં પૂર્ણ ઉમેરીએ કે પૂર્ણમાંથી પૂર્ણબાદ કરીએ તો (સાગરની જેમ) બ્રહ્મ પૂર્ણ જ રહે છે.

(૧) નહી અવકાશ ન તે વિના, અધિક નહી તો શું કરું ?
શાથું શું કાઢું અખા ? શામાં શું લાવી ભરું ? (છપ્પો-૧૭)

- अेक अेक हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।
  अेकधा बहुधा चैव दश्यते जलचन्द्रवत् । (अमृतबिंदु उपनिषद)

(૧) આપ અંબું-ઈંદુ વિધ્યે અલગ રહ્યો ઝળકે સકળ,
એ સહજ વિનોદ હરિ તણો સમજ અખા વર તે સકળ (છપ્પો-૧૭)

ઉપરનાં ઉદાહરણો પરથી સાક્ષરશ્રી કેશવ હ. ધ્રુવે પોતાનાં સંપાદનની પ્રસ્તાવનામાં કહ્યું છે કે, 'પ્રાકૃત ઉપનિષદ્ જોવાની ઈચ્છા હોય તેણે 'અનુભવબિંદુ' વાંચવું.'

ઉપનિષદો સંસ્કૃત ભાષામાં રચાયેલા, ગહન તત્ત્વચિંતનનાં ગ્રંથો છે, જ્યારે અખાએ પોતાનાં સમયની જ જનભાષામાં અને પોતાની આગવી દૃષ્ટાંતશૈલીથી આ ગહન તત્ત્વચિંતનને સરળ અને લોકભોગ્ય બનાવ્યું છે. 'પ્રાકૃત' શબ્દ દ્વારા કેશવ ધ્રુવે અખાની આ વિશિષ્ટતાનું જ ગૌરવ કર્યુ છે.''[૫૦]

નિર્ગુણભક્તિ અને જ્ઞાનમાર્ગનો મહિમા ગાતો અખો તેનાં ભક્તિ પદોમાં કૃષ્ણભક્તિનો મહિમા ગાય છે. અખો પોતે વૈષ્ણવ ગુરુ પાસેથી દીક્ષા પામેલો તેથી તેના મનમાં પહેલો વિચાર ઈશ્વર તરીકે કૃષ્ણનો આવે તે સ્વાભાવિક લાગે છે. અખાની સર્જનશક્તિનો ઉન્મેષ, તેનું એક જુદુ જ પાંસુ - મૃદુ સ્વભાવ અહીં જોવા મળે છે. એ જોતા મનમાં એવો પ્રશ્ન ઊભો થાય છે કે જ્ઞાની-અદ્વેતવાદી અખો આવા પદ રચે ખરો ? પ્રથમ પદમાં કૃષ્ણભક્તિ કરતાં અખો કહે છે કે,

- રતિ વિના જીવતે રઘવાવો રડવડે, અન્ય દેવ આગળે ખાય હાડા;

૫૦. અખાના શ્રેષ્ઠપદો અને અનુભવબિંદુ, સંપાદન-શિવલાલ જેસલપુરા અને ડૉ.ધીરુભા પરીખ, નવભારત સાહિત્ય મંદિર, ત્રીજી આવૃત્તિ-ઓકટો-૨૦૦૩, પૃ. ૧૪-૧૫

કામદુગ્ધા કૃષ્ણરૂપિણી છાંડીને અન્ય ઉપાસના દૂહે રે પાડા.''

અનેછેલ્લા પદમાં કહે છે કે,

- હરિ તણાં હેતમાં સુખ સરવે મળે, જો કૃપા-તરંગિણી પૂર આવે;
કહે અખો નાર જે નાથને ઉર વસી, તે સુખ તુલ્ય એકે ના'વે (પદ-૮)

ઉપરાંત આ પદોમાં અખાએ રાધાકૃષ્ણનાં ભોગવિલાસના, ઉત્કટ શૃંગારના, રસભર્યા તાદૃશ શબ્દચિત્રો રજુ કર્યા છે,

- એક સેજે અમી ! વીતી સર્વ શર્વરી,
પરવરી પિયુ- શું પ્રેમરાગે.
રસબસ થાતાં કહેવા કંઈ નવ રહ્યું,
અદ્‌ભુત રસ પડચો એક અંગે (પદ-૨)

- ઉરજની તુરજતા ત્રિવિધ શોભા ધરે,
જાણે કામસંગ્રામ માતંગ મોટા;
કંચૂકી કેરડાં કસણ કટકા કરી,
ધીરજધરી ધીર વઢવા વછૂટચા (પદ-૫)

આ બધા પદોમાં નાયક-નાયિકાના રિસામણાં મનામણાં, ઉપાલંભ અને પોરસ ચઢાવતા ઉદ્‌ગાર એટલા જ રસિક છે.

- ભ્રમર ચઢચે ભામિની કેવી ભાસે મુને:
ખીજની ક્ષીણતા મંન વાધી (પદ-૩)

- લટકવ તાં લાલની લલિત તે શી કહું ?
લાવણ્ય જોતા તે લક્ષ લાગી (પદ-૪)

- જોજે જદુંનાથ જીતી જતો જામિની,
કામિની ! અંબુજ ભાજે નહી,
અલિ-આયોસે અંબુજ ભાજે નહી,
દયિતા તણો દંભ દેખી રખે તું બીતો (પદ-૭)

''ઉપરના પદોમાં જોવા મળતું ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, વ્યતિરેક અને દૃષ્ટાંત જેવા અલંકારો આ કાવ્યનું અગત્યનું જમા પાસુ છે. દરેક પદમાં ઝૂલણાનો ઢાળ છે અને તેનો લય ઘૂંટાયો છે. પક્તિએ-પંક્તિએ વર્ણાનુપ્રાસ આવેલાં છે અનેયમકતથા આંતરપ્રાસવાળી પંક્તિઓની સંખ્યા મોટી છે.''[૫૧]

આ પદો માં અખાની આગવી શૈલી તરત ધ્યાન ખેંચે છે શુદ્ધ પ્રીતિવાળી ભક્તિનો મહિમા સમજાવ્યો છે. એ જોતા આ પદ અખાએ રચ્યાં હોય એ વાતને સમર્થન મળી રહે છે. છેલ્લા પદમાં તેણે કૃષ્ણની નહિપણ પરિબ્રહ્મની પ્રીતની વાત કરી છે, તે ઘણી સૂચક છે.

૫૧. એજન, પૃ. ૪-૫

અખો ભક્તિમાં શૃંગાર દ્વારા અદ્વૈતભાવ પ્રગટ કરે છે. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની વાતો કરતો અખો ભક્તિની વાત કરે છે ત્યારે તેમાં પ્રેમ સ્થૂળ અર્થમાં રહેતો નથી. તેણે મોટાભાગના પદોમાં આત્માં અને પરમાત્માનાં ઐક્યનું વર્ણન કર્યું છે.

પોતાની આ વિચાર પ્રણાલીને વ્યક્ત કરવા માટે અખાએ તેનાં છપ્પામાં કવિતા કે સર્જન વિશેના વિચારો રજૂ કર્યા છે, તેમાય બ્રહ્મને તો તેણે સ્થાન આપ્યું જ છે ! જેમકે આત્મલક્ષી અંગનો આ છપ્પો,

– ''અખો શુ કવિતાપણું કરે, જો વાત કશી ન પહોંચે સરે ?
કે લેવું કે મૂકવું કહે, તે તાં સર્વ આઘેરુ રહે.
એહવું કવતાં આવે લાજ, કાંઇ સમઝયા સરખો છે મહારાજ.''[૫૨]

અખો કહે છે કે વાણીથી બ્રહ્મ સુધી પહોંચાતુ ન હોય તો કવિતા કરવાનો શો અર્થ છે ? અહીં અખો કવિતા કે સર્જન બ્રહ્મ સુધી પહોંચવાના માર્ગ તરીકે કામ લાગવાનું નથી એવાત સમજ્યા પછ આ પ્રશ્ન પૂછે છે. મનુષ્ય ફળની આશાએ કર્મ કરતો હોય છે કે કર્મનો ત્યાગ કરતો હોય છે– આ બંને ક્રિયાઓ તેને બ્રહ્મની નજીક તો લઈ જાય છે પણ તેનો મેળાપ કરાવતું નથી. માત્ર કર્મના સ્વીકાર કે ત્યાગથી બ્રહ્મપ્રાપ્તિ થતી નથી. બ્રહ્મ વાણીથી વર્ણ્ય નથી, એતો અનુભૂતિનો વિષય છે. જો વાણીથી વર્ણવવું શક્ય નથી તો કવિતામાં તેના વર્ણનો કરવાથી શો લાભ ? આમ, અખો દરેક પ્રવૃત્તિ બ્રહ્મપ્રાપ્તિનાં સંદર્ભેજ જોતો જણાય છે.

**भावार्थ** : वाणीचा माध्यमातून जर ब्रह्मपर्यंत पोहोचता येणार नसेल तर कविता करण्यात काय अर्थ आहे ? फळाच्या आशेने केलेले कर्म किंवा कर्माचा भाग (प्रवृत्ति–निवृत्ति)या दोन्हीं मुळे. ब्रह्माच्या जवळ तर पोहोचता येते, परंतु ब्रह्मप्राप्ति होत नाही. केवळ कर्मचा स्वीकार केल्याने किंवा त्याग केल्याने ब्रह्म प्राप्ति होत नसते. ब्रह्म वाणीने वर्णन करता येण्यासारखे नाही. तो एक अनुभूतिचा विषय आहे.

''ઉકેલ પડે તે જોડયું ખરું, જેણે જીવપણું જાયે, પહરું;
બાકી સઘળો મોહ જોડાય, મનનું ગમતું સહુ કો ગાય.
અખા અર્થ સહિત કહે જો સાત, જ્યમ નાચે પૂત વલાલ્યે માત.''[૫૩]

અહીં સાચું કવન કોને કહેવાય તે અંગે અખો સ્પષ્ટતા કરે છે. તે કહે છે કે જનાથી જીવભાવ ટળે અને બ્રહ્મ સમજાય તેજ સાચું કવન. બાકીનું બધુ તો મોહ ઉત્પન્ન કરનારું છે. અજ્ઞાનીઓ પોતે વધુ જાણે છે એવો વહેમ રાખીને પોતાનાં મનનું ગાય છે, અને શાસ્ત્રો તથા ધર્મગ્રંથો અર્થસહિત ઘણુંબધું સમજાવે છે ત્યારે સાંભળનારા અજ્ઞાનીઓ માતાનો સ્નેહ પામીને હરખાતા બાળક જેવું વર્તન કરે છે. અંતે તો બંને ખોટા ઠરે છે.

૫૨. અખાની કાવ્યકૃતિઓ, સંપાદક: શિવલાલ જેસલપુરા, સાહિત્ય સંશોધન પ્રકાશન, બીજી આવૃત્તિ-૧૯૯૫, આત્મલક્ષ અંગ-છપ્પો-૩૪૩, પૃ.૧૭૪

૫૩. એજન પૃ. ૧૭૫

**भावार्थ :** ज्या मुळे जीवभाव नाहीसा होऊन ब्रह्म समजून येते ते च खरे कवन होय. बाकी सगळे मोहात टाकणारे असते. अज्ञानी स्वतःला ज्ञानी मानून आपल्याला आवडत असेल त्याचेच गुणगान करीत राहतो, आणि त्याला श्रवण करनारे इतर अज्ञानी लोक त्याला मातेप्रमाणे मानून आनंदित होत राहतात. पण दोघेही चुकलेले असतात हे त्या दोघांपैकी कुणालाच कळत नाही.

અખાને પોતાને રૂઢ અર્થમાં ગણાતા કવિ તરીકે ગણાવવાની ઈચ્છા નહોતી, 'જ્ઞાનીની કવિતા ન ગણેશ' એવું માનનાર અખાની દૃષ્ટિમાં જે શબ્દરચનાથી 'હેયેપાદેય' અર્થાત્ ત્યજવા યોગ્ય તથા ગ્રહણ કરવા યોગ્ય જેમાં કંઈ રહ્યું નથી એવું અખંડ તત્ત્વ સમજાય, તે શબ્દ રચના જ કાવ્ય હતી.

અખાનાં ઉપરનાં વિચારમાં ઘણો ઊંડો અર્થ રહ્યો છે જે વિદગ્ધ અને વાણી દ્વારા બોધરૂપ શાંતરસને પ્રકટ કરવામાં આખો અતિશય કુશળ છે. આ રસ પ્રકટ કરવામાં શબ્દરચના તરીકે અખાએ છપ્પાને પસંદ કર્યા છે. સરળ અને હૃદયભેદક માર્મિક વાણી દ્વારા સંસ્કૃત ભાષાનાં ગહન તત્ત્વ વિચારોને અખાએ ગુજરાતીમાં પ્રસાદમય શૈલીથી ઉતરવાનો પ્રયત્ન કર્યો છે.

પોતાનાં જીવનકાળ દરમ્યાન અસંખ્ય છૂટા છપ્પાઓ ઉપરાત અન્ય ગ્રંથો પણ અખાએ રચ્યા છે. જેમાં તેનાં પ્રસિદ્ધ ગ્રંથો તરીકે અખેગીતા, અનુભવ બિંદુ, કૈવલ્યગીતા, ચિત્ત-વિચાર સંવાદ, પંચીકરણ, ગુરુ શિષ્ય સંવાદ તથા કેટલાક વેદાન્ત શાસ્ત્રનાં સિદ્ધાંતોને ચર્ચતા છૂટક પદોનો સંગ્રહ છે. તે ઉપરાંત વ્રજ ભાષામાં તેણે 'સંતપ્રિયા', બ્રહ્મલીલા અને જ્ઞાનભક્તિનાં ફૂટકળ પદો રચ્યા છે, જેમા અદ્વૈત સિદ્ધાંતનું નિરૂપણ કર્યું છે. અખાની ગુજરાતી રચનાઓમાં છપ્પા (૭૫૬) વધારે જાણીતા છે. તેનું અનુભવ બિંદુ (૪૦ છપ્પા) કેશવ ધ્રુવના કહેવા મુજબ ગુજરાતી ભાષામાં રચાયેલું 'પ્રાકૃત ઉપનિષદ' છે. અખેગીતા (૪૦ કડવા અને ૪૮૮ કડી) તેની સર્વોત્તમ કૃતિ છે. આ ઉપરાંત અખાએ તેના સમયનાં કેટલાંક કાવ્યપ્રકારો-દીર્ઘ સળંગ કાવ્યો 'ગુરુશિલ્ય સંવાદ' (ચાર ખંડ, ૩૯૦ કડી), ચિત્તવિચાર સંવાદ (૪૧૧ કડી), પંચીકરણ (૧૦૨ કડી), અવસ્થા નિરૂપણ (૪૦ કડી) અને કૈવલ્યગીતા (૨૫ કડી) તેમજ ૨૩૩ પદ, ૧૬૮ સાખી, ૩૪૩ સોરઠાં, કક્કો, સાતવાર, બારમાસ અને સોળતિથિ રચ્યા છે.

ગુજરાતી ઉપરાંત અખાએ હિંદી ભાષામાં પણ તેની આગવી શૈલીથી સર્જન કર્યુ છે. અખાની હિંદી કૃતિઓમાં 'બ્રહ્મલીલા' અને 'સંતપ્રિયા' પ્રમાણમા દીર્ઘ રચનાઓ છે તેની 'અમૃતકલા રમેણી' અને એકલક્ષી રમેણી' કબીરની રમેણીને મળતી આવતી લઘુરચનાઓ છે આ ઉપરાંત અખાએ હિંદીમાં ઝૂલણાં, કુંડળિયા અને જકડીઓ તેમજ સંખ્યાબંધ પદો પણ રચ્યા છે. જેમાનાં કેટલાક પદોમાં ગુજરાતી, પંજાબી અને ઉર્દુ શબ્દોનું મિશ્રણ છે. વિવિધ અંગોમાં વહેંચાયેલી પણ ગુજરાતી મિશ્રિત ૧૭૦૦ જેટલી અખાની સાખીઓ પણ તેમાનાં દૃષ્ટાંત કૌશલને લીધે નોંધપાત્ર છે. અખાની

હિંદી કવિતામાં ફારસી સૂફીવાદની અસર જોવા મળે છે. હવે વિગતવાર અખાની મુખ્ય એવી કેટલીક કૃતિઓનો પરિચય ટૂંકમાં જોઈએ.

અખા રચિત અખેગીતા ગ્રંથમાં ૪૦ કડીઓ અને ૪૮૮ પંક્તિઓ છે. ગ્રંથમાં અખાનાં અનુભવ (Realisation)ની ઝાંખી છે. અનુભવ શબ્દ અહીં તેનાં વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. માયાના બંધનમાં ફસાયેલા જીવને મુક્તિ મળે, તે પિંડમાંથી બ્રહ્માંડની સ્થિતિ પામે, જીવમાંથી શિવ બને, આત્મામાંથી પરમાત્મા તરફ ગતિ કરે એવું લક્ષ તેમાં સમાયેલું છે. અખે ગીતામા સરળ ગુજરાતી ભાષામાં બ્રહ્મવિદ્યાનું સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ગ્રંથને ૬ ખંડોમાં વહેંચી શકાય.

સૌ પ્રથમ અખો પરાત્પર પરબ્રહ્મને પામવાના માર્ગનું દર્શન કરાવે એવા ગુરુની સ્તુતિ કરેછે. ત્યારબાદ પ્રાચીન મહાકવિઓની મહત્તાનાં ગુણગાન કરી તેમને પ્રશંસારૂપી અર્ઘ્ય અર્પણ કરે છે અને પોતે તેમની આગળ અતિઅલ્પ છે એમ નમ્રપણે સ્વીકારી પછી કહે છે કે;

- ''તેણે ગ્રંથ પહેલું એમ જાણવું, અમે જગણમગણ નથી જાણતા,
  તુક, ઝોક, ચાતુરી, ઝડઝમકો, અખો લહ્યા વિણ નથી આણતા.''(કડવું ૨)

અહીં અખો પહલાંજ સ્પષ્ટતા કરે છે કે તેને કવિતા રચવા માટે જરૂરી એવાં છંદશાસ્ત્રો, અત્યાંનુપ્રાસો, ચમકૃતિ, વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસનું જ્ઞાન નથી. પોતે આ જ્ઞાન વગર રચેલું આ પહેલું કાવ્ય છે એમ સમજવા અખો અનુરોધ કરે છે. કૃતક નમ્રતા દાખવતા કવિઓનું વર્ણન કરતા તેવા કવિઓની જેમ પોતે નથી એવું દર્શાવવા 'જગણમગણ'ની રચના દ્વારા અખાએ પોતાની સર્જક શક્તિઓ પરિચય આપ્યો છે.

પછી પ્રાચીનકાળમાં કોણેકોણે બ્રહ્મવિદ્યાનું પરીશિલન કર્યુ હતુ એ જણાવતાં આગળ કહે છેક નારાયણે બ્રહ્માને, દત્તાત્રયે કાર્તિક સ્વામીને, વસિષ્ઠે રામચંદજીને, શ્રીકૃષ્ણે અર્જુનને, જનકે શુકદેવને , નારદે વ્યાસને, શિવ પાર્વતીને જે બ્રહ્મજ્ઞાન સમજાવ્યું હતું તે વિશે પોતાનાં મંતવ્યો રજુ કરે છે.

- ''અખો વસ્તુજ્ઞાન વિના, કુશળ ન હોય જ તને,
  નિજધામ હીંડો જાણવા તો સેવો હરિ-ગુરુ-સંતને (કડવું-૩ પદ-૧૧)

પરમતત્ત્વ એવા બ્રહ્મને કેવી રીતે ઓળખવા તે અંગે વિસ્તારથી સમજાવતા અખો કહે છે કે હરિની માયા અને જીવની અજ્ઞાનતા વડે જીવત્ત્વ ઊભું થાય છે તેથી આપણે હરિને આત્મારૂપી ઓળખતા નથી. પરમાત્મા તરફ દુર્લક્ષ કરી વિષયોમાં રત રહીએ છીએ જેથી આત્મ તત્ત્વને, પરમાત્મા રૂપી પરબ્રહ્મને ઓળખી શકતા નથી. માયા આપણને અનેક જાતનાં પદાર્થોના પ્રલોભનો ઉભા કરી સંસારની ઘટમાળમાં બાંધી રાખે છે.

– ''એમ માયા વેષ નાના ધરે, કર્મધર્મનાં શબ્દ બહુ ઊચરે
જીવ કેરા મનને અતિ ઘણું, આવરે તેણે પુરંજન બહું ફેરા ફરે'' (કડવું -૬)

કર્મના બંધનમાંથી આપણે મુક્તિ મેળવી શકતા નથી. સ્વર્ગ અને નર્કના પ્રશ્નો હંમેશા સુખ અને દુઃખ રૂપે ખડા રહેલા હોય છે જેથી મોથી જેથી બ્રહ્મ જેવી મોંઘી વસ્તુ પ્રાપ્ત થતી માટે અખો કહે છે કે,

– ''માયા મોટી જગ માંહે નટી, તે આગળ કોઈન શકે ખટી;
હરિહર–અજથી જે આધી વટી, સમજી ન જાયે અહેવી અટપટીજી''
(અખે ગીતા કડવું-૭)

ઉપર્યુક્ત પંક્તિો દ્વારા અખો માયાનું નિરૂપણ કરે છે આ ચિતશક્તિમાં અંતર્ગત રહેલી અને પછીથી બહાર પડતી માયાશક્તિ અખાનાં અભિપાય પ્રમાણે પરમેશ્વરની આદ્ય પટરાણી છે. અને પ્રથમ શૂન્યસ્વામિની (શૂન્ય એટલેકે સૃષ્ટિસર્જન પહેલાનો અવકાશઃ બહ્મ) એટલે કે ભેદભાવ નહી પામેલાં બ્રહ્મમાં જે અત્યાર સુધી ગુપ્ત અથવા અણછતી રહી હતી તે છૂટી પડી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા ત્રણ ગુણમય દેવોને પ્રગટ કરે છે. (બ્રહ્મા–વિષ્ણુ–મહેશ) આ શૂન્ય સ્વામિની અન્ય જે ત્રિગુણામય દેવોની માતા હતી તે, ગુણોનો ભેદ કર્યા પછી તેમની 'પોષિતા' એટલે પત્ની થઈ જાય છે. આવા કારણોથી અખો માયાને મોટી નટી કહે છે. વળી એ કહે છે.

– ''સમજી ન જાય એ હેવી માયા, દીસે નહિ ને બલવતી;
ચૌદ લોકની આદ્ય માતા, ઓમ્કારથી પહેલીએ હતી'' (કડવું-૭-પદ-૨)

હવે માયાના ત્રણ તત્ત્વો (સત્ત્વ, રજસ્, તમસ)માંથી ચોવીસ સ્વરૂપો થાય છે. મૂળ ચિદ્શક્તિમાં માયા બ્રહ્મતત્ત્વનાં સત્–ચિત અને આનંદ એ ત્રણ મૂળગત ઉચ્ચ અંશોમાંથી સત્ત્વ, રજસ્, તમસ્ નામના તત્ત્વો દ્વારા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચાર તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ મહાભૂતો, પાંચ શબ્દાદિ તત્ત્વો મળીને એકંદરે ચોવીસ તત્ત્વો સર્જે છે તે સૌને પોષણ આપનારી મૂળ પ્રકૃતિ અથવા પચીસમાં પ્રધાન તત્ત્વ તરીકે અને પુરુષ અથવા પરમાત્મા છવીસમો એમ અખો માયાથી બ્રહ્માંડથી ઉત્પત્તિ સમજાવે છે.

અખાનાંમત પ્રમાણે બ્રહ્મચૈત્યની ત્રણ પ્રકારની શક્તિઓ છે.

(૧) મૂળ ચિદ્શક્તિ (૨) માયાશક્તિ (૩) પ્રકૃતિશક્તિ

અખેગીતાની શરુઆતમાં જ અખો બ્રહ્માનંદની ચિદ્શક્તિની સ્તુતિ કરે છે. પ્રકૃતિને પચ્ચીસમું તત્ત્વ કહીને એ આખોય ચોવીસતત્ત્વોનો તેના પરિવાર કહ્યો છે. આમ, બ્રહ્મ ચૈતન્યનો સ્વધર્મ તે ચિદ્શક્તિ, તેને આવરણ કરનારી માયાશક્તિ વડે તે બ્રહ્મચૈતન્ય જીવત્ત્વનો અભ્યાસ અને મોક્ષનો વ્યવહાર ઉભો કરે છે અને પ્રકૃતિ નામની તેની વિક્ષેપ કરનારી ત્રીજી શક્તિ તે માયાથી આવૃત્ત

જીવને અનેકા કારવાળું જગત દેખાડે છે. માયા, માયા, જીવ અને બ્રહ્મ વચ્ચે કર્મોની એ કઅભેદ દીવાલ ઊભી કરે છે અને જીવને હંમેશા બ્રહ્મથી દૂર રાખવાનો પ્રયત્ન કરે છે.

માયામાંથી મુકત થઈને બ્રહ્મપદને પામવાનો રસ્તો પણ અખો બતાવે છે

– કહે અખો સઃઉકો, સુણો, જો આણો માયાના અંતને;
તે આપોપું ઓળખો, જો સેવો હરિ–ગુરુ હરિ–ગુરુ–સંતનેઅસંતને''
(કડવુ–૮)

અખો ભક્તિ, જ્ઞાન, અને વૈરાગ્ય દ્વારા બ્રહ્મને પામવાનું કહે છે. સૌથી પહેલા આવે છે વિરહ વૈરાગ્ય, જ્યાં સુધી સ્વત્ત્વ મેળવાય નહી ત્યાં સુધી જીવે ઝૂરવું કે તરફડવું જોઈએ. સંસારનાં ભોગવિલાસ તેનેમન નિરર્થક લાગવા જોઈએ. વિરહ તાપમા તેણે અવિરત બળવુ જોઈએ.

– ''વિરહ વૈરાગ્ય જેને ભખે તે નર હીર થાએ સરે''

અખો જ્યારે સદ્‌ગુરુની શોધમાં કાશી સુધી ગયો ત્યારે તેની પણ આજ અવસ્થા હતી તે બેચન હતો. હરિપ્રાપ્તિનું લક્ષ્ય એની સામે હતું પરંતુ તે પામવાનો સાચો રસ્તો બતાવનાર માર્ગદર્શકની એને જરૂર હતી. બ્રહ્માનંદસ્વામી તેને આ રસ્તો ચીંધ્યો હતો. ભક્તિ,જ્ઞાન અને વૈરાગ્યનું મહત્ત્વ સમજાવતા અખો કહે છે કે, સૌ પ્રથમ મુમુક્ષુને ગુરુનાં વચનમાં અચળ શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધાને કારણે દિવ્યચક્ષુ પ્રાપ્ત થાય છે, જીવને તે શિવ–સ્વરૂપે ઓળખતો થાય છે. બીજા જીવો પ્રત્યેની એની વાસના દષ્ટિ પૂરી થતાં શુદ્ધ બ્રહ્મદૃષ્ટિ કેળવાય છ, કારણ કે પછી તે સૌજીવ મટી જાય છે અને હરિ બને છે. આ દૃષ્ટિને અખો સર્વાત્મભાવવાળી દૃષ્ટિ તરીકે ઓળખાવે છે. સર્વસ્થળે એને પરબ્રહ્મનાં દર્શન થયા પછી પોતાપણું વિસરી જાય છે. ભકતને

– ''માયાના કામે પરબ્રહ્મ ભયો, સંસારનો સંભવ થયો''

– એવું ભાન થાય છે. આવા જીવોને અખો 'જીવનમુકતો' તરીકે ઓળખાવે છે જીવ મુકતના લક્ષણો અખો વર્ણવે છે તે પ્રમાણે જે આકાશવત રહે છે, દશ્ય જગતમાં રહેવા છતાં પણ જે સદાય નિર્લેપ રહે છે તે જીવમુક્ત. જીવન્મુકતને તેના દેહ સાથે કોઈ સંબંધ નથી. તેનો દેહ છે પરંતુ તે નથી એમ સમજે છે. એવા મહાપુરુષો સદેહે જોવા મળે પરંતુ તેમનો સઘળો વ્યવહાર સત્‌ચિત્ત આનંદ રૂપ પરબ્રહ્મ સાથે હોય છે. ભૌતિક ભાવના તેમનામાં લોપ પામી છે. જગતના દશ્ય પદાર્થો તેમને કશી અસર કરી શકતા નથી તેઓ નિતાન્ત બ્રહ્મસ્વરૂપમાં જ મસ્ત રહે છે. જીવન્મુકતોસંસારમાં માયાનાં રંગથી સદાય અલિપ્ત રહે છે. અંતે તત્ત્વ દર્શી પુરુષ એટલે દેહાધ્યાસથી મુકત પુરુષ એમ અખો કહે છે.

બ્રહ્મ વસ્તુનં નિરૂપણ કરતા અખો કહે છે કે,

– ''વસ્તુને વાણી બોલ નવ શકેજી, મનતણી સૂરત જિહાં જતા થકેજી
સદ્‌ગુરુ–કેરો જો લક્ષ આવે તકેજી, તે નર સ્વેં હરિ થાય તેણે પલકેજી.''

(यतो--वाचो--निवर्तते अप्राप्य मनसा सह ।)

વાણી જેનું વર્ણન કરવા અસમર્થ છે, જે બુદ્ધિમાં આવી શકે તેવા નથી, એવો દેહાતીત, અખંડિત, અવિનાશ, અજર, અમર, અનામી, પૂર્ણજ્યોતિપ્રકાશ, અનંત, આદિ-મધ્ય-અંત રહિત, નિગુર્ણ, નિરાકાર-એવું એ પરમતત્ત્વ છે''[૫૪]

અખો ત્રણ પ્રકારના સત્યો ગણાવે છે : કૈવલ્યપદએ પરમસત્ય, ઈશ્વરપદ એ વ્યવહાર સત્ય અને જીવપદ એ પ્રાતિભાસિક સત્ય છે.

- કૈવલ્યપદ તમો નિજ રૂપે, ઈશ્વરપદ તે અનંત,
  મોહોટું સામર્થ્ય માયા કેરું, ત્યાંહાંઉપજે મિથ્યા જંતુ (કડવું-૨૦)

એ પરમસત્યની જેને પ્રાપ્તિ થઈ છે તેઓ એક એવી અનંત નિર્વિકલ્પ સમાધિની દશામાં હોય છે કે જ્યાં તેઓ બ્રહ્મ સાથે તાદામ્ય અનુભવે છે. અહી માયાનું કશું ચાલતું નથી. એવા મહામુકતોનું વર્ણન કેવળ જ્ઞાનથી જ સમજાય તેવું છે.

''જેનાથી આ સંસાર રૂપી પંથનો પાર આવી શકે તેમ છે તે સાધન એટલે અજય જાપ અથવા પ્રણવનું, ૐકારનું અનુસંધાન છે. પ્રણવમંત્ર એક સ્વસંવેદ્ય બોધજનક ક્રિયા છે. તેને અખો આ પ્રમાણે વર્ણેવે છે,

- ''સ્વ સંવેદ્ય તે પદ સદા, આપે લહે તે આપને
  જેમ ધુધવ્વાતો અગ્નિ અચાનક, ધરે શિખા તેમજ તાપને.

- પરબ્રહ્મ વહિન એમ જાણો, ઘટઘટ રહ્યો સમાય;
  જ્યમ કાષ્ટ પાષાણમાંહે, તે દેહ સાથે થયો જાય.'' (અખેગીતા કડવું-૨૫)

અખો કહે છે કે શબ્દ બ્રહ્મનાં આ સામર્થ્યને શૂન્યવાદીઓ એટલે કે બૌદ્ધમતવાદીઓ- સૌત્રાન્તિકો અને વૈભાષિકો- ઓળખતા નથી,કારણકે એ લોકોતો આ જગત મિથ્યા છે અને પરબ્રહ્મ કે ઈશ્વર જેવી કોઈ સત્તા જ નથી એમ માને છે. અખો કહે છે કે શૂન્યવાદી જગતને મિથ્યા કહે છે પરંતુ તેના મનમાં પૂરી ખાતરી છે કે તે સત્ય છે. આમ, પરસ્પર વિરોધી વલણોવાળી સ્થિતિને શૂન્યવાદ પણ કહી શકાય નહિ. વેદાન્તોનું વલણ એક જ છે કે,

- ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रम्हैव नापरः । આમ, હોઈને વેદાન્તી બ્રહ્મપ્રાપ્તિ અર્થે જગતને મિથ્યા ગણી તેને સળગાવી શુદ્ધ જ્યોતિ જેવો આત્મસાક્ષાત્કાર કરે છે. માટે અખો કહે છે શૂન્યવાદીની સમજણ ચિત્રામણનાં દીવા જેવી છે જ્યારે વેદાન્તીની સમજણ સાચા દીવા જેવી છે.

---

૫૪. સાહિત્યકાર અખો, પ્રેમાનંદ સાહિત્ય સભા, બીજી આવૃત્તિ-૧૯૭૪ પૃ.૧૪૬

આ બ્રહ્મવસ્તુનું સામ્યક્ નિરૂપણ કર્યા પછી અખો એની રીત પ્રમાણે છ દર્શનોમાંથી છપ્પ્રુ વાડા કેવી રીતે થયા અને તેમા કેટલાય પાખંડીઓ પોતાને મનફાવ્યું જ્ઞાન લોકોને આપવા લાગ્યા તેની ઉપર ટીકા કરે છે.

છેવટે ન્યાય વૈશેષિક સાંખ્ય યોગ ઉત્તરપૂર્વ મીંમાસા વગેરે દર્શનો કયાં કયાં અધુરા છે તેની આછી સમીક્ષા કરી અખો બ્રહ્મવસ્તુનં સત્યદર્શન પોતે પોતાનાં મંતવ્ય પ્રમાણે અખે ગીતામાં આપણી સમક્ષ રજુ કરે છે તે એની વિશિષ્ટતા છે એમ કહી શકાય''[૫૫]

અખો પોતાની 'અખેગીતા'ને તારકમંત્ર તરીકે ઓળખવે છે, 'રામ તારક-મંત્ર જે, તે અખેગીતાનો ભાવ' છે તે. સંસારથી ત્રસ્ત થયેલા જીવો માટે અખેગીતા એ રણ વચ્ચે મળતી શીળી છાંયડી જેવી છે. પરમાનંદ પ્રાપ્ત કરવા માગતા લોકોને તેમાંથી અનન્ય આનંદ મળશે. શરુઆતની જેમ અંતમાં પણ અખો નમ્રતાથી કહે છે કે,

- ''નાથ નિરંજન ગ્રંથ કર્તા, અખો તે નિમિત્ત માત્ર,
જ્યમ વાજું દીસે વાજતું, પણ વજાડે ગુણપાત્ર''

આ ગ્રંથની રચના માટે હું તો ફક્ત નિમિત્ત છું. કણકણમાં: વ્યાપી રહેલા પૂર્ણબ્રહ્મ પરમાત્માની અનંત લીલાને કારણે મને વાણી મળી. તેમણે મને કલમ આપીને લખાવ્યું છે. અખો નિરાકાર પરબ્રહ્મની લીલાનું દર્શન કરી પરમ સુખ પામ્યો છે તે 'અખેગીતા'માં જોવા મળે છે. ઉપરાંત દરેક કડવાને અંતે. 'સેવો હરિ-ગુરુ-સંત' દ્વારા તેણે હરિ-ગુરુ અને સંતને એક જ કક્ષામાં મૂકી તેનું ગૌરવ કર્યું છે. આમ, અખેગીતામાં અખાની ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની ભૂમિકા પણ જોવા મળે છે. ''અખેગીતાનું હાર્દ સમજવા માટે દરેકને, અખાએ એક કામ કરવાનું સૂચવ્યું છે અને, કામ એટલે 'હરિગુરુસંતની સેવા' જેમ કોઈ મહાન રાજા આજ્ઞા આપીને તેનો ઢંઢેરો પીટાવતો હોય તેવી રીતે અખાએ દરેક કડવાને અંતે 'મુમુક્ષુજનોને' સબ દુ:ખોકી એક દવા 'સમાન' હરિગુરુસંતની સેવાનો આદેશ આપ્યો છે. મંગલાચરણ અને ફલશ્રુતિની વિષયગત એકતા, સમસ્ત કૃતિની શૈલીગત પ્રૌઢી, રચના કાલનો સ્પષ્ટ નિર્દેશ, નમ્રતા અને સ્વાનુભવનાં કથનમાં છલકતો આત્મોલ્લાસ વગેરેની દૃષ્ટિએ પણ 'અખેગીતા' કવિની પરિણત પ્રજ્ઞાની એક ઉત્તમ કાવ્યકૃતિ બને છે.''[૫૬]

આ ઉપરાંત અખેગીતા માટે ઉમાશંકર જોશી કહે છે તેમ ''કોઈ ગુજરાતી કૃતિ અનુભવની ઉત્કટતા અને સ્પષ્ટતા- અને એને લીધે પ્રતીત થતી મૌલિકતા-વડે પંક્તિ હોઈ ભગવદ્ગીતાનાં કૂળની એક સ્વતંત્ર ગીતા રચના તરીકે સ્વીકારવાને પાત્ર હોય તો તે નિઃસંશય 'અખેગીતા' છે. ભગવદ્ગીતાની પેઠે અખેગીતામાં-કાવ્ય અને તત્ત્વજ્ઞાનનું આસ્વાદ્ય સંમિશ્રણ થયેલું છે. 'અખેગીતા' એ ગુજરાતી તત્ત્વજ્ઞાન-કવિતાનું એક ઉચ્ચશૃંગ છે.''[૫૭]

---

૫૫. એજન, પૃ. ૧૪૮-૧૪૯

૫૬. અખો-એક સ્વાધ્યાય, લે.રમણલાલ પાઠક, પહેલી આવૃત્તિ-૧૯૭૬, પૃ. ૧૪૧

૫૭. ગુજરાતી સાહિત્યઓ ઇહિતાસ ગ્રંથ-૨, ખંડ-૧, ગુજરાતી સાહિત્ય પરિષદ, બીજી આવૃત્તિ પૃ.૪૦૫

અખો માને છે કે 'અખેગીતા' અથવા 'નિરંજનગીતા' લખવા તે જન્મ્યો હતો. આ તેનું દેવું અનંતે પુરુ કરવા તક આપી અને તે પુરુ થયું. (અખેગીતાનું ૪૦મું કડવું)

**અનુભવ બિંદુ** ગ્રંથમાં કુલ ૪૦ છપ્પાઓના સમાવેશ થાય છે આ ગ્રંથનું મુખ્ય હાર્દ એ છે કે 'સત્ય સત્ય પરમાતમાં, હું નહિ' અર્થાત્ જીવત્ત્વ એ આભાસ છે, શિવત્ત્વ એ પરમસત્ય છે. આ ગ્રંથમાં અખાએ પોતાનો અનુભવ નિચવ્યો છે એમ કહી શકાય. તે કહે છે ગુરુદેવના ચરણકમળ સેવતાં હરિ તરત જ મળે છે. પરબ્રહ્મ આખાય વિશ્વમાં સર્વવ્યાપી છે.

જે જીવનમુક્ત છે તે દરેક વસ્તુને સર્વાત્મભાવે જુએ છે. તેને એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવાનું નથી, કશું કહેવાનું નથી, તેને કશું દૂર કે પાસે નથી, ઊંચ કે નીચ, અધિક કે ન્યૂન, જીવન કે મૃત્યુ, સ્થૂળ કે સૂક્ષ્મ, મહાત્મા કે અલ્પાત્મા, ગુરુ કે શિષ્ય આ સઘળા દ્વંદ્વોથી તે પર છે. કારણ આ બધાનું પ્રભાવસ્થાન બ્રહ્મ છે એમ તેણે જાણ્યું છે. અખો કહે છે કે કર્મોની જંજાળમાંથી છૂટવું જોઈએ, કારણકે કોઈ માણસ એક પાત્રમાંથી બીજા પાત્રમાં અંધારુ ઉલેચી નાખતો હોય કે આકાશ કુસુમ ઘરેઘરે વહેંચતો હોય એના જેવો એ મિથ્યાચાર છે. આ સર્વ કાયાકલેશ છે. ષડદર્શનનું જ્ઞાન, ગુરુ થઈને પૂજાવાનો વ્યવસાય વગેરે જેવી વાસના મુક્તિ નથી થતી ત્યાં સુધી જીવ ઘેનમય સ્થિતિમાં જ રહે છે.

– ''મોટા મંદિર માંહે ત્યાંહે કાચ જ ઢાળ્યા,
નીલ પીત બહુ રંગ, રંગના ભેદો જે ભાળ્યા:
ઊગ્યા શશી દૂરથી અંતર ઝળકે;

– તે દેખાડે રૂપ, ધૂપ વિવિધ પેરે ચળકે,
અખા ઉપર અવિલોકતા, તેત્યમનું ત્યમ છે;
ત્યમ ત્રિલોકી જાણજે, વસ્તુ વડેએ એમ છે.

અહીં અખો સુંદર શબ્દ ચિત્ર આપણી સામે રજૂ કરી આપે છે. કોઈ એક મોટા મકાનમાં ભૂરા પીળા એવા વિવિધ રંગોનાં કાચ જડેલા હોય તો તેમાં રંગોના ભેદ દેખાય છે. ચંદ કે સૂર્યનો ઉદય થતા દૂરથી એ મકાનની અંદર પ્રકાશ પાથરે છે ત્યારે વિવિધ પ્રકારમાં કાચ ચળકી ઉઠે છે. સાથે જ પરાવર્તન પામીને વિવિધ પ્રકારનાં રૂપ-રંગ પણ બતાવે છે. પણ આકાશમાં જોતા સમજાય છે કે ચંદ કે સૂર્ય તો એવાને એવા જ છે. એવી રીતે ત્રણે લોકમાં જીવભાવને કારણે જુદાજુદા આભાસો દેખાય છે. પણ તેને ઉત્પન્ન કરનાર બ્રહ્મ તો તેનાથી દૂર, અખંડ અને અવિનાશી જ રહે છે.

આમ જીવ, ઈશ્વર અને બ્રહ્મનાં સ્વરૂપની ઝાંખી અખો આપણને કરાવે છે તે કહે છે કે બ્રહ્મનાં જુદાજુદા ઘાટ જોઈ તેનાથી ભૂલાવામાં પડવાનું નથી. પિંડ તેજ બ્રહ્માંડ છે. સ્થૂળ છે તે જ સૂક્ષ્મ છે. જેમ નારી કુંજર, નારી દેહાકૃતિઓથી ભરપૂર હોવા છતાં પશ્ચાદ્ભાગે તો એ કુંજર જ હોય છે તેમ બાહ્યસૃષ્ટિ સમષ્ટિરૂપે દેખાવા છતાં એ સૃષ્ટિનું જ રૂપ છે. નારી કુંજરના દૃષ્ટાંતમાં પૂતળીઓ તે

જીવો અને કુંજર તે સગુણ બ્રહ્મ છે. આત્મજ્ઞાન સિવાય આ ભેદ સમજી શકતો નથી. આ બ્રહ્મનો અનુભવ શિવે પાર્વતીને, વસિષ્ઠે રામને, જનક વિદેહીએ શુકદેવને, નારદે વ્યાસ મુનિને અને કૃષ્ણે અર્જુનને કહ્યો છે. અસુર કે માનવી એ અનુભવ વિના નિર્ધન જેવા છે એમ અખો કહે છે.

'જ્ઞાનીને કવિમાં ન ગણેશ' એમ અખાએ ભારપૂર્વક કહેવા છતાં પણ અખેગીતામાં ઠેકઠેકાણે આપણે કવિતાનાં સદ્અંશો જોઈ શકીએ છીએ. અનુભવ બિંદુની ભાષા જોતા અખાની બહુશ્રુતતાનો, એના કવિત્ત્વનો અને એના પાંડિત્યનો આપણને સહજ ખ્યાલ આવે છે અનુભવ બિંદુ કાવ્યદષ્ટિએ અખાનાં સંગ્રહમાં સૌથી ઉચ્ચ સ્થાને વિરાજે છે એમ કહી શકાય એટલું એનું મહત્ત્વ છે.

શ્રી ઉમાશંકર જોશીએ કહ્યા મુજબ, ''અનુભવબિંદુમાં અખાની સૂઝ તેમ નજ કવિત્ત્વ શકિત ઘૂંટાયેલા સ્વરૂપે પ્રતીત થાય છે. પૂર્વાશ્રમનાં ઘાટરસિયા અખાએ અનુભવ બિંદુમાં આતમ સૂઝનાં કુંદનને સુરેખ ઘાટમાં રજૂ કર્યુ છે. 'અનુભવબિંદુ' એ ખરે જ ચિંતનરસનું ઘૂંટેલું એક મૌક્તિક બિદુ છે. તેમ છતાં હસ્તપ્રતોમાંનાં પ્રાસ સાંકળીને અને છંદને વિચ્છિન કરે એવા પાઠાંતરો, કોઈકોઈ મહત્ત્વના શબ્દો અંગે ચોક્કસતાને કારણે અનુભવ બિંદુની છાપ કંઈક દુરહ રચનાની પડી છે. વિષય નિરૂપણની પ્રતિજ્ઞાને કારણે જેમ 'અખેગીતા' તેમ અનુભવબિંદુ પણ નિષ્ણાતો અને વિશિષ્ટ સાધકો માટેની કૃતિ બની રહે છે. ગુજરાતી ભાષાની તત્ત્વજ્ઞાનની કવિતામાં અદ્વૈતાનુભવ નાં સબળ નિરૂપણ તરીકે 'અખેગીતા'ની જોડાજોડ અનુભવબિંદુ પણ લાંબા સમય સુધી વંચાશે.''[૫૮]

'અનુભવ બિંદુ' તે અખાની સ્વાનુભૂતિમાંથી પ્રાપ્ત થયેલું અમૃતબિંદુ છે. અખાને થયેલા વ્યાપક દર્શનનો અનુભવ તેણે સંક્ષેપમાં, સારબિંદુ રૂપે મુકી આવ્યો છે. બ્રહ્મ સાક્ષાત્કારનો અનુભવ પૂરેપૂરો નહી પણ તેનો એક અંશ અહીં બિંદુ રૂપે નિરૂપાયો છે. કાવ્યકૃતિ તરીકે અખાની આ કાવ્ય રચના જ્ઞાનબોધ માટે લખાઈ છે, કાવ્યકલાકૃતિ તરીકે રચાઈ નથી. તેમ છતાં તેમાંથી અખાની આગવી, નૈસર્ગિક સર્જકતા તેમાં જોવા મળે છે. અખાએ તેમાં તત્સમ અને દશ્ય શબ્દો તો કયારેક અરબી-ફારસીના શબ્દો પણ ઉપયોગમાં લીધા છે. અંત્યાનુંપ્રાસ, આંતરપ્રાસ, વર્ણસગાઈ, શબ્દાલંકાર વગેરેથી કવિતાનું સૌંદર્ય વધ્યુ છે. અખો ઉપમા-દષ્ટાંતોને કારણે ધારી અસર -ચોટ, વિસ્મય ઉપજાવવામાં સફળ રહ્યો છે. અખાની બહુશ્રુતતા અને સુક્ષ્મ અવલોકન શક્તિનું પ્રતિબિંબ પણ આકૃતિમાં સુપેરે ઝલાયું છે.

પંચીકરણ એ અખાનો વેદાન્ત પર આધારિત બીજા એક મહત્ત્વનો ગ્રંથ છે. તેમા ૧૦૨ કડીઓનો સમાવેશ થયો છે. ''પંચીકરણ એટલે The Science of ontological Cosmos અથવા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પ્રક્રિયા નર્મદાશંકર મહેતા એ આ ગ્રંથનો સાર સમજાવતા કહ્યું છે. બ્રહ્માના જ્ઞાનનો પ્રતિપાદક વેદ્દભાગ તે જ્ઞાનકાંડ, અને તે જેમાં સમાયેલો છે તે 'વેદાન્ત'

૫૮. એજન, પૃ. ૪૧૦

નામથી ઓળખાય છે. 'પંચીકરણ' એ વેદાન્તશાસ્ત્રનું એક પ્રકરણ છે. 'પ્રકરણ' શબ્દ અહીં ખાસ અર્થમાં વપરાયો છે. ટૂંકમા પ્રકરણ એટલે અમુક વિષયને સિદ્ધ કરતો એક ગ્રંથ.

પંચીકરણ એ એક પ્રક્રિયા છે સચ્ચિદાનંદ બ્રહ્મત્ત્વ એ ત્રિકાલાબાધિત સત્ય વસ્તુ છે. આ દૃશ્ય જગત બ્રહ્મની સોધમાં પ્રકાશે છે પરંતુ તે સ્વતંત્ર સત્તાવાળું નથી અને તેથી મિથ્યા છે. અને એ જગતનો અનુભવ કરનાર દેહધારી જીવ ખરી રીતે બ્રહ્મરૂપ જ છે. તે પ્રકારનું જ્ઞાન થવામાં તેનો ઉપયોગ થાય છે. પરંતુ એ જ્ઞાનમાત્રથી જ મોક્ષ મળી જતો નથી એ ધ્યાનમાં રાખવાનું છે.

આ પંચીકરણની પ્રક્રિયા પ્રણવવિદ્યા સાથે સાધનરૂપે જોડાયેલી છે. અખો આ વસ્તુ 'પંચીકરણ'ની ચોપાઈઓમાં જણાવે છે :

- પરા પશ્યંતિ મધ્યમાં વૈખરી, પિંડ,બ્રહ્માંડ વિષે ચારે ખરી
  સોહમ શબ્દ વિરાટને વિશે, એક સુત્રપિંડ માંહી લખે;
  સકરા હકારનો હોયે, લોપ, ત્યાં ઑંકાર રહે વણઓપ,
  તેં ઑંકાર અચિન્ત્ય અકારે, તે ત્રિધા થાય અવાચ્યને જોર.

આજ વસ્તુનો ઉલ્લેખ શરુઆતમાં પણ છે જેમકે,

- વસ્તુ વિશે સ્વભાવ શૂન્ય, જેમાં પ્રણવની ઊઠે ધૂન્ય,
  એ ઑંકાર જાણો ત્રિવર્ગ, તત્ત્વ બધા તેનાં ઉપસર્ગ.

અખાનાં કહેવા પ્રમાણે માયા 'અણછતી' એટલે બ્રહ્મમાં છૂપાયેલી રહે છે. પછી બ્રહ્મનું તેજ માયામાં પડતા માયા આ ૐકાર દ્વારા સૃષ્ટિસર્જન આરંભે છે. એટલે કે,

- તે ઑંકાર જાણો ત્રિવર્ગ, તત્ત્વ બધા તેનાં ઉપસર્ગ.

એટલે ૐકારની અઉમ એ ત્રણ માત્રાઓની સહાયથી સત્ત્વ, રજસ્, તમસ્, એ ત્રિગુણ સ્વરૂપ ધારણ કરી વિશ્વની ઉત્પત્તિ કરવાનું કાર્ય ૐકારનું છે.''[૫૯]

આખાકૃત 'પંચીકરણ ૧૦૨' ચારચરણી ચોપાઈની અળંગ કૃતી છે. છ ચરણી ચોપાઈની ૨૩ કડીઓનું 'પંચીકરણ અંગ' એ કદાચ છપ્પા ની પદ્ધતિથી લખાયેલું એનું પ્રથમ સર્જન હોઈ શકે છે. એમા અખાને પંચભૂતની કડીઓ ટૂંકાવવી પડી છે, ચાર ચરણી કરવી પડી છે. પંચીકરણ જવી શાસ્ત્રીય માહિતીની રચનામાં અખાની દષ્ટિ, સમજ, વ્યાપ અને અભિવ્યક્તિ લાઘવનો તેમજ કયારેક ચમત્કૃતિનો અનુભવ થાય છે. અખાની અન્યકૃતિઓ ગુરુ શિષ્યસંવાદ, ચિત્ત વિચાર સંવાદ, અનુભવ બિંદુ વગેરે કરતાં પણ પંચીકરણનું સર્જન વહેલું થયું હતું.

---

૫૯. સાહિત્યકાર અખો, પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા, બીજી આવૃત્તિ-૧૯૭૪, પૃ. ૧૫૧

છપ્પા કહીએ એટલે ગુજરાત જ નહી પણ ભારતનાં તમામ સાહિત્યમાં એકમાત્ર અખો જ નજરે સામે આવી જાય એટલી હદે અખો અને છપ્પા એકબીજાની ઓળખ બની રહ્યા છે. અખા પહેલા એના પુરોગામી માંડણે છપ્પાનો પ્રકાર ખેડ્યો હતો પણ અખા પછી, અખા જેટલી સફળતા 'છપ્પામાં' કોઈએ મેળવી નથી એવાત પણ એટલી જ સાચી છે.

'છપ્પા' એ અખાએ પોતે પોતાની કૃતિને આપેલું નામ નથી. છંદની દૃષ્ટિએ જોતા એ 'ચોપાઈઓ' છે. પ્રથમ ચાર ચરણ રોળાનાં અને છેલ્લા બે ઉલ્લાલાનાં હોય એ છંદ છપ્પા નામથી ઓળખાય છે. અખો એને 'અનુભવબિંદુ'માં વાપરે છે ત્યારે છપ્પા તરીકે જ ઓળખાવે છે. 'છપ્પા' એ છંદનું નામ નથી પણ ચોપાઈ છંદની છ પક્તિઓની કડીની એ રચના છે એટલું એ સૂચવે છે. ચોપાઈની છ પંક્તિનો ઘટક એ અખાની સરજત નથી.

અખાને અધ્યાત્મચર્ચાનાં પોતાના અનુભવો રજૂ કરવા છે પણ એ વિષયવાર કડીબદ્ધ રૂપે રજૂ કરતો નથી, પણ મને ફાવે તેમ, જેમ યાદ આવતું જાય, સ્ફૂરતું જાય તેમ એક વિષય ઉપરથી બીજા વિષયમાં એ કૂદાકૂદ કરતો જાય છે. અખામાં એકસૂત્ર કરવાનું સામર્થ્ય છે. અખાએ મુકતપણે રચના કરી છે, તેથી 'છપ્પા' એ સળંગ પ્રકરણ રચના બની નથી. અંગોનાં નામ પણ અંદરના વિષયને સૂચવે છે એવું હંમેશા બનતુ નથી.''[૬૦] તે છતાંય અખો આજે છપ્પાનાં કારણેજ જીવે છે એવું કહી શકાય તેમ છે.

– ''તિલક કરતા ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકા ગયા;
તીરથ ફરી ફરી થાકયા ચરણ, તોય ન પહોત્યો હરિને શરણ,
કથા સુણીસુણી ફૂટયા કાન, અખા તોહે ના'વ્યું બ્રહ્મજ્ઞાન'' (ફુટકળ અંગ)

વગેરે જેવી અતિ લોકપ્રિય થયેલી અખાની બોધપ્રધાન કવિતાઓ લગભગ સાડી સાતસો છપ્પા જેટલો લાંબો વિસ્તાર રોકે છે. અખાએ એને જુદાંજુદાં ચુંવાલીસ અંગોમાં વહેંચી નાખી છે. છતાં એ અંગમાં આવેલાં વિચારો બીજામાં ન જ આવે એવું નથી. છપ્પાઓમાં અખાએ પોતાનાં 'અંતદિલની વરાળ' કાઢી છે. જગતનાં કુવ્યવહારોથી એ સમસમી રહ્યો હોય છે ત્યારે છપ્પા રૂપી જ્ઞાન-ચાબખા જ એના સહાયક અંગ બની રહે છે. અખાનાં છપ્પાઓમાં રૂઢ થયેલાં ધાર્મિક સંપ્રદાયોનાં દોષો, તેનું નિવારણ, બ્રહ્મવિદ્યા પ્રતિપાદન કરવાના સાધનો, બ્રહ્મવિદ્યાનાં સિદ્ધાંતોનું પ્રતિપાદન અને ટૂંકમાં બ્રહ્મવિદ્યાનું કુલ વર્ણન – જેવી બાબતોનો સમાવેશ થયેલો છે.

અખો જ્ઞાન-આબખાં એવી રીતે મારે છે કે તે વાગતા નથી અને છતાંય જેને માટે એ યોજાયા છે તેને તેની ચોટ આબાદ લાગે છે ભોજા ભગતનાં ચાબખાં આપણે એકવાર સાંભળ્યા પછી ફરીથી (સાંભળવાનો) ભાગ્યે જ ઉત્સાહ બતાવીએ એવી એની નરી ગામઠી અને વિશિષ્ટતા છે. ખોટી વસ્તુનો એ ફક્ત ઉપહાસ કરે છે અને એ સાધન એને આબાદ કામ આપે છે.

---

૬૦. અખાના છપ્પા ઉમાશંકર જોશી, ત્રીજી આવૃત્તિ-૧૯૭૭, પૃ.૩૯-૪૦

અખો કહે છેક કે ન્યાય વૈશેષિક આદિ ષાડ્દર્શનો જાણવા માત્રથી કે મોટા કવિ-પંડિત થવાથી બ્રહ્મપ્રાપ્તિ થતી નથી. જેમ ગર્જ્યા મેહ વરસે નહિ, ભસતો કૂતરો કરડે નહી તેમ માત્ર માઢેથી મોહક વાણીમાં 'આ સંસાર' મિથ્યા છે એવું કહેનારા કવિઓ બ્રહ્મને ઓળખી શકતા નથી.

સાચાં સદ્ગુરુની શોધમાં જતા એને કેવળ બ્રહ્મચારી ગુરુ મળે છે. છેવટે એ ગોકુળ જાય છે અને મનમાં સમાધાન ખાતર ગુરુ કરે છે પણ તેનો વિચાર જે સ્વતંત્ર હતો તે 'નગુરો' એટલે ગુરુ વગરનાં સ્વભાવવાળો રહ્યો.

– ''ગુરુ કર્યા મેં ગોકુળનાથ, નુગરા મમને ઘાલીનાથ
મનવી સગુરો થયો, પણ વિચાર નગુરોનો નગુરો રહ્યો.'' (પ્રપંચ અંગ)

અંતરમાં અવિદ્યાના થર બાઝયા હોય અને બીજાને જ્ઞાન આપે તેથી શું વળે ? જેમ દહીં વિનાનું એકલું પાણી વલોવવાથી કશું મળે નહીં તેમ અંતરમાં પ્રકાશ થયા વિના માત્ર 'બ્રહ્મ-બ્રહ્મ' ગાણું ગાય એથી કશું મળે નહી.

અખા શું સમજ્યો ગુરુ કરી, અચરાચર દીઠા નહી હરિ

ભક્તિ વિશે તે કહે છે કે સૃગુણ ભક્તિ મોતી-ઘુઘરી જેવી મનમોહક દેખાય છે પણ તેનાંથી અંતઃસ્તાપ શમતો નથી. કારણ સાકાર પરમેશ્વરની ભક્તિ જો નિર્ગુણ તત્ત્વની ઉપાસનાં માટે એક પગથિયાં તરીકે માનેલી હોય તો જ તે ઉપકારક છે, નહિ તો તે આચારપૂર્ણ જડભક્તિ જેવી બની રહે છે માટે અખો કહે છે કે,

– ''પડતું સુવર્ણ ને બીજુ મન, તેનું ધોવું ધાવું નોય જતન,
જો મર્મ ખાર અગ્નિને મળે, તો થાય ચોકખું મન પાછું વળે,
મનની કીધી સર્વ ઉપાધ્ય, મનાતીત અખા આરાધ'' (ભક્તિ અંગ)

જેમ હલકું સોનું માત્ર ધોવાથી શુદ્ધ થતું નથી પણ તેને તપાવવાથી થાય છે તેમ મનની ખરી શુદ્ધ સગુણ ભક્તિરૂપ ઊંચા સાબુથી કે જડભક્તિરૂપ હલાકાં સાબુથી થતી નથી. તેનો નિર્ગુણ ભક્તિરૂપ સંયમાગ્નિથી જ થાય છે.

જ્ઞાનદગ્ધ-દંભી જ્ઞાનીઓની ટીકા કરતા અખો કહે છે કે બ્રહ્મ-કર્મ બંનેથી ભ્રષ્ટ એવા દંભીઓ અડધા વધેરેલા કૂકડા જેવી દશા ભોગવે છે. કારણ તેમનામાં શુદ્ધ જ્ઞાન હોતું નથી, છતાં મનમાં પોતે સાચાં જ્ઞાની હોવાનું અભિમાન રાખે છે.

સાચો પંડિત કોને કહેવો ? એ અંગે વિચારતા અખો કહે છે કે પંડિત ગમેતેટલો ડાહ્યો, શાણો, ગુણજ્ઞ, શાસ્ત્રજ્ઞ હોય પરંતુ બ્રમ્દર્શનની આર્ષદૃષ્ટિ જેનામાં નથી એવા પંડિત અને સામાન્ય પ્રાકૃત જન વચ્ચે કોઈ ફરક નથી.

અજ્ઞાની જનોના દંભ પ્રત્યે અખાને ભારે સૂગ છે. જ્ઞાનીનાં મુકાબલે તેઓ કેવા લાગે છે ? તે અંગે અખો કહે છે,

– ''અનુભવી આગળ વાદ જ વદે, ઊંટ આગળ જેમ પાળે ખદે''

એક જાણીતી કહેવત લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય તેમ જ્ઞાનીઓની ચાલે, જ્ઞાન વિના ચાલવાનો મિથ્યા દંભ કરવા જતા, જેમ ઊંટની ચાલ ચાલવા જતાં બિચારો પગે ચાલનારો માણસ કાંતો માંદો પડે કે ગુજરી જાય તેમ અજ્ઞાનીનો સંઘ ભેગો થાય તો ત્યાં શું થાય ?

આ સંસાર એટલો બધો માયામાં લપેટાયેલો છેકે તેને અખો ઝાંખરા સાથે સરખાવે છે

– ''અણસમજયે જીવને બીજી ઝાંખરુ, જ્યાં દેખતે ત્યાં વળગે ખરું,''

જેમ ઝાંખરું રસ્તે જનારને વળગે છે તેમ માયિક જીવને સંસારના વિષયો વળગે છે. જેટલી સંભાળથી આપણે ઝાંખરું કાઢી દૂર ફેંકીએ છીએ તેટલી સંભાળપૂર્વક રાગરૂપી ઝાંખરુ દૂર કરીએ તો પરમપદનો માર્ગ આપણી સમક્ષ ખુલ્લો થઈ જાય છે.

માયાનું સ્વરૂપ અખો નીચેની પંક્તિઓ દ્વારા રજુ કરે છે,

– ''ઝીણી માયા તે છાની છરી, મીઠી થઈને મારે ખરી;
વળગી પાછી અળગી નવ થાય, જ્ઞાની પંડિતને માંહીથી ખાય...ક

(માયા અંગ)

આમ, અખાનાં વિચારો જ્ઞાનમય, અતિ ઉચ્ચ, તર્કબદ્ધ અને ચિત્તવેધક છે. તેની ભાષા કયાંક પ્રૌઢ અને ગૂઢ બને છે તેથી સહજમાં સમજી શકાતી નથી. અખામાં પ્રીતમની રસીકતા નથી કે ધીરાની કલ્પના શકિત નથી પણ ભોજાની મર્મયુકત કઠોરતાથી તે સંપૂર્ણ મુકત છે. એકવાર સમજાય પછી આ મહાપુરુષ માટે આપણને માનબુદ્ધિ અને ભકિતભાવ, આદર થયા વિના રહેતા નથી.

''અખે ગીતા' અને 'અનુભવબિંદુ' નાક્રમબદ્ધ વિચારોને અખાએ છપ્પામાં છૂટક-છૂટક વાપર્યા છે. જો કે બધા વિચારો પાછળ રહેલી દાર્શનિક ભૂમિકા એકસરખી છે. અખાનાં છપ્પાની પીઠિકામાં માંડણની પ્રબોધ બત્રીસી ને જોતા અખાની મૌલિકતાની નિદર્શક એવી ત્રણ વસ્તુઓ માટે (૧) કહેવત જેવી ઉક્તિઓ, (૨) છચરણી ચોપાઈના છપ્પા છંદનો ઉપયોગ અને (૩) સમાજની ઉગ્ર ટીકા-અંગે એ માંડણનો ઋણી જણાય છે. જોકે લોકવાણીની પાછળ માંડણની વાણી છૂપાઈ ગઈ છે જ્યારે અખાનો મૌલિક અવાજ 'છપ્પા'માં સતત સંભળાતો રહે છે. પોતાના છપ્પાઓમાં સામાજિક અને ધાર્મિક સંસ્થાઓનાં દંભો ઉપર હલ્લો કરવામાં અખાએ દાખવેલી નિર્ભિકતા અપૂર્વ છે એટલું જ નહીં પણ આજનાં યુગમાં પણ એ વારંવાર ઠેરઠેર જોવા મળતી નથી- અને એમાં જ અખાની આગવી પ્રતિભાનો પુરાવો છે. કથયિત્ત્વનાં એક ભાગ રૂપે જ કહેવતોનો ઉપયોગ અનિવાર્યભાગ રૂપે કર્યો છે. ઉપમા, નર્મ, મર્મ, કટાક્ષ, હાસ્ય, ભાષાનું અંતર્ગત બળ, લય લહેકાઓ- એ બધાનો ફાળો પણ

'છપ્પા'ને ગુજરાતી ભાષાના એક પ્રશિષ્ટ અંગ તરીકે સ્થાપવામાં નાનોસૂનો નથી. અખાના છપા વિશે બેધડક કહી શકાય કે એ ગુજરાતી ભાષાનાં સાહિત્યમાં ચિરંજીવ રહેવા સર્જાયા છે.''[૬૧]

અખાનાં છપ્પાઓનું મુખ્ય કાર્ય તો સમાજને ચેતવણી આપી, સાચો રસ્તો દર્શાવવાનું છે. અખો સમાજની વચ્ચે રહ્યો છે, તેની મર્યાદાઓનો પૂરે પૂરો જાણકાર છે. ઉપરાંત જ્ઞાન,ભક્તિ અને વૈરાગ્ય વિશે પણ અખાએ છપ્પા દ્વારાજ ઘણું બધું કહ્યું છે. પોતાના એક છપ્પામાં અખો કહે છે કે 'જ્ઞાનીને કવિન ગણેશ'. અખાએ પોતાને કવિમાં ન ગણવાનું ભારે નમ્રતાથી કહ્યું છે. કવિતાની અન્ય લાક્ષણિકતાઓનુ પોતાને જ્ઞાન નથી એમ પણ કહ્યું છે. પરંતુ ચોપાઈ, જેકરી, ચરણાકુળ, દોહરા, દુહા, સાખી, સોરઠા, રોળા, ઝુલણા, કવિત્ત અને સવૈયા જેવા છંદો તથા તેના દેશી બંધો, તેમજ પદમાં યોજેલી રાગરાગિણીઓનો લય અને પ્રવાહિતા જોતા પદ્યરચના ઉપરનાં તેના પ્રભુત્ત્વની ખાતરી થાય છે. આ ઉપરાંત કવિતાનાં બીજા ઘણાં લક્ષણો 'છપ્પા'માં છે. પ્રસન્નતા, ઉલ્લાસ, આનંદ, લગની, આરત, ઉપહાસ અને કટાક્ષ એવા દરેક ભાવો ક્યાંક ને ક્યાંક સતત છલકતા દેખાય છે. દરેક છપ્પામાં ઓછામાં ઓછા એક ચરણમાં વર્ણાનુપ્રાસ જોવા મળે છે. વકતવ્યને સચોટ બનાવવા માટે રૂઢિપ્રયોગ, કહેવત અને સુભાષિતો બંધબેસતી જગ્યાએ વાપરવામાં અખાએ અજબ કુનેહ દાખવી છે.

---

૬૧. ગુજરાત સાહિત્યનો ઇતિહાસ, ખંડ-૨, ગ્રંથ-૧, ગુજરાત સાહિત્ય અકાદમી, બીજી આવૃત્તિ, પૃ. ૪૧૮

## ૨.૩ : તત્ત્વજ્ઞાન :

અખો જ્ઞાનમાર્ગી, અદ્વૈતવાદી અને ઉપનિષદોનો અભ્યાસી છે. તે માને છે કે ''सर्वं खलु इदं ब्रह्म''–આ સૃષ્ટિમાં જે કાંઈ જડ, ચેતન, સ્થાવર, જંગમ, દૃષ્ટ અને અદૃષ્ટ છે તે બ્રહ્મ છે. વિશ્વમાં હરિ છે અને હરિમાં વિશ્વ છે. સૃષ્ટિમાં જે કાંઈ સારું કે નરસું છે તે બધાનો કર્તા અને ભર્તા બ્રહ્મ જ છુ , છતાં બ્રહ્મ આ બધાથી પર છે. આકાશની જેમ તે અનાદિ અને અનંત,અખંડ અને અવિનાશી, સર્વવ્યાપી, નિર્ગુણ અને નિરાકાર,અમગ અને અગોચર છે. તેનું વર્ણન કરી શકાય તેમ નથી છતાં જીભ વગર પણ તેનો અદ્ભુત રસ ચાખી શાય છે. હૃદયથી તનો અનુભવ કરી અવર્ણનીય આનંદ માણી શકાય છે.

અખો આવા બ્રહ્મને હરિ, ગોવિંદ, નારાયણ, મહારાજ, રામ, પ્રભુ, પરમેશ્વર, વસ્તુ, સહજ, શબ્દ, સાન, અણલિંગી, અદ્ભદ,ચૈતન્ય, કૈવલ્ય, નિજપદ અને અક્ષરપદ જેવા શબ્દોથી ઓળખાવે છે.

આવા બ્રહ્મને ઓળખવા માટે અખો આત્મજ્ઞાનને (શાસ્ત્રજ્ઞાન કે બીજા કોઈ જ્ઞાનને નહિ) આવશ્યક માને છે.

'' આત્મજ્ઞાન એટલે ''जीवो' ब्रन्हैव न अपर :'' હું બ્રહ્મ છું બીજુ કઈ નહિ એવું જ્ઞાન એટલે કે આત્માનું–પોતાનું સ્વરૂપ અને સામર્થ્ય જાળવવાનું અને તેમા વિઘ્નો ઉત્પન્ન કરનારા માયા–મન–અહંકાર–અસદ વૃત્તિઓ વગેરેને આળખીને તેમનાથીઅલિપ્ત થવાનું જ્ઞાન.'' તે સિવાય બીજા કોઈ સાધનની જરૂર નથી. આત્મજ્ઞાનને માટે સુઝ, સમજ સદ્વિચાર કે સાન જેવા શબ્દો વાપરીને અખો તેનું મહત્ત્વ સમજાવે છે.

''સાચું સાધન શુદ્ધ વિચાર,જે હું– મહારાનો કાઢે પાર,
એ મૂકી અન્ય સાધન કરે, જયમ ભ્રમરોગી વિજયા વાવરે
નિજ આતમ જાણ્યા વિણ ભર્મ, અખા નહિ છૂટે કરતાં કર્મ''[૬૧]

અહીં અખો બ્રહ્મને પામવા માટેનો માર્ગ બતાવે છે. સાધન વગર સાધ્ય શકય નથી એ તર્કને આગળ કરી અખો શુદ્ધ વિચારને બ્રહ્મને પામવાનું સાચું સાધન ગણાવે છે. શુદ્ધ વિચારને કારણે અહંભાવ–મારું–તારુંનો અંત આવે છે. આવા વિચારો સ્વીકારવાને બદલે જે અન્ય દુન્યવી સાધનો અપનાવે છે તેઓની હાલત ચિત્તભ્રમનો રોગી ભાગ પીને વધારે ભ્રમમા પડે એના જેવી થાય છે. જ્યાં સુધી આત્માનાં સાચા સ્વરૂપને ઓળખી શકાતું નથી ત્યાં સુધી ઘણીબધી ભ્રમણાઓ મનને ઘેરી વળે છે. ફકત કર્મો કરવાથી એમાથી મુકિત મેળવી શકાતી નથી.

---

૬૧. અખાની કાવ્યકૃતિઓ–છપ્પા, સંશોધક : સંપાદક–ડૉ. શિવલાલ જેસલપુરા, સાહિત્ય–સંશોધન પ્રકાશન,અમદાવાદ– બીજી આવૃત્તિ–૧૯૯૫

**भावार्थ :** ब्रह्मप्राप्ति साठी शुद्ध विचार हे महत्वाचे साधन आहे शुद्ध विचारा मुळे अहंभाव आणि ममता यांचा नाश होत असतो. हे योग्य साधन सोडून जे भौतिक साधनांच्या मागे लागतात ते अधिक भ्रमात गुरुफटतात. जो पर्यंत आत्म्याच्या खऱ्या स्वरुपाची ओरख होत नाही तो पर्यंत भ्रमातून सुटका होत नाही केवल कर्म केल्याने याच्यातून सुटता येत नसते.

''અખા સમઝ તે સાધનરાજ, બેઠા બેસાર્યા સીઝે કાજ,
જ્યમ નર નૌકામાં આસન કરે, બેઠો બાધી પ્રથવી ફરે,
કાયકલેશ કરવો નવ પડે, સૂઝ-સમઝ માહાં સર્વે જડે.''[૬૨]

અખો અહીં પરમાત્માની ઉપાસનાનાં બધા સાધનોની ચર્ચા કરી અંતે શ્રેષ્ઠ સાધન તરીકે આત્મજ્ઞાન ને ગણાવે છે. તત્કાલીન સમાજમાં પરમાત્મા પ્રાપ્તિ-ભક્તિમાર્ગમાં ઘણી જડ ક્રિયાઓ કરવામાં આવતી હતી. જપ-તપ-પૂજા-હોમ-હવન-બલિ, તંત્ર-મંત્ર બધુ જ ભક્તિના નામે પરમાત્મા પ્રાપ્તિ માટે કરવામાં આવતું હતું. આ જડ ક્રિયાઓને વ્યર્થ ગણાવી અખો આત્મજ્ઞાનને વધારો મહત્ત્વ આપે છે. લૌકિક ક્રિયાઓ ગતે તેટલી કરીએ છતાંય તે યોગ્ય સાધન તો નથી જ. આત્મજ્ઞાન વડે બેઠાબેઠા કોઈ ક્રિયાકાંડો વગર ધ્યેય સિદ્ધ કરી શકાય છે. જેમ કોઈ વ્યક્તિ વહાણમાં બેસીને ચાલવાના કે અન્ય શ્રમ વગર આખી પૃથ્વી ફરી વસે છે, તેવી રીતે આત્મજ્ઞાની કોઈપણ પ્રકારના યોગ-તપ-તીર્થ જેવા ધર્મકર્મો કર્યો વગર માત્ર સૂઝ-સમજ વડે બ્રહ્મને અનુભવી કરી શકે છે.

**भावार्थ :** उपासनेच्या सर्वसाधनां मध्ये श्रेष्ठ साधन म्हणजे आत्मज्ञान आहे. याच्या आधाराने कुठलेहि कर्मकांड न करता ध्येय सिद्ध होउु शकतो. जसे जहाजात बसून, चालण्याचे किंवा इतर कुठलेही श्रम न करता जगाचा प्रवास करता येउु शकतो, त्याच प्रमाणे आत्मज्ञानी कुठल्याहि प्रकारचे जप--तप--तीर्थाटन न करता केवळ आत्मज्ञानाने ब्रह्मानुभूति प्राप्त करु शकतो.

''સૂઝ વિના સઘળાં સાધન, વાધે અધિકા ધનેદંન;
જ્યમ ઘાણીનો બળદ ઘરમાં ફરે, દશ ડગમાં હાથો થાકી મરે,
એમ અખા સઘળો સંસાર, સમઝ વિના ન પામે પાર''[૬૩]

સૂઝ વિના બીજા સાધનોનો આશ્રય લેવામાં આવે તો તેમા મુશ્કેલી વધતી જાય છે. કામ ઓછું થવાને બદલે દિવસે દિવસે વધતુ જાય છે. આ વાત સમજાવવા માટે અખો ઘાણીનાં બળદનું ઉદાહરણ આપતા કહે છે કે જેમ ઘાણીનો બળદ ઘાણીમાં ગોળ-ગોળ ફરતા ઘણું બધું અંતર કાપતો હોય છે પણ જો એને છૂટો છોડવામાં આવે તો નજીવા અંતરમાં જ તે થાકી જાય છે. એવી રીતે સંસારી જીવો સંસારમાં રચ્યાં-પચ્યાં રહી આંટા મારે છે પણ તેથી હરિનું અંતર થોડું જ કપાય છે અને જીવ થાકી જાય છે. તે હરિપ્રાપ્તિનાં પ્રયત્નો છોડીને બેસી જાય છે. આત્મજ્ઞાનનાં રસ્તે જ હરિનો-પરમાત્માનો માર્ગ પાર કરી શકાય છે એમ અખો અહીં સમજાવે છે.

૬૨. એજન, પૃ. ૭૭
૬૩. એજન, પૃ..

**भावार्थ :** योग्य विचार न करता कोणतेही काम केले तर त्यात अनेक अडथळे येत राहतात.कोलूला जुंपलेला बैल जसा तिथल्या तिथे गोल गोल फिरत बरेच अंतर कापू शकतो, पण त्याला मोकळा सोडला तर थोडे अंतर कापल्यानंतर तो थकून जातो. संसारी जीव देखील असेच असतात. ते देखील संसाराच्या कोलूत अखंड फिरत राहतात पण परमार्थाच्या मार्गावर लगेच थकून जातात. परंतु आत्मज्ञाना शिवाय ईश्वरप्राप्ति होत नसते.

અખાનાં આ છપ્પા સાથે તુકારામનો અભંગ નં. ૨૧૫ એકદમ બંધબેસતો ઠરે છે. તુકારામ કહે છે કે તપ અને બીજા સાધનો છે તો ખરા, પણ તે બધાની શી જરૂર ઈશ્વરપ્રીત્યર્થે પોતાનાં શરીરને મિથ્યા બાળીને ખાક કરવાનું શું પ્રયોજન ? હું તો એવા રસ્તે ક્યારેય જવાનો નથી. હું તો પંઢરપુરની શેરીઓમાં હરિનામનું કીર્તન કરતો જઈશ. અને નૃત્ય કરતો જઈશ કોઈપણ રીતે આત્મ સ્થિતી પ્રાપ્ત થાય એવો ભાવ પ્રાપ્ત કરવો જોઈએ. મુક્તિ એજ ઉત્તમ અવસ્થા છે.

આવી રીતે, બ્રહ્મની ઉપાસના કરી બ્રહ્મનો અનુભવ કરનારને માટે અખો જ્ઞાની (બ્રહ્મજ્ઞાની), સંત, બ્રહ્મવેત્તા, તત્ત્વદર્શી, જીવનમુક્ત, સૂઝાળો અને હરિજન જેવા વિશેષણો વાપરે છે. હરિજન-હરિનાં સાચા ભકત અને હરિ વચ્ચે અખા ભેદ જોતો નથી. આવા હરિભકતોનો મહિમોં ગાતાં અખો થાકતો નથી. આત્મજ્ઞાન મેળવવા માટે અખો અવા સદ્ગુરુનાં માર્ગદર્શનને અને હરિની કૃપાને આવશ્યક માને છે. સાચી પ્રભુપ્રિતીવાળી ભક્તિ અને સાચો વૈરાગ્ય બ્રહ્મને ઓળખવામાં ઉપયોગી થાય છે એમ અખો માને છે. આમ જીવનમાં ગુરુની મહત્તા અખો સ્વીકારે છે.

''ભક્તિ, જ્ઞાન અને વૈરાગ, પદાર્થ એક, ત્રણ નામ વિભાગ
અજાણ્યો કહે જૂજવાં, પણ સમજ્યાતે એક જ હુઆ....
અનુભવતાં જાણીજે ભેદ, ભક્તિ, જ્ઞાન અખા નિર્વેદ.''[૬૪]

બાહ્યાચારવાળી અંધશ્રદ્ધા ભરી ભક્તિનો તે સખત વિરોધ કરે છે,

''જ્ઞાન વિના ભક્તિ તે અશી, ભસતે શ્વાન જયમ ઊઠે ભસી,'' (દંભ ભક્તિ અંગ)
''જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જ્યમ ચક્ષુહીણો જ્યાં હાં ત્યાંહાં અથડાય''
(દંભ ભક્તિઅંગ)

સગુણ ભક્તિને અખો મોહ ઉપજાવનારી ગણે છે.અનુભવ વિનાના જ્ઞાનને અખો વ્યંડળમૂછ, કરપી-ધન અને કૂતરપુછ સાથે સરખાવે છે. ફકત શાસ્ત્રોનું જ્ઞાન મેળવેલા પંડિતને તે પથ્થરની ટાંકેલી શિલા તરીકે ઓળખાવે છે જેડૂબે છે, બીજા કોઈને તારતી નથી.

અખાની દૃષ્ટિએ જીવ અનેબ્રહ્મની વચ્ચે માયા પડદો રાખે છે. માયા એવીમાતા છે જે પુત્રને જીવને પિતા પાસે - બ્રહ્મપાસે જવા દેતી નથી. તે છેતરનારી, છૂપી છરી જેવી, મનુષ્યનાં

---

૬૪. એજન, પૃ. ૨૨૭

જીવને મર્કટની જેમ નચાવનારી, ખાતાં ખાંડ અને ચાવતા રેત જેવી ફજેત કરનારી છે. ત્રણ ગુણ, જગતની તમામ પ્રવૃત્તિઓ, સારા-નરસાં કર્મો, રાગદ્વેષ, કામક્રોધ, મોહ-લોભ, મદ-મત્સર તેમજ મનની ચંચળતાને તથા કુટિલતાને, જાતજાતનાં ભ્રમ અને ખોટી માન્યતાઓને, અજ્ઞાન અને જીવભાવને ઉત્પન્ન કરનારી અને કાળરૂપી જીવનો અંત લાવનારી ગણે છે. માયાથી દૂર જતા માયા નષ્ટ થતી નથી. માયાનો સમૂળગો નાશ કરે તે આત્મજ્ઞાની જ બ્રહ્મનો અનુભવ કરી શકે છે.

મન જ માયાને ઉત્પન્ન કરનાર અને જીવને તેનાં ફંદામાં ફસાવનાર છે. 'મન ઉભે ઊભો સંસાર', સર્વ વિકાર અને મનને જાણ માટે જ મનને ઈચ્છારહિત બનાવવું જોઈએ એવું મંતવ્ય અખો ધરાવે છે.'

'જગત નામ જગદીશ જ તણું' પણ માયાનેલીધે, રણમાં મૃગજળનો ભાસ થાય તેવી રીતે તેમાં વિવિધતા, ક્ષણિકતા, ઉત્પત્તિ અને લયનો ભાસ થાય છે. બલકે સંસારનું સર્જન થાય છે.

જેમ સ્વપ્નમાં દેખાતી વસ્તુ જાગ્રત અવસ્થામાં નાશ પામે છે તેવી રીતે આત્મજ્ઞાન થતા બીજું જે કંઈ દેખાય છે. તે દૂર થાય છે જગત આ અર્થમાં મિથ્યા છે : ''ब्रह्म सत्यं जगत मिथ्या'' સૂત્રને આવી રીતે અખોપુરવાર કરે છે.

સર્વ પ્રકારનાં કર્મો, પ્રવૃત્તિ, નિવૃત્તિ, વર્ણાશ્રમધર્મ, આશ્રમવ્યવસ્થા, તમામ્ પ્રકારનાં ભેદભાવ, યજ્ઞ, યોગ, દેહદમન, તપતીર્થ કોઈપણ વ્યક્તિ કે પદાર્થની કોઈપ્રકારની પૂજા, ધર્મનાં પંથ કે સંપ્રદાય, ક્રિયાકાંડ, બાહ્યાચાર, મંત્રતંત્ર, સગુણ સાકાર ઈશ્વર, ઈશ્રવરનાં અવતાર, કથાકકીર્તન, શાસ્ત્રો, જ્યોતિષ, પાપપુણ્ય, સ્વર્ગનરક, પૂર્વજન્મ-પુનજન્મ વિશેની માન્યતાઓને અખાએ ક્યારેય ગણકાર્યા નથી કારણકે તેનાથી કોઈને કોઈ પ્રકારે બ્રહ્મનાં માર્ગમાં વિઘ્નો ઉભા થાય છે.

પોતાનાં તત્ત્વદર્શનમાં અખાએ બ્રહ્મનાં અનુભવનો આનંદ વ્યકત કર્યો છે.

''માહારે મોહોટો હંનર જડ્યો , જે ઈશ્વરરૂપી જહાજે ચઢયો;
પંચ સહિત ઊતરિયો પાર, પગ ન બોળું જળ-સંસાર
હું હસતો રમતો હરિમાં ભળ્યો, અખો અજાણ તે એ વળાણે વળ્યો''[૬૫]

અત્યાર સુધી જેનાથી અજાણ હતો એવા બ્રહ્મજ્ઞાનનું ભાન થતા હું તેની તરફ જઈને તેનામાં ભળ્યો ગયો. હસતાં-રમતાં બાળકની પેઠે જ મને તેનામા ભળવું ગમ્યું. સંસારના સાગરને પાર કરવા માટે હવે હું બ્રહ્મરૂપી જહાજ ઉપર ચડીને સફર કરવાનો છું. એકવાર હરિને મેળવ્યા પછી તેના સહારાથી આગળ વધવાનો છું સંસારભાવથી મુકત થયો છું અને હવે ફરીથી સંસારમાં ભોળવાઈને અજાણ જેવી પરિસ્થિતી થવા દેવાનો નથી. અહીં અખો બ્રહ્મપ્રાપ્તિનો આંદન વર્ણવે છે.

**भावार्थ :** आत्तापर्यंत मला ज्याचे ज्ञान नव्हते अशा ब्रह्मज्ञानाचे आता मला ज्ञान झाल्या मुळे मी त्याच्याशी आता हसत खेळत एकरुप झालो आहे. ब्रह्मरुपी जहाजात बसून संसाररुपी भवसागर पार कसा करायचा ते आता मला समजलंय ज्या संसारभावातून मी मुक्त झालो आहे तेथे मी कधी ही परतून येणार नाही.

૬૫. એજન, પૃ. ૧૨૬

''માહારે એમ પડ્યું પાધરું, હું પણું મૂક્યું, એ આદર્યું,
કર્મ-અહંકાર તણું ગયું મૂળ, જ્યેમ અર્કનાં ઊડે
તૂલ ન લહ્યા સરખું મેં તાહાં લહ્યું, એમ અખા જથારથ થયું.''[૬૬]

અખો કહે છે કે મારો અહંકારભાવ દૂર થતા બ્રહ્મનો અનુભવ થયો અને એમ જાણે કે બધુ મને અનુકૂળ થઈ પડ્યું. જેમ આંકડાના ફળ ફાટીને તેમાંથી રૂ ઝડપથી અદૃશ્ય થઈ જાય એવી રીતે કર્મોના કર્તુત્ત્વનું અભિમાન પણ નાશ પામ્યું જે સહજતાથી મળતું નથી અતિ સૂક્ષ્મ છે એવા પરમતત્ત્વ-બ્રહ્મનો મને અનુભવ થયા પછી હવે બધે સંગતતા સ્થપાઈ ગઈ છે.

**भावार्थ :** माझ्या मनांतला अहंकार नष्ट झाल्यामुळे मला ब्रह्मानुभूति झाली आणि जणूं कांही सगळंच मला अनुकूल वाटू लागलं. आकड्याच्या फळातून ज्या प्रमाणे कापूस अदृश्य होतो तसा माझ्या मनांतला कर्तृत्वाचा गर्व नष्ट झाला. अतिशय सूक्ष्म आणि प्राप्त करण्यासाठी अति अवघड अशा परमतत्त्वाची–ब्रह्माची मला अनुभूति झाली आणि सर्व कांही सुसंगत झालं.

''વાંકુ સમુ તાંહા જાણે હરિ, હું તો માહારે બેઠો ઠરી;
ભલા ગૃહસ્થને બારે ગાય, એમ આપ સોંપ્યું હરિ માંહ્ય
છીંડુ ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ.''[૬૭]

મારા હિત-અહિત હરિને સોંપી હું નિશ્ચિત બની ગયો. મારે મને હવે કોઈ ફિકર નથી. સજ્જન વ્યક્તિને ઘરે ગાય આપી આવ્યા પછી એને તેઓ સરખી રીતે રાખશે એવા વિશ્વાસથી મેં મારુ સર્વસ્વ હરિને ચરણે સમર્પિત કરી દીધુ. હું તો અજ્ઞાનનાં અંધકારમાંથી બહાર નિકળવા માટે એક છીંડુ જશોધતો હતો પણ સદનસીબે મને આખે આખી પોળ મળી ગઈ. મારા વિચારથીયે અધિક એવો મને લાભ થયો. હવે તો મારે બ્રહ્માંનંદની મસ્તીમાં જ લીન રહીને જીવન વીતાવવાનું છે.

**भावार्थ :** माझे हित–अहित ईश्वरावर सोपवून मी आता निश्चिंत झालो आहे. सज्जन गृहस्थाकडे गाईला सोपविल्यानंतर ते तिचा सांभाळ व्यवस्थित करतील, या विश्वासाने मी माझे सर्वस्व हरीला अर्पण केले आहे. अज्ञानाच्या अंधःकारातून बाहेर पडण्यासाठी मी तर एक छोटासा मार्ग शोधत होतो, पण नशीबानं मला मोठा राजमार्ग सापडला आहे. अपेक्षेपेक्षा अधिक मिळाल्यामुळे मी तर आता ब्रह्मानंदातच मग्न राहणार आहे.

અખાના બ્રહ્માનંદના અનુભવની જેમ જ તુકારામ પણ બ્રહ્મસાક્ષાત્કાર ના વર્ણનો આપ્યાછે. તે સરખાવતાં સમજાય છે કે આ બંને સર્જકોની આધ્યાત્મિક ભૂમિકા પણ એકસરખી ઉચ્ચ કક્ષાની રહી છે. તુકારામની અભંગગાથાનો અભંગ નં.૨૩૭માં તેઓ કહે છે કે બ્રહ્મ જે નિઃશબ્દ છે. તેનું અમે પ્રતિપાદન કરીએ છીએ. અમે દેહબુદ્ધિ વડે એકવાર મરીને ફરીથી જીવતા થયા છીએ.

૬૬. એજન, પૃ. ૧૨૫
૬૭. એજન, પૃ.૧૨૫

દેહાત્મકભાવ હોય ત્યાં સુધી આ જગત દેખાય છે. આત્મસ્થિતિમાં જગત દેખાતું નથી. સર્વપ્રકારનાં વિષયભોગને લગતી અમારી વાસના છૂટી ગઈ છે. બધા પ્રકારના સંગને ત્યજીને અમે નિઃશંક બનીને બેઠા છીએ. સંસારમાં અને ભોગવિલાસમાં પ્રવેશ કરાવનારી દેહબુદ્ધિતો ક્યારનીય ટળી ગઈ છે. તુકારામ કહે છે હું તમને જેવો દુખાઉં છું તેવો હું રહ્યો નથી.

અભંગ નં.૩૨૪ – બ્રહ્મ તો કર્મ અને અકર્મ બંનેથી અલિપ્ત રહે છે. બ્રાહ્મી સ્થિતિનો અનુભવ લઈને જેઓ બ્રહ્મરૂપ બની ગયા છે તેઓ જ ફક્ત બ્રહ્મને તેનાં સાચારૂપે જાણી શકે છે. જેમ ગાયનાં ગમાણમાં ગાય સુરક્ષિત છે એમ બ્રહ્મનું સમજી લેવું. તુકારામ કહે છે કે સહજ બ્રહ્મની પાસે પાપ–પુણ્ય જેવું કશું હોતું નથી. આમ, અખાનું તત્ત્વદર્શન અનુભવસિદ્ધ છે.

અખાનાં છપ્પાઓમાં એની વેદાંતની ફિલસૂફી વ્યકત થાય છે. અખો મુખ્યત્ત્વે તત્ત્વજ્ઞાની કવિ છે. એનાં છૂટક છપ્પાઓમાં પણ વેદાંત વિષયક વિચારો સ્પષ્ટપણે વ્યકત થાય છે. પોતાનાં છપ્પાઓમાં અખાએ માયા, બ્રહ્મ, જીવ વગેરે વિશે પોતાનાં વિચારોને વાચા આપી છે. છપ્પાઓમાં વેદાંતજ્ઞાન ઉપરાંત બીજા ઘણાં વિષયો પણ તેણે આવરી લીધા છે. અનેક ઉપમા, ઉદાહરણો દ્વારા માયા, બ્રહ્મ, શિવ બધાના સ્વરૂપને વ્યકત કરેછે. સંસારનાં દુર્ગુણોનું ચિત્ર આપી સંસારનું મિથ્યાત્વ આલેખી માત્ર પરિબ્રહ્મ જ સાચો એવો મત અખો વ્યકત કરે છે. શૂન્યવાદીઓનાં મતની કોઈવાર ટીકા કરી એનું અસત્યપણું સમજાવે છે. અખો કોઈ ખાસ સંપ્રદાય કે પંથનો અનુયાયી નથી. કોઈ એક માર્ગને લઈ તેના ગુણદોષ તે બતાવતો નથી. ઉલટું સંપ્રદાયનો એને તિરસ્કાર છે. જ્યાં કોઈ સંપ્રદાય કે પંથ પોતાનાં મૂળ કર્તવ્યો છોડી આડંબર, દ્વેષ અને બાહ્યાચાર પર ભાર મુકવા લાગે છે ત્યાં અખાનો સખત વિરોધ છે. અખો અનેક પંથોમાં જકડાયેલાં સમાજને આ બધા પંથોનું વળગણ છોડીને એકમાત્ર પરમેશ્વરને પૂજવાનો બોધ આપે છે. આ બાબતમાં તે સૌથી ‘ઊફરો’ ગયો છે. સમાજની એ વખતની ધાર્મિક માનસિકતામાં જે આડંબર, ઢોંગ ઘુસી ગયા હતા, રાગદ્વેષ અને જડતા પ્રવર્તતી હતી એ બધાનો અખાએ વિરોધ કર્યો હતો. આથી એ કહે છે કે–

“સૂત્તર આવે ત્યમ તુ રહે, પણ જ્યમત્યમ કરી હરિને લહે” – સુખમાં રહીને પણ ઈશ્વર તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો બોધ અખાએ આપ્યો છે. ઈશ્વરનો સાચો માર્ગ જાણવા સંસારનો ત્યાગ કરવાનું અખાએ કહ્યું નથી.

પોતાનાં તીર્થઅંગમાં અખાએ સંસાર અને તીર્થ બંને અંગેનાં વિચારો વ્યકત કરતા કહ્યું છે કે,

– “રામ રડવડતા કહેને મળ્યો ? ઘેલો ને ઘર સુખથી ટળ્યો;
હું–માહારું ખોયાનું કામ, મળે અખા ઘેર–બેઠાં રામ
હરિ–વણજાણ્યે ખેપન કાળ, ધોયે હીર ન થાયે વાળ.”

(તીર્થઅંગ પૃ.૪૪)

- એમ સમઝે તે પામે પાર: હરિથી બીજો તે સંસાર
તપ-ત્યાગ કરી તીરથ કેર કે વનિતા વેઠી રહેજે ઘેર;
એ કાળા-ધોળા બેહુએ કેશ, અખા હરિ જાણ્યે બેહુયે રેશ''[૬૮]

તીર્થક્ષેત્રોમાં દેવ-દર્શન કરવા રખડવાથી પરમાત્મા મળતો નથી. એના કારણે રઝળતાં-રઝળતાં ઘરબેઠાનું સુખ પણ છીનવાઈ જાય છે. ઉપરાંત તીર્થસ્થાનોમાં પવિત્ર સ્થળે ગમે તેટલાં ન્હાઈએ તો પણ અંતરની મલીનતા તો દૂર થતી નથી, એ તો જેવીને તેવી જ રહે છે. અંતરનો અહં મમત ભાવ ટળે તો તીર્થ કે ઘર બંનેમાં કોઈ ફેર પડતો નથી. ઘરબેઠા પણ અંતરનો મેલ ધોવાયતો રામ મળે છે. આત્મજ્ઞાન વિનાનાં બધા સાધનો હરિને પામવાનાં સાચાં સાધનો નથી. હરિ જ સત્ય છે અને સંસાર મિથ્યા છે એમ સમજે તેનો બેડો ઘરબેઠો પણ પાર થઈ શકે છે. ઘરમાં સ્ત્રી સાથે રહીએ કે તેનો ત્યાગ કરીએ - હરિને ઓળખ્યા પછી એ બંને તુચ્છ નકામા લાગે છે. જેમ કાળા વાળને ગમે તેટલીવાર ધોઈએ તે છતાંય તે સફેદ રેશમ જેવા બનતા નથી તેવી રીતે અંતરનો મેલ ધોયા વગર પરમાત્મા રૂપી રેશમ મળતું નથી. આમ, પરમાત્માને પામવા માટે અખો સંસાર કે સંન્યાસ એ બંનેની ચર્ચા કરવા કરતાં અંતરશુદ્ધિને વધુ મહત્ત્વ આપે છે. સંસારમાં રહી, વ્યવહારમાંજ ઈશ્વરને ઓળખી તેને ભજવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ શક્ય છે. પત્ની-બાળકોને છોડી તેમને દુ:ખી કરી ઈશ્વર મેળવવાનું અખો કહતો નથી. તે સર્વત્ર વ્યાપી રહેલા હરિને ઓળખવાનું કહે છે.

'જે હરિજન હોય તે હરિને લહે, બીજા હરીની મોટમ કહે'' એમ કહીને ખોટી વડાઈ હાંકયા વગર ઈશ્વરનાં માર્ગે જવાનું અખો કહે છે. જગતમાં ઈશ્વરનું ધાર્યુ થાય છે છતાં મુર્ખ લોકો, (અજ્ઞાનીઓ) કર્મના ગુણ ગાય છે. કર્મની જંજાળમાં ફસવાનું નથી એમ તે કહે છે. વ્યવહાર પૂરતા કર્મ કરવા પણ તેમાંજ રચ્યાં પચ્યાં રહેવું નહી. ફળની આશા રાખ્યા વગર કર્મ કરવું-એવા નિષ્કામ અર્થનાં કર્મની અખો હિમાયત કરે છે. ધાર્મિક પંથોની માયામાંથી પણ બ્રહ્મપ્રાપ્તિ આડે અડચણો આવતી હોય છે તેથી આવા પંથોનો વિરોધ કરતા અખો કહે છે.

-''એક પરમેશ્વરને જૂજવા મતા, માંહો માંહે ખાધી ખતા'' (શિક્ષાઅંગ)

-''દર્શન-ભેદ દાવા મત ઘધણાં, ગઢ બાંધી રહ્યા આપ આપણા'' (સ્વભાવ અંગ)

છંયે દર્શનમાં; (સાંખ્ય,યોગ,ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાસ, ઉત્તરમીંમાસા) પરમતત્ત્વ વિશેનાં સિદ્ધાંતો જુદાજુદા છે. એકબીજાને સમજવામાં તેમણે લથાપ ખાધી છે. દરેક દર્શન બીજાનાં સિદ્ધાંતનું ખંડન કરે છે અને પોતાનાં સિદ્ધાંતને ચડિયાતો ગણે છે. એક જ પરમેશ્વર છે અને પોતાનાં એક જ પરમેશ્વર છે અને તેને પામવાના પંથ અનેક છે પણ વાસ્તવમાં તો આ બધા પંથો જીવને ઈશ્વરથી દૂર રાખનારા તરકટો છે. પરમેશ્વર જીવનાં અંતરમાં રહેલો છે છતાંય આ બધા પંથો તેને દૂર લઈ જાય છે. તેને ગેરમાર્ગે દોરે છે. દર્શનોમાં ઘણાં મત ભેદો છે. દરેક દર્શન પોતાના મત કે સિદ્ધાંત માટે આગ્રહ ધરાવે છે અને તેનું રક્ષણ કરવા પ્રયત્ન કરી રહ્યા છે. બીજા દર્શન નિષ્ફળ ગયા છે અને પોતે પરમતત્ત્વને પામ્યાં છે એવો દાવો કરી, તેઓ બીજા દર્શનોથી પોતાની શ્રેષ્ઠતાનાં ગુણગાન ગાઈ રહ્યા છે.

૬૮. એજન, પૃ. ૪૪-૪૫

અખો વેદાંતનાં કૈવલાદ્વૈતને જ અનુસરે છે અને તેથી નિર્ગુણ ભક્તિને એ વધારે મહત્ત્વ આપે છે વેદાંતનાં કૈવલાદ્વૈતથી જ એ કહેવા માંગે છે કે,

– ''ब्रह्म सत्यं जगन्मिथ्या– जीवो–ब्रह्मैव नापरः ।''બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે. આ જગત દેખાય છે તેતો આભાસ માત્ર છે. માયા અને અજ્ઞાનને કારણે જગત ભાસે છે. અહિં બ્રહ્મ સિવાય બીજું કશું નથી. બધું જ બ્રહ્મમાંથી પ્રગટ્યું છે અને બ્રહ્મમાં જ સમાઈ જાય છે. માયાને પણ અખો બ્રહ્મની લીલા ગણાવે છે. માયાનાં આવરણને દૂર કરી જ્ઞાનથી બ્રહ્મનો અનુભવ થાય છે. જેમ અજ્ઞાનને કારણે દોરડામાં સાપ, રણમાં મૃગજળનો ભાસ દેખાય છે તેવી જ રીતે અજ્ઞાનને કારણે જ વિશાળ બ્રહ્મમાં મિથ્યા જગતનો ભાસ થાય છે. જ્ઞાની વ્યક્તિ માયાનાં આવરણને દૂર કરી જગતને મિથ્યા સમજી બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. માયા અસત્યને પણ સત્યરૂપે બતાવે છે પરિણામે માનવી તેનાથી ઠગાય છે. બ્રહ્મ અને જીવનાં આત્માનાં ઓળખવાના માર્ગમાં જ માયા આડી આવે છે. આ માયા, અજ્ઞાન દૂર થતા જ આત્માને ઓળખી સર્વત્ર વિલસતા બ્રહ્મને અનુભવી શકાય છે. ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મને ઓળખવા અને બ્રહ્મનાં જ સ્વરૂપ આત્માને સમજવા માયા છોડવી પડે છે. અખો નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરે છે. બ્રહ્મ ચૈતન્ય સ્વરૂપે વિલસી રહ્યું છે, તેમાં કશી વધ–ઘટ થતી નથી એમ તે કહે છે. અને આમ, અખાએ અદ્વૈતનું વર્ણન કર્યું છે. એ એવું પણ કહે છે કે 'એક નહી ત્યાં શુ અદૈત ? – આ જે બધો ભેદ દેખાય છે એ અજ્ઞાન અને માયાને કારણે છે બાકી બધે તો એક જ બ્રહ્મ અભેદ સ્વરૂપે રહેલું છે.

– ''ચૈતન્ય બ્રહ્મ સદોદિત સદા, સહેજે કલ્લોલ કરે છે ચિદા'', (સૂઝ અંગ)

આવા આ બ્રહ્મને ઓળખવા માટે આખો જીવને 'સૂઝ'નો વિકાસ કરવાનું કહે છે કારણકે જે ભેદ દેખાય છે તે તો માયા અને અજ્ઞાનને કારણે જીવે કરેલી કલ્પના છે. જીવ અને ઈશ્વર બંને ચૈતન્યરૂપ બ્રહ્મ જ છે. જીવપણ બ્રહ્મનો અંશ છે, આ અદ્વૈત છે. માયા પણ પરબ્રહ્મની શકિત જ છે. પણ જ્ઞાનથી આ માયાનું આવરણ દૂર કરવું જરૂરી છે. જગતમાં ગમે તે ભાસે પણ ચૈતન્ય બ્રહ્મમાં કશો ફેરફાર થતો નથી. એતો સદાય

''એ તો ત્યમનું ત્યમ છે અખા, દ્વૈત વિના કયળ હોયે પખપખા ?''[૬૯]

જેવી બીજી અનેક પંક્તિઓ દ્વારા અખાએ ચૈતન્ય બ્રહ્મમાં કશો ફેરફાર થતો નથી એવું જણાવ્યું છે. કૈવલ્ય બ્રહ્મની જ આ લીલા છે. અખાનાં આ નિરૂપણ ઉપર વેદાંતની તેમજ ગૌડપાદાચાર્યનાં અજાતવાદની અસર છે. આવા બ્રહ્મને વાણીમાં વ્યકત કરી શકાય તેમ નથી. અનુભવી જ્ઞાની જ આ બ્રહ્મને અને તેની લીલાને સમજી શકે છે. જીવની કલ્પનાથી આ બ્રહ્મનું સત્ય નજરે પડતું નથી.

અહીં તો બ્રહ્મ સિવાય બધું જ મિથ્યા છે. જીવ અંતેતો બ્રહ્મમાં જ મળી જાય છે. બ્રહ્મ દેશાકાળથી પર છે, અને તેને કોઈ પરિબળ બંધનકર્તા નથી. અખો હું–તુ નો ભેદ ટાળવાનું કહે છે હું–તું નો

૬૯. એજન, પૃ. ૧૫૮

ભેદ ટળે પછી જ બ્રહ્મનાં માર્ગે જવાય છે. જીવ પોતાનું 'હું' પણું એટલેકે અસ્તિત્વ કલ્પીને ફુલાય છે, પોતાની જાતને સર્વકર્તા માની બેસે છે. પણ તેની સામે બ્રહ્મ પોતે સઘળું કરતું હોવા છતાંય અકર્તા છે. જીવને કર્મ નડે છે. 'અહં બ્રહ્મ જાણીને રહે' જેવી પંક્તિઓમાં જીવ-શિવની એકતા અખાએ નિરૂપી છે.

''શ્રી નર્મદાશંકર મહેતાએ વેદાંતશાસ્ત્રનાં પાયાનાં ત્રણ સિદ્ધાંતો સમજાવતા જે કહ્યું છે તે અખાની ફિલસૂફી સમજવામાં ઉપયોગી છે.

(૧) સચ્ચિદાનંદ બ્રહ્મત્ત્વ : બ્રહ્મ એ સત્ય વસ્તુ છે
એટલે કે ત્રણે કાળમાં બોધ ન પામે એવી વસ્તુ છે.

(૨) આ દશ્ય જગત એ બ્રહ્મને સાથે રહેલો પ્રકાશ છે, પણ તે સ્વતંત્ર સત્તા ધરાવતું નથી તેથી તે મિથ્યાછે.

(૩) એ જગતનો અનુભવ કરનારા દેહધારી જીવ અથવા શરીર-આત્મા ખરી રીતે મૂળ બ્રહ્મરૂપ જ છે, અને કોઈ રીતે ભિન્ન પદાર્થ નથી. તે પરમાત્માથી છૂટો પડી ગયો છે. તે અલ્પજ્ઞ છે, પરમતત્ત્વ છે, સુખી છે, દુઃખી છે, જન્મ-મરણ પામે છે વગેરેએનાં સંબંધની સંસારભાવના છે તે અજ્ઞાનને કારણે ઉભી થયેલી છે. અને એ ભ્રમ યથાર્થ જ્ઞાન વડે એટલે 'હું ખરેખર બ્રહ્મરુપ છુ'-ના અનુભવથી દૂર થઈ શકે છે.''[૭૦]

જગતનું મિથ્યાત્ત્વ પણ અખો આલેખે. એને માટે અખાએ એક છપ્પામાં 'ચામખેડા'ના ખેલનું દષ્ટાંત આપ્યું છે. અને આ જગત એ પણ 'પૂરણબ્રહ્મની લીલા' છે એ સમજાવવા માટે અખાએ ''આપેઆપ પૂરણબ્રહ્મ હરી, પોતે પસાર્યું રચના કરી' જેવી પંક્તિઓમાં તેનું વર્ણન કર્યુ છે. જગતને એક સ્વપ્ન જેવું અખાએ ગણાવ્યું છે.

જ્ઞાનની અવસ્થામાં જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે અને માયાનાં આવરણને દૂર કરતા જ બ્રહ્મમાં જીવ ભળી જાય છે. પણ આ જગતનો અને સંસારનો રસ એવો છેકે માનવીને અફીણ જેવો લાગે છે અને પછી માનવીને છોડતો જ નથી. પરિણામે થતી જીવની દશાને વર્ણવતા અખો કહે છે કે;

– ''એક અફીણ બીજો સંસારી રસ, અધિક કરે ત્યમ આપે કસ;
જ્યમ જ્યમ અદકું ખાતો જાય, ત્યમ અંગે અક્કલે હીણો થાય.
જો મૂકે તો મૂકયે સરે, નહિ તો અખા તે ખાતો મરે.''[૭૧]

સંસારનો રસ અફીણ જેવો છે. જેમ અફીણનું પ્રમાણ વધે તેમ તેનો કેફ વધતો જાય છે. તેવી રીતે સંસાર વધુ ભોગવવામાં આવે તેમ ભોગવનારની આસક્તિમાં વધારો થાય છે. અફીણ વધુ ખાવામાં આવે તો ખાનારાની બુદ્ધિ અને તેના શરીરમાં ઘટાડો જાય છે. તેવી રીતે સંસારમાં આસક્તિ

---

૭૦. સાહિત્યકાર અખો, ખુશાલચંદ ગ્રંથમાળા, પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા, બીજી આવૃત્તિ-૧૯૭૪, પૃ.૧૯૨

૭૧. અખાની કાવ્યકૃતિઓ-છપ્પા, સંશોધક : સંપાદક-ડૉ. શિવલાલ જેસલપુરા, સાહિત્ય-સંશોધન પ્રકાશન, બીજી આવૃત્તિ-૧૯૯૫, પૃ. ૬૦

વધતા ઈન્દ્રિયો શિથિલ બને છે અને બુદ્ધિમાં ઘટાડો થાય છે. છતાં અફીણનો વ્યસની છોડી દેવા માંગે છોડી દઈ શકે પણ મરતાં સુધી તે છોડી દઈ શકતો નથી, તેવી રીતે માણસ સંસારમાં રહેલી આસક્તિ છોડવા માગે તો તરત છોડી શકે પરંતુ મરતા સુધી તે સંસારને, તેની માયાને છોડી શકતો નથી.

અખો નિર્ગુણ બ્રહ્મને ઓળખવાનું કહે છે છતાં ભક્તજન કે હરિજન-જે બ્રહ્મનું દર્શન કરાવે છે તેને ભૂલતો નથી. હરિજન તે હરિ જ છે એમ કહી હરિજનો એટલે કે જ્ઞાની જનોનો એ આદર કરે છે. એતો ઈશ્વરની (હરિ)ની બોલતી મૂર્તિ છે એમ કહી એના પ્રત્યે સદ્‌ભાવ દર્શાવે છે. જ્યારે અખો હરિજનની વાત કરે છે ત્યારે માત્ર ટીલાં-ટપકાં કરીને ભગવાનનું માત્ર બાહ્યાંચારથી જ ભજન કરતાં હરિજનોની વાત કરતો નથી. જે ફક્ત બાહ્ય દેખાવથી ભક્તિ કરે છે તેની અખો ટીકા કરે છે :

– ''મુંડ મુડાવ્યું હરિને કાજ, લોક પૂજે ને કહે મહારાજ,
મન જાણે હરિએ કૃપા કરી, માયામાં લપટાણો ફરી.
સૌને મનઃ તે કરે કલ્યાણ, અખા એને હરિ મળવાની હાણ''[૭૨]

તત્કાલીન સમાજમાં વધી પડેલા બાહ્યાચારો ને બરાબર ઓળખતા અખાએ લોકોને ઠગતા દંભીઓને અહીં નિશાન બનાવ્યા છે. પોતાને હરિ પ્રાપ્તિ થઈ છે એવું ખોટું લોકોનાં મનમાં ઠસાવનારે માથું મુંડાવી સાધુનો વેશ ધારણ કરી લીધો, સંન્યાસી જેવો દેખાવાને કારણે લોકો તેને મહારાજ-મહારાજ કહી તેની પૂજા કરવા લાગ્યા. લોકોની અંધશ્રદ્ધાને કારણે તેણે પણ સમજી લીધું કે સાચે જ હરિએ મારી ઉપર કૃપા કરી છે. પોતે પોતાના દંભનો શિકાર બની બેઠો. લોકો તેને પોતાનાં આત્માનો ઉદ્ધારક તરીકે જુએ છે પણ હકીકતમાં તો તેને પણ હરિની કોઈ જાણ કે જ્ઞાન હોતું નથી.કોઈનું રૂપ લેવાથી તેના ગુણો આપણામાં આવી જતા નથી.

**भावार्थ :** ईश्वरप्राप्ति साठी संन्यासी वेष धारण केल्या मुळे लोक त्याला 'महाराज' म्हणून संबोधन करु लागले. या मूळे त्याचा देखील आपल्याला खरंच ईश्वरप्राप्ति झाली आहे असा गैरसमझ झाला आणि तो दृढ देखील झाला. वास्तविक पाहता त्याला ईश्वरप्राप्ति झालेलीच नाही, ब्रह्मज्ञान तर लांबच राहिले. अशा प्रकारे तो खोट्या मोठेपणाच्या आहारी गेला आहे.

પણ સાચા હરિજનો અને જ્ઞાનીઓ માટે તેને ઘણું માન છે. આવા સાચા બ્રહ્મજ્ઞાનીઓની સ્તુતી કરતો હોય એવી રીતે અખો કહે છે કે,

''હરિના હોય તે હરિને લહે, બીજા હરિની મોટમ્ય કહે;
જ્યમ સાગર-ઉદર માંહેલો મર્મ માલમ જાણે જે કુલધર્મ,
બીજા જળ વડે કરે વ્યાપાર, ત્યમ અખા જ્ઞાની લહે નિર્ધાર.''[૭૩]

૭૨. એજન, પૃ. ૩૨૫
૭૩. એજન, પૃ. ૭૦

જેઓ હરિમાં તલ્લીન, તદ્રુપ રહે તેઓ જ તેને પામી શકે છે. બાકીનાં ઉપરછલ્લું જ્ઞાન ધરાવતાં લોકો તેની મોટાઈનું જ વર્ણન કર્યા કરતા હોય છે. વાસ્તવમાં તેમને પોતાનો એવો કોઈ અનુભવ થયેલો હોતો નથી. 'અધૂરો ઘડો છલકે ઘણો' - એવાતનું સમર્થન અખાની આ વાત દ્વારા મળે છે. જેમ સાગરનાં પેટાળનું રહસ્ય પેઢીઓથી વહાણવટું કરનારાઓ જ જાણતા હોય છે, બાકીનાં બીજા બધા તો સાગરનો ઉપયોગ માલની હેરફેર માટે જ કરતાં હોય છે. તેવી રીતે સાચા હરિજનો સિવાયનો બાકીનાં બધા તો પોતાની ઈચ્છા-આકાંક્ષાઓની પૂર્તિના ભૌતિક લાભ માટે પ્રભુની ઉપાસના કરનારા હોય છે.

''તીરથ કોટિ હરિજનને ચરણ, ક્રિયા હશે તે ગ્રહશે શરણ;
બારે માસ હરિજનને રુદે, હરિ બોલાવે તે જન વદે;
મહામોટો હરિજન-પરતાપ, અખા ગાય હરિ આપોઆપ.''[૭૪]

અખો અહીં હરિજનનું મહત્ત્વ સમજાવે છે. કરોડો તીર્થોની યાત્રા કરવા જેટલું પુણ્ય હરિજનનાં ચરણ સેવનથી મળે છે. હરિજન એટલે જેની ઉપર હરિની કૃપા થઈ હોય તે. આવા આ હરિજનને શરણે જવાનું પણ એજ વિચારી શકે છે કે જેની ઉપર હરિની કૃપા થઈ હોય. હરિજનનાં અંતરમાં સતત હરિ વસતો હોય છે. અંતરમાં રહેલો હરિનાં આદેશ પ્રમાણે જ હરિજનનું વર્તન કે વાણી હોય છે. હરિજન સતત હરિનાં આદેશોને અનુસરતો હોય છે. સાક્ષાત હરિનાં મનમાં પણ આવા હરિજનો પ્રત્યે અપાર સ્નેહ અને ક્ષેમકુશળની ચિંતા રહેલી હોય છે. આવા હરિજનોનું મૂલ્ય આંકીએ એટલું ઓછું જ પડે છે.

**भावार्थ :** हरिजन म्हणजे ज्याच्यावर हरिची कृपा झाली आहे तो. हरिजनांच्या चरण सेवनाने करोडो तीर्थक्षेत्राचे पुण्य लाभत असते. ज्यांच्यावर हरिची कृपा होते त्यांनाच हरिजनांना शरण जाण्याची बुद्धि होत असते. हरीजनांच्या अंतःकरणातून हरिच बोलत असतो. हरि स्वतः हरिजनांचा महिमा गात असतो.

''હરિજનને ગ્રહો કહો શું કરે , જો ગ્રહ બાપડા પરવશ ફરે ?
રવિ ભમંતો, શશી તાં ખે, રાહુ તાં ઘડવિહોણો વહે
કાણો શુક્ર ને લૂલો શનિ, બૃહસ્પતે નાર ખોઈ આપની.
ગ્રહનો ગ્રહ હરિ તે મુજ રદે, તો અખા દીન વચન કોણ વદે ?''[૭૫]

મધ્યકાળનાં સમાજમાં ગ્રહોનાં નડતરનો ભય ભારે હતો. લોકો પોતાના દુઃખનું મૂળ ગયા જન્મમાં કરેલા પાપને ગણતા હતા ઈશ્વર પછી ગ્રહોની કૂદૃષ્ટિ, શની પનોતી, કોઈ ગ્રહ વક્રી છે - જેવી બાબતનોને કારણે પોતાને દુઃખો વેઠવાનાં આવ્યા છે એવું લોકો સમજતા હતા. વધારામાં અણઘડ જ્યોતિષો પ્રજાને વધુ ભરમાવતા હતા. એવા સમયે અખાએ પ્રજાને આ ગ્રહોની પકડમાંથી બહાર

૭૪. એજન, પૃ. ૪૩
૭૫. એજન, પૃ. ૧૦૪

આવવાનું જણાવતાં ગ્રહો પોતે જ કેવા દુઃખો વેઠી રહ્યા છે તેનો ચિતાર આપીને તે ગ્રહોની પરવશતા છતી કરી આપી છે. સૂર્ય બાર રાશિના ચક્રમાં ફર્યા કરે છે, ચંદને ક્ષય ભોગવવો પડે છે, રાહુ ધડ વગરનો છે, શુક્ર કાણો છે, શનિ લૂલો છે અને ગુરુએ તો પોતાની પત્ની ગુમાવી છે. આમ, ગ્રહો પોતે જ દુઃખો ભોગવતા હોય તો તે હરિજનને કેવી રીતે નડવાના હતા ? આ બધાથી ઉત્તમ એવો ગ્રહ એટલે હરિ જ હૃદયમાં વસતો હોય તો બીજા કોઈની સહાય માટે હાથ લાંબો કરવાની જરૂર રહેતી નથી. ઈશ્વર રૂપી બ્રહ્મ સામે આવા બધા ગ્રહોની કોઈ કારી ફાવતી નથી. માટે અખાએ પ્રજાને નો ડર છોડીને ઈશ્વરની મહત્તા સ્વીકારવાનું કહ્યું છે.

હરિજનોની મહાનતા નો સ્વીકાર અને અન્ય સાધનાને બદલે ફક્ત બ્રહ્મ ઉપાસનામાં રત રહેવાનો અખા અને તુકારામનો ઉપદેશ એક સરખો જ લાગે છે. હરિજનોનાં લક્ષણોથી માંડીને હરિજનોનાં કાર્યો તેમજ તેમનું મહત્ત્વ જ્ઞાની એવા અખાએ તેમજ સંત તુકારામ બંનેએ એકસરખી રીતે સ્વીકારીને પોતાની આગવી રીતે આપણી સમક્ષ મુકી આપ્યું છે. જેમકે,

– તુકારામનો અંભગ નંઃ ૩૨, તેમાં તુકારામ કહે છે કે, જે કોઈ સંત પુરુષોની (હરિજનોની) સેવા કરતા હોય તેમનાં દાસનો દાસ મને ગણજો. જો આ શકય થાય તો ઓ હરિ ! હું યુગો સુધી ખુશીથી વારંવાર જન્મો લઈને તેમની સેવા કરતો રહીશ. કદાચ મને નીચ કામ કરવાનું કહેવાશે તો એપણ હરિજન માટે હું ખુશીથી કરીશ, અને મોંઢેથી તારું નામ જપતો જઈશ. પછી મને શુ દુઃખ ? હરિજનોની સેવામાં જ મારા તમામ જન્મો સાર્થક થઈ જશે.

– અભંગ નં : ૧૨૮માં તુકારામે ઉપરની જવાતને બીજા શબ્દોમાં કહી છે. તે કહે છે, પાંડુરંગનાં ચરણોનું જેઓ ધ્યાન કરે છે એવા સજ્જનો (હરિજનો) મારા પ્રિય મિત્રો અને સાથીદારો છે. બીજા બધાને તો હું માત્ર શાસ્ત્રવિધિની મર્યાદા ખાતર માન આપું છું. હું મન, વચન અને કાયા વડે વૈષ્ણવ માત્રનો (હરિજનનો) દાસ છું મને તેમનું એંઠુ ખાવામાં પણ કોઈ શરમ નડશે નહિ. હરિનાં દાસ મને જેટલા વ્હાલા લાગે છે તેટલું મને કોઈ નથી.

– અભંગ નં : ૧૯૯માં તુકારામે હરિજનો સાથે કેવો પ્રકારનો સંબંધ રાખવો જોઈએ તે અંગે વિસ્તારથી પોતાનાં વિચારો વ્યકત કર્યા છે. તેઓ કહે છે કે, હરિજનોનો સહવાસ પ્રાપ્ત કરવો માટે આ પ્રમાણે કાર્યો કરવા જોઈએ. જેમના દર્શનમાત્રથી જ જીવનાં સંસારબંધનો મુકત થઈ જાય છે, જેઓ સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપમાં સ્થિર રહીને પોતાનાં નિજાનંદમાં લીન થયેલા હોય છે, જેઓ મોઢામાંથી જ સિદ્ધિનું ધન આપી શકવા સમર્થ હોય છે, સર્વ તીર્થોનું પુણ્ય જેમનાં ચરણોમાં સ્થિર રહેલું હોય છે, એવા હરિજનો વંદનીય છે. એવા મહાત્માઓ સાથે સર્વતો ભાવે બંધાઈ જવું, સમાન બુદ્ધિ રાખવી, નાસ્તિક ભાવનાનો નાશ કરવો, ભૂતમાત્ર ઉપર દયા રાખો, હૃદયમાં જામી ગયેલા અંહકાર અને દ્વેષરૂપી મેલને દૂર કરવો. સૌ હરિનાં જ રૂપ છે એવો ભાવ ધારણ કરીને સૌમા હરિનું દર્શન કરવું, હું–તુ, નાનો–મોટાનો ભાવ મનમાંથી કાઢી નાખવો. આટલી બાબતોનો ખ્યાલ રાખવાથી સાધુસંતોની કૃપા પ્રાપ્ત થાય છે. સંપૂર્ણ તત્ત્વજ્ઞાનને

સમજ્યા પછી પણ હું જ્ઞાની છું એવો અભિમાનયુક્ત ભાવ જેમણે ત્યજી દીધો છે એવા સંતો, હરિજનોનું નિત્ય દર્શન મને મળતું રહે, એમનાં સત્સંગનો લાભ મળે એવું હું ઈચ્છું છું.

આમ, હરિજનો (જ્ઞાનીઓ) અખાને મન જ્ઞાન-વૈરાગ્યથી મુક્ત એવા ભક્તજન છે તેઓ સંસારમાં રચ્યાંપચ્યાં રહેતા નથી છતાંય સંસારમાં રહીને તેમણે સાચા હરિને ઓળખ્યો છે.

શરીર, સંસાર વગેરેની વિચારણા પણ અખાએ તેનાં છપ્પાઓમાં કરી છે. તેણે ચોવીસ તત્ત્વોનું બનેલું શરીર, પંચમહાભૂતનું શરીર, ત્રણ ગુણોથી બનેલો સંસારનો ઉલ્લેખ કર્યો છે. સંસાર ચોવીસ કે પચ્ચીસ તત્ત્વોનો બનેલો છે એવો ઉલ્લેખ અખાએ છપ્પાઓમાં કર્યો છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ તન્માત્રા, પંચ મહાભૂતોનું બનેલું શરીર નો ઉલ્લેખ અખાએ કર્યો છે.

''પંચતણા પંચવીસે તત્ત્વ, અને વાસનાલિંગ તે તેહેનું સત્ત્વ.
ભૂત ભૂત માંહે વિચરે, અને મૃત્યુ નામ પરપોટો મરે,
એ ભૂત કલ્લોલ સદા સર્વદા, ચિદ્‌વિલાસ અખા મન મુદા.''[૭૬]

આ સૃષ્ટિ પાંચ મહાભૂતમાંથી કુલ પચીસ તત્ત્વોની બનેલી છે. દેહની અંદર રહેલી વાસનાની પ્રેરણાથી એ બધા એકમેકમાં ફર્યા કરે છે એટલે કે વાસના દેહ રચાય છે. તેનાથી કંઈપણ નાશ પામતુ નથી. મૃત્યુરૂપી પરપોટો, એટલેકે મૃત્યુ પણ વિનાશનો આભાસમાત્ર છે. આ પંચભૂતનો સાગર સદા કલ્લોલ કર્યા કરે છે અને એ જ મનને આનંદથી ભરી દેતો ચૈતન્યનો વિલાસ છે.

પંચમહાભૂત : પૃથ્વી પાણી, આકાશ, પ્રકાશ, અને પવન
પાંચ કર્મેન્દ્રિયો : વાક્ર (જીભ), હાથ, પગ, ગુદા અને શિશ્ન
પાંચ જ્ઞાનેન્દ્રિયો : આંખ, કાન, નાક, જીભ અને ત્વચા
પાંચ તન્માત્રા : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ
ચાર અંતઃ કરણ : મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર

''ભૂતપ્રંચ તણો સંસાર, મૂરખ વહે તે વર્ણ-અહંકાર
એતો ભાત્ય ચલાવા વર્ણાવર્ણ, કો મસ્તક, હસ્ત, કટિ, ચર્ણ
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્ર, એ હરિનો પિંડ, અખા કોણ શુદ્ર ?''[૭૭]

અહીં અખો સર્વધર્મસમભાવ, સર્વ વર્ણ સમભાવ અને પ્રાણીમાત્રને સમાન ગણાવીને દરેકનું મહત્ત્વ સમજાવે છે. જગતમાં બધાનું નિર્માણ હરિ દ્વારા થયું હોવાથી કશુંય નકામું નથી. ઉપરાંત તે સમજાવે છે કે આ સંસાર પંચમહાભૂતોનો બનેલો છે. તેમા રહેલા બધા પદાર્થો અને પ્રાણીઓ સમાન છે છતાં ઉચ્ચ વર્ણનું અભિમાન રાખવું તે મૂર્ખાઈ છે. સંસારની વ્યવસ્થા જાળવવા જુદાજુદા વર્ણની

૭૬. એજન, પૃ. ૧૩૨
૭૭. એજન, પૃ. ૧૨૦

રચના કરવામાં આવીછે. તેમાં કોઈ (બ્રાહ્મણ) મસ્તક છે, કોઈ (ક્ષત્રિય) હાથ છે, કોઈ (વૈશ્ય) કેડ છે અને કોઈ (શુદ્ર) પગ છે. આ બધા હરિરૂપી દેહનાં અવયવો છે. તેમાં કોઈ વર્ણને હલકો ગણવો તે હરિનું અપમાન કરવા બરાબર છે.

''ત્રણ ગુણનો સઘળો સંસાર ગુણ વડે ચાલે દેહવ્યાપાર,'' (સ્વ-સ્વરૂપઅંગ)
''એમ અખા સઘળો સંસાર, ત્રિગુણ ભોગનો કરતો આહાર'' (સૂઝ અંગ)

જેવી પંક્તિઓમાં સંસારને ત્રણ ગુણનો બતાવ્યો છે અને આમ છતાં બ્રહ્મ તો તેમને તેમ અણલિંગી જ રહે છે, એમ અખો સમજાવે છે.

બ્રહ્મને જાણવા માટે વૈરાગ્યને પણ અખો આવશ્યત્ત માને છે. વૈરાગ્યજ્ઞાન અને ભક્તિે અખો જ્ઞાન પર આધારિત ગણાવે છે. વૈરાગ્ય એટલે સંસારનાં મિથ્યાત્ત્વ તરફ ઉપરાંત, મુક્તિ અપાવનાર પરિબળ, વૈરાગ્ય એ સ્વયં હરિ છે. વૈરાગ્યથી જ્ઞાતા અને જ્ઞેયનું દ્વૈત શમી જાય છે, અને અદ્વૈતને મેળવી શકાય છે. છપ્પામાં અખાએ કહ્યું છે કે

''ભક્તિ જેવી પંખિણી, જેને જ્ઞાન વૈરાગ્ય બે પાંખ છે.'' (અખેગીતા)

વૈરાગ્ય પરમધન છે અને જેને એની લગની લાગે છે તેના મનમાંથી મારા-તારા નો ભેદ ટળી જાય છે. વૈરાગ્ય એટલે સદંતર સંન્યાસ એમ અખો કહેતો નથી. એતો સંસારમાં રહીને માત્ર અંતરથી વૈરાગી થવાનું કહેછે, અને સાથે જ સંન્યાસ ન લેનારાને પણ કેવી મુક્તિ મળે છે તેના ઉદાહરણો પણ અખાએ આપ્યા છે. ''વૈરાગ્ય અંગ''માં અખાએ જતિ કહેવડાવવા માટે મનને જીતવાનું કહ્યું છે. ખોટા ત્યાગથી દુઃખી થવાની અખો ના પાડતા કહે છે કે

''ગોળે મરે તો ક્યાં શોધે વખ ?''- ભમી ભમીને દુઃખ પામવાની શી જરૂર ? યાત્રા-ધામો ફરનારાને બધાને વૈરાગ્ય આવી જતું નથી. 'સત્ય વૈરાગ્ય સ્વામીનું રહે' અને દેખાડો કરવા પૂરતો વૈરાગ્ય તો પોતાની મશ્કરી કર્યા બરાબર છે એમ તે કહે છે. વૈરાગ્યને અખો 'ગોળીની ચોટ' સાથે સરખાવીને વૈરાગ્ય અંગેનાં પોતાના વિચારો વધુ સ્પષ્ટરીતે આપણી સમક્ષ મુકી આપે છે.

''વૈરાગ્ય વિના તે ઊપજે ખેદ, મહારા-તાહારા ભેદાભેદ
એક સત્ય વૈરાગ્ય બીજી ગોળીની ચોટ, લાગે તે થાય લોટપોટ'' (વૈરાગ્ય અંગ)

આ વૈરાગ્ય માત્ર દેખાવનો નથી. જેને આ વૈરાગ્ય સ્પર્શે છે તે 'લોટપોટ' થઈ જાય છે. સંસારમાં રહીને પણ અંતરથી અકર્તાભાવ રાખી વૈરાગ્ય જીવી શકાય છે. એટલા માટે અખાએ કહ્યું છે કે, 'સૂતર આવે તેમાનું રહે, જેમ તેમ કરીને હરિને લહે'.

વૈરાગ્ય ઉપરાંત ભકિતનો પણ અખાએ મહિમા ગાયો છે. પણ અખાની ભક્તિ જ્ઞાનથી યુકત અને નિર્ગુણ છે. નિર્ગુણ ને પ્રાપ્ત કર્યા પછી એમાં સગુણ ભળે તો ચાલે એમ અખો માને છે. આ અંગે વધુમાં ઉમેરે છે કે

''નિર્ગુણમાં ગુણની ઉપાધ, જીવપણાની લાગી ખાધ.''

પરંપરાથી આવતી એકયાસીમી ભક્તિ પુરી થઈને અખો નિર્ગુણ ભક્તિને વ્યાસીમી ભક્તિ તરીકે ઓળખવે છે.

એકયાસી પ્રકારની સગુણભક્તિ પૂરી કરી જેની બુદ્ધિ વ્યાસીમી ભક્તિમાં પ્રવેશ કરે છે તેઓ બ્રહ્મજ્ઞાનીને સેવે છે. પછી તેણે નવધા ભક્તિની તકલીફ લેવાની રહેતી નથી. પરંતુ નિર્ગુણ ભક્તિના માર્ગે વિરલા જ જાય છે. મોટા ભાગનાં લોકો તો સામાન્ય બહુમતિને અનુસરે છે. ભગવાનને ભજવાનુ અખો કહે છે પણ ભક્તિ એટલે ટીલો-ટપકાં નો આડંબર નહી. આ માટે અખો કહે છે કે,

''મર્મ ન સમજે ભર્મે પડ્યા, કરે અહંકાર હીંડિ આપડ્યાં''

અખાનો ભક્ત પણ એના જ્ઞાની જેવો છે તે આ જગતનાં મિથ્યાત્ત્વને જાણે છે. ભક્તિ કોની કરવી ?

''પૂરો તે જે પૂરણતા લહે, બીજા વહેતા કેડે વહે,
જે નર દેખે સઘળે હરિ, પૂરણ ભક્તિ તેણે કરી
જયહાં જેહવો ત્યહા તહેવો રામ, અખા સઘળાં એહના નામ''[૭૮]

આ છપ્પામાં અખાએ પૂર્ણભક્તિની ચર્ચા કરી છે. ભક્તિ પૂર્ણ થયા પછીની અવસ્થામાં એટલેકે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ પછી મનુષ્ય જગતનાં પ્રત્યેક સ્થળને હરિથી ભરેલું જુએ છે, હરિ સર્વત્ર વ્યાપેલો છે તેની પ્રતિતી થાય ત્યારે એની ભક્તિ સંપૂર્ણતાને પામે એમ કહેવાય. હરિની સર્વવ્યાપકતાને સમજનાર ખરો જ્ઞાની ભક્ત જ આ પૂર્ણતાને સમજી શકે છે. જેમની ભક્તિ આવી પૂર્ણતાની સીમાએ નથી પહોંચી એવા લોકો તેનું અનુકરણ કરીને પોતે પૂર્ણતાને પામ્યાનો દંભ કરતા હોય છે. ભક્ત જે ભાવથી હરિથી નજીક હોય, જે સ્વરૂપે જોતો હોય એને એજ રૂપમાં અને ભાવમાં હરિ દેખાય છે. દરેક ભક્ત પોતપોતાના ભાવ અને રૂપ પ્રમાણે હરિને અલગ-અલગ નામોથી સંબોધિત કરે છે અને હરિનાં અસંખ્ય નામો બને છે પણ વાસ્તવમાં તો હરિ એક અને માત્ર એક જ છે એ હકીકત સ્વીકારવી પડે.

નવધા-ભક્તિ વિવેકનો તેણે વિરોધ કર્યો નથી. અખા ભક્તિ વૈરાગ્યે દ્વૈત પળાય એમ કહે છે. એ આડંબર કે દંભવાળી ભક્તિનો ટીકાકાર છે. તેને મન સાચી ભક્તિ એટલે જ્ઞાન અને વૈરાગ્ય વાળી ભક્તિ છે. નિર્ગુણ ભક્તિને જ અખો સાચી ભક્તિ ગણે છે. જ્યાં આત્માની સાચી સુઝ નથી ત્યાં સાચી ભક્તિ નથી એમ તે માને છે. એવી સાચા સૂઝ વગરની ભક્તિને તે બાહ્યાચાર ગણાવે છે. સુઝ માટે કે જ્ઞાન માટે અખો સદ્‌ગુરુની જરૂરીયાતનો સ્વીકારે છે. સામાન્ય રીતે એવી માન્યતા છે કે અખો ગુરુને સ્વીકારતો નથી, તેની ટીકા કરે છે પણ અખો તો ઢોંગી અને ખોટા-બની બેઠેલાં ગુરુઓની ટીકા કરે છે. જે ગુરુ-ગુરુ થવાને લાયક નથી એવા ગુરુની ઝાટકણી કાઢે છે. એ સમયમાં સમાજમાં ઘણા આડંબરો અને ઢોંગ ચાલતા હતા. આથી સમાજનો સૂક્ષ્મ નિરિક્ષક એવો અખો અવા ઢોંગીઓને તેના

૭૮. એજન, પૃ. ૨૧

છપ્પા રૂપી ચાબખા મારે છે. એણે તો ગુરુ અને ભકત થયા હોવા છતાંય જે માયાની જંજાળમાં રચ્યાં પચ્યાં રહે છે, જે મોહાંધ છે, જે સાચી ભક્તિ કર્યા વગર માત્ર જુઠો વેશ કાઢીને બેઠા છે તેમની ટીકાઓ કરી છે. બાકી સદ્‌ગુરુને તે પ્રણામ કરે છે. સાચા ગુરુ મળ્યાનો તેણે આનંદ પણ વ્યકત કર્યો છે. વળી 'અખેગીતા' જેવા ગ્રંથમાં એણે દરેક કડવાને અંતે 'સેવો હરિ ગુરુ સંતને' કહીને ગુરુનો મહિમા ગાયો છે. અખાને મન હરિગુરુ-સંત એક જ છે. જે ગુરુ છે તે હરિ બતાવે છે. ઢોંગી ગુરુઓ પોતે જ તરી શકતા નથી તો બીજાને ક્યાથી તારે ?

''ગુરુ થૈ બેઠો હોંશે કરી, કંઠે પ્હાણ શકે ક્યમ તરી ?'' (ગુરુ અંગ)
''પોતે હરિનેનૈ જાણે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ, (ગુરુ અંગ)

જ્ઞાની અને સદ્‌ગુરુને અખો શ્રેષ્ઠ ગણે છે. એનો ગુરુ આત્માની સૂઝવાળો, વૈરાગી, દિનરાત હરિમાં લીન રહેનારો, જે સર્વત્ર હરિને જુએ છે તેવો હોય છે. તે બ્રહ્મનો અનુભવી છે, તે શિષ્યોનો ઉદ્ધાર કરે છે. સદ્‌ગુરુની શક્તિ અમાપ, અનંત છે એનું અખો સ્વીકારે છે.

''જાણી લે જગદીશ, શીશ સદ્‌ગુરુને નામી;
અવસર છે આ વાર, સાર શ્રીપત્ય ભજ સ્વામી;
જો: જાવું નથી દૂર, ઉર અંતર અવલોકી,
ટાળ અસત અહંકાર, ચાર સ્થળ રહ્યો જે રોકી;
ચરણકમળ ગુરુદેવનાં સેવંતા સદ્ય હરિ મળે;''[૭૯]

અખો કહે છે સદ્‌ગુરુને શીશ નમાવીને જગદીશ (બ્રહ્મ) ને ઓળખી લે એને પ્રાપ્ત કરવા માટે આ મનુષ્ય-અવતાર યોગ્ય તક છે. સૃષ્ટિનાં સારરૂપ અને કલ્યાણનાં સ્વામીને ભજવા માટે દૂર જવાની જરૂર નથી. હૃદયમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અંતર એમ ચાર સ્થાનને રોકી રહેલા અસત અહંકારનો નાશ કર. જેમ સૂર્યના પ્રકાશથી અંધકાર દૂર થાય છે એવી રીતે સદ્‌ગુરુનાં ચરણકમળને સેવવાથી અજ્ઞાન દૂર થાય છે અને તરત જ હરિ મળે છે.''

આમ, સાચાં સદ્‌ગુરુ માટે અખાને માન છે. ગુરુથી જ જ્ઞાન-વિવેક અને હરિની પ્રાપ્તિ થાય છે એવું તે સ્વીકારે છે. છતાં અખો આત્માને ગુરુ થવાનું કહે છે.

- ''જે નરને આત્મા ગુરુ થશે, કહ્યું અખાનું તે પ્રીછશે''

આત્મા જીવનો ગુરુ જીવનો થાય એવો ઉપદેશ આપી અખો જ્ઞાની થવાનું કહી સદ્‌ગુરુ ન મળે તો પોતાનાં સ્વરૂપને પ્રાપ્ત કરવા કહેછે. પોતાને જ પોતાનો ગુરુ થવાનો આદેશ અખો જ આપી શકે છે.

- ''ગુરુ થા તારો તું જ'' (અનુભવ બિંદુ)

---

૭૯. અનુભવબિંદુ (પદ-૪), પૃ. ૨૮

આમ, સમગ્ર રીતે અખાએ પોતાની ફિલસૂફી છપ્પા દ્વારા વ્યક્ત કરી છે. તે માટે તેણે સરળભાષા, ઉપમા અને દૃષ્ટાંતો દ્વારા સચોટતાથી પોતાનાં સ્પષ્ટ વિચારો રજુ કર્યા છે. જીવને શિવ સ્વરૂપ પ્રાપ્ત કરી મુક્તિનો, જીવનમુક્ત થવાનો માર્ગ અખાએ કૈવલાદ્વૈત વેદાંત સિદ્ધાંતને આધારે નિરુપ્યો છે. અખાને કર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ગુરુ વિશે જે કંઈ કહેવાનું છે તેમાં તેણે મર્યાદા રાખી છે. રાખ્યો છે. બધાની પાછળ રહેલાં બ્રહ્મની લીલાને આલેખવા અખાએ પોતાનં છપ્પાઓમાં અનેક ઉદાહરણો વણી લીધા છે. અને અંતે બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એવું તે કહેવા માંગે છે. તત્ત્વજ્ઞાનને તેણે સહજરીતે વ્યકત કર્યું છે. અખો જીવ, ઈશ્વર, બ્રહ્મ, માયા વગેરેને ઉપમાઓ દ્વારા એટલી સચોટ રીતે વ્યકત કરે છે કે સામાન્યમાં સામાન્ય માનવીને પણ એની ધારી અસર થાય છે. અખાનું જ્ઞાન કે ઉપદેશ અનુભવી છે. પોતે અનુભવીને પછી કહેલી વાત છે. જુદાજુદા છપ્પાઓમાં અખાનાં જ્ઞાનનો આપણને પરિચય થાય છે. અદ્વૈતનાં સિદ્ધાંતને નિરૂપતી વખતે જરૂર પડ્યે બીજા સિદ્ધાંતો પણ તેણે અપનાવ્યા છે. એકમાત્ર પરમેશ્વરને જ તેણે બ્રહ્મસ્વરૂપે આલેખ્યોછે. ''ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ? – જેવી પંક્તિમાં તેનો એકેશ્વરવાદ છતો થતો જોવા મળે છે. માયાનાં નિરૂપણ માટે પણ અખાએ અનેક ઉદાહરણો આપીને વિવિધ સ્પષ્ટતાઓ કરી છે. તેણે બ્રહ્મને 'ગાવાની' કોશિશ કરી છે, વણ ચાખેલા રસને 'ચાવવાની' કોશિશ કરી છે, અખો માત્ર પરલોકને મહત્ત્વ આપતો નથી. તેણે તત્કાલીન સમાજ જીવનમાં ઘર કરી ગયેલા દુર્ગુણો , સડાઓ અંધશ્રદ્ધા જોયા અને તેમાંથી સમાજને સુધારવા, સમાજને ઉગારવાના પ્રયત્નો 'સખત શબ્દો'માં કર્યા. તેને તો લોકોને જીવનની સાચી સમજ આપવી હતી, એટલે એણે ફક્ત દુગુર્ણો જ બતાવી સમાજને સાચો રસ્તો ચિંધ્યો હતો. આડંબર, ઢોંગ વગેરેને દૂર કરી શુદ્ધ જીવન અને હરિજનનું (જ્ઞાનીનું )જીવન જીવવાનો ઉપદેશ અખાએ આપ્યો છે.

અખાની ફિલસૂફી વેદાંતનાં કૈવલાદ્વૈતને અનુસરતી છે. આથી આ બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે એવી અખાની માન્યતા અખાનાં છપ્પામાંથી વ્યકત થાય છે. બ્રહ્મનું વ્યાપક દર્શન ફક્ત જ્ઞાની જ કરી શકે છે એવો અખાનો મત છે. અજ્ઞાન અને માયાનાં આવરણને કારણે બ્રહ્મનું દર્શન થતું નથી. આ જગતમાં માયા, જીવ આ બધી જ લીલાઓ બ્રહ્મની છે. બ્રહ્મનું પ્રગટીકરણ ફક્ત બ્રહ્મમાં જ થાય છે. જગત અને જીવની માયા દૂર થતા જ બ્રહ્મનાં દર્શન થાય છે. આ બ્રહ્મ અકર્તા છે. એને સ્થળ-કાળની અસર થતી નથી. બ્રહ્મ પછી જે કંઈ દેખાય છે તે તો આભાસ માત્ર છે. જગત બ્રહ્મને કારણે છે. જગતનો આપણને ભાસ થાય છે, બાકી જગત છે જ નહી એવું દર્શાવવા, અખો દોરડામાં દેખાતો સાપ, અને રેતીમાં દેખાતાં મૃગજળનું ઉદાહરણ આપે છે. બ્રહ્મમાં જગત દેખાય છે પણ અજ્ઞાનનાં આવરણને કારણે જીવ એ સાચું જોઈ શકતો નથી. પણ જયાં દોરડું છે જ નહી ત્યાં સાપ કેવી રીતે શકય છે! એમ કહીને અખો સમજાવે છે કે ચૈતન્યરૂપી બ્રહ્મ એક જ છે અને બીજુ ભાસે છે તે ખોટું છે. માત્ર કેવળ અદ્વૈત છે. આવા આ બ્રહ્મને જુદીજુદી ઉપમાઓ અને જુદીજુદી દલીલોથી સમજાવવાનો અખાએ પ્રયત્ન કર્યો છે. કોઈકવાર 'એક જનહી ત્યાં બીજુ કશું?' એમ કહીને બ્રહ્મ અવ્યકત છે એવો ખ્યાલ રજુ કર્યો છે.

'જાણું નૈ શું વાસો વસું', 'પંચ નહી ત્યાં કોની સાખ'? એવા પ્રશ્નો દ્વારા અખો બ્રહ્મની લીલા વર્ણવે છે અને બ્રહ્મજ પૂરણ બ્રહ્મ એવો હરિ છે એમ કહે છે. આ જગત બ્રહ્મ દ્વારા રચાયું છે. બ્રહ્મ બધાની પાસે રહીને પણ અલિપ્ત રહે છે. તેનામાં કશું ભળી શકતું નથી. કશું મળવાથી તેનામાં કોઈ ફેરફાર થતો નથી. જેમ સોનામાં કોઈ અન્ય ધાતુ મેળવવામાં આવે તોપણ સોનું પોતાનું અસ્તિત્ત્વ જાળવી રાખે છે એવું બ્રહ્મનું છે. બ્રહ્મની કોઈ ચોક્કસ સ્થિતિ નથી એતો 'અચળ્યું દીસે' છે અને 'ભૂત ભવિષ્યનો અહીં નોહે થાય' એવી તેની પરમસ્થિતિ છે. આવા આ બ્રહ્મનો અવિર્ભાવ નથી તો તેનો નાશ કયાંથી થાય? આ બ્રહ્મમાં કશું ખોવાનું કે પામવાની લાલચ નથી. સંસારમાં બ્રહ્મનું સ્વરૂપ જેને સમજાય છે તે મુક્તિ મેળવે છે. તે અજ્ઞાનરુપી, મલીનતાવાળી આંખે દેખી શકાય એવી વસ્તુ નથી. કોઈ રસમાં ઢળે એવું બ્રહ્મનું સ્વરૂપ નથી. બ્રહ્મ અંગે આગળ વાણી શું વ્યકત કરે? બ્રહ્મનું શરણ લેતો અખો કહે છે કે,

''ઉપમા સર્વ છે માયા વડે, તે તો કૈવલ્યને નવ અડે,
અખા વસ્તુ ગૂંગાનો ગોળ, તાંહાં ઉપમા તે માયાંની ટોળ.''[૮૦]
''જ્યાંહા થાવા ને જાવા નથી, ત્યાં વાણી શું કાઢે કથી?
અખા તેહ વડે સર્વ જાણ, તો તેહને કથી શકે કયમ વાણ?''[૮૧]

માયાનાં આવરણને કારણે બ્રહ્મનું સાચું દર્શન થતું નથી, માયાને કારણે તે સમજાતું નથી. જેમ કોઈ ગૂંગી વ્યકિત ગોળ ખાય તોપણ તે ગોળની મીઠાશનું બોલીને વર્ણન કરી શકતો નથી એવું આ માયાનું છે, એવું આ બ્રહ્મનાં અનુભવનું પણ છે. બ્રહ્મ વડે બધું જ શકય છે પણ એને વાણીમાં વ્યકત કરી શકાય તેમ નથી. માયાનાં પડળો દૂર થાય તો બ્રહ્મ 'જયમનું ત્યમ' જોવા મળે છે. એમાં ફેરફાર થતો નથી. જે ફેરફાર દેખાય છે તે માત્ર ત્રિગુણાને કારણે થતો આભાસ છે. દેશકાળનો મહિમા પણ આવા બ્રહ્મ જેવા પરમપદમાં નથી. જેમ કોઈ હાથને આંગળીઓ હોય અને એ આંગળીઓનાં ઈશારાથી કોઈ આપણને નચાવે તેવી રીતે માયાનું અને બ્રહ્મલીલાનું નાટક સત્ય, ગેતા, દ્વાપર અને કળિયુગમાં આપણને નચાવતું આવ્યું છે. અનંતકાળ સુધી બ્રહ્મલીલાનું આ નાટક ચાલતું રહે છે. તેને કોઈ કર્મ કહે છે તો કોઈ માયા કહે છે. પણ બ્રહ્મમાં અખો કહે છે તેમ 'એવાનું એવા ચીપા' બાકી નકામી પક્ષાપથી થાય છે. બ્રહ્મનો કોઈ આદિ-અંત નથી. તેમાં કોઈ વધ-ઘટ નથી. બ્રહ્મની લીલા નીત્ય થતી જ રહે છે પણ કોઈ તેને મારી આગળ થયું એમ કહી શકતું નથી. તે સ્વતંત્ર છે. બ્રહ્મ એક જ છે. છતાં જીવે-માયા વશ એની વિવિધ કલ્પનાઓ કરી છે. ખરેખર તપાસીએતો ખબર પડે કે દોરડું જ નથી ત્યાં સાપ કેવી રીતે હોઈ શકે? ચૈતન્ય બ્રહ્મ પરમ દીપક છે. બ્રહ્મની લીલાનું નાટક અઘરું છે, 'સ્વતઃ દિસે સામરું!' અહીં ઉત્પત્તિ, સ્થિતિ, લય સહજરીતે થાય છે અને પ્રવાહની જેમ લીલા થયા કરે છે. બ્રહ્મનાં નાટકની રીત એવી છે કે માયાને કારણે દ્વૈત-અદ્વૈત લાગ્યા કરે છે. બાકી અહીંતો જે છે તે સ્વયં બ્રહ્મ છે.

૮૦. એજન, પૃ. ૩૦
૮૧. એજન, પૃ. ૩૧
૮૨. એજન, પૃ. ૮૯

''સહજ સ્વભાવે સર્વાતીત, દ્વૈત તેહ જ ભાસ્યુ, અદ્વૈત,
જયમ દ્રુમાસ વિશે બહુ દીસે ભાત્ય, પણ પોત થકી નહિ અળગી જાત્ય.''[૮૨]

બ્રહ્મ જ આ બધું કરે છે તે છતાં તે અકરતા છે. તે સંસારને ઘડે છે છતાંય કિરતાર અકરતા રહે છે. વિરાટ બ્રહ્માંડ એક જ છે અને બીજા બધા પિંડ એના જ સ્વરૂપો છે. બ્રહ્મમાં વિશ્વ અને વિશ્વમાં બ્રહ્મ રહેલું છે. બ્રહ્મમાં કોઈ ફેરફાર થતો નથી. વિશ્વમાં જે કંઈ થાય છે તેને કારણે બ્રહ્મમાં કશું વધતું-ઘટતું નથી. આ બાબત સમજાવવા અખાએ સુંદર ઉપમા દ્વારા કહ્યું છે કે,

''જયમ દુધે ફીણ ફિસોટા થાય, તેણે તોલ ન વધેને, આકાશ રુંધાય,
વકર્યા તત્ત્વ ધરે રૂપ નામ, અખા ઉત્પત્ય લય ઠામનું ઠામ.''[૮૩]

અર્થાત્ જેમ દૂધને ગરમ કરવાથી ઉભરાયેલા ફીણને કારણે દુધની સપાટીમાં વધારો થયો હોય એવું લાગે છે પણ હકીકતમાં તો ફીણ વધવાથી દૂધનાં કદમાં કોઈ વધ-ઘટ થયેલી હોતી નથી. પાણીને ગરમ કરવાથી તે ઉભરાય છે. ત્યારે એ ઉભરાને કારણે કંઈ પાણીમાં વધ થઈ છે એવું હોતું નથી તેવી જ રીતે બ્રહ્મનું છે. આખા જગતમાં સર્વત્ર બ્રહ્મ વ્યાપેલું હોવાથી વધારાનું બ્રહ્મ કયાંથી લાવવું ને શેમાં ઉમેરવું એવો પ્રશ્ન અખાને પણ થાય છે. આમ, તે બ્રહ્મની સાર્વત્રિકતાનો મહિમા ગાય છે. જુદાજુદા નામ આપવાથી બ્રહ્મમાં કોઈ ફેરફાર થતો નથી. કુબુદ્ધિને કારણે બ્રહ્મ આપણને દર્શન આપતું નથી. અખાની ફિલસૂફીમાં બ્રહ્મની લીલાનો મહિમા ભારેછે. વિવિધ ઉપમાઓ દ્વારા ઘણીવાર અખો બ્રહ્મનાં સ્વરૂપને આલેખે છે અને અદ્વૈત બ્રહ્મની લીલા માનવીને કેવી રીતે ચકિત કરે છે તે સમજાવે છે. આવા બ્રહ્મનાં સ્વરૂપને વર્ણવી ન શકાય, જ્ઞાની પુરુષો જ તેને સમજી શકે છે. અખાએ બ્રહ્મનાં વર્ણવેલા સ્વરૂપને સમજાવવા માટે નીચેનાં ઉદાહરણો જોઈએ.

''અરૂપી અગોચર બળ કરે, દ્રુમ વિષે જેમ નીર પરવરે,
થડ મૂળ શાખા પત્ર ફળફૂલ, રગરગે નીર ચઢે આમૂલ,
પાણી અખા સદા અવિનાશ પણ થઈ આવ્યું તે થાય નાશ.''[૮૪]

અહીં અખો પરમાત્માનાં અવિનાશી સ્વરૂપની વાત કરે છે બ્રહ્મને કોઈ આકાર કે રૂપ નથી, રંગ નથી ગંધ નથી તે અરૂપી રહીને જ પોતાનું બળ પ્રગટ કરે છે. જગતનાં મૂર્ત કે રૂપધારી પદાર્થો કાળક્રમે નાશ પામે છે. પણ બ્રહ્મ અવિનાશી છે. અનંત છે. બ્રહ્મને પાણી સાથે સરખાવતાં અખો કહે છે કે જેમ ઝાડનાં મૂળમાં નાખેલું પાણી થડ, પાંદડા, ફૂળફૂલ સુધી વિસ્તરે છે છતાંય તે કયારેય પાણી રૂપે ફરીથી ઝાડ ઉપર દેખાતું નથી. તેવી જ રીતે બ્રહ્મ પણ અરૂપ રહીને પ્રગટતું રહે છે. સૃષ્ટિના અણું-અણુંમાં વ્યાપેલું આ બ્રહ્મ અદશ્ય છે.

૮૩. એજન, પૃ.૧૩૨
૮૪. એજન, પૃ.૨૮૬

**भावार्थ :** ब्रह्म (परमात्मा) जगता अरुपी राहुन वावरत असतो. सर्व पदार्थां मध्ये व्याप्त असून सुद्धां ते स्वतःचे रुप प्रकट करित नाही. ते अरुप, अनंत आणि अविनाशी आहे. ब्रह्म हे जगातील भौतिक वस्तूंच्या रुपात प्रकट होत असते. ते अणुरेणुत व्याप्त आहे, हे समजावण्यासाठी अखाने येथे पाण्याचे उदाहरण दिले आहे. झाडाच्या मुळाशी दिलेले पाणी फूल, पानां पर्यंत पसरते पण तरी ही पाण्याचा स्वरुपात ते आपल्याला झाडावर दिसत नाही. आपण त्याला फळ, फूल या स्वरुपातच पाहू शकतो. तसेच ब्रह्म देखील अरुपानं प्रकट होत राहते.

આ બ્રહ્મ-ઉત્પન્ન થયુ છે, જન્મ્યુ છે કે કશામાં વસીને સ્થિર થયું છે એમ કહી શકાય તેવું નથી. એ શરીરધારી કે ઈન્દ્રિયગમ્ય નથી. જો બ્રહ્મ સિવાય (બ્રહ્મથી ભિન્ન) એવું કશાનું અસ્તિત્વ જ નથી તો એનું સાથી કોણ હોય ? ઈન્દ્રિયો દ્વારા તેનો અનુભવ કરી શકાતો નથી છતાં કદી ચાખ્યોન હોય એવો એનો રસ જીભ વગર પણ ચાખી શકાય છે. જો સમજવાનો પ્રયત્ન કરીએ તો જ આ હકીકત પરમતત્ત્વ અજન્મા, એક અને અદ્વિતિય છે તે સમાજાય છે.

અખો અહીં બ્રહ્મની નિરાકાર, જન્મ-મૃત્યુ કારની સ્થિતિની વાત કરે છે. તે એક અને માત્ર એક જ છે તો પછી તેના વિશે બીજી માહિતી કોણ પાણી શકે ? - એવા પ્રશ્ન દ્વારા અખો અદ્વૈત નું મહત્ત્વ સમજાવે છે. તેનો પાર પામવો અશક્ય છે. તેનો તાગ મેળવવાના વ્યર્થ પ્રયત્નો કરવા કરતા તેની મહતા સ્વીકારી લેવી એજ યોગ્ય છે.

**भावार्थ :** ब्रह्म उत्पन्न झालंय ? ते कशात स्थिर झालंय ? या प्रश्नांचा उत्तर नाही. ते शरीरधारी किंवा इंद्रियगम्य नाही. जर ब्रह्मशिवाय इतर कुणाचंच अस्तित्व नाही तर त्याची साक्ष कोण देणार ? इंद्रियांच्या सहाय्याने देखील याचा अनुभव येअु शकत नाही. तरी सुद्धा ज्या रसाला स्वाद नाही असा ब्रह्मरस आपणांस चाखता येअु शकतो. ब्रह्म मात्र एकच आणि अद्वितीय आहे, ते यावरुन लक्षांत येते. त्याच्या व्यतिरिक्त इतर अस्तित्वाचा स्वीकार करणे म्हणजे शुद्ध वेडेपणाच ठरतो. मृत्यु पावलेल्या पूर्वजांच्या नांवाने जर आपण आज रडलो तर तो वेडेपणाच नाही का ?

અહીં તુકારામનો ૨૫૬મો અભંગ આજવાત કહેતો હોય એવું લાગે છે. હું કાંઈ જ નથી હું કોઈનો નથી હું કોઈ ગામનો વાસી નથી. સૌ અધિષ્ઠાનોનું એક માત્ર અધિષ્ઠાન જે અદ્વૈત બ્રહ્મ છે તે હું એકલો જ છું. હું ક્યાંય જતો-આવતો નથી. મારા વિશે કશુંય કહેવું વ્યર્થ છે. મારા માટે કોઈ પોતાનું કે પારકું નથી. હું વાસ્તવમાં કોઈ એકનો નથી. મને કોઈ જીવાડી કે હણી શકતું નથી. હું સદાકાળ છું, તેવોને તેવો જ છું. તુકારામ કહે છે કે મને નથી રૂપ કે નથી નિશાન, કર્મ અને અકર્મથી હું તદ્દન ભિન્ન છું.

''પરિબ્રહ્મ જોવાને મન, બહુભાત્યનાં કરે જતન
પૂતળીને કયમ જુએ ચક્ષ, જો દેખણહાર પૂતળી છે મુખ્ય ?
જો દર્પણ માંડી જોવા જાય, તે તો અખા નિજ છાયા પ્રાય.''[૮૫]

---

૮૫. એજન, પૃ. ૨૬૮

પરબ્રહ્મને જોવા માટે માણસનાં પ્રયત્નો ઓછા પડે છે. અનેક પ્રયત્નો કરવા છતાં તેનું રૂપ નરી આંખે જોઈ શકાતું નથી. અહીં અખો આંખનું પ્રતીક લઈને સમજાવે છે કે જેમ આંખની કીકી જોવાનું જ કામ કરતી હોવા છતાં તે પોતાને જોઈ શકતી નથી. અરિસામાં પોતાને જુએ તો તેની છાયા માત્ર દેખાય છે. શરીર અને છાયાનાં ભેદની જેમજ બ્રહ્મનું છે. તે સતત સાથે હોવા છતાંય તેને જોઈ શકાતું નથી. આપણે જ જોઈએ છીએ તેતો ભ્રમ માત્ર છે. એવી રીતે માયાને લીધે મનમાં ઊપન્ન થયેલી ઈચ્છા મુજબ મનુષ્ય સગુણ સાકાર બ્રહ્મને જુએ છે, સાચા અરૂપી બ્રહ્મને જોઈ શકાતું નથી.

**भावार्थ :** ब्रह्म पाहता यावे या साठी आपण बरेच प्रयत्न करीत असतो. कुठलीही वस्तू बधण्याचे कार्य डोळ्यातली बाहुली करीत असते. पण ती स्वतःला मात्र पाहू शकत नाही. जरी तिनं आरशात स्वतःला पाहण्याचा प्रयत्न केला तरी त्यात तिला जे दिसते ते तिचे प्रतिबिंब असते. ब्रह्म देखील असेच असते. माये मुळे मनांत उत्पन्न झालेल्या ईच्छेनुसार व्यक्तिला सगुणसाकार ब्रह्म दिसू शकते पण खरे ब्रह्म पाहणे शक्यच नसते.

અખાને મતે જગત મિથ્યા છે અને એ ભાસે છે તેનુ કારણ અજ્ઞાન અને માયા છે. જીવ અને બ્રહ્મ પણ એક જ છે. પણ અજ્ઞાન દશા અને માયાની લીલાને કારણે તે જુદો દેખાય છે. જીવને હરિની ઈચ્છા થતા હરિને મળે છે. જે જીવ હરિને સમજે છે (બ્રહ્મને) તેનો બધો ભ્રમ ટળે છે. જીવ સુઝવિનાનો હોય તો માયા તરફ વળે છે આખો સંસાર જીવની અણસમજ ઉપર ચાલતો રહે છે. જીવ એ પણ બ્રહ્મનું જ સ્વરૂપ છે, પણ જીવ ટળ્યા વગર બ્રહ્મ મળતો નથી. જીવ માયાની મોહરૂપી જાળમાં ફસાઈને વ્યસનોનો આદી બને છે રોગીલો બને છે અને પછી બ્રહ્મ જેવી વસ્તુનો અને પોતાનો વિચાર કરતો નથી એવું એનું પતન થાય છે. પંચભૂતનાં શરીરવાળો જીવ પ્રકૃતિનાં સંસારમાં મોહ પામે છે અને દેહ જડતા ધારણ કરે છે.

જીવ અને શિવ (ઈશ્વર) એક જ છે. આ વાતને અખો આ રીતે સ્પષ્ટ કહે છે.

''જીવ શિવ વસ્તુગત એક, અહંતા કેરી લાગી .....ટેક''

આ અહંકારનો ભાવ માયાનો જ એક ભાગ છે. તે ઉજ્જ્વળ સ્વરૂપમાં કાળા દાગ જેવો રહે છે. પરિબ્રહ્મને ઓળખવા માટે જીવે પ્રયત્નો કરવા પડે છે, કોઈ સાધારણ નબળાં માણસનું કામ નથી. બ્રહ્મને પામવું દરેકના હાથની વાત નથી. અખો કહે છે.

''અગમપંથ મહામોટો ભલ્લ, ચાલી શકે કો એકલમલ્લ.
સાહામો મળે નહિ, નાકો જાય, નિજબળ-બળિયો ત્યં ઠેરાય;
બાકી અખા હોંકારા કરે, ભૂમિ વિના પગ કોએક ધરે.''[૮૬]

આ છપ્પામાં અખો બ્રહ્મ પ્રાપ્તિનાં માર્ગવિશે વાત કરતા તેનાં ઉજળાં અને નબળાં પાસા ઉપર પ્રકાશ પાડે છે. બ્રહ્મપ્રાપ્તિ એ કાંઈ ખાવાના ખેલ નથી. તે દરેક જણ માટે સહજ કે શક્ય નથી.

૮૬. એજન, પૃ. ૨૦

આ માર્ગમાં કોઈ માર્ગદર્શન કે સલાહ સૂચનો મળતાં નથી. કોઈ પોતાનો અનુભવ કહી આપણને માહિતી આપતું નથી. અનેક અંતરાયો ભર્યો આ માર્ગ દરેકે પોતે જ પસાર કરવાનો રહે છે. માર્ગમાં આવતા તમામ વિઘ્નોને પોતાનાં જ્ઞાન અને સૂઝથી દૂર કરવાના રહે છે. આ માર્ગમાં કોઈ આપણી આગળ-પાછળ કે સાથે હોતુ નથી. તદ્દન એકલપંડે પોતાનાં ધ્યેય અને આધ્યાત્મિક બળ ઉપર વિશ્વાસ રાખી આ માર્ગ પસાર કરી શકાય છે. બ્રહ્મપ્રાપ્તિ કર્યા વગર આ બાબત ઉપર ચર્ચા-વિચારણાં કરનારાઓ તો ઘણાં મળે છે પણ સાચાં અર્થમાં આ રસ્તે જઈ બ્રહ્મપ્રાપ્તિ કરનાર તો વિરલભકત જ હોઈ શકે. ભૂમિ વગરનાં આ અઘરા માર્ગે જવાનું સાહસ કરનાર વ્યક્તિ અણ હોય તોજ તમામ મુશ્કેલી ઓને પાર કરી બ્રહ્મપ્રાપ્તિ કરી શકે છે, પોતાનું કલ્યાણ સાધી શકે છે.

અખાની આવાતનો સૂર તુકારામનાં ૩૨૭માં અભંગમાં સંભળાય છે. વૈરાગ્યની વાતો મોઢેથી કરવી સહેલી છે પણ તેનો અમલ કરવા જઈએ તો ખબર પડે છે કે એ તો ખાંડાની ધાર ઉપર ચાલવાના ખેલ છે. સહજ વૈરાગ્યની અવસ્થામાં રહેવું એટલું મુશ્કેલ છે કે જો કોઈ કહે કે અમ વૈરાગ્ય સિદ્ધ કર્યો છે તો તેની વાત મારા માન્યામાં આવતી નથી. જેમ કોળિયે કોળિયે વિષનું ભક્ષણ કરવાથી દુ:ખ જ થાય છે તેવી રીતે વૈરાગ્યની સ્થિતિમાં રહેવા જતા ક્ષણે-ક્ષણે કષ્ટ વેઠવું પડે છે. એ કષ્ટો સહન કરીને જે સિદ્ધ થાય છે તેને ધન્ય છે. તુકારામ કહે છે કે મને સાચા વૈરાગ્યની સ્થિતિમાં બરાબર રહી બતાવે તેનાં ચરણને હું મારા હૃદયમાં સ્થાન આપીશ.

જીવ પોતે એકલો કશું કરી શકતો નથી. છતાં પોતે જ બધું કરે છે એવું અભિમાન લઈને ફરે છે. ઈશ્વર બધા કામ કરે છે પણ તે 'હું-પણા'માં ક્યારેય બંધાતો નથી. જીવન જ પોતે 'હું-હું' કરી માયામાં ફસાય છે. જેમકે,

"કામ સકળ હરિથાં નીપજે, પણ હરિ શિર પોતે નવ લે રજે.
જીવ થકી કાંઈયે નવ થાય, હું હું કરી ફોકે બંધાય.
શકટ તળે જ્યમ ચાલે શ્વાન, એમ અખા ધરવું સર્વ માન."[૮૭]

જગતનું બધુકામ હરિ જ કરે છે. બધી પ્રવૃત્તિઓનો કર્તા હરિ હોવા છતાંય તે પોતે તેના કર્તુત્ત્વોનો જરાયે અહંકાર રાખતો નથી. બીજી તરફ જીવ એકલો કશું કરી શકવા સમર્થ નથી હોતો તે છતાંય દરેક કામ મેં કર્યુ-મેં કર્યું એમ કહીને ગર્વથી ખોટો ફૂલાઈ જાય છે. જે કામ પોતે કર્યુ નથી તેનું ખોટું અભિમાન રાખે છે. ગાડા નીચે કોઈ કૂતરું ચાલતું હોય તો તેને એમ જ લાગે છે કે આ ગાડું હું ચાલાવું છું-મારે લીધે ચાલે છે. પણ હકીકતમાં તો તે ગાડાની ફક્ત છાયા હેઠળ ચાલતું હોય છે. અખો કહે છે કે જીવની તમામ પ્રવૃત્તિઓ ખોટા અભિમાનથી ભરેલી હોય છે. પોતાની અસમર્થતાને ઢાંકવા તે ખોટા અભિમાનને આશરો લઈ વધુને વધુ માયામાં લપેટાતો જાય છે પણ તેને વાસ્તવિકતાનું જ્ઞાન હોતું નથી. જીવ 'હું' પણાનું અભિમાન ત્યજે અને મન મુકીને બ્રહ્મને સમજે તો તે પોતે જ શિવ છે. શિવ પોતે વર્ણ વેશ,

૮૭. એજન, પૃ. ૯૧

અહંકારથી મુક્ત છે. પણ જીવ સાચા માર્ગે બ્રહ્મ મેળવવાને બદલે વ્યસનના લતે ચડે છે તેથી મધ્યમાં અટવાય છે. જીવ પોતે ખળખળતા ઝરણા રૂપે રહી શકતો નથી અને કર્મની જાળમાં બંધાઈ રહે છે.

જેમ આકાશ સઘળે વ્યાપેલું છે તેવી જ રીતે જીવ બ્રહ્મમાં વ્યાપેલો છે જીવ તો બ્રહ્મમાં પાછળથી ઉભુ થયેલું તત્ત્વ છે. મારા પહેલા અને મારા પછી પણ બ્રહ્મ તો છે જ એ સમજી લે છે તે જ્ઞાની છે. જીવતો પાણીની લહેર અને પરપોટા જેવો છે. જેમ આકાશના ચંદનાં પાણીમાના પ્રતિબિંબને આપણે હાલતા-ચાલતા જોઈએ છીએ પણ હકીકતમાં તો તેનો આકાર જે છે તે જ રહે છે. ચંદને કોઈ બીજો આકાર નથી હોતો. તેવી જ રીતે બધે પરમાત્મા જ એક પિંડ છે. જીવ એ બ્રહ્મનો જ અંશ છે તો જીવે બ્રહ્મને ઓળખીને ચાલવું જોઈએ.

જીવને બ્રહ્મથી અળગી રાખવામાં માયા મોટોભાગ ભજવે છે. બહ્મને મળવામાં જીવને માયા આડી આવે છે. માયાનું આવરણ દૂર કરીને જ જીવ બ્રહ્મનું દર્શન કરી શકે છે. માયા જ જગતનો મિથ્યા ભાસ જીવને કરાવે છે. માયાનાં કૃત્યો વિશે અખો વિવિધ દૃષ્ટાંતો આપીને માયાથી જીવ કેવો બેહાલ થાય છે તેનો ચિતાર આપે છે.

માયાથી જે નિઃસ્પૃહી અને દૂર રહે તેને જ ઈશ્વરની પ્રાપ્તિ થાય છે. માનવ મન એવું વિચિત્ર છે કે એને માયામાં જ અટવાવું ગમે છે અને તેથી ઈશ્વરને ભજવાના જ્ઞાન-વૈરાગ્યનાં સાચા રસ્તા છોડી અન્ય ઉપાયો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. બ્રહ્મને ઉપમા આવીએ તો પણ એ ''માયાની ટોળ'' જ છે. અખાએ ''માયા અંગ''માં માયાનાં સ્વરૂપ વિશે અને એના કામો વિશે આલેખન કર્યુ છે જેમકે,

> ''માયાના ગુણ કર્મ રૂપ નામ, માયાના ગુણ શ્વેત ને શ્યામ;
> માયાને માહારા પારકા, દેવ દાનવ બેહુ માયા થકી;
> માયાના ગુણ જ્યાંહા નવ છબે-તેને અખાને આવ્યું લબે.''[૮૮]

અખો અહીં માયાની વ્યાપકતાની વાત કરે છે, જાતનાં દરેક પ્રકારનાં કર્મો, રૂપ અને નામ, યોગ્ય અયોગ્ય (શ્વેત-શ્યામ)ના તથા માનવી માનવીમાં રહેલો મારા-તારાનો ભેદ ઊપરાંત દેવ-દાનવ વૃત્તિઓ અને તે વિશેની માન્યતાઓ પણ માયાને કારણે જ ઉદ્ભવેલી છે. માયાને કારણે જાતમાં ભેદાભેદ ઉત્પથી થયો છે. પણ માયાની મર્યાદા એ છે કે તેનાં કોઈ પણ લક્ષણો પરમતત્ત્વ એવા બ્રહ્મને સ્પર્શી શકતા નથી. બ્રહ્મ માયાથી પર રહે છે. આ પરમતત્ત્વ બ્રહ્મને અખાએ અનુભવ્યું છે. તેનો અનુભવ એટલો અદ્ભુત છે કે અખો તેનું વર્ણન કરી શકે તેમ નથી.

**भावार्थ :** अखानं या छप्प्यात मायेची सर्वव्यापकता दर्शविली आहे. जगातील सगळ्याच प्रकारची कर्मे, रुप, नाम, मोक्ष, अयोग्यता तसेच माणसा माणसातला आपपरभाव, देवदानववृत्ती आदिंसाठी पण त्यांन या मायेलाच जबाबदार ठरविले आहे. फक्त परब्रह्मच माये पासून पर असते. आणि अशा या परब्रह्माची अनुभूति इतकी अलौकिक असते की अखा त्याचे वर्णन करु शकत नाही.

---

૮૮. એજન, પૃ. ૩૧

''હાઠગણી માયા પાપણી,જ્યમ સેવંતા ડસે સાપણી;
સિધ્યને કાજે યોગીજન થાવા અજરામર કરે જતંન,
તેહને મંત્ર અઘોર ખવરાવે નર્ક, પણ અખા નદેખાડે આતમ-અર્ક''[૮૯]

**भावार्थ :** माया ही मोठी जादूगरीण आहे, पापिणी आहे. साप जसे त्याला पाळणाऱ्याला देखील दंश करायला मागेपुढे पाहत नाही त्या प्रमाणे माया देखील तिला वश झालेल्यांना त्रास देते. काही योगीजन अमरत्त्व प्राप्त करण्यासाठी तांत्रिक विधी करतात, तेव्हां तांत्रिक लोक त्यांना विधीचा एक भाग म्हणून विष्टा खाअु धालतात. मायावश झालेले योगीजन ते देखील खातात. अशा प्रकारे माया असे अनुभव घेअुन सुद्धा आत्मप्राप्ति होअु देत नाही.

અખાનાં માયા વિશેના આ વિચારો, તુકારામનાં માયાનાં વિચારો સાથે ઘણા સુસંગત લાગે છે. બંને સર્જકો-જ્ઞાની છે તેથી માયાનાં આવા સ્વરૂપને તેમણે ઓળખીને અન્ય જીવોને માયાથી દૂર રહેવાનો અનુરોધ કર્યો છે. પરમાત્મા અને જીવનાં મિલન વચ્ચે અંતરાય બની રહેતી માયાનું સાચું સ્વરૂપ ઓળખ્યા વિના તેનો આ છદ્દમવેશ છતો થતો નથી. અખા ના જેવા જ વિચાર પોતાની રીતે તુકારામે અંભગોમાં આ રીતે વ્યકત કર્યો છે. જોગ મહારાજની તુકારામ ગાથાનાં અંભગ નં : ૩૦૬માં તુકારામ્ કહે છે કે શરીરની છાયા જેમ શરીરની સાથે ને સાથે જ રહે છે તેમ બ્રહ્મની છાયા રૂપિણી માયા, જે આખા વિશ્વમાં વ્યાપી રહેલી છે તેને લીધે સત્યરૂપી બ્રહ્મને આપણી આંખો જોઈ શકતી નથી. માયાની એ વિક્ષેપક શક્તિને કારણે જગતનું વાસ્તવિક રૂપ જોઈ શકાતુ નથી. તેથી મિથ્યા જેવી અવિદ્યાનો મોટો વિસ્તાર આપણી સમક્ષ આવીને ઊભો રહે છે. આપણું પોતાનું મન જ આપણને સંસારની સાથે બાંધી રાખે છે હે દેવો તુ મને આ મિથ્યા માયાની ચૂંગાલમાંથી છોડાવ.

આ ઉપરાંત અભંગ ન : ૨૦૩૫માં તુકારામ કહે છે, અરે મારા મન ! તુ માયાની જાળમાં ફસાઈશ નહિ કારણકે તને ખાઈ જનારો કાળ તારી નજીક જ ઉભો છે. જે ક્ષણે કાળ તારી ઉપર ઝડપ કરશે ત્યારે તને કોઈજ છોડાવી શકશે નહી. તારા કોઈ સગાવ્હાલાં કે રાજા પણ તારી મદદે આવશે નહિ. પણ ફક્ત હાથમાં ચક્રધારી એવા સ્વયં પરમાત્મા જ તારો ઉદ્ધાર કરી શકશે કારણકે તે માયાને વશ થયેલા નથી.

માયાથી સુખ મળે છે એ સાચુ નથી. માનવી સુખ દેખીને મલકાય છે પણ એ જાણતો નથી કે જીવનાં ભોગે તેને આ સુખ મળી રહ્યું છે. ખુશીનું કારણ આપણાં મનના અજ્ઞાનમાં રહેલું છે. અને તેમાંથી આનંદ મેળવવા તે પોતાને ફાવે તેવા પ્રયત્નો કર્યા કરેછે.

અખો કહે છે, માયા અનેક રીતે ચાળા કરે છે અને તેથી જ શબ્દની જંજાળ અને ફળકામના ઉપર જીવ મોહીત થાયછે. આમાંથી ભાગ્યેજ કોઈ બચી શકે છે. ફળની કામના કરવાથી જંન્મનાં ફેરા ફરવા પડે છે. જીવ નિષ્કામ બને તો રામ દૂર નથી પણ માયાથી તો બ્રહ્માદિક પણ પાર

૮૯. એજન, પૃ. ૩૩

પામ્યા નથી એમ માનીને તેનાથી છૂટવાનો પ્રયત્ન છોડશો નહી. હરિ સૌની અગોચર છે. જ્યારે હરિ મળવાનાં થાય છે. ત્યારે ઊંચનીચ-રંકરાયનો ભેદ જોતા નથી.

માયાને (સંસારને) તજી દેવાથી તે ફરી ફરી વળગે છે. પણ તેનો સમૂળગો નાશ કરાય તો પછી કશી ઉપાધિ રહેતી નથી તે માટે મરતા પહેલાં મરી જવાની એટલે કે કર્મમાત્રથી મુકત થવાની જરૂર રહે છે તેથી દેહભાવ અને જીવભાવનો નાશ થતાં પરમતત્ત્વ હરિનો અનુભવ થાય છે. તે સિવાય તો અંધારામાં નાસી જનારની સાથે અંધારુ રહે છે તેવી જ રીતે કર્મની સાથે જ માયા (બંધન) સતત રહેલી છે.

માયા જીવને ભરમાવે છે. વિચાર કરતાં આપણને માયાનાં આ કપટી કાર્યો સમજાય છે. માયાને કારણે જીવને સંતોષ મળતો નથી. જ્યાં-ત્યાં એનો મોહ વધતો જાય છે માયાનાં મોહથી જીવ ક્યારેય ધરાતો નથી. માયાથી કોઈને સુખ મળતું નથી.

માયા જીવને વધારેને વધારે અસંતોષી રાખે છે અને એના સાચા સ્વરૂપને ઓળખવામાં બાધા ઊભી કરે છે. સંસારનાં આ મિથ્યા તત્ત્વને અખાએ ઘણે ઠેકાણે જુદીજુદી ઉપમાઓ દ્વારા નિરુપ્યું છે. જ્ઞાની અખાએ માયાને બરાબર ઓળખી છે, અને શાણા માણસની જેમ એને દૂર જ રાખી છે.

અખાએ માયા છોડીને બ્રહ્મને ઓળખવાનું કહ્યું છે. કટાક્ષ કરીને, તીરસ્કાર દર્શાવીને તેણે માયા અંગેના પોતાનાં વિચારો વ્યકત કર્યા છે. માયા છોડવાનું કહેતા અખાએ સંસાર ત્યજી-સંન્યાસી થવાનું કહ્યું નથી. એકવાર બ્રહ્મને ઓળખ્યા પછી ‘સૂતર આવે ત્યમ તું રહે’ - પછી ગૃહસ્થાશ્રમ ભોગવે તો એનો વાંધો નથી માત્ર માયાનું વળગણ છોડવાનું છે. અખાના બ્રહ્મ, જીવ અને માયાનાં વિચારોમાં ઘણી વિશાળતા છે. આ ત્રણેનો વિચાર અખાએ વેદાન્તના કૈવલાદ્વૈતના સિદ્ધાંતને આધારે કર્યો છે. તત્ત્વજ્ઞાન અખાને સહજ છે. જ્યારે સમાજમાં બાહ્યચારો અને અન્ય વિંડંબનાઓ વધી પડી હતી ત્યારે એને પરિણામે દંભ અને પાખંડ વધ્યા હતા ત્યારે એવા સમયે અખાએ તત્ત્વજ્ઞાન દ્વારા યોગ્યમાર્ગ બતાવ્યો હતો. અખાએ જે સરળ અને સોંસરી ઉતરી જાય એવી વેધક ભાષામાં જીવ, માયા અને બ્રહ્મ વિશે પોતાનાં વિચારો કહ્યાં છે એવું મધ્યકાળનાં અન્ય કોઈ કવિએ કર્યું નથી.

તત્કાલીન સમાજમાં પેઠેલો દુષણો ઉપર અખાએ છપ્પા દ્વારા આકરા પ્રહારો કર્યા છે તેનું સમાજનું અવલોકન ઘણું સૂક્ષ્મ છે. સામાજિક, વ્યાવહારિક જીવનનાં દુર્ગુણો, અધર્મ આચરતી પ્રજા, ઊણપો વગેરે જોઈને તેની ઉપર પ્રહાર કરી તેમને સાચું જ્ઞાન આપવાનો અખાનો ઉદ્દેશ હતો. ભોગવિલાસમાં, અંધશ્રદ્ધામાં અને બાહ્યાચારો તથા આડંબરમાં સમાજનાં લોકો ફસાયા ન હોત તો અખાને આકરા શબ્દો વાપરવાની જરૂર જ ન પડત પણ અખાને સમાજમાં જ્યાં-જ્યાં ‘કૂડે કૂડ’ દેખાયા. આથી તે ખૂબ નિરાશ, દુ:ખી અને અંતે ક્રોધિત થયેલો જણાય છે. પ્રજાજીવનની, આધ્યાત્મિક દૂષણોની તેણે સખત શબ્દોમાં ટીકાઓ કરી છે. અંધશ્રદ્ધાથી ધર્મ આચરવાનો પ્રયત્ન કરતી પ્રજા તરફ તેને તિરસ્કાર ઘૂટ્યો હતો. તેને પણ ઘણાં આવા અનુભવો નજરે પડયા હશે ત્યારે તેના આત્માએ

આટલું ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલું જણાઈ આવે છે. પહેલા સંસાર–તરફ તેને આવા કારણોને લીધે વૈરાગ્ય ઉપજ્યો અને વૈરાગ્ય પછી તેણે જ્ઞાન મેળવ્યું અને આ મેળવેલાં જ્ઞાનનો ઉપયોગ તેણે સમાજને સુધારવા માટે કર્યો એમ કહી શકાય. સંસારમાં રહીને, સંસારથી અલિપ્ત એવા જ્ઞાની અખાએ પોતાની આસપાસનું જગત જોઈને, એ જગત સમજે, શીખે અને ઉગરે તે માટે જાણે કે એક સમાજસુધારકનું રૂપ ધારણ કર્યું. પણ આ સમાજસુધારક મૃદુ,શાંત કે કોમળ નહોતો. એ વાતની પ્રતિતી આપણને તેણે કરેલાં પ્રહારો અને વાપરેલી ભાષા તેમજ દૃષ્ટાંતો દ્વારા થાય છે. જીવનમાં સાચી સૂઝ વગર અથડાતાં કૂટાતા લોકો તેણે જોયા, કહેવાતા જ્ઞાનીજનો કેવી રીતે આવી અજ્ઞાની પ્રજાનું શોષણ કરતા હતા તે જોઈને અખો ઉકળી ઉઠે છે. તે સમાજનાં સામાન્ય વર્ગને પોતાનું નિશાન બનાવતો નથી પણ સમાજમાં 'અમે કંઈક છીએ', 'અમને અનુસરો' જેવી બાબતોમાં ખોટાજ્ઞાનીજનો, કહેવાતા દંભીઓ–અભિમાનીઓ તરફ તે પોતાનું નિશાન તાકે છે. તે કહે છે,

> ''જ્યાંહાં જોઈએ ત્યાંહા કૂડે કૂડ, સાહમાસાહમી બેઠાં ઘૂડ;
> કો આવી વાત સૂર્યની કરે, તે આગળ લેઈ ચાંચ જ ઘરે;
> અમારે હજાર વર્ષ અંધારે ગયા, તમે આવા ડાહ્યાં ક્યાંહાથી થયા ?
> અખા મોટાની તો એહવી જાણ, મૂકી હીરો ઉપાડે પહાણ ''[૯૦]

''અહીં અખાએ કહેવાતા જ્ઞાનીઓને ઉદ્દેશીને સરસ વાત કહી છે. કેટલાંક શાસ્ત્રી-વિદ્વાનો પોથી–પંડિત હોય છે. તેમને મન પોતે સૌથી જ્ઞાની હોય છે. આવા લોકો પોતાનાંથી બીજું કોઈ જ્ઞાની હોઈ શકે, આત્મજ્ઞાની હોઈ શકે છે એવી વાત માનવા તૈયાર થતાં નથી. જે પોતે અનુભવ્યું નથી તે આ દુનિયામાંજ નથી એવો તેમનો મત હોય છે. બીજા આગળ પોતે હંમેશા પોતાની આત્મવંચના માજ રત રહી અન્યનાં જ્ઞાનને નીચો બતાવવાનો પ્રયત્ન કરતા દંભીઓ ઘૂવડો જેવા છે. ઘૂવડોની દૃષ્ટિ રાત્રે જ કામ કરતી હોય છે. દિવસનાં અજવાળું તેમને માટે અંધારા જેવું હોય છે. તેથી પોતે જે અંધકાર જોતા આવ્યા છે એને જ તેઓ સત્ય માની લે છે અને કોઈ દિવસનાં અજવાળાની વાત કરે તો તેની હાંસી ઉડાવતા હોય છે. દિવસનાં અજવાળારૂપી જ્ઞાનને (હિરાને) સ્વીકારવાને બદલે તેઓ રાતનાં અંધકારરૂપી અજ્ઞાન સ્વીકારે છે પણ એ ભૂલ છે એ કોણ તેમને સમજાવે ?''

**भावार्थः–** कांही घुबडे एकत्र झाली असता, जर त्यापैकी कुणी सूर्यप्रकाशा बद्दल बोलले तर सगळे त्याला म्हणतात की आम्ही हजारो वर्षांपासून अंधारातच जगत आलोय प्रकाशा (उजेड) सारखी कुठली वस्तूच नाही. तर तुम्हाला हे कसे कळले ? तुम्ही हा नवीन शहाणपणा कुठुन शिकलांत ? अशा प्रकारे स्वतःला ज्ञानी म्हणवनारे अज्ञानीजन खऱ्या ज्ञानाचा कदीच स्वीकार करीत नाही. हिऱ्याचा (ज्ञान) त्याग करुन दगड (अज्ञान) घेण्यासारखी ही गोष्ट आहे.

---

૯૦. એજન, પૃ. ૩૨૨
૯૧. એજન, પૃ. ૩૧૪

"જોજો રે મોટાના બોલ, ઊજ્જડ ખેડે બાજ્યું ઢોલ,
અંધઅંધ અંધારે મળ્યા, જયમ તલમાં કોદરા ભળ્યા,
ન થાયે ધેંસ કે ન થાય ધાણી, કહે અખો એવાતો અમે જાણી."[૯૧]

અહીં અખો કહેવાતા મોટાં લોકોની વાતોની પોકળતા ખુલ્લી કરે છે. જે પોતે જ્ઞાની નથી એવા લોકો અજ્ઞાનીઓ સામે જ્ઞાનની (અજ્ઞાનની જ) વાતો માંડી રહ્યા છે. એને કોણ સમજે? જેમ ઉજ્જડ ગામમાં કોઈ વાતનો ઢંઢેરો પીટાયં તો સાંભળનારું કોઈ હોતું નથી. આવા ઢંઢેરાનો શો અર્થ? માણસો અંધારમાં કોઈ કામ કે પ્રવૃત્તિ કરે તો તેને પોતે સાચું કર્યું છે કે ખોટું તેની ખબર જ પડતી નથી. તો અંધારામા કરેલા આવા કામનો શો અર્થ! તલ ઘાણીમાં પીલાય તો તેલ આપે, પણ કોદરામાં ભળી જાય તો તેની ધાણી પણ ન થાય કે તેની ધેંશ પણ ન થાય. તલ અને કોદરા બંને નિરથૃક વેડફાય. આમ, નિરર્થક વાતોનો કોઈ અર્થ જ નથી હોતો તે છતાંય લોકો તેનો ઢંઢેરો પીટી પોતાનું અજ્ઞાન દર્શાવતા હોય છે.

**भावार्थः–** जगात जे महान ज्ञानी समझले जातात त्यांच्या गोष्टी खरं म्हणजे उजाड गांवात पिटलेल्या डांगोऱ्या सारख्या असतात. अंधारात जर कुणी कांही काम किंवा प्रवृत्ति केली तर त्याचा काय उपयोग ? तीळ जर कोलूत टाकले तर तेल मिळू शकते पण तीळ आणि तांदळाच्या कण्या एकत्र केल्या तर तेल तर मिळत नाहीच पण कोदरी देखील होत नाही. दोघांचाही गुण वाया जातो.

"જો જોરે મોટાની સૂઝ, સોનાનાં ઘરેણાં ને પીતળની પૂજ,
છે કર્તા ને થઈ રહ્યો દાસ, કરે ભક્તિ ને રાખે વિશ્વાસ;
કહે અખો એ અવળું પડ્યું, પરમેશ્વર ખોળતાં એ પરપંચ મળ્યું."[૯૨]

અખો અહીં ફરી 'સોની પણાં'ને યાદ કરે છે. ઘડવું–બનાવવવું એ તેનું કામ હતું, પણ એ કામમાંથી નિષ્પન્ન થતી માયામાં જગત કેવું લપેટાય છે તેની વાત આ છપ્પામાં અખો કરે છે. જગતમાં દરેક સ્થળે ઈશ્વરનાં સગુણરૂપની–મૂર્તિની પૂજા થાય છે. મૂર્તિ બનાવનારો તેને પિત્તળની ધાતુમાં બનાવે છે. અને મૂર્તિને ભકતો દાગીનાં સોનાના પહેરાવતાં હોય છે ! જે મૂર્તિને ઘડનારો પોતે છે તે પોતેજ ઘડેલી મુર્તિનો દાસ (ભકત) બને છે. મૂર્તિમાં રહેલો ઈશ્વર પોતાનું ભલું કરશે એવો ભાવ રાખે છે. આતો પરમેશ્વરને બનાવીને પછી તેનાં દાસ થવા જેવું થયું. માનવી પરમેશ્વરને પામવા ફરીથી મૂર્તિનાં પ્રપંચ–પૂજા સંસારની માયામાં અટવાઈ ગયો. આવી આ સૂઝને શું કહેવું?

**भावार्थः–** देवाच्या पितळेच्या मूर्ति जो धडवतो तो च त्यांचा दास बनून राहतो. आणि पितळेच्या मूर्तिला सोन्याचे दागिने घालतो. ती मूर्ति त्यानं घडवली आहे म्हणून ती मूर्ति त्याचा उद्धार करेल अशी भावना ठेवतो. हे तर सुलट करताना उलट झाले असे म्हणता येईल. माणूस ईच्छा ईश्वरप्राप्तिची करत असतो पण मूर्तिपूजा इत्यादि प्रपंच मायेत अडकतो.

૯૨. એજન, પૃ. ૩૫૯

અહીં અખો મૂર્તિપૂજાનો વિરોધ કરતો હોય તેમ લાગે છે. સમાજમાં મોટું દુષણ ફેલાવી રહેલા દંભીઓ, પાખંડીઓ અને તેમનાં હાથે ભોળવાઈ રહેલી પ્રજાને અખાએ જોઈ છે. અજ્ઞાનને દુર કરવા જ્ઞાનની જરૂર હોય છે પણ તત્કાલીન સમાજમાં તો અજ્ઞાનને દૂર કરવા અજ્ઞાન જ વપરાતું અખાએ જોયું, ગંદકી વધતી જ જોઈ. સમાજનાં સૂક્ષ્મ નિરિક્ષક એવા અખાએ છપ્પાઓમાં પ્રયોજેલા ઉદાહરણો ઉપરથી તેની વાત વધુ ઊંડાણથી સમજી શકાય છે.

આવું જ કંઈક તુકારામ પણ કહે છે. તુકારામનાં દરેક અભંગમાં એક પ્રકારનું ઉદ્‌બોધન જોવા મળે છે. તેઓ પરબ્રહ્મના રૂપને વિઠ્ઠલનાં સાકારરૂપમાં જુએ છે. તેથી તેમનું અંતિમ લક્ષ્ય બ્રહ્મ એટલે કે વિઠ્ઠલ જ રહેલું હોય છે. અભંગ નં : ૩૬૫માં તુકારામ કહે છે કે મોઢેથી કથા કરનારાઓનાં બોલ બહારથી સારાં લાગે છે પણ તે બોલને અનુરૂપ તેમની અંદરની સ્થિતિ હોતી નથી. એટલે કે તેમનાં બોલ પોકળ હોય છે. આવા જુઠાં અને પાખંડી લોકોને આ લોકમાં જ કશું સુખ નથી મળતું તો પારલૌકિક સુમની તો આશા જ શી ? જેની રહેણી અને કહેણી એકસમાન હોય, પરમાર્થની બાબતમાં પોતાનાં અંગ ઉપર જરાપણ ડાઘો પડવા ન દે તેવા ભકતોને હું વંદન કરું છું તુકારામ કહે છે, કે મોઢેથી પોકળ બોલતા લોકો હાડકાનાં ટૂકડા માટે લડી મરનારા કૂતરા જેવા છે.

આ ઉપરાંત અભંગ નં ૪૭૪માં તુકારામ કહે છે કે સમાજમાં વિવિધ પ્રકારનાં તર્ક-વિતર્ક કરવામાં કુશળ એવા ઘણાં પંડિતો છે પણ તેનાથી વિઠોબાનાં સ્વરૂપનું સાચું ભાન કે પાર તેઓ ક્યારેય પામી શકવાના નથી. પછી તેઓ ભલેને ભિન્ન પ્રકારનાં શાસ્ત્રોનાં પઠન-પાઠન કરે, શાસ્ત્રનાં વચનોમાંથી મનમાન્યા અર્થો તારવે, પણ તેનાથી વિઠોબાના મહિમાનું જ્ઞાન તેઓ પામી શકવાના નથી. મનની સરળતા વિના બ્રહ્મ પ્રાપ્તિ થતી નથી. શાસ્ત્ર જ્ઞાનની પટ્ટીથી પાંડુરંગને માપી જોવાના જેમણે પ્રયત્નો કર્યા છે તેમના બધા પ્રયત્નો વ્યર્થ ગયા છે.

તત્કાલીન સમાજનાં લોકો સાચો વિચાર કર્યા વગર દેખાદેખીથી એકબીજાનો અનુસરતાં હતાં, અંધશ્રદ્ધામાં ઘેરાયેલા હતા. કર્મકાંડો અને ક્રિયા પૂજાઓમાં અટવાયેલાંઓને અખો કહે છે કે,

એતો "હેતુ વિના પ્રવૃત્તિ બહુ વધે, જ્યમ હૂંસે કબુદ્ધિ બેસે ગધે,
ત્યમ દેખાદેખી સહુ કો કરે, પણ કો ન જુએ શું છે સરે;
અખા જો વિચારી જુએ, રોતા દેખી સહુ કો રુએ"[૯૩]

પરમતત્ત્વને પ્રાપ્ત કરવાના હેતુથી ખોટી પ્રવૃત્તિઓ (ધર્મ-કર્મ, ધાર્મિક ક્રિયાકાંડો)વધતી જાય છે પણ આતો કોઈ મૂરખ માણસ ચડસાચડસીથી ગધેડાં પર બેસે તેવી મૂર્ખાઈ જ છે. સહુ દેખાદેખી થી આવી પ્રવૃત્તિઓ કરે છે પણ અંતે શો લાભ થાય છે તેનો કોઈ વિચાર કરતું નથી. જો કોઈ પોતાની બુદ્ધિથી વિચાર કરે તો તેને સમજાય કે આતો બીજાની મૂર્ખાઈનું ખોટું અનુકરણ કરવા જેવું છે. જેમ કોઈને રડતા જોઈ, તેનાં રડવાનું કારણ જાણ્યા વગર, સહુ રડવા લાગે તેવી વાત છે.

---

૯૩. એજન, પૃ. ૧૮

માણસ સુખ મેળવવા માટે કર્મ કરે છે, પણ કેફ કે નશાની જેમ ઊલટાના તે દુ:ખદાયક થઈ પડે છે. કર્મ વડે નજીકમાં રહેલા સાકાર અને સગુણ ઈશ્વરને જોઈ શકાય છે. તેનાથી અજ્ઞાન કે જીવભાવથી મુક્ત થઈ શકાતુ નથી. કર્મકાંડોથી મનની મુંઝવણો દૂર થતી નથી.

અહીં અખો નિર્ગુણ ઈશ્વરની ઉપાસનાનો મહિમા કરે છે અને સાથોસાથ ક્રિયાકાંડો-વિધીઓનો વિરોધ કરતો જણાય છે.

કેટલાંક મનુષ્યો ઉત્તમ-સત્ત્વગુણી તો કેટલાંક મનુષ્યો મધ્યમ-રજોગુણી કર્મમાં આસક્ત થાય છે. દારુ અને કપૂર વધુ ઓછાં પ્રમાણમાં ઘેન ઉત્પન્ન કરી શરીરને કાબૂમાં લઈ લે છે, તેવી રીતે બંને પ્રકારનાં કર્મો વધુ કે ઓછી પણ આસક્તિ તો ઉત્પન્ન કરે જ છે. એજ પ્રમાણે સારાં કે ખરાબ કોઈપણ પ્રકારનાં કર્મો, વિકાર જ ગણાય માટે જીવભાવ ટાળી મનુષ્યએ આત્મસ્વરૂપમાં રહેવું જોઈએ તેનાથી બંને પ્રકારનાં કર્મથી અલિપ્ત રહી શકાશે એમ અખો કહે છે.

બ્રહ્મને પામવાનું સાચું સાધન શુદ્ધવિચાર છે. તેનાથી અહંતા-મમતાનો અંત આવે છે. પોતાનાં આત્માને ઓળખવામાં ન આવે તો મન ભ્રમમાં જ રહે છે, કર્મો કરવાથી એમાંથી છૂટી શકાતું નથી. અખાએ જેઓ ખોટા ક્રિયાકાંડોમાં અટવાઈને ઉલટાનું ઈશ્વરથી દૂર થાય છે તેમને ઈશ્વરની સમીપ કેવી રીતે જવું તેનું સાચું કર્મ કે સાચો રસ્તો ચીંધ્યો છે. શું કરવાથી હરિથી નજીક જવાય છે, હરિને પામી શકાય છે અને શું કરવાથી હરિ આપણાંથી દૂર જાય છે, પ્રાપ્તિ થતી નથી. આ બંને વાતો અખો પોતે આત્માનુભવથી સુપેરે જાણે છે અને હંમેશા લોકોનો સાચો રસ્તો ચીંધે છે.

ઈશ્વરને પામવા સંસારનો ત્યાગ કરીને સંન્યાસ ધારણ કરી બેઠેલા દંભીઓને પણ અખો છોડતો નથી. અખો સંસારમાં રહી બ્રહ્મને પામવાનું કહે છે. બ્રહ્મને મેળવવા-પામવા આપણાં આત્મિયોને દુ:ખવવાની કે દેખાડો કરવા માટે દુનિયાનાં વ્યવહારો છોડવાનું અખો કહેતો નથી. પ્રવૃત્તિ-નિવૃત્તિ બંનેને સાથે રાખી ઈશ્વર મેળવી શકાય છે પણ આ બંનેમાંથી કોઈ એકમાં પણ ભલીવાર ન હોય તો

''નિવૃત્ય-પ્રવૃત્ય શમણાંનું ધન, ઊંધ્યો નર તેહનું કરે જતન,
જાગ્યે રૂડું-કૂડું ટળે, જ્ઞાની તે જે પાછો વળે
અખા પરપંચ નહી પરમાણ, ઠાલો શું થઈ બેસે જાણ ?''

બ્રહ્મને ઓળખવા માટે પ્રવૃત્તિ અને નિવૃત્તિ (કર્મ અને સંસાર ત્યાગ) સ્વપ્નનાં ધન જેવી મિથ્યા છે. ઊંઘતો (અજ્ઞાની) માણસ તેનું જતન કરે છે એટલે કે તે ને સાચી હકિકત માની તેને સેવે છે. પણ જે જાગ્યો છે (આત્મજ્ઞાની) તે આ બંનેથી પર છે, તેને ઉપયોગી માનતો નથી. સંસાર સત્ય નથી તો પછી તું એનો જાણકાર શા માટે બની બેઠો છે ?''[૯૪]

અહીં અખો કર્મ એટલે વ્યવહારિક ફરજો,સામાજિક, નૈતિક ફરજોની વાત કરે છે. <u>ઘરમાં પત્ની, બાળકો મા-બાપને સુખેથી રાખવાને બદલે ખોટાં રસ્તે ચડી, અજ્ઞાનવશ સંસાર છોડીને</u>

૯૪. એજન, પૃ. ૧૬૦

ઈશ્વરપ્રાપ્તિ માટે નીકળી પડવું એ યોગ્ય નથી. કર્મને-કર્તવ્યને છોડી માનવી ક્યાંય સુખી થઈ શકતો નથી એમ કહીને અખો જાણે કે મનુષ્યને કર્મયોગી થવાનું કહેતો હોય એવું જણાય છે. નિવૃત્તિ લઈ એટલે કે સંસારથી વિરકત થઈ કશું જ ન કરવાથી પણ ઈશ્વર મળતો નથી. ઠાલો વિશ્વાસ કે ખોટા રસ્તે ચડી ઈશ્વર પામવાની માનસિકતાને અખો ફટકારે છે. એવા લોકો ન ઘરનાં અને ઘાટનાં (ન સંસારી ન સંન્યાસી) જેવું જીવન જીવે છે.

તત્કાલીન સમાજમાં આભડછેટનું દૂષણ પણ ઘણું મોટું સ્વરૂપ ધરાવતું હતું. બ્રાહ્મણો-વૈષ્ણવો પોતાને ઉચ્ચકુળ-ઉચ્ચજ્ઞાતિના ગણીને અન્ય વર્ણનાં લોકોને સાવ હડધૂત કરતા હતાં. આભડછેટનાં ઘણા નિતી-નિયમોમાં સમાજ જકડાયેલો હતો. હરિજનો-શુદ્રોનો તો જાણે સમાજમાં સ્વીકાર થતો નહોતો. સમાજ બહારની વ્યક્તિ તરીકે તેમની સાથે થતો તોડછો વ્યવહાર જોઈને અખો તેની ઉપર કટાક્ષ કરતા કહે છે કે,

"આભડછોત્ય અત્યંજનઘેર જણી, બ્રાહ્મણ-વૈષ્ણવ કીધાં ઘણી,
બારેકાળ ભોગવે એ બે, સહુને ઘેર આવી-ગઈ રહે,
અખા હરિ જાણ્યે જડ જાય, નહિતો મનસા-વાચા પેસી રહે કાય."[૯૫]

આભડછેટ અંત્યજને ઘરે જન્મેલી પુત્રી છે. આ પુત્રીએ (સ્ત્રીએ) બ્રાહ્મણ-ને વૈષ્ણવોને પોતાના પતિ બનાવ્યા છે. જેઓ બધો વખત તેને ભોગવે છે. બીજાઓને ઘેર તો તે પ્રસંગોપાત જ જાયછે. હરિને ઓળખવાથી આ જડતા મનમાંથી (આભડછેટ) દૂર થાય છે (બધાને સરખી દૃષ્ટિથી જોવાની વૃત્તિ થાય છે) જો આમ ન થાય, (સાચો હરિ જો અંત્યજ કે વૈષ્ણવ-બ્રાહ્મણનો ભેદ નથી રાખતો તો પછી) "આપણા મન, કર્મ અને વચનમાં શું કામ રાખવી જોઈએ ?

આભડછેટ અંગેનાં વિચારો વ્યકત કરતાં તુકારામ આપણે સાચ હરિજન ભકતનાં લક્ષણો વર્ણવી આપે છે. પોતાનાં અભંગનં ૭૦૭ માં તે કહે છે કે, કોઈ માણસ ભલે જાતનો મહાર (અત્યંજ) હોય પણ જો તે સરળભાવે રામ-કૃષ્ણનો જાપ કરે, મનમાં શ્રીહરિની શ્યામ મૂર્તિની સ્થાપના કરે, દયાક્ષમા અને શાંતિ વગેરે જેવી સાત્વિક વૃત્તિઓને પોતાના અંગ ઉપર ધારણ કરે, કોઈ વિકટ પ્રસંગ ઉપસ્થિત થાય તો પણ જેની સ્થિરતાનો અને ચિત્તના સમતોલપણાંનો ભંગ થતો નથી, જેણે કામક્રોધ જેવા શત્રુઓને પોતાનાં અંતઃકરણમાંથી હાંકી કાઢયા છે તેને ખરો બ્રાહ્મણ કહેવાય. તેનાથી આભડછેટનું પાપ કોઈએ વહોરવું નહી. હરિને પણ આવી વ્યક્તિઓ પ્રિય હોય છે.

એક વાત સ્વીકારવી પડે કે અખો અને તુકારામ જેવા જ્ઞાની સંતોએ સમાજનાં આભડછેટનાં નિયમોને ક્યારેય મહત્ત્વ આપ્યું નથી. વર્ણ, ધર્મ-જાતિ કરતાંય મનુષ્યની સદ્‌વૃત્તિઓ ઉપર જ્ઞાનીઓ વધુ ધ્યાન આપે છે. મનુષ્યનાં જન્મ કરતાંય તેના કર્મો વધુ મહાન હોય છે એવું તેઓ માને છે.

---

૯૫. એજન, પૃ. ૫

''પોતાનાં પખાં નવ જુએ, અને હાડ ચામડાં મૂરખ ધુએ;
હરિ જાણ્યા વિના ભૂલ્યા ભમે, અખા પાર ન પામે કયમે ?''

હરિને પામવા મનુષ્ય પોતાનાં અંતરમાં રહેલી મલિનતાનો વિચાર કર્યા વિના તીર્થસ્થાનોમાં જઈને સ્નાન કરેછે પણ એવો વિચાર કરતા નથી કે ચામડાને બહારથી ધોવામાં આવે તો પણ અંદરથી-મન અશુદ્ધ હોય તો એ કેવી રીતે શુદ્ધ થાય ? વળી હરિ તો સર્વવ્યાપક અને નિરાકાર છે. એનો સ્વીકાર કર્યા વગર માણસ તેને શોધવા માટે તીર્થસ્થાનોમાં ભટકે છે તે છતાંય તેનો તે પાર પામી શકતો નથી.

આ જ વાતને તુકારામે પણ એટલું જ મહત્ત્વ આપ્યું છે બ્રહ્મને પામવા માટે સૌ પ્રથમ અંતરમાં શુદ્ધિ હોવી જરૂરી છે. બાહયાચારો તો વ્યર્થ છે. પોતાના અભંગ નં : ૧૦૯માં તુકારામ કહે છે કે, 'જો તારું પોતાનું અંતઃકરણ જ શુદ્ધ ન હોય તો કાશી જઈને કે ગંગાસ્નાન કરીને તારો શો દહાડો વળવાનો ? જેમ મગનો કોઈકોઈ દાણો કઠણ રહી જાય તો તેને સવામણ લાકડા બાળીને બાફવાથી પણ તે નરમ થતો નથી. તેમ મૂર્ખ લોકોનાં હૃદયમાં હરિ વિશે ભાવ જ ન હોય તેવા લોકો ભલેને તિલક કરે, માળાઓ પહેરે પણ કશુંય પ્રાપ્ત થતું નથી. બહારની ટાપટીપથી પરમાર્થમાં કોઈ જ સિદ્ધિ મળતી નથી. એ વાત સમજી લે અને અંતઃકરણ શુદ્ધ કર.

જાતજાતની ખોટી કલ્પનાઓ કરી જીવ અને શિવનો ભેદ સર્જતી પ્રજાને અખાએ ઘણીવાર ઢંઢોળીને જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો છે. આવી પ્રજાને અખાએ ઘણું બધું કહેવાનું છે. આ બધું તેણે કોઈવાર કહેવત રૂપે અને કોઈવાર વિચિત્ર ઉપમાઓ આપીને કહ્યું છે. જ્યારે જ્યારે એણે દૂષણો જોવા છે ત્યારે પોતાની આગવી છટાથી અને વાકબાણોથી તે પ્રહારો કરતો જાય છે. પ્રજા સમજે તોઆ પ્રહારો બરાબર વાગે એવા છે. આવી પ્રજાને એ 'મૂરખ કહેતા પણ અચકાતો નથી '' અણ સમજ અને માયાને કારણે અટવાતા જીવ તરફ એને દયા છે પણ એ દયાને પણ સખત વાણીમાંજ આલેખે છે. એની દષ્ટિમાંથી બ્રાહ્મણ, વૈષ્ણવ, ભકત કે ગુરુ, તીર્થાટન કે કર્મકાંડ શકયુ છટકી શકતું નથી. બ્રાહ્મણો-વૈષ્ણવો કે દંભી બની બેઠેલા ગુરુઓ પણ એનાં પૂણ્યપ્રકોપનો ભોગ બન્યા છે. સમાજનાં દરેક સ્તરને એની અનુભવી દષ્ટિ બરાબર જુએ છે. ખોટો આડંબર કરનારા વૈષ્ણવોની ટીકા કરતાં અખો કહે છે.

- '' કૂલેશ મા નામ વૈષ્ણવ ધર્યે, શું થયું ઘેર ઘેર ખાતો ફર્યે ''

(જીવ-ઈશ્વર અંગ, છપ્પો-૧૯૪)

- ''નાહ્યા ધોયા ફરે ફૂટડાં, ખાઈપીને થયા ખૂંટડા,
જગત પ્રમોદે જાડા થઈ, પણ ઝીણી માયા તે માંહી રહી
કાય કરે તે ઝીણીનો પક્ષ, તે ઝીણી જાડાનો કરશે ભક્ષ.''

(કુટકળઅંગ, છપ્પો-૭૧૮)

---

૯૬. એજન, પૃ. ૬

ઉપરાંત અખાએ તેના છપ્પાઓમાં વેશધારી ગુરુઓની પણ શેહ-શરમ રાખી નથી.

અખાને મન ગુરુ થઈને ફરનારાઓ પોતે મૂરખ છે, દંભી છે. પોતાનું પેટ ભરવાની વ્યથામાં પડેલા અજ્ઞાનીઓ બીજાનો ઉદ્ધાર કેવી રીતે કરી શકવાનાં હતા? કનક-કામિનીમાં આસકત અને તે છતાંય જ્ઞાની હોવાનો દાવો કરીને લોકોને ધૂતનારા 'મતિ-ગુરુ'ને માટે અખાને લેશમાત્ર આદર નથી. એ પ્રશ્ન પૂછે છે કે :

''અખા એ ગુરુ શું મૂકે પાર,જેનો શિષ્ય ગર્દભ ને ગુરુ કુંભાર ?''

(ફુટકળ અંગ છપ્પો-૬૫૫)

પેટ ગુજારા માટે ધાર્મિક કથાઓને પોતાનો ધંધો બનાવી બેસનાર વ્યાસપુરાણીઓ અને કથા કીર્તનકારોને પણ અખાએ આકરા પ્રહારો કરતાં કહ્યું છે કે,

''વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યા બેટી ઉછેરી ઘેર,
વ્યાસ કથા કરે ને રડે, જાણે જે દ્રવ્ય અધિકેરું જડે,
જો જાણે વાંચ્યાની પેર, તો અખા વાંચે નહિ આપને ઘેર ?''[૯૭]

આ છપ્પામાં અખાએ કથા-પુરાણોનું પઠન કરતા વ્યાસજી અને દેહવિક્રયનો ધંધો કરતી સ્ત્રીને એકબીજા સાથે સરખાવી એક સજ્જડ ચાબખો સમાજને છે એમ કહી શકાય.

કથા-પુરાણો એ વ્યાસનાં સંતાનો જેવા હોવા છતાંય તેમનાં દ્વારા જ તે ધન ઉપાર્જન કરે છે. કથા વાંચતી વખતે વ્યાસ તેમાં વધુ રોચકતા આવે તે માટે કયારેક રડતા પણ હોય છે. કારણકે કથા વાંચન જેટલું રોચક બને તેટલી વધુ દક્ષિણા પોતાને મળી શકે. કથા વાંચવી એ વ્યાસ માટે ધન ઉપાર્જનનું સાધન છે. જો તેના (વ્યાસનાં) મનમાં સાચેજ ધર્મ, ભક્તિ-ભાવ હોય તો તે પોતાનાં ઘરે જ શા માટે કથા નથી વાંચતો ? તેને લોકો સમક્ષ કેમ હંમેશા આવવું પડતું હોય છે ? તેવી જ રીતે કોઈ વેશ્યા પણ પોતાની પુત્રીને મમતા કરતાંય વધુ તો તે ભવિષ્યમાં વેશ્યા બનીનેને પોતાને નાણાં રળી આપશે એવા હેતુથી તેનો ઉછેર કરતી હોય છે. આમ બંનેનો હેતુ પોતપોતાનાં કથા-પુરાણો અને પુત્રી પાસેથી કમાણી કરવાનો હોય છે. તેમનામાં અન્યને કંઈક આપવાના ભાવ કરતા પોતાને વધુ કેવી રીતે મળશે એવો ભાવ વધુ જોવા મળે છે.

**भावार्थ :** कथाकार आणी वेश्या दोघेही सारखेच असतात. कथाकार आपली विद्या वाढवित राहतो कारण त्यामुळे त्याच्या कथेला रोचकता येत असते. प्रसंगानुसार कथा सांगताना कथाकार स्वतः रडतो देखील. त्यामुळे त्याची दक्षिणा वाढते. वेश्या देखील आपल्या मुलीला भविष्यात ती धन उपार्जन करुन देईल या हेतूने तिचे पालन पोषण करीत असते. अखा म्हणतो की या दोघांसाठी धनाचे उपार्जन अधिक महत्वाचे असते. नाहीतर जर कथाकार भक्ति ज्ञानासाठी कथा करीत असेल तर तो स्वतःच्या घरीच का नाही करीत ?

૯૭. એજન, પૃ. ૩૧૫

જટાધારી બાવાઓ, કેશમુંડન કરાવતા સંન્યાસીઓ કેશ લોચન કરાવતા જતિઓ, ધોળા, ભગવાં પહેરીને વિરક્ત હોવાનો દેખાડો કરનારાઓ, આડંબરી તપસ્વીઓ, ટીલા-ટપકાંથી સંતોષ માનતા જીવો, રજવાડી ઠાઠવાળા વૈષ્ણવો વગેરે જેવા અનેકનાં સંપર્કમાં આવી ચૂકેલો અખો આ બધાની જાણે કે ખોટી-દંભી ચામડી ઉતરડી નાખે છે. તેનાં કટાક્ષોથી, તેનાં ફટકાઓથી કોઈ બચ્યું નથી.

"આતમ સમઝયો તે નર જતિ, શું થયું ધોળા ભગવાંવતી ?" (આત્મલક્ષ અંગ)

અખો કહે છે કે અહંકાર મૂકી બ્રહ્મનો વિચાર કરવો જોઈએ. શરીરમાં રહેલાં આત્માને ઓળખી સંસારમાં રહેવું જોઈએ. વહાણ સોનાનું હોય તોપણ પાણીમાં તે તરી શકતું નથી, ઉલટાનું ડૂબી જાય છે. તેવી જ રીતે વર્ણનુ ધર્મને વેશરૂપ અહંકાર ડૂબાડે છે. સમદષ્ટિથી વિચારી જોતા સમજી શકાય છે કે સૃષ્ટિના નાના-મોટાં જીવો એક જ તત્ત્વનાં બનેલાં છે.

સમાજમાં પ્રવર્તતા ઉચ-નીચનાં ભેદભાવો અંગે પણ અખાએ સુંદર દષ્ટાંત દ્વારા પોતાનો વિરોધ દર્શાવ્યો છે. પરંપરાઓથી ચાલ્યા આવતાં વર્ણાશ્રમધર્મને તે માનતો નથી, તેની પાયરીઓને તે એકબીજાથી ચડિયાતી નહી પણ એકબીજાની પૂરક ગણાવે છે.

સમાજના દરેક સ્તરને પોતાની જરૂરિયાતો ની પૂર્તિ માટે અન્ય સ્તરની મદદની જરૂર પડતી હોય છે. જો તારું-મારું કે ઉચ્ચ-નીચ કર્યા કરીએ તો ક્યારેય કોઈની વચ્ચે સંવાદિત સ્થપાઈ શકે નહી પણ એકબીજાને સમજી, સરળ વ્યવહાર રાખીએ તો કોઈ વૈમનસ્ય ઉભું જ ન થાય. અખાની આ વાત આજે પણ કેટલી યથાર્થ લાગે છે વર્ષો થયા, મધ્યયુગ ગયો, આધુનિક યુગ આવ્યો, દરેક ક્ષેત્રમાં માનવીએ પ્રગતિની હરણફાળ ભરી છે છતાંય વર્ણભેદની બાબતમાં આજની તારીખે આજનો માણસ મધ્યયુગમાં જ જીવતો હોય એવું લાગે છે.

**भावार्थ :** हे जग पंचमहाभूतांनी बनलेले आहे. त्यातील सर्व पदार्थ आणि प्राणी समान आहेत. उच्चवर्णीयांनी गर्व करु नये. विश्वाची व्यवस्था सांभाळली जावी या हेतूने कुणाला मस्तक (ब्राह्मण), कुणाला (क्षत्रिय) हात, कुणाला पोट (वैश्य), तर कुणाला पायांची (शूद्र) भूमिका देण्यांत आली आहे. हे सर्व हरिरुपी देहाचे अवयव आहेत. कुणाला हलके समजणे म्हणजे हरीचा अपमान करण्या सारखे आहे.

"ઊંચ ખરાર્યે ઊંચ મ જાણય, નીચ તે નોહે નીચ નિર્વાણ;
ઊંચમાં રામ બમણો નથી ભર્યો, નીચ પિંડ નથી ઠાલો કર્યો
કહે અખો રૂસલમાં બકે, જ્યમ છે ત્યમ જોઈ નવ શકે."[૯૮]

અખો કહે છે કોઈને ઊંચ કે નીચ કહેવાથી તેવું ખરેખર થઈ જતું નથી, જે ઊંચ હોય છે, કે ઉચ્ચ વર્ણનાં હોય છે તેમનામાં રામ વધારે ભર્યો હોતો નથી, પરમાત્મા વધારે પ્રમાણમાં હોય

૯૮. એજન, પૃ. ૧૮૭

એવું નથી. તેવી જ રીતે જે નીચ હોય છે તેનામાં રામ હોતો જ નથી એવું પણ નથી. પરમાત્મા પોતે બધાનમાં એકસરખી રીતે વર્ણના ભેદાભેદ વગર વસી રહ્યો છો. આ વાતને સમજે તે જ્ઞાની છે. પણ અજ્ઞાનીઓ પરમતત્ત્વનાં આ સમભાવને જાણ્યાં-સમજ્યાં વગર ભ્રાંતિ કે અભિમાનને વશ થઈ પોતાને ઉચ્ચ ગણી બીજા વર્ણના મનુષ્યોને હલકા ગણીને તુચ્છ સમજે છે. પોતાના મનનાં અજ્ઞાનને કારણે તાત્ત્વિક સત્યને, બ્રહ્મ તત્ત્વને તેઓ જોઈ શકતા નથી.

**भावार्थ :** कुणाला उच्च किंवा कुणाला नीच म्हटल्याने कांही होत नसते. उच्च वर्णीयांमध्ये राम जास्त असतो आणि निच माणसात राम नसतो असे ही नसते परमात्मा सर्व जीवमात्रात समभावाने व्याप्त असतो. अज्ञानी लोक भ्रांति व अभिमानाला वश झाल्यामूळे दुसऱ्या वर्णाच्या लोकांना हलके समझतात आणि म्हणून तात्विक सत्वाला, ब्रह्मतत्त्वाला समजू शकत नाहीत.

મધ્યકાળમાં વર્ણાશ્રમવાળી સામાજિક વ્યવસ્થામાં સહજરીતે જ બ્રાહ્મણોને ઊંચા માનવામાં આવતા હતા. એ સમયમાં વેદ-શાસ્ત્રોનાં અધ્યયનનો અધિકાર માત્ર બ્રાહ્મણોને જ છે એવું ભારપૂર્વક માનવામાં અને મનાવવામાં આવતું હતું. શુદ્રોને કે બ્રાહ્મણોત્તરોને જ્ઞાનાધિકાર અંગે હંમેશા પાછળ જ રાખવામાં આવતા હતા. બ્રાહ્મણ જ ગુરુ બનવાની યોગ્યતા ધરાવે છે એવું અખો માનતો નથી. એને મન ''હરિ કું જાને સો હરિ હરિજન સિર નહી સીંગ'' હરિ હોઈને સાચાં હરિજન એવા બ્રહ્માનંદને મળતાં તેને જ હરિરૂપ માની તેની સેવામાં લાગી જાય છે. સદ્‌ગુરુને, જ્ઞાનીને ક્યારેય નાત-જાતનાં, ધર્મ-કર્મનાં સીમાંડા નડતા નથી એવું અખો માને છે. અખાને મન 'પઢવું' તે 'તે વેદાધ્યયન છે. બ્રાહ્મણોની માફક તે વેદ ભણ્યો નથી, પણ તેણે બેદ પઢંતા બંભ નાં ઉલ્લેખો કર્યા છે. કથા કરતાં વ્યાસ-પુરાણીઓની એણે મજાક ઉડાવી છે. વધુમાં આવા લોકો અંગે અખો કહે છે કે'

- ''ભણ્યા ભટ ભમે ભવમાંહ્ય, પણ ભાત અભાત વચ્ચે ન રહેવાય,

  રૂઢે વાત કરે હરિતણી પણ અખા અક્ષરમતિ નહિ આપણી.''[૯૯]

ધર્મગ્રંથો વાંચીને લોકોને ઉપદેશ આપનારા બ્રાહ્મણો પરંપરાથી આ કાર્ય કરે છે એટલું જ, બાકી એમને બ્રહ્મજ્ઞાન નથી એમ અખો સમજાવે છે, શાસ્ત્રો, પિંગળ, વ્યાકરણ વગેરે ભણીને લોકોમાં પૂજ્ય ગણાતાં 'પંડિત જાણ' અને કવિને પણ અખો હસી કાઢે છે.

- પંડિત તે વિદ્યા-કરસણી, સંત તે તો ફળનાં ધણી ''એમ કહી પોથી-પાંડિત્યની પોકળતાને અખો છતી કરે છે ઉપરાંત, જીવ ઈશ્વર અંગમાં કહે છે કે,

- ''ખરા વગૂતા પંડિત જાણ, જેણે કર્મ તણા બાંધ્યા બંધાણ;

  ભણ્યેગણ્યે થઈ બેઠા પૂજ્ય, પણ અળગું રહ્યું આત્માનું ગુઝ્ય;

  ભેદન લહ્યો વાંચ્યા ફાંકડાં, માળમાયાએ ફેરવ્યા માંકડા.''[૧૦૦]

૯૯. એજન, પૃ. ૨૬૧

૧૦૦. એજન, પૃ. ૯૨

અખો કહે છે કે ખરા દુઃખી તો પંડિતોજ છે, જેમણે કર્મનાં બંધનો ઊભા કર્યા છે. ભણીગણીને, પંડિત થઈ ભલેને તેનો પૂજનીય બન્યા હોય, પણ આત્માનું રહસ્ય તો તેઓ પામી શકતા નથી. શાસ્ત્રો-પુરાણો તેઓ સતત વાંચે છે. પણ તેમાનો મર્મ ગ્રહણ કરતા નથી. તેઓ બધા મદારીના માંકડા જેવા છે. કાળ અને માયાને વશ થઈને જીવનારા સામાન્ય માનવીઓ જ છે. તેમની ખરી પંડિતાઈ તેમની પોકળ બુદ્ધિમાં ભરાઈ બેસે છે અને પરિણામે અજ્ઞાની લોકોને જ્ઞાનનાં નામે ભરમાવે છે.

– ''ઊંઘ્યા બરલે પંડિત-કવિ, જે મનની વૃત્ય રહ્યા અનુભવી
એક એકનું બોલ્યું નવ મળે, ખટદર્શન જૂજવાં આફળે.
સહુને હું માહારાનો થાપ, પણ અખા ન સમઝે આપોઆપ.''[૧૦૧]

અહીં અખો શુદ્ધવૃત્તિઓને વધુ મહત્ત્વ આપે છે. શારિરિક અને માનસિક એમ બે પ્રકારની વૃત્તિઓમાં મનુષ્ય વહેંચાયેલો હોય છે. શારિરિક વૃત્તિઓને બાહ્યાચારથી છૂપાવી શકાય છે. પણ માનસિક વૃત્તિઓ તો જે-તે પોતાની જ જાણતો હોય છે. મનમાં રાગ,દ્વેષ, વિકાર, અજ્ઞાન જેવી વૃત્તિઓ ભરેલી હોય તો જ્ઞાનપ્રાપ્તિ થતી નથી. બ્રહ્મનાં અનુભવ માટે શુદ્ધચિત્તની જરૂર પડતી હોય છે. જેમની મનની વૃત્તિઓ શાંત નથી એવા લોકો ઉપર એમની વૃત્તિઓ કબજો કરી બેસેલી હોય છે. પંક્તિઓ અને કવિઓ પોતાની મનની વૃત્તિમાં જ રમી રહ્યાં છે છતાંય તત્ત્વજ્ઞાનની વાતો કરે છે- તે વાતને અખો ઊંઘતા માણસના બબડાટ જેવી કહે છે. જેનો કોઈ અર્થ હોતો નથી. દરેક જણ પોતાની વૃત્તિ છૂપાવીને એકબીજાનાં મત માટે લડતાં-ઝગડતાં હોય છે. શાસ્ત્રના છયે દર્શનો પોતપોતાનો અલગ મત ધરાવી તેનો આગ્રહ સેવે છે. પણ આ બધાથી ઉપર ઉઠીને સાચા આત્માને કોઈ ઓળખતું નથી.

આ ઉપરાંત પંડિતોની ખોટી પંડિતાઈ વિશે અખાએ બીજા અનેક દૃષ્ટાંતો આવી તેમની પોકળતાને ખુલ્લી પાડી છે જેમકે,

-''પંડ પખાળે, પૂજે પાહાણ, અને મનમાં જાણે હું તે જાણ.'' (જડભક્તિ અંગ-૨૮૩)
-''જાણ થાય બરુ વિદ્યા વડે, ત્યમત્યમ આવરણ અધિકા ચઢે'' (વેદઅંગ ૫૩૧)
- ''પંડિતને પંડિતાઈનુંજોર, પણ અંતઃકરણમાં અંધારુ ઘોર'' (કુટંકળ અંગ-૭૧૫)

અખો આવા આડંબરી અને અહંકારી પંડિતો કરતાં તો ભોળાભાવે ભક્તિ કરતાં પ્રાકૃત જીવોને હરિની વધુ નજીકનાં ગણે છે. તે આ અંગે ઉદાહરણો આપતા કહે છે,

– ''શબરી સંસ્કૃત શું ભણી હતી, ભાઈ ? ક્યા વેદ વાંચ્યા કરમાબાઈ ?
વ્યાધ તે શું ભણ્યો'તો વેદ ? ગણિકા શું સમજતી ભેદ ?
વળી શ્વપંચની સમજો રીત, અખા હરિ તેના જેની સાચી પ્રીત''[૧૦૨]

---

૧૦૧. એજન, પૃ. ૧૭૨
૧૦૨. એજન, પૃ. ૩૪૫

આ ઉપરાંત પંડિતો અને પુરાણીઓના સંસ્કૃત ભાષાનાં જ્ઞાનને કારણે તેઓ સમાજમાં પૂજય અને પ્રતિષ્ઠિત ગણાતાં હતા. તેની સામે ટીકા કરતાં અખો કહે છે – ''સંસ્કૃત બોલ્યે શું થયું ? શું પ્રાકૃતમાંથી નાહાસી ગયું ?'' પોતાના આવા વિચારો આગળ વ્યકત કરતો અખો 'ભણ્યાં-ગણ્યાં' પંડિતો વિશે પોતાનો અભિપ્રાય આપતા કહે છે કે

– ''ભણ્યેગણ્યે હરિ ના'વે હાથ, દાન-તપસ્યા કાળને સાથ;
વ્યાકરણ વેદ સમાધિ અસંગ, જોતા સર્વ માયાનાં અંગ
અખા અણલિંગી પદ અનુપ, જ્યાં ધ્યેય-ધ્યાતાનું ન રહે રૂપ''
(સ્વભાવ અંગ-છપ્પો-૧૬૦)

અર્થાત વિદ્વત્તાથી હરિની પ્રાપ્તિ થતી નથી. દાન અને તપશ્ચર્યા કાળને આધીન (લક્ષ્મી અને શરીરબળને આધીન) છે. વેદાભ્યાસ, વ્યાકરણજ્ઞાન, યોગ સમાધિ અને શરીરબળને આધીન) છે વેદાભ્યાસ, વ્યાકરણજ્ઞાન, યોગસમાધિ અને એકાંતવાસ એ બધા માયાનાં જ અંગ છે. અનુપમ બ્રહ્મપદમાં ધ્યેય અને ધ્યાતાનો ભેદ રહેતો જનથી.''

આમ અનેક છપ્પાઓની પંક્તિઓમાં અખાએ તત્કાલીન જીવનનાં બધા પ્રકારના લોકો પર પ્રહારો કર્યા છે. જ્યાં એ આડંબર જુએ છે ત્યાં પ્રહાર કરે છે. અભિમાન-દંભ, અજ્ઞાન, માયા, અંધશ્રદ્ધા જ્યાં-જ્યાં અખો જુએ છે ત્યાં એ ફટકાં માર્યા વગર રહેતો નથી. કોઈને બાકી રાખતો નથી. કોઈને છોડતો નથી. ધર્મના ખોટા ઉપચારો, પંડિતોના માત્ર પુસ્તકિયાજ્ઞાન પ્રત્યે એને ભારે તિરસ્કાર છે. જાતજાતનાં ધાર્મિકપંથોને જોઈને પણ એને તિરસ્કાર ઉપજે છે.

– ''એક પરમેશ્વર ને સઘળાં પંથ, એતો અળગું ચાલ્યું જંથ
જયમ અગ્નિ અગ્નિને સ્થાનક રહ્યો, અને ધુમાડો આકાશે ગયો
પણ અળગો ચાલ્યો તે કયમ મળે ? એમ અખા સહુ અવળા વળે.''[103]

આ છપ્પામાં અખાએ વિવિધ સંપ્રદાયો ઉપર પ્રહાર કર્યો છે. વાસ્તવમાં તો પરમેશ્વર એક જ છે. તેને ભક્તિ અને જ્ઞાનથી પામી શકાય છે. પણ ઊલટું લોકો તો વિવિધ પંથો-સંપ્રદાયો રચી તેને પામવા મથે છે. હરિનાં સાચા રૂપની શોધ કરવાને બદલે બધા પંથોમાં જ અટવાઈ જાય છે. આ બધા પંથો હરિથી દૂર લઈ જનારા તત્ત્વો છે, તરકટ છે. આ માટે અખો અગ્નિ અને ધુમાડાનું પ્રતિક લઈને સમજાવે છે કે જેમ અગ્નિ તો પોતાને સ્થાને જ રહે છે, ધુમાડો બધે પ્રસરે છે. તેવી રીતે હરિ તો મનુષ્યના અંતરમાં જ રહેલો છે. છતાંય અંતરમાં જોવાને બદલે વિવિધ સંપ્રદાયોમાં અટવાયેલો માનવી તેને દૂરદૂરનાં તીર્થસ્થળોએ શોધવા ફાંફાં મારે છે. અંતે બધે ફરીને થાક્યા પછી પણ પરમેશ્વર મળતો નથી એટલે ગમે તેવા ખોટા રસ્તે હરિને પામવાના ધમપછાડા કરવામાં આવે છે.

---

૧૦૩. એજન, પૃ. ૧૦૪
૧૦૪. એજન, પૃ. ૧૯૫

તેવી જ રીતે તત્કાલીન સમાજમાં ચાલતાં બહુદેવવાદ ઉપર પણ અખાની દષ્ટિ પડયા વગર રહી નથી. અખો કોઈ એક દેવની પ્રશંસા કે નિંદા કરતો નથી. સમાજનાં લોકોનાં આરાધ્ય ગણાતા એવા ઈશ્વર રૂપો વિશે પણ એને કોઈ વાંધો નથી. પણ તે એમ કહેવા માગે છે કે આ બધા દેવોને ભજીને-પૂજીને પણ અંતે પરમાત્મા આત્મા કે હરિની પ્રાપ્તિ તો થતી નથી. જેમકે,

''કો કહે મોહોટો શિવ દેવ, કો કહે વિષ્ણુ મોટો અવશ્યમેવ,
કો કહે આદ્ય ભવાની સદા, બુદ્ધ કલ્કિના કરે વાયદા,''[૧૦૪]

અહીં અખો તત્કાલીન સમાજમાં કયા ધર્મના લોકો કયા ઈશ્વરમાં માને છે તે અંગે સુપરિચિત હતો તેની આપણને જાણ થાય છે. શૈવધર્મીઓ શિવને સૌથી મોટો દેવ (મહાદેવ) તરીકે ઓળખાવે છે તો કોઈ વિષ્ણુને મોટો કહે છે. કોઈના મતે આદ્ય ભવાની જ સૃષ્ટિ સર્જક છે. તો વળી કોઈ બુદ્ધ અને કલ્કિની વાત કરે છે. જોકે હજી કલ્કિ અવતાર બાકી છે એટલી તેમને જાણ છે ! જૈનો કર્મ કરતા રહેવાનો ઉપદેશ આપે છે તો મુસલમાનો કુરાને શરીફને સર્વસ્વ ગણાવે છે. પોતપોતાનાં આરાધ્ય દેવને સૌથી ચડિયાતો પ્રસ્થાપિત કરવા માટે દરેક જણ ચડસાચડસી કરે છે, એકબીજા સાથે તકરાર કરે છે. પણ બધા દેવોથી અલગ થઈને પોતાના મનમાં જ બેઠેલા આત્મારૂપી હરિને કોઈ જાણે ઓળખતું જ નથી. અંતર્મુખ થઈને જોતા દરેકને હરિ પોતાનામાં જ રહેલો દેખાશે એમ અખો કહે છે.

અખો તેના 'ખલજ્ઞાની અંગમાં' ગુરુ, શ્રોતા, જ્ઞાની બધામાં જે આડંબર છે- દંભ છે તેની ઉપર પણ પ્રહારો કરે છે. કથા સાંભળવા જતા લોકોનો ચિતાર કયારેક આપણને હાસ્યાસ્પદ લાગે તે રીતે અખાએ તેમનું વર્ણન કર્યું છે. પણ તેમાંય છુપાયેલા સત્યને તો તે આપણી સમક્ષ ઉઘાડુ કરી મુકે છે. કથાકાર પોતે બહુશ્રુત ન હોવા છતાંય સમાજનાં બહોળા વર્ગને ધર્મની સાચી ખોટી વાતો દ્વારા અજ્ઞાન વધારવાનું જ કામ કરતો હોય છે. છતાંય લોકો તેને જ સત્ય માનીને શ્રદ્ધાપૂર્વક તેની કથાશ્રવણ કરવા જતા હોય છે. આવા લોકોનું નિરૂપણ અખાએ અત્યંત માર્મિક શબ્દો દ્વારા કર્યું છે.

- ''આંધળો સસરોને સરંગટ વહુ એમ કથા સાંભળવા ચાલ્યુ સહું
કહ્યું કાંઈને સમજ્યાં કશું, આંખ્યનું કાજલ ગાલે ઘસ્યું.
ઊંડો કૂવોને ફાટી બોક, શીખ્યું-સાંભળ્યું સર્વે ફોક''[૧૦૫]

અખાનો આ છપ્પો ઘણો જાણિતો છે. મધ્યકાળના સમાજનું ચિત્રણ તેમાં સુપેરે થયું છે. જો સસરો આંધળો હોય-જોઈ શકતો ન હોય તો વહુએ તેનાથી ઘૂમટો તાણવાની શી જરૂર ! આમ યોગ્ય જ્ઞાનના અભાવવાળા-સમજ વિનાના લોકો કથા સાંભળવા જાય તો કથાકારે જે કહ્યું તેનાથી આવા લોકો કંઈક જુદું જ સમજે છે. કથાનો સાચો મર્મ તો બાજુ પર રહી જાય છે આંખનું કાજલ ગાલ ઉપર ઘસવામાં આવે તો કોઈ અર્થ સરતો નથી. તેવું જ બીજુ ઉદાહરણ અખો કૂવાનું આપે છે. કૂવો ઊંડો હોય તો તેમાંથી પાણી કાઢવા માટેની ડોલ ફાટેલી ન ચાલે, પાણી મેળવવાનાં પ્રયત્નો એળે જાય. એમ વસ્તુસ્થિતિને સમજ્યા વગર જડતાથી કંઈ કરીએ તો તેમાં કોઈ ભલીવાર આવતો નથી એમ અખો કહે છે.

૧૦૫. એજન, પૃ. ૩૧૫

અખાએ અભિમાની માનવી અને આડંબરી જ્ઞાનીને સખત પ્રહારો કર્યા છે.

– ''જ્ઞાની થઈને મારે ગાલ, ભકત થઈ વઢવાનો ખ્યાલ;
ભક્તિ-જ્ઞાન ત્યાહાં ઠામે હશે, એતો બેઉ વઢે છે રસે.
અખાએ નિષ્કારણ વેર, જ્યમ ચૌટે ભેંસને વઢવાડ ઘેર.''[૧૦૬]

અખો અહીં જ્ઞાન અને ભક્તિ બંનેની પૂર્વ પરંપરાઓથી ચાલી આવતી સરખામણી ને વ્યર્થ ગણાવે છે. બંને પોતપોતાનાં સ્થાને મહાન હોવા છતાંય જ્ઞાની અને ભકત વચ્ચે ચડસાચડસી થાય એ યોગ્ય નથી. અખો કહે છે કે જ્ઞાની પોતાના જ્ઞાનની બડાઈ મારે અને ભકત ભક્તિનું મહત્ત્વ સમજાવતાં ઝગડ્યાં કરે તો એ બંનેનાં જ્ઞાન અને ભક્તિ વ્યર્થ જાય છે. બંને એ પોતાનું સાચવી બીજાને માન આપવાનું શીખવું જોઈએ. ભક્તિ અને જ્ઞાનને તો અખો એકબીજાનાં પુરક ગણાવે. છે તેથી આ બંને વચ્ચેનો ઝગડો ભેંસ ખરીદાઈને ઘેર આવે તે પહેલા જ તેના દૂધ-દહીં-ઘી માટેની તકરાર કરવા જેવો વ્યર્થ છે. બંને એકબીજા સાથે ખોટું વેર રાખે તો તેનાથી નુકશાન બંને પક્ષે છે. અખો અહીં સમાધાન કરાવે તેવા-વ્યક્તિના રૂપમાં જોવા મળે છે.

અખાએ સંસારી માણસને 'એક અફીણ બીજો સંસારી રસ' જેવા છપ્પામાં સખત ઝાટકયો છે. છપ્પાના અંતે એ એમ પણ કહે છે આવો જીવ, જો મૂકે તો મૂએ સરે, ને 'તો અખા તે ખાતો મરે' – એ બંને રીતે મરવાનો તો છે જ એવી સ્પષ્ટ ભાષા અખો વાપરે છે. અખાની આવી કેટલીક ઉક્તિઓ અતીશય સચોટ અને જેને માટે ઉચ્ચારાયેલી હોય તેને ખૂબ આકરી લાગે એવી છે. આવા વખતે ''શ્રી ઉમાશંકર જોષી કહે છે તેમ કટાક્ષનો કોરડો વીંઝવામાં અખો એકઠો છે.''[૧૦૭]

એ સમયે કહેવાતા 'કવિ'ઓની પણ ઘણી ખોટી બોલબાલા હતી. શબ્દોનો અર્થ સમજ્યા વગર ગમેતેવાં જોડકણાં રચી થોડું ઘણું અક્ષરજ્ઞાન ધરાવતા લોકો સમાજમાં કવિનું માન ભોગવી રહ્યા હતા. આવા લોકો સામે પણ અખાને ભારે ચીડ હતી. કવિની ઉચ્ચ પાયરીએ આવા લોકોને બેઠેલા જોઈ અખો તેમને પણ ઝાટકયા વગર રહેતોં નથી. એ કહે છે કે,

– ''પૂજાવા મનમાં બહુ કોડ, શબ્દ તણાં જોડે છે જોડ
જયમ ભૂખ્યો નર બહુ તક્રા પીએ, જાણે ઉદર ભરીને દષ્ટિ, પામીએ,
તેણે ધરાયે નહી ને વાધે રોગ, એમ અખા નોહે આતમ ભોગ.''[૧૦૮]

---

૧૦૬. એજન, પૃ. ૧૧૪

૧૦૭. અખો: એક અધ્યયન, ઉમાશંકર જોશી, ગુજરાત વિદ્યાસભા પ્રકાશિત, બીજી આવૃત્તિ-૧૯૭૩, પૃ.૧૧૩

૧૦૮. અખાની કાવ્યકૃતિઓ-છપ્પા, સંપાદક-ડૉ. શિવલાલ જેસલપુરા, સાહિત્ય-સંશોધન પ્રકાશન,અમદાવાદ, બીજી આવૃત્તિ-૧૯૯૫, પૃ. ૮૫

પોતે બધા કરતા જ્ઞાની છે, સારા સર્જક છે એવી કવિ તરીકેની ખ્યાતિ મેળવવા માટે ઘણા કવિઓ પોતાની મૌલિક રચના કરવાને બદલે જોડકણા રચે છે. જરાય અર્થ ન સરે એવા શબ્દો ગોઠવીને પોતાનું કવિત્ત્વ સિદ્ધ કરવાનાં પ્રયત્નો કર્યા કરતા હોય છે. પણ જેમ ભૂખ્યો માણસ ખાવાને બદલે પોષણ મેળવવાનાં આશયથી પેટભરીને છાશ પીએ એના જેવું થયું. ભૂખ્યા પેટે એકલી છાશ પીવાથી ઉલટું રોગ થાય છે. એવી જ રીતે ઠાલાં-શબ્દોને ગમે તેમ જોડવાથી કે તેવી કવિતાથી આત્મસુખ મળતું નથી. અખો મર્યાદિત જ્ઞાન ધરાવતા, પોતાને કવિ કહેવડાવનારાઓને ઉદ્દેશીને વાત કરે છે.

**भावार्थ :** प्रसंशा प्राप्त करण्या साठी कांही कवी मुक्त छंदाची जुळवणी करीत असतात, पण त्या मुळे कांही कवित्व सिद्ध होत नसते. उपाशी असलेल्या माणसाने अन्न सेवन न करता पोटभर ताकच घेतले तर त्याला पोषण तर मिळत नाहीच पण त्याला आजार पण येऊ शकते. अशा प्रकारे केवळ अक्षर जुळवून केलेल्या कवित्वाने आत्मसुख मिळत नसते.

અખો અને તુકારામનાં સમાજનિરિક્ષણો પણ એકસરખાં જ છે. સાચા કવિઓ કે સર્જકો પ્રત્યે એમને માન છે. પણ આવા જોડકણાંકારો પોતાને કવિ કહેવડાવનારાઆ પ્રત્યે ભારે ચીડ પણ છે. કવિને તેઓ સાચા અર્થમાં ઉચ્ચ કોટીનાં ગણાવે છે, પણ તત્કાલીન સમાજમાં પોતાને કવિ તરીકે ઓળખાવતા લોકોને ઝાટકવાનું પણ તેઓ ચૂકયા નથી. જેમકે તુકારામનો અભંગ નં. ૫૪ તેમા કહેછે કે, '''ક' ને કંઈ નહિ 'ક' અને 'ટ'ને કંઈ નહિ 'ટ' એટલું જ જેમનું જ્ઞાન છે, જેમની રચનામાં પ્રસાદનો છાંટો પણ જોવા મળતો નથી એવા જોડકણાં જોડનાર ગરબીભટો શેરીએ શેરીએ ભટકીને પોતાનાં જોડકણાં લોકોને સંભળાવતા ફરે છે. લોકો ન સાંભળે તો 'સાંભળો' 'સાંભળો' કહીને એમની પાછળ ફરે છે. લોકો તેમને ધૂતકારી કાઢે તોપણ 'જરાક તો સાંભળો, થોડુંક તો વાંચો એમ કહીને વગર બોલાવ્યે સૌની આગળ પોતાની કવિતા રટતા ફરે છે સુજ્ઞ લોકો તેમની કવિતાની પરિક્ષા કરીને ઘટતો ભાવ દર્શાવે છે. એવા વખતે પોતાને કવિ કહેવડાવનારા લોકો મોઢું નીચું કરીને ત્યાંથી ચાલતા થાય છે. એ બાપડા, ગમે તેમ ચાર અક્ષરોને ગમેત્યાંથી ખેંચી કાઢી-તાણીને એકઠાં કરે છે પણ તેમની કવિતામાં સ્વાભાવિકતા કે ઓજસ હોતું નથી. તુકારામ કહે છે કે જેમનાં અંતરમાં ઈશ્વરપ્રેમ કે આત્મજ્ઞાન હોતું જ નથી તેમને તો કયાંય સ્થાન મળતું નથી.

– '' કવિ થઈ અદકું શું કવ્યું, જો જાણ્યું નહિ બ્રહ્મ અચવ્યું ?
રાગદ્વેષની પૂંજી કરી, કવિ-વ્યાપાર બેઠો આદરી,
તેહેમા અખા શો પામ્યો લાભ ? વાયે ગયો જ્યમ સ્ત્રીનો ગાભ''[૧૦૯]

અખો અહીં ફરીથી કવિને પણ બ્રહ્મનો અનુભવ હોવવો જોઈએ એવી વાત માંડી આપે છે. કવિ પોતાનાં સર્જનોમાં પોતાનું અંતર ઠાલવતો હોય છે. જો અંતર જ શુદ્ધ ન હોય તો સર્જનમાં શો ભલીવાર ? અવર્ણનીય એવા બ્રહ્મને ઓળખ્યું નહિ તો કવિ બનીને શું સિદ્ધ કર્યું ? પોતાની રચનાઓ

૧૦૯. એજન, પૃ. ૮૬

દ્વારા વાહવાહ મેળવવાની વૃત્તિથી કવિ અન્ય કવિઓ કરતા પોતે ઉચ્ચ છે એવો ભાવ મનમાં લાવે છે, હું પણું મનમાં તો હોય છે જ ! કવિની આ વૃત્તિને અખો રાગદ્વેષની પૂંજી કહીને તેનો વ્યાપાર કરવાથી શો લાભ થવાનો છે એમ પૂછે છે. એ તો વાયુને લીધે સ્ત્રીનું પેટ ફૂલે અને તેથી ગર્ભ રહ્યાનો ભાસ થાય પણ વાયુ છૂટી જતા એભાસ પણ દૂર થાય એવી સ્થિતિ છે.

અખાના આ છપ્પા સાથે તુકારામનો અભંગ નં : ૨૭૦૧ સરખાવી શકાય. જેમાં તુકારામ કહે છે કે જેઓ મોટા ઘાંટા પાડીને બ્રહ્મજ્ઞાનની વાતો કરે છે, પોતાનાં ખોટા જ્ઞાનનું કવિતામાં સાવ ખોટું વર્ણન કરે છે તેમનાં મોંઢા ઉપર થૂંકીએ તોય પાપ નથી લાગતું. હરિકથાની વાર્તાઓ કહેતા ફરે છે પણ તેમનાં અંતઃકરણમાં હરિ પ્રત્યે પ્રેમ તો બિલકુલ હોતો જ નથી. ચતુરાઈ કરીને કવિતાઓ જોડે છે પણ તેમનાં મનમાં પૈસાનો લોભ અને લોકોમાં માન-પ્રતિષ્ઠા પામવાની તૃષ્ણા એ બે વાતો તો રહી જ ગઈ છે.

''જ્ઞાનીને કવિતા નગણેશ ,કિરણ સૂર્યના કયમ વણેશ ?
''શબ્દ કેરો શઢ નવ થાય, આકાશ તે કયમ તોળ્યું જાય ?
એવું વચન અણલિંગી તણું, અખા નહીં કો પર-આપણું''[૧૧૦]

અખો કહે છે કે જ્ઞાનીનું કામ કવિનાં કામ કરતા જુદુ છે. સૂર્યના કિરણોને ગણી-વણી શકતા નથી. આકાશને પામી શકાતું નથી, તેવી રીતે શબ્દોરુપી શઢ વડે પરમતત્ત્વ, બ્રહ્મને સ્થાને પહોંચી શકાતું નથી. બ્રહ્મમાં કશું જુદાપણું નથી તેથી જ્ઞાની પણ ફક્ત શબ્દો વડે બ્રહ્મનો અનુભવ કરાવી શકતો નથી. કારણકે તે શબ્દ કરતાં સ્વાનુભવથી બ્રહ્મને ઓળખવાનો પ્રયત્ન કરતો હોય છે.

અખો અજ્ઞાનીની સાથેસાથે શુષ્કજ્ઞાન અને દંભી જ્ઞાનીઓને પણ આકરા શબ્દો-ઉદાહરણોથી ઉઘાડા પાડે છે.

તે કહે છે કે કોઈ જ્ઞાની પણું - ''હું જ્ઞાની છું એવો ભાવ કે અભિમાન તજીને બ્રહ્મને જાણવાનો પ્રયત્ન કરે તો આપોઆપ બ્રહ્મને જાણ થઈ શકે છે. જ્ઞાનનું અભિમાન થવાથી જ્ઞાની બ્રહ્મથી ભિન્ન રહે છે. જેમ પડછાયા વડે માણસને ઓળખી શકાતો નથી, તેવી રીતે જ્ઞાનીપણાને લીધે આત્મસ્વરૂપ ગુમાવી બેઠેલો જીવ બ્રહ્મને ઓળખી શકતો નથી. જો અહંભાવ ટળે તો પોતે બ્રહ્મ બની જાય. એવી જ રીતે સાચો જ્ઞાની કોને કહેવાય તેના લક્ષણો વ્યકત કરતાં અખો કહે છે કે

– ''પડે નહીં જે પ્રથવી સૂએ, કને નહીં તે કહો શું ખૂએ ?
બ્રહ્મજ્ઞાન એહેવું છે અખા, જ્યાં નહિ સ્વામી, સેવકને સખા''[૧૧૧]

પૃથ્વી ઉપર સૂનારને નીચે પડવાનો અને જેની પાસે કશું નથી તેને કંઈ ગુમાવવાનો ભય રહતો નથી, તેવી રીતે બ્રહ્મજ્ઞાનીને કશો ભય રહેતો નથી. આકાશ નથી ઠંડુ થતું કે ગરમ થતું. તેવી

---

૧૧૦. એજન, પૃ. ૧૩
૧૧૧. એજન, પૃ. ૪

જ રીતે બ્રહ્મજ્ઞાની સુખ દુઃખથી પર રહે છે. જેમ પાણીમાં નથી હોતું માખણ કે છાશ, તેવી રીતે બ્રહ્મજ્ઞાની સ્વામી સેવક અને સખા જેવો કોઈ ભેદભાવ રાખતા નથી. અહીં અખો બ્રહ્મજ્ઞાનીને અભય, સુખ દુઃખથી પર અને ભેદભાવ રહિત ગણાવે છે.

- સૂંકાં-પોકળ જ્ઞાનીઓને અખાએ ઘણાં વેધ અને સૂચક છે. દષ્ટાંતો દ્વારા ઓળખી બતાવ્યા છે. અનુભવ વગરનાં જ્ઞાનીને અખો જ્ઞાની ગણતો નથી.

- ''સૂકું જ્ઞાન ને વ્યંડળ-મૂછ, કરપી-ધન, કૂતરનું પૂંછ,
એ ચારેથી અર્થ ન થાય , સાહામું એબ ઉઘાડે કાય.
અખા અમલ વિણ હાકેમ જસો, કથ્યું જ્ઞાન પણ હરિ નવ વસ્યો''[૧૧૨]

અખો અહીં અનુભવ વગરનું જ્ઞાન, નપુંસકની મૂંછ, કંજૂસનું ધન અને કુતરાની પૂંછડી -એ ચારેની વ્યર્થતાની વાત કરે છે, આમાથી કશો અર્થ નિકળતો નથી. ઉલટાની તેમની કોઈને કોઈ એબ ઉઘાડી પડી જાય છે. સત્તા વગરનાં અધિકારીનાં હુકમનો અમલ કોઈ કરતું નથી તેવી રીતે જેના હૃદયમાં હરિ વસ્યો ન હોય એવાની જ્ઞાનની વાતો બીજા ઉપર કશી અસર ઉપજાવી શકતી નથી. ઊલટાની તેમની અનુભવહીનતા અને જ્ઞાનની પોકળતા લોકો જાણી જાય છે.

અખો નિર્ગુણ ભક્તિની મહિમા કરતો જ્ઞાની છે. તેનાં મતે નિર્ગુણ નિરાકાર બ્રહ્મને ભજવા માટે કોઈ બાહ્યાચારોની જરૂર નથી. તે મૂર્તિપૂજા-વ્યક્તિપૂજાનો વિરોધી છે કારણકે આ બંને પ્રકારોમાં મૂર્તિ કે વક્તિ શ્રેષ્ઠ બની બેસે છે જ્યારે તેમાં રહેલાં બ્રહ્મને કે સત્યને કોઈ સમજતું હોતું નથી.

અખાનાં સમાજમાં ધર્મ અને હરિપ્રાપ્તિના ઓઠા હેઠળ ચાલતા અનેક દુષણો સામે સામાન્ય જનતા શરણે થઈ ગઈ હોય એવી પરિસ્થિતિ પ્રવર્તતી હતી. હરિપ્રાપ્તિમાટે સાચી સાત્ત્વિક ભક્તિ કરતા પ્રજા ચડી ગઈ હતી. અખાને એની અનુભવ સિદ્ધ વાણીમાં આકરા શબ્દો દ્વારા આ તમામની ખબર લીધી છે, તેની વ્યર્થતા લોકોને સમજાવવાની કોશિશ કરી છે. પોતાની વાતને સમજાવવા માટે અખો સમાજનાં દરેક સ્તરની વ્યક્તિને સમજાય તેવી પદ્ધતિથી સાદા-સચોટ ઉદાહરણો દ્વારા પોતાની વાત રજુ કરે છે.

એમ જાણી અખા જા ભળી, આ પુનરપિની કચકચ ટળી''[૧૧૩]

અહી અખાનું એક જુદુ જ રૂપ આપણને જોવા મળે છે. હંમેશા તડનેફૂડ, કરતો આકરાં શબ્દો વાપરતો, કટાક્ષ કરતો અખો અહીં શાંતીથી કોઈ કોમળ હૃદયતા સંત ઉપદેશ આપતા હોય એવો દેખાય છે. પ્રજાને પ્રેમથી, સમજાવટથી સાચા રસ્તે લઈ જવાનું કામ પણ અખાએ કર્યું જ છે. હંમેશા 'આ ખોટું છે 'એમ કહેનારા અખાએ સાચું શું છે તેની પણ સમજ આપી છે. ઉપરનાં છપ્પાઓમાં

૧૧૨. એજન, પૃ. ૧૮૩
૧૧૩. એજન, પૃ. ૧૧૫

અખાએ સમજાવ્યું છે કે આત્મજ્ઞાન સૌથી મહત્ત્વની વાત છે. બ્રહ્મને પામવા માટે દેહદમન-વ્રત, તપ, ઉપવાસ-વિધિઓ, ક્રિયાકાંડો જેવી બાહ્યાચારની પ્રવૃત્તિઓથી અજ્ઞાન રૂપી ગર્ભ વધે છે. તેમાંથી અહંભાવ જન્મે છે. પણ અંતે તો તેનાથી આત્માને જ હાનિ થાય છે. ટૂંકમાં અજ્ઞાન અને અહંકારથી દૂર રહેવું એ આદર્શ સ્થિતિ છે. આત્મજ્ઞાન થી હરિને ઓળખવાથી અહંભાવનો નાશ થાય છે અને જન્મ-મરણના ફેરાનું દુઃખ દૂર થાય છે.

ઉપરાંત અખો એમપણ સમજાવે છે કે આ હરિનાં બનાવેલા જગતમાં કોઈ પાપી કે પુણ્યશાળી નથી. બધા સમાન છે એમ સમજે છે તે જ સાચો સંત છે. કાળ દરેક પાસેથી તેના કર્મો કરાવતો રહે છે તેને પરિણામે સહજરીતે જન્મ-મૃત્યુ થતા રહે છે. તેમા બીજું કોઈ ફેરફાર કરી શકવા સમર્થ નથી હોતું. આ બધી વાતો જે સમજી લે તે જન્મ-મરણની ઉપાધિમાંથી છૂટો થઈ આ જન્મમાં હરિપ્રાપ્તિ કરી શકે છે. અને તેજ સાચો બ્રહ્મજ્ઞાની છે.

અખાની આ વાતનો પડઘો તુકારામમાં પણ જોવા મળે છે. અભંગ નં : ૩૩૧માં તુકારામ કહે છે કે જેમણે સર્વસ્વનો ત્યાગ કરી દીધો (મોહ-માયા-સંસાર-ધન-કીર્તી) તેઓ સદાને માટે સુખી થઈ ગયા. જેમ અગ્નિને કોઈપણ જાતની અપવિત્રતા લાગુ પડતી નથી તેવી રીતે ત્યાગીઓને પણ કોઈ અનિષ્ટ સ્પર્શતુ નથી. આવા ત્યાગીઓ ભલે ને સંસારમાં રહીને વ્યવહારનાં કામકાજ કરે તો પણ મનથી તો તેનો જેમ કમળ જળમાં રહેવા છતાં અલિપ્ત હોય છે તેવી રીતે સંસારથી અલિપ્ત જ હોય છે. જેમનાં મનમાં પ્રાણીમાત્ર તરફ દયા હોય, બીજા ઉપર ઉપકાર કરે તેમનો આત્મસ્થિતિનો ઉદય થયો છે એમ જાણવું. જે બીજાનાં ગુણદોષ જાણીને તેની ટીકા કરતો નથી, કાને ધરતો નથી, જગતમાં રહીને પણ જગતથી અળગો ને અળગો રહે છે તેસાચો સંત છે. તુકારામ કહે છે કે પરમાર્થ પ્રાપ્તિનો સાચો માર્ગલીધા વગર ગમે તેટલું ચાલીએ પણ તે આખરે તો નકામું જ ઠરે છે.

સમાજમાં હઠ યોગીઓ, અંધોરપંથીઓ, ભૂવા-ધૂતારાઓનું પણ ઘણું ચલણ હતું. સામાન્ય જનતા એવા લોકોના પાખંડને સમજી શકતી નહોતી. પોતાની ખોટી-દંભી ક્રિયાઓને પાખંડીઓ મહાન કાર્ય ગણાવી સરેઆમ લોકોને ધૂર્તતા હતા, ઠગતા હતા. આવા લોકોથી દૂર રહીને, તેમને ન ગાંઠીને, સાત્ત્વીક રસ્તે વળવાનો માર્ગ અખાએ પ્રજાને બતાવ્યો હતો. સાથે-સાથે આવા ઢોંગીઓને ઉઘાડી પાડવાનું કામ પણ અખાએ કર્યું હતું. અખાનાં શબ્દો, તેની વાણી જ જાણે કે આ તમામ સામે લડત આપી રહી હતી.

અખો તાંત્રિકો-માંત્રિકો અંગે કહે છે કે તેઓ પોતે સંસારથી નાસીપાસ થઈને બાવાઓ બન્યા હોય છે. તેમણે પોતે જ પલાયનવાદી અભિગમ સ્વીકાર્યો હોય છે, તેમને એનાથી કોઈ ફાયદો થયેલો હોતો નથી. આવા લોકો પોતાની સિદ્ધિ સાબિત કરવા માટે ગઠિયા જેવા કામો કરી મંત્રતંત્રથી,

યુક્તિથી લોકોને છેતરતા હોય છે. મેલો મંત્ર, મેલો વિચાર અને મેલી વિદ્યાની સાધના કરનાર નરકની યાતના ભોગવે છે તેમને હરિ ક્યારેય મળતો નથી. આવા લોકો ઈશ્વરને છેતરી શકતા નથી. તેમના મનમાં એમ હોય છે કે મારી ચાલાકી કોઈ જાણતું નથી. પણ જેમ કાંસકીમાંનો લાંબો દાંતો વહેલો ખરી પડે છે તેમ આવા ઠગોની ચાલાકીનો અંતપણ વહેલો જ આવે છે.

આમ, હરિની સ્પર્ધા કરીને, હરિને છેતરનાર, લોકોને ઠગનારની હાલત ખરાબ થઈ જાય છે. તેમને કોઈ બચાવી શકતું નથી.

મધ્યકાળમાં લગભગ મોટાભાગે બધા સ્થળોએ આવી સ્થિતિચ પ્રવર્તતી હતી. પ્રજા જ્ઞાન-ભક્તિના સન્માર્ગને બદલે ઢોંગીઓના હાથમાં સપડાતી હતી. સાત્ત્વિક ભક્તિનો માર્ગ લેવાને બદલે તત્કાળ ફળ આપનારી ભક્તિ તરીકે મેલી વિદ્યા ઘણી પ્રચાર પામી હતી. લોકોને કોઈ યોગ્ય માર્ગદર્શન ન હોવાથી જેને જે રસ્તો અનુકુળ આવે તે રસ્તો અપનાવી પોતાનું જીવન જીવતા હતા. સાચું શું અને ખોટું શું તેનો વિચાર કરવાની શક્તિ જ પ્રજામાં જાણે રહી નહોતી. તુકારામનાં અભંગોમાં પણ તેમણે અખાની જેમ આ કુભક્તિને ભારોભાર વખોડીને તેની પોકળતા ખુલ્લી કરી પ્રજાને સાચું માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કર્યો હતો. તુકારામનાં અભંગ નં : ૨૯૮૨માં તે કહે છે કે, કેટલાક લોકો ભગવા વસ્ત્રો પહેરે છે શું ભગવા કપડા એ અનુભવ મેળવવાનો રસ્તો છે ? કેટલાંક બાવાઓ માથે જટાનો ભાર વધારે છે. અને જ્યાં-ત્યાં નાગા થઈને ફરે છે. જંગલમાં શિયાળ પણ એવી રીતે જ રહેતું હોય છે ને ! કેટલાક તો વળી ભોંયની અંદર ગુફાઓ બનાવીને તેમાં રહેતા હોય છે, પણ એમતો ઊંદર પણ દરમાં જ ભરાઈ રહેતો હોય છે ને ? તુકારામ કહે છે કે આવું કરવાનું શું પ્રયોજન ? ખાલી શા માટે પોતાને દંડ આપવો ?

અભંગ નં : ૩૦૪૬માં તુકારામે હઠયોગીઓને હડફેટમાં લીધા છે. તે કહે છે કે કેટલાક મલંગ-ફકીરો ઘેરઘેરે પૈસા ઉઘરાવતા જોવા મળે છે અને જો કોઈ ન આપે તો પોતાનું માથું ફોડીને લોહી કાઢે છે. કોઈ શરીરમાં સળિયા ભોંકે છે અને ગળામાં લોખંડની સાંકળ પહેરે છે. તુકારામ કહે છે કે, આ કાંઈ સાધુનો ધર્મ નથી. તેઓ ઈશ્વરપ્રાપ્તિનું ખરું સાધન શું છે તે સમજ્યા જનથી. તેમને હરિ કેવી રીતે મળશે ? એની હવે હું ચિંતા કરવા લાગ્યો છું.

આમ, અખો ઘણીવાર સખત વાણીમાં પ્રહારો કરે છે. એ સાચેસાચું હાડમાં વ્યાપી જાય એવું બોલનારો છે. જગતનાં બધા લોકો માટે તે કલ્યાણ ઈચ્છે છે પણ જ્યાં-જ્યાં ઉણપો દેખાય છે ત્યાં-ત્યાં તે કહ્યા વગર રહી શકતો નથી. અખો નિર્ગુણ ભક્તિ અને એકેશ્વરવાદમાં માને છે. જીવનનાં ઘણા દોષો પોતે જોયા-અનુભવ્યા છે તેથી અખો દોષરહિત જીવનનો માર્ગ બતાવે છે. તેને પોતાનાં તત્કાલીન સમાજ ઉપર હસવું આવે છે પણ એ હાસ્ય તેનાં દુઃખમાંથી ઉત્પન્ન થયેલું હોય એવું જણાય

છે કારણકે પોતાની આસપાસની દુનિયાની દુષણોમાં જકડાયેલી પ્રજાનાં દુ:ખને, હાડમારીને એના જેવો લાગણીશીલ જીવ જોઈ શકતો નથી. સાથે સાથે પ્રજા સમજતી નથી, સમજવા માંગતી નથી એવો ભાવ દેખાતા તે ક્રોધે પણ ભરાય છે અને ઉગ્રતા ધારણ કરે છે. પરિણામે તેની વાણી ઉગ્ર અને આક્રોશભરી બની છે. ક્યાંક તોએ સામાન્ય માનવી પણ સમજી શકે એટલો સરળતાથી પોતાના વિચારો રજુ કરે છે અને ક્યાંક ઉચ્ચ કોટીનાં વ્યક્તિને પણ ઝાંખી પાડી દે તેવી પ્રગલ્ભતા દેખાઈ આવે છે.

"અખાનાં સમાજસુધારક તરીકે અને સમાજ ઉપરનાં કટાક્ષો અંગે શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે કે, - "એકતો એની વાણીનું આખા બોલપણં અણિયાળાપણું પ્રગલ્ભતા અને પોરુષ આપણને મૂઢ કરી દે છે. એની વાણીનું વૈચિત્ર્ય છક કરે છે. અખાની કવિતામાં આવતા જગત અને સંસારનાં એના વિચારો કટાક્ષો, સત્ય તત્ત્વને આગ્રહ અને મિથ્યાત્ત્વની નિર્વ્યાજ ભર્ત્સના સંસ્કારી તેમજ ગામઠી ભાષામાં તે વહાવે છે"[૧૧૪]

શ્રી અનંતરાય રાવળનાં કહેવાનુસાર- "અખામાં સંસારનાં પૂર્વાશ્રમનાં અનુભવે તથા એના વેધક લોકનિરિક્ષણોએ એને ઘણી સામગ્રી પુરી પાડી છે. ધર્મ, તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રે લોકોની અબુદ્ધિ, જડતા, ગતાનુગતિકતા, વેવલાઈ, ઊંચનીંચના ભેદભાવો, મિથ્યાચાર અને સાધનને જ આધ્ય અને બાહ્યાચારમા જ ધર્મપાલનની ઈતિશ્રી માની લેતી સંતોષવૃત્તિ માયાથી અમુક્ત એવા ગુરું અને વૈષ્ણવો તથા પુરાણીઓનાં વૃત્તિવર્તન પંડિતોના વિતંડાવાદ-આ સર્વ વાજબી રીતે જ છપ્પાઓમાં અખાનાં યથાયોગ્ય તિરસ્કાર, ઉપહાસ, કટાક્ષ કે પ્રહારનો વિષય બન્યા છે."[૧૧૫]

આમ, અખાને સમગ્ર રીતે જોતા તેના સર્જક તરીકે, જ્ઞાની તરીકે અને સમાજ સુધારક તરીકેના વિવિધ પાસાઓનુ વિશાળ વૈવિધ્ય દ્દષ્ટિ ગોચર થાય છે. મધ્યકાળના ગુજરાતી સાહિત્યમાં તેમજ અર્વાચીન સાહિત્યમાં પણ અખાના પેંગડામાં પગઘાલે એવો કોઈ સર્જક દૂર દૂર સુધી નજરે પડતો નથી. મને લાગે છે કે આજની તારીખે પણ અખાની વાણી અને અખાના વિચારોની એટલીજ સખ્ખત જરૂર છે. આજે પણ મધ્યકાળમાં હતી એટલીજ સામાજિક અને વૈયક્તિક દ્દષ્ટિએ અરાજકતા અને નિરાશા વ્યાપેલી છે. આજના નિરાશ અને હતોત્સાહ થયેલા માનવીને પણ મનની શાંતિ, કેટલીક સમસ્યાઓના ઉત્તરો અખાની વાણીમાંથી જડી આવશે એવો મારો મત છે. અખા માટે અત્યાર સુધી સાહિત્યક ક્ષેત્રે ઘણું બધુ કહેવાઈ ચુકયુ છે પણ હું મારા તેના આટલા અભ્યાસ પછી એમ કહેવા માંગુ છું કે

"સૂર્ય (અખો) ઉગ્ર છે, આકરો છે
એમ કહી તેને વગોવો નહી
એના હૃદયમાં એ ક્યાંક
ઝાકળની ભીનાશ સાચવીને બેઠો છે."

---

૧૧૪. સાહિત્યકાર અખો, ખુશાલચંદ ગ્રંથમાળા, પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા, બીજી આવૃત્તિ-૧૯૭૪, પૃ.૯૦
૧૧૫. મધ્યકાલીન સાહિત્યનો ઇતિહાસ ભાગ-૧ ગુજરાત સાહિત્ય અકાદમી પ્રકાશિત બીજીઆવૃત્તિ, પૃ. ૨૭૮